વર્ષ : ૬૧ ■ અંક : ૧૫ ■ તા.૧-૯-૨૦૨૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

વિકાસ વિશેષ

## પાંચ વર્ષ પ્રગતિશીલતાના...
## પાંચ વર્ષ સૌના સાથથી સૌના વિકાસના...



પાંચ વર્ષ સંકલ્પથી સિદ્ધિના... પાંચ વર્ષ જનશક્તિના સાક્ષાત્કારના...


વડાપ્રધાનશ્રીએ ફરી એકવાર ગુજરાતને આપ્યા બેશુમાર વિકાસ પ્રકલ્પો

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 61 ▪ Issue : 15 ▪ Date 1-8-2021

**તંત્રી** : માહિતી નિયામક
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે, ઇશ્વર ઠાકોર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨, ૦૭૯-૨૩૨૫૩૪૪૦
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**128 + 4 Cover = Total 132 Pages**

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશઃ

- આજે ગુજરાતના વિકાસની ચર્ચા દેશના અન્ય રાજ્યો જ નહીં પરંતુ વિશ્વના વિકસિત દેશો સાથે થઈ રહી છે.
- ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે, મેન્યુફેક્ચરિંગ હબ છે અને સૌથી વધુ વિદેશી મૂડીરોકાણ પ્રાપ્ત કરવાવાળું રાજ્ય બન્યું છે.
- વડાપ્રધાનશ્રીના વિઝનને સાકાર કરતું ગાંધીનગરનું નવનિર્મિત અદ્યતન રેલવે સ્ટેશન અને સાયન્સ સિટી ફેઝ-2ના પ્રકલ્પોથી ગુજરાતની વૈશ્વિક ઓળખ વધુ મજબૂત બનશે.
- વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વિકાસનું સ્ટાન્ડર્ડ બેંચમાર્ક સેટ કર્યું છે. આ ડેવલોપમેન્ટ સ્ટાન્ડર્ડને જાળવી રાખીને વિકાસની ગતિને વધુ ઝડપી બનાવવા માટે ગુજરાત પ્રતિબદ્ધ છે.
- ખેડૂતોને તેની ઉપજના યોગ્ય ભાવ મળી રહે તે માટે પ્રધાનમંત્રીશ્રીની ખેડૂતોની આવક બમણી કરવાની નેમ છે. સરકાર દ્વારા ખેડૂતોને કેન્દ્રમાં રાખીને ખેડૂત કલ્યાણની વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.
- ભૂતકાળમાં ખેત ધિરાણના ૧૮ ટકા વ્યાજ ખેડૂતો પાસે લેવામાં આવતું હતું, આજે શૂન્ય ટકાએ રાજ્યના ૧૭ લાખ ખેડૂતને ધિરાણ આપી વ્યાજની ચુંગાલમાંથી બહાર લાવવાનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું છે.
- જગતનો તાત ખરા અર્થમાં તાત બની રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સાત પગલાં ખેડૂત કલ્યાણના, કિસાન સૂર્યોદય યોજના સહિત અનેકવિધ યોજનાઓથી ખેડૂત સમૃદ્ધ થયો છે.
- કોરોનાની મહામારીમાં ગુજરાત સરકારે શ્રમજીવીઓની ચિંતા કરીને હિંમતપૂર્વક વ્યાપાર ધંધા ચાલુ રાખ્યા હતા. લોકડાઉન આપ્યા વિના પણ યોગ્ય પગલાં લઈને આપણે બીજી વેવને કંટ્રોલ કરી શક્યા છીએ.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)

# આકર્ષણ




7 ▶ **ગૌરવ**
કચ્છના ધોળાવીરાનો વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવેશ

8 ▶ **સંવાદ**
મન કી બાત

12 ▶ **વિકાસગાથા**
ગુજરાતને આંગણે ઉજવાયો વિકાસોત્સવ

16 ▶ **સમાચાર સંપુટ**

17 ▶ **આસપાસ**

24 ▶ **વિશેષ**

26 ▶ **નિર્ણય**

28 ▶ **સમાચાર વિશેષ**

30 ▶ **પ્રેરણા**
દાહોદમાં ઘરઆંગણે પહોંચી જ્ઞાનયજ્ઞની મશાલ પ્રજ્વલિત રાખતો 'હરતો ફરતો કેળવણી રથ - મહેન્દ્ર પરમાર


## પાંચ વર્ષ - વિશેષ


32 પ્રગતિશીલતાની જન જનને પ્રતીતિ... પુલક ત્રિવેદી

44 ગુજરાતની ઉન્નતિ અને સમૃદ્ધિના માર્ગો ખુલી ગયા... સમીર રામી

46 કોરોના સામે ગુજરાતનો જંગ... કોરોના હાર્યો, લોકો જીત્યા - ગૌતમ પુરોહિત

49 તા'ઉતેનો તાકાતથી મુકાબલો - હેતલ દવે

52 ગુજરાતનો ખેડૂત અને ખેતી બન્ને બન્યા સમૃદ્ધ - તુષાર જોષી

56 આદિવાસી બાંધવો વિકાસની વાટે - વિપુલ ચૌહાણ

59 ઉડીને આંખે વળગે છે વંચિતોનો વિકાસ - બેલા મહેતા

62 ગુજરાતનાં શહેરો બન્યાં લિવેબલ અને લવેબલ - ઉમંગ બારોટ

64 સુવિધા શહેરની આત્મા ગામડાનો... - ભદ્રા પુરોહિત

67 "યુવા ગુજરાત"નો થનગનાટ - લાલજી ચાવડા

70 નારીનું ગૌરવ ગાન નારી શક્તિનું સન્માન... - નરેશ ચૌધરી

72 સમય સાથે તાલ મિલાવતી શિક્ષણ વ્યવસ્થા - શૈલેષ નાયક

75 આરોગ્ય ક્ષેત્રે અગ્રેસર ગુજરાત - ધીરૂ કોટવાલ

78 જળ સંચય, જળ સિંચન અને જળ વ્યવસ્થાપન... ગુજરાતની જળક્રાંતિ... - બી. પી. દેસાઈ

80 ગુજરાતનાં બંદરોનો સર્વાંગી વિકાસ... - ઉર્વિ રાવલ

83 ટેક્નોલોજીનો સમુચિત ઉપયોગ - પલ્લવ પટેલ

87 શાંત, સલામત અને સુરક્ષિત ગુજરાત - નિરવ રાવલ

91 કોરોનાના કપરા કાળમાં ઉદ્યોગ ક્ષેત્રે અગ્રેસર રહેવું ખૂબ જ વિકટ હતું: ગુજરાતે તે કરી બતાવ્યું - રમેશ તન્ના

93 માર્ગ વિકાસ થકી ગુજરાતનો વિકાસ - દિલીપ ગજ્જર

96 સરળ અને પારદર્શક મહેસૂલી સેવા - દેવાંગ મેવાડા

101 સમાજ અને સંસ્કૃતિને જોડતી પરિવહન સેવા - ઝીલ ઠક્કર

103 ગુજરાતે સહકારી ક્ષેત્રે વિકાસની કેડી કંડારી... - હર્ષદ રૂપાપરા

106 ગુજરાતના શ્રેષ્ઠ નાણાકીય વ્યવસ્થાપનમાં ઇન્ફર્મેશન ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ - સંજયસિંહ ચાવડા

108 પ્રવાસીઓની પહેલી પસંદ ગુજરાત... - યોગેશ પંડ્યા

111 વન-પર્યાવરણનું જતન, ગુજરાત સરકારનું વચન - દર્શન ત્રિવેદી

113 ક્લાઇમેટ ચેન્જના પડકારને ઝિલવા ગુજરાતનો એક્શન પ્લાન - હરેશ્વરી રાબા

115 ઊર્જા ક્ષેત્રે અગ્રેસરતા - હિમાંશુ ઉપાધ્યાય

120 પ્રજાને પારદર્શક પ્રશાસનની પ્રતીતિ... - કિશોર જિકાદરા

122 પ્રત્યેક નિર્ણયના કેન્દ્રમાં લોકો અને પ્રત્યેક નિર્ણયમાં સંવેદનશીલ અભિગમ - મિનેષ ત્રિવેદી

125 પ્રગતિશીલતા બની ગુજરાતની પહેચાન - મનીષા વાઘેલા

128 નિર્ણાયકતાના પરિણામે નક્કર વિકાસ - અમિત રાડિયા

# પાંચ વર્ષ સંકલ્પથી સિદ્ધિના...



રાજ્યના વિકાસ માટે અને જનહિત માટે પ્રશાસકીય વ્યવસ્થાને અને સમગ્ર વહીવટી તંત્રને સંપૂર્ણ શક્તિથી જનહિતનાં કાર્યો માટે પ્રેરિત કરવા સંવેદનશીલતા, પ્રગતિશીલતા, પારદર્શિતા અને નિર્ણાયકતાના મૂલ્યો આધારિત ચાર સ્તંભ ઉપર ગુજરાતની વિકાસયાત્રાને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની સરકારે વધુ સુદૃઢ બનાવી છે. પરિણામે ગુજરાતની મોડેલ સ્ટેટ તરીકેની આગવી ઓળખ ઊભી થઈ છે.

ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને ઉત્તમ બનાવવાની જે પરિભાષા અંકિત કરી છે, તેની ઉપર મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિનભાઈ પટેલના કર્મઠ નેતૃત્વ હેઠળની સરકાર તેજ રફતારથી રાજ્યને ઉત્તમથી સર્વોત્તમ ભણી લઈ જવાના મક્કમ પ્રયાસો કરી રહી છે.

દૃઢ રાજકીય ઈચ્છાશક્તિ, સાતત્યપૂર્ણ નેતૃત્વ અને જનશક્તિના સાક્ષાત્કારના ત્રણ પાયા ઉપર વિકાસની મજબૂત ઈમારત રચાતી હોય છે. ગુજરાતે આ ત્રણેય આયામોને આત્મસાત્ કર્યા છે. છેલ્લાં પાંચ વર્ષના સમયગાળામાં ૧૭૦૦થી વધુ જનહિતલક્ષી નિર્ણયો કરી વિકાસની નવી જ ઊંચાઈઓ ગુજરાતે પ્રાપ્ત કરી છે. ૭મી ઓગસ્ટ ૨૦૧૬ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત રાજ્યની શાસનધુરા સંભાળી તેને પાંચ વર્ષ પૂર્ણ થયાં છે, ત્યારે જનકલ્યાણનાં કાર્યો અને જનહિતલક્ષી યોજનાઓની વિગતો લોકો સુધી પહોચે અને સરકારી યોજનાઓનો વધુ વ્યાપક લાભ લોકોને મળે એ દિશામાં સંનિષ્ઠ પ્રયાસો આવશ્યક છે. આજે સૌ કોઇ નાયબ મુખ્યમંત્રીશ્રીને પોતાના અંગત સ્નેહી અને મંત્રી મંડળના તમામ સભ્યશ્રીઓને પોતાના હિતેચ્છુ પારિવારિક સદસ્ય માને છે તે એક મોટી ઉપલબ્ધી છે.

પાંચ વર્ષના સમયગાળામાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ હજારો કિલોમીટરનો પ્રવાસ કરી ગુજરાતના ખૂણેખૂણામાં લોકોનો પ્રત્યક્ષ સંપર્ક સાધી તેમના પ્રશ્નોને હલ કરવાનો સંવેદનાસભર અભિગમ રાખ્યો છે. પ્રત્યેક ગુજરાતી બાંધવ નિર્ણાયક અને સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી પોતાના પરિવારના મોભી અને સ્વજન હોવાની લાગણી ધરાવે છે.

ગુજરાતે આજે કૃષિ, ઉદ્યોગ અને સેવા ત્રણેય ક્ષેત્રે સમગ્ર દેશમાં ઊડીને આંખે વળગે એવો વિકાસ કર્યો છે. વિકાસની રાજનીતિના મંત્ર સાથે ‘સૌનો સાથ, સૌનો વિકાસ’ના સૂત્રને સાચા અર્થમાં ગુજરાતે સાકાર કર્યું છે. સર્વપોષક, સર્વસમાવેશક અને સર્વગ્રાહી આયોજન દ્વારા વિકાસનાં ફળ છેવાડાના માણસ સુધી પહોંચે તે દિશામાં ગુજરાતે છેલ્લાં પાંચ વર્ષમાં પરિણામલક્ષી કામ કર્યું છે. સરકારે લોકોનાં કલ્યાણકારી કાર્યો અને જનહિતને કેન્દ્રમાં રાખીને લોકોની વચ્ચે જઈને લોકોને સાથે રાખીને તેમની સમસ્યા, પ્રશ્નોના સુખદ ઉકેલ સેવાસેતુ જેવા કાર્યક્રમોના નક્કર અમલીકરણ દ્વારા મળ્યો છે.

ગુજરાતે છેલ્લાં પાંચ વર્ષમાં સૌ કોઇના સહિયારા પરિશ્રમથી કલ્યાણ રાજ્ય પ્રસ્થાપિત કરવાની દિશામાં નક્કર ડગ માંડ્યાં છે. પ્રગતિશીલતાની પ્રતીતિ ગુજરાતના જનજનને થઈ રહી છે. શિક્ષણ હોય કે રોજગાર, કૃષિ હોય કે ઉદ્યોગ, મહિલા સશક્તીકરણ હોય કે યુવા વિકાસ, સિંચાઈ હોય કે પીવાના પાણીની સવલતો, વંચિત, વનબંધુ વિકાસ હોય કે ગરીબોને આવાસ સવલત હોય, વિકાસના તમામ ક્ષેત્રે પ્રગતિશીલ ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના કુશળ નેતૃત્વમાં ગુજરાતે કાઠું કાઢ્યું છે. આપણા ગુજરાતને દિવ્ય અને ભવ્ય બનાવવા માટે પ્રત્યેક ગુજરાતી પારદર્શક, સંવેદનશીલ, નિર્ણાયક અને પ્રગતિશીલ ગુજરાતની વિકાસયાત્રામાં જોડાઈને આજે ગૌરવ અનુભવી રહ્યો છે. પાંચ વર્ષનો જનહિતલક્ષી આલેખ આપના હાથમાં મૂકતા આનંદ અનુભવુ છું. મને આશા છે કે, આ અંક ગુજરાત પાક્ષિકના વાચકોને રસપ્રદ અને ઉપયોગી જાણકારી આપશે.

જય જય ગરવી ગુજરાત...

**અશ્વિનીકુમાર,** આઇ.એ.એસ.
સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ

# પાંચ વર્ષ જનહિતલક્ષી નિર્ણાયકતાના...

વરસાદે મન મૂકીને ગુજરાત ઉપર મહેર કરી રાજ્યને ભીંજવી દીધું છે. જુલાઈના છેલ્લા સપ્તાહમાં આસમાનમાંથી વરસેલી અમૃતધારાએ કૃષિને જીવંત બનાવતાની સાથે કૃષિકારોના ચહેરા ઉપર અનહદ ખુશી લાવી દીધી છે. આ વર્ષે ઓગસ્ટ મહિનો એક સાથે બે પ્રસંગોને લઈને આવ્યો છે. એક સ્વાતંત્ર્ય પર્વ અને બીજુ ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની સરકારને પાંચ વર્ષ પૂરા થયા. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને કોરોના જેવી પડકારજનક પરિસ્થિતિમાં પણ સુદ્રઢ આયોજન અને સક્ષમ અમલીકરણ દ્વારા રાજ્ય સરકારે તમામ વિકટ સ્થિતિઓને અતિક્રમીને વિકાસકાર્યોને અટકવા દીધાં નથી. કાયદો અને વ્યવસ્થા હોય કે નાણા, મહેસૂલ, આદિજાતિ, રોજગાર, કૃષિ, ઊર્જા, શહેરી વિકાસ, ગ્રામ્ય વિકાસ તમામ ક્ષેત્રોને આવરી લેતું સર્વાંગી વિકાસ આયોજન અને અમલીકરણ ટીમ ગુજરાતે કર્યું છે.

"નેશન ફર્સ્ટ, ઓલવેઝ ફર્સ્ટ"ના વડાપ્રધાનશ્રીના સૂત્રને આત્મસાત કરી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે માળખાકીય સુવિધામાં સાતત્યપૂર્ણ વધારો કર્યો છે. વડાપ્રધાનશ્રીએ પાટનગર ગાંધીનગરમાં અદ્યતન ''ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન', ફાઈવસ્ટાર હોટેલ, અમદાવાદના સાયન્સ સિટીમાં દેશની પ્રથમ અને એશિયાની પાંચમા ક્રમાંકની ''એક્વાટિક ગેલેરી'', રોબોટીક ગેલેરી અને નેચર પાર્ક જેવા નવિન પ્રકલ્પો લોકાર્પિત કર્યાં. ગાંધીનગર-વારાણસી નવી સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેન, સુરેન્દ્રનગર-પીપાવાવ રેલવે ઈલેક્ટ્રીફિકેશન, વડનગરને સાંકળી લેતા મહેસાણા-વરેઠાના ઈલેક્ટ્રીફાઇડ બ્રોડગેજ રેલ ખંડનું વર્ચ્યુઅલી લોકાર્પણ કરવામાં આવ્યું. ગુજરાતમાં એક જ દિવસમાં રેલ નેટવર્કમાં અકલ્પનીય વધારો થતા ગુજરાતી બાંધવોના મુખ ઉપર આનંદ છવાઈ ગયો.

સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર રાજકોટ અને રાજ્યની આર્થિક રાજધાની અમદાવાદને જોડતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો સેમી હાઈસ્પીડ રેલનો ડ્રીમ પ્રોજેક્ટ નિર્ણાયક તબક્કામાં છે. આના પરિણામે ટ્રાફિક ભારણ હળવું થવા સાથે પરિવહનનો ઝડપી વિકલ્પ ઉભો થશે. સાથેસાથે 'ફાટકમુક્ત ગુજરાત'ના રાજ્ય સરકારના જનહિતલક્ષી અભિગમને બળ મળશે. રાજકોટના ન્યારી ડેમમાં નર્મદાનું પાણી પહોંચાડવાના રાજ્ય સરકારના નિર્ણયથી રાજકોટ નગરવાસીઓની પીવાના પાણીની સુવિધામાં વધારો થશે. રાજ્ય સરકારે મહેસાણા-બારડોલી-ધરમપૂરના ડેવલપમેન્ટ પ્લાનને એક જ દિવસમાં મંજૂર કરી નાના શહેરોના આયોજનબદ્ધ વિકાસની દિશામાં વધુ એક મક્કમ પગલું ભર્યું છે.

પાંચ વર્ષમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની નિર્ણાયક સરકારે કરેલા કાર્યોની ઝલક, પ્રેરણાત્મક વાતો, વિકાસકાર્યો સહિતની અઢળક માહિતી આ અંકમાં વાચકો માટે પ્રસ્તૂત કરવા જઇ રહ્યાં છીએ. મને શ્રદ્ધા છે કે, રાજ્ય સરકારની નક્કર કામગીરીને પ્રસ્તુત કરતો ગુજરાત પાક્ષિકનો આ અંક વાચકોને ગમશે.

**- માહિતી નિયામક**



# કચ્છના ધોળાવીરાનો વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવેશ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાતની બહુવિધ ક્ષેત્રોની ગૌરવ સિદ્ધિમાં વધુ એક મોરપીંછ ધોળાવીરાનો વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવેશ થતાં ઉમેરાયું છે. યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજ સાઇટસની જાહેર કરેલી યાદીમાં કચ્છના હડપ્પન સંસ્કૃતિના પ્રાચીનત્તમ નગર ધોળાવીરાને સ્થાન આપ્યું છે. આમ, યુનેસ્કોએ ગુજરાતને ચાર-ચાર વર્લ્ડ હેરિટેજ સાઇટસ ધરાવતા રાજ્યનું ગૌરવ પ્રદાન કર્યું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ ઘટનાને સમગ્ર ગુજરાત માટે ગૌરવવંતી ક્ષણ ગણાવતાં કહ્યું હતું કે, ભારતની પ્રાચીન વિરાસત અને સંસ્કૃતિને વિશ્વ ફલક પર ઊજાગર કરવાની પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રતિબદ્ધતાની ફલશ્રુતિ રૂપે ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સ્થાન મળ્યું છે.

શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કચ્છ રણોત્સવની શરૂઆત કરાવીને વિશ્વભરના પ્રવાસન, સંસ્કૃતિ પ્રેમીઓને કચ્છમાં આવવા પ્રેરિત કર્યા અને સાથોસાથ આ પ્રાચીનત્તમ નગર ધોળાવીરા પણ પૂરાતન સ્થાનોમાં રસ-રૂચિ ધરાવનારા પ્રવાસન પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું. મુખ્યમંત્રીશ્રીએ પ્રધાનમંત્રીશ્રીનો પણ આ માટે સૌ ગુજરાતીઓ વતી હૃદયપૂર્વકનો આભાર વ્યકત કર્યો છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે કચ્છના ખડીર રણ વિસ્તારમાં વસેલું ધોળાવીરા આશરે ૪૫૦૦ વર્ષ પૂરાણી શ્રેષ્ઠ નગર રચનાનું એક આગવું દ્રષ્ટાંત છે.

આ પ્રાચીન નગરના મકાનો, ઇમારતો અને સ્ટ્રકચરનું નિર્માણ તે સમયે મોહેંજો દરો અને હડપ્પાની જેમ જ ઈંટ નહિ પરંતુ પથ્થરોથી કરવામાં આવેલું હતું. આ નગરમાં ભૂગર્ભ ગટર અને જળસંચય, જળસંરક્ષણની પણ સુઆયોજીત અને સક્ષમ વ્યવસ્થાઓ તત્કાલિન સમયે વિકસાવવામાં આવેલી હતી જે આજે પણ ઉદાહરણ રૂપ છે.


આ અગાઉ ૨૦૦૪માં ચાંપાનેરને, ૨૦૧૪માં રાણકી વાવને, ૨૦૧૭માં અમદાવાદને વિશ્વના પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટીની ગૌરવ સિદ્ધિ મળેલી છે.

હવે, ૨૦૨૧માં યુનેસ્કોએ કચ્છના ધોળાવીરાનો વર્લ્ડ હેરિટેજ સાઇટની યાદીમાં સમાવેશ કરીને વિશ્વ વિરાસત નકશામાં ગુજરાતને વધુ એકવાર ચમકવાની સિદ્ધિ આપી છે. ●













# મન કી બાત

## જુલાઇ 2021

**લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ**

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યના અંશોની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર.

બે દિવસ પહેલાં જ કેટલીક અદભુત તસવીરો, કેટલીક યાદગાર પળો, હજુ પણ મારી આંખોની સામે છે. આથી આ વખતે 'મન કી બાત'ની શરૂઆત એ જ પળોથી કરીએ છીએ. ટૉક્યો ઑલિમ્પિક્સમાં ભારતીય ખેલાડીઓને તિરંગો લઈને ચાલતા જોઈને હું જ નહીં, સમગ્ર દેશ રોમાંચિત થઈ ગયો. સમગ્ર દેશે જાણે કે એક થઈને પોતાના આ યૌદ્ધાઓને કહ્યું,

**વિજયી ભવ । વિજયી ભવ ।**

જ્યારે આ ખેલાડીઓ ભારતથી ગયા હતા તો મને તેમની સાથે વાતચીત કરવાની, તેમના વિશે જાણવાની અને દેશને જણાવવાની તક મળી હતી. આ ખેલાડીઓ, જીવનના અનેક પડકારોને પાર કરીને અહીં પહોંચ્યા છે. આજે તેમની પાસે, તમારા પ્રેમ અને સમર્થનની તાકાત છે. આથી, આવો મળીને આપણાં બધાં ખેલાડીઓઓને આપણી શુભકામનાઓ આપીએ, તેમની હિંમત વધારીએ. સૉશિયલ મિડિયા પર ઑલિમ્પિક્સ ખેલાડીઓના સમર્થન માટે આપણુ વિક્ટરી પંચ કેમ્પેઈન હવે શરૂ થઈ ચૂક્યું છે. તમે પણ પોતાની ટીમ સાથે પોતાનો વિક્ટરી પંચ શૅર કરો ભારત માટે ચીયર કરો.

સાથીઓ, જે દેશ માટે તિરંગો ઉઠાવે છે તેમના સમ્માનમાં ભાવનાઓ ઉમટી આવવી સ્વાભાવિક છે. દેશભક્તિની આ ભાવના, આપણને બધાંને જોડે છે. કાલે એટલે કે ૨૬ જુલાઈએ 'કારગિલ વિજય દિવસ' પણ છે. કારગિલનું યુદ્ધ ભારતની સેનાઓના શૌર્ય અને સંયમનું એવું પ્રતીક છે, જેને સમગ્ર દુનિયાએ જોયું છે. આ વખતે આ ગૌરવશાળી દિવસ પણ 'અમૃત મહોત્સવ'ની વચ્ચે મનાવવામાં આવશે. આથી તે વધુ પણ ખાસ થઈ જાય છે. હું ઈચ્છીશ કે તમે કારગિલની રોમાંચિત કરી દેનારી ગાથા જરૂર વાંચજો, કારગિલના વીરોને આપણે બધાં નમન કરીએ.

સાથીઓ, આ વખતે ૧૫ ઑગસ્ટના રોજ દેશ પોતાના સ્વતંત્રતાના ૭૫મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે. એ આપણા બધાનું મોટું સૌભાગ્ય છે કે જે સ્વતંત્રતા માટે દેશે સદીઓની રાહ જોઈ, તેનાં ૭૫ વર્ષ થવાના આપણે સાક્ષી બની રહ્યા છીએ. તમને યાદ હશે, સ્વતંત્રતાનાં ૭૫ વર્ષ મનાવવા માટે ૧૨ માર્ચના રોજ બાપુના સાબરમતી આશ્રમથી 'અમૃત મહોત્સવ'ની શરૂઆત થઈ હતી. આ દિવસે બાપુની દાંડી યાત્રાને પણ પુનર્જીવિત કરવામાં આવી હતી, ત્યારથી જમ્મુ-કાશ્મીરથી લઈને પુડુચેરી સુધી, ગુજરાતથી લઈને પૂર્વોત્તર સુધી, દેશભરમાં 'અમૃત મહોત્સવ' સાથે જોડાયેલા કાર્યક્રમો ચાલી

રહ્યા છે. અનેક એવી ઘટનાઓ, આવા સ્વતંત્રતા સૈનિકો, જેમનું યોગદાન તો ઘણું મોટું છે, પરંતુ તેટલી ચર્ચા નથી થઈ શકી, આજે લોકો તેમના વિશે પણ જાણી શકે છે. હવે, જેમ કે, મોઈરાંગ ડેને જ લો. મણિપુરનું નાનકડું ગામ મોઈરાંગ, ક્યારેક નેતાજી સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફૌજ એટલે કે આઈએનએનું એક પ્રમુખ ઠેકાણું હતું. અહીં, સ્વતંત્રતાના પહેલાં જ, આઈએનએના કર્નલ શૌકત મલિકજીએ ઝંડો લહેરાવ્યો હતો.

'અમૃત મહોત્સવ' દરમિયાન ૧૪ એપ્રિલે તે મોઈરાંગમાં એક વાર ફરી તિરંગો લહેરાવવામાં આવ્યો. એવા કેટલાય સ્વાધીનતા સેનાની અને મહાપુરુષ છે જેમને 'અમૃત મહોત્સવ'માં દેશ યાદ કરી રહ્યો છે. સરકાર અને સામાજિક સંગઠનોની તરફથી પણ સતત તેની સાથે જોડાયેલા કાર્યક્રમ આયોજિત કરાઈ રહ્યા છે. આવું જ એક આયોજન આ વખતે ૧૫ ઑગસ્ટે થવા જઈ રહ્યું છે, તે એક પ્રયાસ છે- રાષ્ટ્રગાન સાથે જોડાયેલો. સાંસ્કૃતિક મંત્રાલયનો પ્રયત્ન છે કે આ દિવસે વધુમાં વધુ ભારતવાસીઓ મળીને રાષ્ટ્રગાન ગાય, તેના માટે એક વેબસાઈટ પણ બનાવવામાં આવી છે- રાષ્ટ્રગાન ડૉટ ઈન. આ વેબસાઈટની મદદથી તમે રાષ્ટ્રગાન ગાઈને તેને રેકૉર્ડ કરી શકશો, આ અભિયાન સાથે જોડાઈ શકશો. મને આશા છે, તમે આ અનોખી પહેલ સાથે જરૂર જોડાશો. આ રીતે ઘણાં બધાં અભિયાન, ઘણા બધા પ્રયાસ તમને આવનારા દિવસોમાં જોવા મળશે.

'અમૃત મહોત્સવ' કોઈ સરકારનો કાર્યક્રમ નથી, કોઈ રાજકીય પક્ષનો કાર્યક્રમ નથી, તે કોટી-કોટી ભારતવાસીઓનો કાર્યક્રમ છે. દરેક સ્વતંત્ર અને કૃતજ્ઞ ભારતીયનું પોતાના સ્વતંત્ર સેનાનીઓને નમન છે અને આ મહોત્સવની મૂળ ભાવનાનો વિસ્તાર તો બહુ જ વિશાળ છે, આ ભાવના છે, પોતાના સ્વાતંત્ર્ય સૈનિકોના માર્ગ પર ચાલવું, તેમનાં સપનાંનો દેશ બનાવવો. જેમ, દેશની સ્વતંત્રતાના ઈચ્છુકો, સ્વતંત્રતા માટે એક થઈ ગયા હતા તેમ જ આપણે દેશના વિકાસ માટે એક થઈ જવાનું છે.

આપણે દેશ માટે જીવવાનું છે, દેશ માટે કામ કરવાનું છે અને તેમાં નાના-નાના પ્રયાસો પણ મોટું પરિણામ લાવી શકે છે. રોજનું કામકાજ કરતા કરતાં પણ આપણે રાષ્ટ્ર નિર્માણ કરી શકીએ છીએ જેમ કે વૉકલ ફૉર લૉકલ. આપણા દેશના સ્થાનિક વેપારીઓ, કલાકારો, શિલ્પકારો, વણકરોનું સમર્થન કરવું, આપણા સહજ સ્વભાવમાં હોવું જોઈએ. ૭ ઑગસ્ટે આવનાર નેશનલ હેન્ડલૂમ ડે, એક એવો અવસર છે જ્યારે આપણે પ્રયાસપૂર્વક આ કામ કરી શકીએ છીએ. નેશનલ હેન્ડલૂમ ડૅની સાથે ખૂબ જ ઐતિહાસિક પૃષ્ઠભૂમિ જોડાયેલી છે. આ દિવસે, ૧૯૦૫માં સ્વદેશી આંદોલનની શરૂઆત થઈ હતી.

સાથીઓ, આપણા દેશના ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં, હેન્ડલૂમ, કમાણીનું બહુ મોટું સાધન છે. આ એવું ક્ષેત્ર છે જેનાથી લાખો મહિલાઓ, લાખો વણકરો, લાખો શિલ્પી જોડાયેલાં છે. તમારા નાના-નાના પ્રયાસ વણકરોમાં એક નવી આશા જગાડશે. તમે, પોતે કંઈ ને કંઈ તો ખરીદો જ, અને પોતાની વાત બીજાને પણ કહો, અને જ્યારે આપણે સ્વતંત્રતાનાં ૭૫ વર્ષ મનાવી રહ્યા છે ત્યારે તો આટલું કરવું આપણી જવાબદારી જ છે ભાઈઓ. તમે જોયું હશે, વર્ષ ૨૦૧૪ પછી જ 'મન કી બાત'માં આપણે ઘણી વાર ખાદીની વાત કરીએ છીએ.

> **"રાજકોટમાં લાઇટ હાઉસ, ફ્રેન્ચ ટૅક્નૉલૉજીથી બનાવાઈ રહ્યા છે જેમાં ટનલ દ્વારા મોનોલિથિક કૉન્ક્રિટ કન્સ્ટ્રક્શન ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરાઈ રહ્યો છે. આ ટૅક્નૉલૉજીથી બનેલાં ઘર વિપત્તિઓનો સામનો કરવામાં ઘણા વધુ સક્ષમ હશે."**

આ તમારો જ પ્રયાસ છે કે આજે દેશમાં ખાદીનું વેચાણ અનેક ગણું વધી ગયું છે. શું કોઈએ વિચાર્યું હતું કે ખાદીના કોઈ સ્ટૉરમાંથી એક દિવસમાં એક કરોડ રૂપિયાથી વધારાનું વેચાણ થઈ શકે છે? પરંતુ તમે તે પણ કરી દેખાડ્યું છે. તમે જ્યારે પણ ક્યાંય પણ ખાદીનું કંઈક ખરીદો છો તો તેનો લાભ આપણા ગરીબ વણકર ભાઈઓ-બહેનોને જ મળે છે. આથી ખાદી ખરીદવી એક રીતે જનસેવા પણ છે, દેશ સેવા પણ છે. મારો તમને અનુરોધ છે કે તમે બધા મારા પ્રિય ભાઈઓ-બહેનો ગ્રામીણ વિસ્તારોમાં બની રહેલાં હેન્ડલૂમ ઉત્પાદનો જરૂર ખરીદો અને તેને #MyHandloomMyPride સાથે શૅર કરો.

સાથીઓ, વાત જ્યારે સ્વતંત્રતાના આંદોલન અને ખાદીની હોય તો પૂજ્ય બાપુનું સ્મરણ થવું સ્વાભાવિક છે. જેમ બાપુના નેતૃત્વમાં 'ભારત છોડો આંદોલન' ચાલ્યું હતું, તે જ રીતે આજે દરેક દેશવાસીએ 'ભારત જોડો આંદોલન'નું નેતૃત્વ કરવાનું છે. એ આપણું કર્તવ્ય છે કે આપણે આપણું કામ એ રીતે કરીએ જે વિવિધતાઓ સાથે આપણા ભારતને જોડવામાં મદદગાર હોય. તો આવો, આપણે 'અમૃત મહોત્સવ' નિમિત્તે, આ અમૃત સંકલ્પ લઈએ કે દેશ જ આપણી સૌથી મોટી આસ્થા સૌથી મોટી પ્રાથમિકતા બની રહેશે. 'Nation First, Always First' ના મંત્રની સાથે જ આપણે આગળ વધવાનું છે.

મારા પ્રિય દેશવાસીઓ, આજે, હું 'મન કી બાત' સાંભળી રહેલા મારા યુવા સાથીઓનો વિશેષ આભાર વ્યક્ત કરવા માગું છું. હમણાં કેટલાક દિવસો પહેલાં જ MyGovની તરફથી

'મન કી બાત'ના શ્રોતાઓ વિશે એક અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં એ જોવામાં આવ્યું કે 'મન કી બાત' માટે સંદેશ અને સૂચન મોકલનારાઓમાં પ્રમુખ રીતે કયા લોકો છે. અભ્યાસ પછી એ જાણકારી સામે આવી કે સંદેશ અને સૂચન કરનારા લોકોમાં લગભગ ૭૫ ટકા લોકો ૩૫ વર્ષથી ઓછી ઉમરના હોય છે એટલે કે ભારતની યુવા શક્તિનાં સૂચનો 'મન કી બાત'ને દિશા આપી રહ્યાં છે. હું તેને બહુ સારા સંકેતના રૂપમાં જોઉ છું. 'મન કી બાત' એક એવું માધ્યમ છે જ્યાં સકારાત્મકતા છે- સંવેદનશીલતા છે. 'મન કી બાત'માં આપણે સકારાત્મક વાતો કરીએ છીએ, તેની લાક્ષણિકતા સામૂહિક છે. સકારાત્મક વિચારો અને સૂચનો માટે ભારતના યુવાઓની આ સક્રિયતા મને આનંદિત કરે છે. મને એ વાતનો આનંદ છે કે 'મન કી બાત'ના માધ્યમથી મને યુવાઓના મનને પણ જાણવાનો અવસર મળે છે.

સાથીઓ, તમારા લોકો તરફથી મળતાં સૂચનો જ 'મન કી બાત'ની સાચી તાકાત છે. તમારાં સૂચનો જ 'મન કી બાત'ના માધ્યમથી ભારતની વિવિધતાને પ્રગટ કરે છે, ભારતવાસીઓની સેવા અને ત્યાગની સુગંધને ચારેય દિશાઓમાં ફેલાવે છે, આપણા મહેનતુ યુવાઓની શોધોથી બધાને પ્રેરે છે. 'મન કી બાત'માં તમે અનેક પ્રકારના વિચારો મોકલો છો. આપણે બધા પર તો ચર્ચા નથી કરી શકતા, પરંતુ તેમાંના ઘણા વિચારોને હું સંબંધિત વિભાગોને જરૂર મોકલું છું, જેથી તેના પર આગળ કામ કરી શકાય.

સાથીઓ, જ્યારે આપણે ટેક્નૉલૉજીની ચર્ચા કરી રહ્યા છીએ તો હું એક બીજા રસપ્રદ વિષયની ચર્ચા કરવા માગું છું. કેટલાક સમય પહેલાં આપણે દુનિયાભરની એવી નવીન શોધો કરનારી કંપનીઓને આમંત્રિત કરવા માટે એક વૈશ્વિક ગૃહ નિર્માણ ટેક્નૉલૉજી પડકાર શરૂ કર્યો હતો. દેશમાં આ રીતનો અલગ પ્રકારનો આ અનોખો પ્રયાસ છે. આથી આપણે તેને લાઇટ હાઉસ પ્રૉજેક્ટ નામ આપ્યું. અત્યારે દેશમાં છ અલગ-અલગ જગ્યાઓ પર લાઇટ હાઉસ પ્રૉજેક્ટ પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. આ લાઇટ હાઉસ પ્રૉજેક્ટમાં મૉડર્ન ટેક્નૉલૉજી અને ઇનૉવેટિવ રીતોનો ઉપયોગ કરવામાં આવે છે. તેનાથી બાંધકામનો સમય ઓછો થઈ જાય છે. સાથે જ જે ઘર બને છે તે વધુ ટકાઉ, સસ્તા અને આરામદાયક હોય છે. મેં તાજેતરમાં જ ડ્રૉન દ્વારા આ પ્રૉજેક્ટની સમીક્ષા કરી હતી અને કાર્યની પ્રગતિને જીવંત જોઈ હતી. રાજકોટમાં લાઇટ હાઉસ, ફ્રેન્ચ ટેક્નૉલૉજીથી બનાવાઈ રહ્યા છે જેમાં ટનલ દ્વારા મોનોલિથિક કૉન્ક્રિટ કન્સ્ટ્રક્શન ટેક્નૉલૉજીનો ઉપયોગ કરાઈ રહ્યો છે. આ ટૅક્નૉલૉજીથી બનેલાં ઘર વિપત્તિઓનો સામનો કરવામાં ઘણા વધુ સક્ષમ હશે.

> "એક બીજો વિષય છે જે મારા હૈયાની બહુ નજીક છે. આ વિષય છે જળ સંરક્ષણનો. મારું બાળપણ જ્યાં વિત્યું ત્યાં પાણીની હંમેશાં ખેંચ રહેતી હતી. પાણીના એક-એક ટીપાને બચાવવું, પાણીના કોઈ પણ પ્રકારના વેડફાટને રોકવો તે આપણી જીવનશૈલીનો એક સહજ હિસ્સો બની જવો જોઇએ."

સાથીઓ, આજે દેશમાં એવો પ્રયાસ થઈ રહ્યો છે કે આ પ્રૉજેક્ટ ઇન્ક્યુબેશન સેન્ટર એટલે કે ઉદવન કેન્દ્રની જેમ કામ કરે. તેનાથી આપણા યોજના ઘડવૈયાઓ, આર્કિટેક્ટો, એન્જિનિયરો અને વિદ્યાર્થીઓ નવી ટેક્નૉલૉજીને જાણી શકશે અને તેનો પ્રયોગ પણ કરી શકશે. હું આ વાતોને ખાસ રીતે આપણા યુવાઓ માટે વહેંચી રહ્યો છું જેથી આપણા યુવાઓ રાષ્ટ્રહિતમાં ટેક્નૉલૉજીનાં નવાં-નવાં ક્ષેત્રોની તરફ પ્રોત્સાહિત થઈ શકે.

મારા પ્રિય દેશવાસીઓ, તમે અંગ્રેજીની એક કહેવત સાંભળી હશે- To learn is to grow અર્થાત્ શીખવું જ આગળ વધવું છે. જ્યારે આપણે કંઈક નવું શીખીએ છીએ તો આપણા માટે પ્રગતિના નવા-નવા રસ્તા આપોઆપ ખુલી જાય છે. મણિપુરના ઉખરુલ જિલ્લામાં ખેડૂતો પોતાના બગીચાઓમાં સફરજન ઉગાડી રહ્યા છે. ટી એસ રિંગફામી યોંગ (T.S.Ringphami Young) અને અવુન્ગશી શિમરે ઑગસ્ટીના (Avungshee Shimre Augasteena) એ આવા જ મહેનતુ ખેડૂત છે.

સાથીઓ, મને ઉત્તર પ્રદેશના લખીમપુર ખીરીમાં કરવામાં આવેલા એક પ્રયાસ વિશે પણ ખબર પડી છે. કૉવિડ દરમિયાન જ લખીમપુર ખીરીમાં એક અનોખી પહેલથી છે. ત્યાં મહિલાઓને કેળાનાં બેકાર તનામાંથી રેશા (ફાઇબર) બનાવવાનું પ્રશિક્ષણ અપાયું અને તેઓને આજે ચારસોથી છસો રૂપિયા પ્રતિદિનની કમાણી થઈ જાય છે. એક તરફ બનાના ફાઇબરથી પ્રૉડક્ટ્સ બનાવાય છે તો બીજી તરફ કેળાના લોટથી ડોસા અને ગુલાબજાંબુ જેવાં સ્વાદિષ્ટ વ્યંજન પણ બનાવાય છે. કર્ણાટકના ઉત્તર કન્નડ અને દક્ષિણ કન્નડ જિલ્લાઓમાં મહિલાઓ ન માત્ર કેળાના લોટથી ઢોંસા, ગુલાબજાંબુ જેવી ચીજો બનાવી, પરંતુ તેમની તસવીરોને સૉશિયલ મિડિયા પર પણ મૂકી છે. જ્યારે વધુ લોકોને કેળાના લોટ વિશે ખબર પડી તો તેમની માગ પણ વધી અને આ મહિલાઓની આવક પણ. લખીમપુર ખીરીની જેમ અહીં પણ આ નવીન વિચારોનું મહિલાઓ જ નેતૃત્વ કરી રહી છે

આવાં ઉદાહરણ જીવનમાં કંઈક નવું કરવાની પ્રેરણા બની

જાય છે. તમારી આસપાસ પણ આવા અનેક લોકો હશે. ક્યારેક સમય કાઢીને બાળકો સાથે આવા પ્રયાસોને જોવા પણ જાવ અને અવસર મળી જાય તો સ્વંય પણ આવું કંઈક કરીને દેખાડો. અને હા, આ બધુ તમે મારી સાથે NamoApp કે MyGov પર વહેંચશો તો મને વધુ સારું લાગશે.

મારા પ્રિય દેશવાસીઓ, આપણા સંસ્કૃત ગ્રંથોમાં એક શ્લોક છે...

आत्मार्थम् जीव लोके अस्मिन्, को न जीविति मानव : ।
परम् परोपकारार्थम्, यो जीवति स जीवति ।।

અર્થાત્ પોતાના માટે તો સંસારમાં દરેક જીવે છે, પરંતુ વાસ્તવમાં તે જ વ્યક્તિ જીવે છે જે પરોપકાર માટે જીવે છે. ચંડીગઢમાં હું પણ કેટલાંક વર્ષો સુધી રહી ચૂક્યો છું. આ જ ચંડીગઢના સૅક્ટર ૨૯માં સંજય રાણા જી ફૂડ સ્ટૉલ ચલાવે છે અને સાઇકલ પર છોલે-ભટુરે વેચે છે. તેમની દીકરી રિદ્ધિમા અને ભત્રીજી રિયાના કેહવાથી કૉવિડ રસી લગાવનારાઓને ફ્રીમાં છોલે-ભટુરે ખવડાવવાનું શરૂ કર્યું છે. કહે છે કે સમાજનું ભલાઈનું કામ કરવા માટે પૈસાથી વધુ, સેવા ભાવ, કર્તવ્ય ભાવની વધુ આવશ્યકતા હોય છે. આપણા સંજયભાઈ આ વાતને સાચી સાબિત કરી રહ્યા છે.

સાથીઓ, કેટલાક દિવસો પહેલાં એક ખૂબ જ મજેદાર અને ખૂબ જ લાગણીસભર કાર્યક્રમ થયો જેનાથી ભારત-જ્યૉર્જિયાની મૈત્રીને એક મજબૂતી મળી. સમારોહમાં ભારતના સેન્ટ ક્વીન કેટેવાનના હૉલી રેલિક અર્થાત્ તેમના પવિત્ર સ્મૃતિ ચિહ્ન જ્યૉર્જિયાની સરકાર અને ત્યાંની જનતાને સોંપ્યું. તેના માટે આપણા વિદેશ પ્રધાન સ્વયં ત્યાં ગયા હતા. આજથી ચારસો પાંચસો વર્ષ પહેલાંની વાત છે. ક્વીન કેટેવાન જ્યૉર્જિયાના રાજપરિવારની દીકરી હતી. દસ વર્ષના કારાવાસ પછી ૧૬૨૪માં તે વીરગતિને પ્રાપ્ત થઈ હતી. એક પ્રાચીન પુર્તગાલી દસ્તાવેજ અનુસાર, સેન્ટ ક્વીન કેટેવાનનાં અસ્થિઓને જૂના ગોવાના સેન્ટ ઑગસ્ટાઇન કૉન્વેન્ટમાં રાખવામાં આવ્યાં હતાં. પરંતુ અવશેષ ૧૯૩૦ના ભૂકંપમાં ગાયબ થઈ ગયા હતા.ભારત સરકાર અને જ્યૉર્જિયાના ઇતિહાસકારો, સંશોધકો, પુરાતત્ત્વવિદો અને જ્યૉર્જિયન ચર્ચના દાયકાઓના અથાક પ્રયાસો પછી ૨૦૦૫માં તે પવિત્ર અવશેષોને શોધવામાં સફળતા મળી હતી. ભારત સરકારે આ અવશેષોનો એક અંશ જ્યૉર્જિયાના લોકોને ભેટમાં આપવાનો નિર્ણય કર્યો.

મારા પ્રિય દેશવાસીઓ, આજે ‘મન કી બાત’માં આપણે અનેક વિષયોની ચર્ચા કરી. એક બીજો વિષય છે જે મારા હૈયાની બહુ નજીક છે. આ વિષય છે જળ સંરક્ષણનો. મારું બાળપણ જ્યાં વિત્યું ત્યાં પાણીની હંમેશાં ખેંચ રહેતી હતી. પાણીના એક-એક ટીપાને બચાવવું, પાણીના કોઈ પણ પ્રકારના વેડફાટને રોકવો તે આપણી જીવનશૈલીનો એક સહજ હિસ્સો બની જવો જોઈએ.

સાથીઓ, પ્રકૃતિ અને પર્યાવરણની રક્ષા ભારતના સાંસ્કૃતિક જીવનમાં, આપણા દૈનિક જીવનમાં, વણાયેલી છે. તો વરસાદ અને ચોમાસુ હંમેશાં આપણા વિચારો, આપણા તત્ત્વચિંતન અને આપણી સભ્યતાને આકાર આપતા આવ્યા છે. ઋતુસંહાર અને મેઘદૂતમાં મહાકવિ કાલિદાસે વર્ષા અંગે બહુ જ સુંદર વર્ણન કર્યું છે. સાહિત્ય પ્રેમીઓ વચ્ચે આ કવિતાઓ આજે પણ ખૂબ જ લોકપ્રિય છે. ઋગ્વેદના પર્જન્ય સુક્તમમાં પણ વર્ષાના સૌંદર્યનું સુંદર વર્ણન છે. આ જ રીતે શ્રીમદ્ ભાગવતમાં પણ કાવ્યાત્મક રૂપથી પૃથ્વી, સૂર્ય અને વર્ષા વચ્ચે સંબંધોનો વિસ્તાર આપવામાં આવ્યો છે.

अष्टौ मासान् निपीतं यद्, भूम्याः च, ओद-मयम् वसु ।
स्वगोभिः मोक्तुम् आरेंभे, पर्जन्यः काल आगते ।।

અર્થાત્ સૂર્યએ આઠ મહિના સુધી જળના રૂપમાં પૃથ્વીની સંપત્તિનું દોહન કર્યું હતું, હવે ચોમાસાની ઋતુમાં, સૂર્ય આ સંચિત સંપત્તિ પૃથ્વીને પરત કરી રહ્યો છે. ખરેખર, ચોમાસા અને વરસાદની ઋતુ સુંદર અને આનંદદાયક જ નથી હોતી પરંતુ તે પોષણ દેનારી, જીવન દેનારી પણ હોય છે. વર્ષાનું પાણી જે આપણને મળી રહ્યું છે તે આપણી ભાવિ પેઢીઓ માટે છે, તે આપણે ક્યારેય ભૂલવું ન જોઈએ.

આજે મારા મનમાં એ વિચાર આવ્યો કે કેમ ન આ રોચક સંદર્ભો સાથે જ મારી વાત સમાપ્ત કરું. તમને બધાંને આવનારા પર્વોની ખૂબ ખૂબ શુભકામનાઓ. પર્વ અને ઉત્સવોના સમયે એ જરૂર યાદ રાખજો કે કોરોના હજુ આપણી વચ્ચેથી ગયો નથી. કોરોના સાથે જોડાયેલા નિયમો તમારે ભૂલવાના નથી. તમે સ્વસ્થ અને પ્રસન્ન રહો.

ખૂબ ખૂબ ધન્યવાદ. ●

> **“જેમ બાપુના નેતૃત્વમાં ‘ભારત છોડો આંદોલન’ ચાલ્યું હતું, તે જ રીતે આજે દરેક દેશવાસીએ ‘ભારત જોડો આંદોલન’નું નેતૃત્વ કરવાનું છે. એ આપણું કર્તવ્ય છે કે આપણે આપણું કામ એ રીતે કરીએ જે વિવિધતાઓ સાથે આપણા ભારતને જોડવામાં મદદગાર હોય. તો આવો, આપણે ‘અમૃત મહોત્સવ’ નિમિત્તે, આ અમૃત સંકલ્પ લઈએ કે દેશ જ આપણી સૌથી મોટી આસ્થા સૌથી મોટી પ્રાથમિકતા બની રહેશે.”**








**ગાંધીનગર રેલવે સ્ટેશન, સાયન્સ સિટીના ત્રિવિધ પ્રકલ્પ અને નવી ટ્રેનની ભેટ**

# ગુજરાતને આંગણે ઉજવાયો વિકાસોત્સવ

ગુજરાત એટલે સુખ, શાંતિ અને સલામતીનો પર્યાય. ગુજરાત એટલે વિકાસના દરેક ક્ષેત્રમાં મોખરે રહેવા કટિબદ્ધ રાજ્ય. ગુજરાતની આ છબી પાછળ રાજ્યને છેલ્લા બે દાયકામાં મળેલું કુશળ અને દીર્ઘ દૃષ્ટિપૂર્ણ નેતૃત્વ રહ્યું છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના સર્વાંગી વિકાસ માટે અથાગ પ્રયાસો કર્યા, જેના પરિણામે ગુજરાત વિશ્વના નકશામાં સૌથી ઝડપી વિકસી રહેલા પ્રદેશ તરીકે ઊભરી આવ્યું. રાજ્યમાં સૌથી વધુ મૂડી રોકાણ, ઉદ્યોગોનો વિકાસ, પ્રવાસીઓની સંખ્યામાં વધારો. આ બધાનું શ્રેય ગુજરાત સરકારને જાય છે. ગુજરાતમાં આવતા પ્રવાસી, મૂડી રોકાણકારોને સારી સુવિધા સગવડ મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત સરકારે માળખાકીય સુવિધામાં વધારો કર્યો છે.

રાજ્યની આ વણથંભી વિકાસયાત્રાને આગળ વધારતાં ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે અદ્યતન નવીનીકરણ સાથે કાયાકલ્પ થયેલા "ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન, ૩૧૮ રૂમની સુવિધા ધરાવતી આધુનિક ફાઈવસ્ટાર હોટેલ, અમદાવાદના સાયન્સ સિટીમાં તૈયાર થયેલી એક્વેટિક ગેલેરી, રોબોટિક ગેલેરી અને નેચર પાર્ક - એમ ત્રણ નવીન પ્રકલ્પો તથા ગાંધીનગર-વારાણસી નવી સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેન, સુરેન્દ્રનગર-પીપાવાવ ૨૬૬ કિ.મિ. રેલ્વે ઈલેક્ટ્રિફિકેશન, વડનગરને સાંકળી લેતા મહેસાણા-વરેઠાના ઈલેક્ટ્રિફાઈડ બ્રોડગેજ રેલ ખંડનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યુ હતું.

દેશનું લક્ષ્ય માત્ર "કૉન્ક્રીટ"ના માળખાઓ ઊભાં કરવાનું જ નથી, પરંતુ આ માળખાઓની સાથે કેરેક્ટર" - નવતર ચારિત્ર્યને જોડવાનું હોવાનું જણાવી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ૨૧મી સદીનું ભારત નવી આકાંક્ષા-નવયુવા અપેક્ષાનું ભારત છે. આ વિકાસકાર્યોનાં લોકાર્પણો નવા ભારતની ઓળખ માટે નવતર કડીરૂપ બનશે.

આ પ્રસંગે "સાયન્સ સિટી" ખાતે તૈયાર થયેલા ત્રણ નવા પ્રકલ્પો બાળકોને "રિક્રિએશન" ની સાથે "ક્રિયેટિવ" બનાવશે અને બાળકો તથા યુવાઓને વિજ્ઞાનમાં અભિરુચિ કેળવવાની દિશામાં અગ્રેસર પણ બનાવશે. અહીંના રોબોપાર્ક અને નેચર પાર્ક બાળકોના આકર્ષણનું કેન્દ્ર તો બનશે જ, સાથે-સાથે દેશની પ્રથમ અને એશિયાની પાંચમા ક્રમાંકની "ઍક્વેટિક ગેલેરી" બાળકોનો સામુદ્રિક જૈવસૃષ્ટિ સાથેનો અનુબંધ પ્રસ્થાપિત કરશે. "રોબોટિક ગેલેરી"માં સંવાદ કરતા રોબો, "રોબો કાફે" માં ભોજન પીરસતા રોબોટ્સનાં આકર્ષણોની સાથે રોબોટ્સની મેડિસિન-કૃષિ-સ્પેસ-ડિફેન્સના ક્ષેત્રોમાં ઉપયોગિતા અંગે બાળકો અને યુવાઓને નવા અનુભવો કરાવશે.

વડાપ્રધાનશ્રીએ સોશિયલ મીડિયા ઉપર તેમણે પોસ્ટ કરેલી રોબોટિક ગેલેરીને તસ્વીરોને મળેલા સુખદ પ્રતિસાદનો

ઉલ્લેખ કરી આ વ્યવસ્થા આપણા દેશ અને ગુજરાતમાં જ નિર્માણ પામી હોવાનું ગૌરવ સૌની સાથે વહેંચ્યું હતું. તેમણે આશા વ્યક્ત કરી હતી કે "સાયન્સ સિટી"નો શાળા-મહાશાળાનાં બાળકો તથા વિજ્ઞાનમાં રુચિ ધરાવતાં બાળકો મહત્તમ ઉપયોગ કરશે.

રેલવે પ્રકલ્પોનાં લોકાર્પણો બાદ વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, રેલવે આધુનિક અને સશક્ત ભારતનો પર્યાય છે. ગાંધીનગર-વારાણસી ટ્રેનના માધ્યમથી સોમનાથની ધરતી -વિશ્વનાથની ભૂમિ સાથે જોડાઈ રહી છે. રેલવેમાં નવા રિફોર્મની જરિરૂયાત હોવા અંગે જણાવ્યું હતું કે, અમે ભારતીય રેલવેને "સર્વિસ" ના સ્વરૂપે જ નહિ, પરંતુ "એસેટ"ની દૃષ્ટિએ વિકસાવવાનું શરૂ કર્યું છે. આ કારણે રેલવેની "શાખ" બદલાઈ રહી છે. હવે રેલવે વધુ સુવિધાયુક્ત-સ્વચ્છ-સ્પીડ અને સુરક્ષા ધરાવતી બની ગઈ છે. આગામી દિવસોમાં "ડેડિકેટેડ ફ્રિગેટ કોરિડોર" ના લીધે રેલવેની ગતિ વધુ વધશે. દેશની "વંદે ભારત" અને "તેજસ" જેવી ટ્રેનો તો પુરપાટ ઝડપે દોડવા લાગી છે, તે તેનું ઉદાહરણ છે, જે યાત્રિકોને નવો અનુભવ આપી રહી છે. કેવડિયા ટ્રેનોના લોકાર્પણ વખતે "વિસ્ટા ડોમ" દ્વારા "થ્રિલ ઓફ જર્ની" નો અનુભવ પણ લોકોએ કર્યો છે.

આ પ્રસંગે શ્રી મોદીએ પરિવહનનાં તમામ સાધનોને "મલ્ટિ-મોડલ કનેક્ટિવિટી"થી જોડવાનો પણ આશાવાદ વ્યકત કરી તેનાથી ઓછા સમય, ઓછા ખર્ચે વધુ બહેતર સુવિધા પ્રાપ્ત થવાની સાથે "આત્મનિર્ભર ભારત"'ની દિશામાં આપણે વધુ મજબૂતાઈથી અગ્રેસર થઈશું તેમ જણાવ્યું હતું

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અને ગાંધીનગરના સાંસદ શ્રી અમિતભાઈ શાહે 35 વર્ષ પછી રાજ્યના પાટનગર ગાંધીનગર રેલવે સ્ટેશનના થયેલા આ સંપૂર્ણ કાયાકલ્પને સમગ્ર ગુજરાત અને ગાંધીનગર મતક્ષેત્રના નાગરિકો માટે ખૂબ આનંદનો દિવસ ગણાવ્યો હતો. ઘણા સમય પહેલાં જ્યારે આ રેલવે સ્ટેશનનો વિચાર, તેનું મૂર્ત સ્વરૂપ અને સ્પેશિયલ પર્પઝ વ્હિકલ બન્યા બાદ જ્યારે કન્સ્ટ્રક્શન શરૂ કરવામાં આવ્યું, ત્યારે અનેક લોકોને આ માત્ર એન્જિનિયરિંગ સાહસ લાગતું હતું, પરંતુ આ સાહસ સફળ થયું છે. ગાંધીનગરનું આ નવું રેલવે સ્ટેશન તેમજ બે નવી ટ્રેનનો પ્રારંભ નાગરિકો માટે અનેક રીતે ઉપયોગી બનશે. જ્યારે નવનિર્મિત પંચતારક હોટેલ ઈકોનોમી અને ટૂરિઝમને વિકસાવવામાં મહત્ત્વરૂપ થશે.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે મહેસાણા-વરેઠા વચ્ચે રેલવે ગેજ પરિવર્તન અને સુરેન્દ્રનગર-પિપાવાવ ૨૬૬ કિ.મી. રેલવેલાઇનનું ઈલેક્ટ્રિફિકેશન એ રેલવે દ્વારા નક્કી કરવામાં આવેલા ઈલેક્ટ્રિફિકેશન અને ગેજ પરિવર્તનની દિશામાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

આ તકે અમદાવાદના સાયન્સ સિટી ખાતે પણ લોકાર્પિત થનારી બે ગેલેરી અને એક નેચરપાર્કનો ઉલ્લેખ કરતાં ઉમેર્યું કે આ નવનિર્મિત એક્વેટિક ગેલેરી અને રોબોટિક ગેલેરી વિજ્ઞાનમાં રસ ધરાવનારા વિદ્યાર્થીઓ માટે મહત્ત્વની સાબિત થઈ રહેશે. આશરે ૧૧ હજાર ચોરસમીટરમાં ફેલાયેલી આ રોબોટિક ગેલેરીના માધ્યમથી માનવ રોબોટ સંવાદથી માંડીને કૃષિ, અંતરિક્ષ, રક્ષા સહિતના અનેક ક્ષેત્રમાં રોબોટના વિવિધ ઉપયોગો દર્શાવાયા છે. જ્યારે એક્વેટિક ગેલેરીમાં અનેક પ્રકારની દરિયાઈ જૈવ વિવિધતાનો બાળકો અનુભવ કરી શકશે અને તેમની જિજ્ઞાસા સંતોષાશે. આ સિવાય આઠ હેક્ટરમાં નેચરપાર્કનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે. ભવિષ્યમાં આ નેચરપાર્કને બાયોલોજિકલ પાર્ક તરીકે વિકસાવવાની પણ યોજના છે.

વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પિત થઈ રહેલા આ તમામ પ્રકલ્પોને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે સમગ્ર ગુજરાતના વિકાસ માટે સીમાસ્તંભરૂપ ગણાવી, સમગ્ર ગુજરાતની જનતાવતી આભાર વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર નવનિર્મિત રેલવે સ્ટેશનના લોકાર્પણ પ્રસંગે રેલ મંત્રી શ્રી અશ્વિનભાઈ વૈષ્ણવે કહ્યું કે, રેલવેને વિસ્તૃત પરિવર્તન કરી નવી ઓળખ ઊભી કરવાનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો દૃઢ સંકલ્પ છે. ગાંધીનગર રેલવે સ્ટેશનનું રિડેવલપમેન્ટ અને રેલવે સ્ટેશન ઉપર જ પંચતારક હોટલનુ નિર્માણ તેમના સંકલ્પને મૂર્તિમંત કરે છે. કોઈપણ રાષ્ટ્રના વિકાસમાં રેલ વિકાસનો મહત્ત્વનો ફાળો રહેલો છે. વડાપ્રધાનશ્રીના સાત વર્ષના કાર્યકાળ દરમિયાન ભારતીય રેલમાં અનેકવિધ ફેરફારો આવ્યાં છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, ગુજરાતની રાજધાની ગાંધીનગરથી ભગવાન શિવની નગરી વારાણસી-કાશી સુધી સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેન, પિપાવાવ ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા ઉદ્યોગોને સામાન પરિવહન માટે સુરેન્દ્રનગર-પિપાવાવ વચ્ચે 266 કિલોમિટર લાંબી રેલવે લાઈનનું ઈલેક્ટ્રિફિકેશનનું લોકાર્પણ તેમજ વડાપ્રધાનના વતન વડનગર સાથે જોડાયેલી મહેસાણા-વરેઠા ઈલેક્ટ્રિફાઈડ બ્રોડગેજ રેલવેનું લોકાર્પણ કરી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને મોટી ભેટ આપી છે.

ગાંધીનગર વર્ષોથી રેલવે સેવાઓથી વંચિત રાજધાની હતી પરંતુ હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ નવા પ્રોજેક્ટ તેમજ રેલવે ટ્રેનની ભેટ ગુજરાતને આપીને સર્વાંગી વિકાસના નવાં સોપાન સર કરાવ્યાં છે. આ રેલ પ્રોજેક્ટથી કનેક્ટિવિટી અને સુવિધાઓમાં વધારો થશે.

બાળકો-વડીલો અને દરેકને મનોરંજનની સાથે જ્ઞાન આપતાં સાયન્સ સિટીમાં અગાઉથી આઇ મેક્સ થિએટર,

એસ્ટ્રોનોમી-સ્પેસ ગેલેરી કાર્યરત છે અને હવે નવા ત્રણ પ્રકલ્પોનું લોકાર્પણ થયું છે. સાયન્સ સિટીમાં બનેલા ભારતના સૌથી મોટા માછલીઘરમાં દેશ-વિદેશની અગિયાર હજાર જેટલી માછલીઓ જોવા મળશે અને અહીં લાગેલા કિયોસ્ક દ્વારા માછલીઓની જાણકારી પણ મળી રહેશે.

ગુજરાતને અનેકવિધ પ્રોજેક્ટની ભેટ આપવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવનો મુખ્યમંત્રીશ્રીએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય રેલ રાજય મંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, સાંસદ શ્રી સી.આર.પાટીલ, મુખ્ય સચિવ શ્રી ડૉ. અનિલ મુકિમ, મંત્રીમંડળના સભ્યો, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અન્ય પદાધિકારીઓ સહિત રાજય સરકારના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## અમદાવાદ

ગાંધીનગરથી પ્રસ્થાન થયેલી ટ્રેન અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશન પર આવી પહોંચી ત્યારે ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ તેનુ સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, " ગુજરાતનું ગ્રોથ એન્જિન રેલવે છે અને રેલવેના વિકાસની સાથે રાષ્ટ્રનો વિકાસ જોડાયેલો છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતની વિકાસયાત્રા અવિરતપણે કાર્યરત છે. ગુજરાતમાં રોજરોજ વિકાસના નવા આયામો પ્રજાર્પણ કરવામાં આવી રહ્યા છે. એ જ પુરવાર કરે છે કે, ગુજરાત વિકાસની દોડમાં પણ અગ્રેસર છે.

આ પ્રસંગે અમદાવાદ પશ્ચિમના સાસંદ ડૉ. કિરીટભાઈ સોલંકી, અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, પૂર્વ મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને પદાધિકારીઓ/ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરા

વારાણસી માટે પ્રસ્થાન થયેલી આ ટ્રેનનું વડોદરાના છાયાપુરી રેલવે સ્ટેશન ખાતે નર્મદા વિકાસ રાજયમંત્રી શ્રી યોગેશભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ સ્વાગત-અભિવાદન કર્યું હતું. આ ટ્રેનમાં વડોદરા શહેરના પ્રતિષ્ઠિત નાગરિકોએ ગોધરા સુધી પ્રતીકાત્મક મુસાફરી કરી હતી.

## ગોધરા

ગાંધીનગર કેપિટલથી વારાણસી પહોંચાડતી આ ફાસ્ટ ટ્રેન આણંદ અને છાયાપુરી થઈ ગોધરા પહોંચી ત્યારબાદ તેને ઉજ્જૈન તરફ આગળ જવા કૃષિ, પંચાયત અને પર્યાવરણ મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર દ્વારા ગ્રીન સિગ્નલ આપીને પ્રસ્થાન કરાવવામાં આવી હતી. આ અગાઉ, પ્રધાનમંત્રીશ્રી દ્વારા આ





વિકાસ પ્રકલ્પોના પ્રજાર્પણ કાર્યક્રમમાં મંત્રીશ્રી સહિતના મહાનુભાવો ગોધરા રેલવે સ્ટેશને યોજાયેલ એક કાર્યક્રમમાં ઓનલાઈન નિહાળી સહભાગી થયા હતાં.

### મહેસાણા

મહેસાણા જિલ્લાના નાગરિકોમાં મેમુ ટ્રેન શરૂ થતાં દરેક સ્ટેશન પર મોટી સંખ્યામાં આવકાર મળ્યો હતો. મહેસાણા ખાતે પ્રભારી મંત્રી શ્રી વિભાવરીબહેન દવે, વડનગર ખાતે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોર, વરેઠા ખાતે સામાજિક શૈક્ષણિક પછાત વર્ગોના મંત્રી શ્રી વાસણભાઈ આહીર સહિત દરેક સ્ટેશન પર મહાનુભાવોની ઉપસ્થિતિમાં ટ્રેનનું સ્વાગત કરવામાં આવ્યું હતું


આ ઉપરાંત મહેસાણા અને વડનગર ખાતે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, રાજ્ય મંત્રી શ્રી દર્શનાબહેન જરદોશે વિશેષ ટ્રેનમાં આ બન્ને રેલ્વે સ્ટેશનોની મુલાકાત લીધી હતી. આ સમારંભમાં સંસદ સભ્ય શ્રીમતી શારદાબેન પટેલ, સંસદ સભ્ય શ્રી ભરતસિંહ ડાભી, ધારાસભ્ય સર્વેશ્રીઓ કરશનભાઈ સોલંકી, ઋષિકેશભાઈ પટેલ, અજમલજી ઠાકોર, ડૉ. આશાબહેન પટેલ સહિત અધિકારીઓ, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં. ●


# સાયન્સ સિટીનાં વર્લ્ડ ક્લાસ આકર્ષણો


***ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ ગુજરાત સાયન્સ સિટી સમાજમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવાની દિશામાં કાર્યરત છે. સાયન્સ સિટીમાં બીજા તબક્કામાં ઍક્વેટિક ગેલેરી, રોબોટિક ગેલેરી અને નેચર પાર્ક તૈયાર કરવામાં આવ્યા છે.***

## એક્વેટિક ગેલેરી

"સાયન્સ સિટી ખાતેની એક્વેટિક ગેલેરીએ અત્યાધુનિક સિસ્ટિમથી સજ્જ છે અને તે ભારતનું સૌથી મોટું એક્વેરિયમ બની રહેશે. અહીં આવતા મુલાકાતીઓને સમુદ્રી દુનિયાના યાદગાર અનુભવ માટે આ એક્વેરિયમ તૈયાર કરવામાં આવ્યું છે." આ એક્વેરિયમમાં અલગ- અલગ ૬૮ ટેન્કમાં શાર્ક સહિતની ઘણી પ્રજાતિઓ જોઈ શકાશે અને આ માટે ૨૮ મીટરની અંડરવૉટર વોક વે ટનલ તૈયાર કરવામાં આવી છે" આ એક્વેટિક ગેલેરીનું મહત્ત્વનું પાસું એ છે કે અહીં ૧૮૮ પ્રજાતિની ૧૧,૬૦૦થી વધુ માછલીઓ એક છત નીચે જોઈ શકાશે. અહીં ગેલેરીમાં ૧૦ અલગ-અલગ ઝોનમાંથી લાવેલ જળચર સૃષ્ટિ દર્શાવવામાં આવી છે. જેમ કે ઈન્ડિયન ઝોન, એશિયન ઝોન, આફ્રિકન ઝોન, અમેરિકન ઝોન, ઓસિયન્સ ઓફ ધ વર્લ્ડ અને અન્ય. દરિયાઈ દુનિયાના રોમાંચક અનુભવ માટે 5-ડી થિયેટર છે.







## રોબોટિક ગેલેરી

સાયન્સ સિટીમાં ૧૧,૦૦૦ સ્કેવર મીટર વિસ્તારમાં અત્યાધુનિક રોબોટિક ગેલેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં ૭૯ પ્રકારના ૨૦૦થી વધુ રોબોટ છે. અહીં પ્રવેશદ્વાર પર અચંબિત કરી દેનાર ટ્રાન્સફોર્મર રોબોટની પ્રતિકૃતિનું પણ નિદર્શન કરાયું છે. આ ગેલેરીમાં ખાસ રીતે તૈયાર કરાયેલા હ્યુમનોઈડ રોબોટ આનંદ, આશ્ચર્ય અને ઉત્સાહ જેવી અનેક ભાવનાઓ વ્યક્ત કરે છે અને મુલાકાતીઓ સાથે વાતચીત કરે છે. ગેલેરીના અલગ-અલગ માળ પર વિવિધ ક્ષેત્રના રોબોટ્સ અને તેની ઉપયોગિતાનું પ્રદર્શન કરે છે. જેમ કે મેડિસિન, એગ્રિકલ્ચર, સ્પેસ, ડિફેન્સ વગેરે. અહીંના રોબોકાફેમાં રોબો શેફ દ્વારા બનાવાયેલું ભોજન રોબો વેઈટર્સ દ્વારા પીરસવામાં આવશે. વળી, ૧૬ રોબોગાઇડ અહીં આવતા મુલાકાતીઓને ગાઇડ કરશે.

## નેચર પાર્ક

સાયન્સ સિટીનું ત્રીજું આકર્ષણ છે - નેચર પાર્ક. ૨૦ એકરમાં પથરાયેલ આ નેચર પાર્કમાં ૩૮૦થી વધુ સ્પીસિસ જોવા મળશે. અહીં મિસ્ટ બામ્બૂ ટનલ, ઑક્સિજનપાર્ક, ચેસ અને યોગ સ્પેસ, ઓપન જિમ, અને બાળકો માટે ખાસ પ્લે એરિયા તૈયાર કરાયો છે. અહીં જોગિંગ ટ્રેક, વોકિંગ ટ્રેક અને બાળકો માટે રસપ્રદ ભુલભુલામણી છે. વૈજ્ઞાનિક માહિતી સાથે વિવિધ સ્કલ્પ્ચર પણ છે. જેમ કે મેમથ, ટેરર બર્ડ, સેબર ટૂથ લાયન, ગ્રાઉંડેડ સ્લોથ બેર, ઉધઈના રાફડા અને મધપૂડાની રચના અંગેની વૈજ્ઞાનિક સમજ આપવામાં આવે છે. આ મુલાકાતને યાદગાર બનાવવા માટે સેલ્ફી કોર્નર પણ છે. ●

# "હાઈ ઑન કસોલ"નું રાજ્યપાલશ્રીના હસ્તે વિમોચન



ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે વરિષ્ઠ પત્રકાર અને લેખક શ્રી આદિત્ય કાંતની પ્રથમ નવલકથા "હાઇ ઑન કસોલ"નું વિમોચન કરતાં જણાવ્યું હતું કે, નશાખોરીથી યુવાધનને બચાવવા સામૂહિક પ્રયાસો આવશ્યક છે. "હાઇ ઑન કસોલ" નવલકથા નશાખોરીથી દૂર રહેવાની યુવાનોને પ્રેરણા પૂરી પાડે છે.

રાજ્યપાલશ્રીએ હિમાચલ પ્રદેશના રાજ્યપાલ તરીકેના કાર્યકાળ દરમિયાન યુવાનોમાં ડ્રગ્સ અને અન્ય નશીલા પદાર્થોના સેવનના દૂષણ સામે જન-અભિયાન શરૂ કરી યુવાનોને નશામુક્ત કરવા પહેલ કરી હતી. આ નવલકથામાં સ્થાનિક લોકો અને બહારથી આવનારા લોકો વચ્ચેની સમસ્યા અને રોજિંદા જીવનના સંઘર્ષને વાચા આપવાના લેખક શ્રી આદિત્ય કાંતના પ્રયાસને રાજ્યપાલશ્રીએ બિરદાવ્યો હતો.

આ પ્રસંગે લેખક શ્રી કાંતે જણાવ્યું હતું કે "હાઇ ઑન કસોલ" નવલકથા કુલ્લૂ ખીણમાં આવેલા મીની ઇઝરાયેલ તરીકે ઓળખાતા નાનકડા ગામ કસોલની પાર્શ્વભૂમિમાં લખાયેલી નવલકથા છે. જે ડ્રગ્સના દૂષણમાંથી સંઘર્ષ કરીને બહાર આવવા મથતા લોકો માટે આશાનું કિરણ બની રહે છે. તો બીજી બાજુ હિમાચલ, પંજાબ અને હરિયાણા જેવાં રાજ્યોના યુવાનોમાં વ્યાપી રહેલાં નશીલા પદાર્થોના સેવનના દૂષણના પડકારને પણ આલેખે છે. ●

## યોગ નિબંધ સ્પર્ધાના સ્પર્ધકોને શુભકામના

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે આર્ય પ્રતિનિધિ સભા અમેરિકા અને સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા, દિલ્હી દ્વારા યોજાયેલી આંતરરાષ્ટ્રીય યોગ નિબંધ સ્પર્ધાના પુરસ્કાર વિતરણ સમારોહમાં સ્પર્ધામાં ભાગ લેનારા બાળકોથી માંડી વયસ્ક સ્પર્ધકોને શુભેચ્છા પાઠવી હતી. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, યોગ જીવનમાં શિસ્તનું મહત્ત્વ સમજાવે છે. તેમણે જણાવ્યું હતું કે, શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે યોગ આવશ્યક છે.

આ પ્રસંગે આર્ય પ્રતિનિધિ સભા અમેરિકાના અધ્યક્ષ શ્રી ભુવનેશ ખોસલાએ જણાવ્યું હતું કે, આ સ્પર્ધામાં બાર દેશોના બાળકોથી માંડી વયસ્ક વય જૂથના કુલ 711 સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી વર્ચ્યુઅલી યોજાયેલા આ કાર્યક્રમમાં આર્ય સમાજ ન્યૂ જર્સીના અધ્યક્ષશ્રી સંજીવ ગોયલ, આચાર્ય બ્રહ્મદેવ, આચાર્ય હરિપ્રસાદ, આર્ય પ્રતિનિધિ સભા અમેરિકાના મહામંત્રી શ્રી વિશ્રુત આર્ય, વિનય આર્ય સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●

## રેડક્રોસ સોસાયટી દ્વારા ઑક્સિજન કન્સન્ટ્રેટર્સનું વિતરણ

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે ઇન્ડિયન રેડક્રૉસ-ગુજરાતની જિલ્લા અને તાલુકા શાખાઓને ઑક્સિજન કન્સન્ટ્રેટર્સનું વિતરણ કરતાં જણાવ્યું હતું કે, માનવ સેવાના ઉત્તમ કાર્યો દ્વારા રેડક્રોસ-ગુજરાતે અન્ય લોકો માટે પ્રેરણા પૂરી પાડી છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી એક લાખ ફ્રન્ટલાઇન કોરોના વૉરિયર્સને જીવન જરૂરી કિટનું વિતરણ કરાયું હતું. રાજ્યપાલશ્રીએ કોરોના સંક્રમણની સંભવિત ત્રીજી લહેરનો સઘન રસીકરણ, કોરોના સામેના યોગ્ય વ્યવહાર અને જનશક્તિના સામર્થ્યથી સામનો કરવા અનુરોધ કરી લોકોને જરૂરી શિસ્તનું પાલન કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.

ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ રેડક્રોસ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ગુજરાત શાખાને 350 ઑક્સિજન કન્સન્ટ્રેટર્સ ફાળવવામાં આવ્યા છે.

આ પ્રસંગે આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ, નેશનલ હેલ્થ મિશનના ગુજરાતના મિશન ડિરેક્ટર શ્રીમતી રેમ્યા મોહન સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# જૂનાગઢને સૌરાષ્ટ્રની ટુરીઝમ સર્કિટ સાથે જોડીને પર્યટન વિકાસનું હબ બનાવવું છે - CM



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જૂનાગઢની ઐતિહાસિક વિરાસત એવા પૌરાણિક ઉપરકોટના કિલ્લાની મુલાકાત લઇ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા રૂ.૪૫.૯૧ કરોડના ખર્ચે ચાલી રહેલા ઉપરકોટના કન્ઝર્વેશન અને રિસ્ટોરેશનના પ્રોજેક્ટનું તલસ્પર્શી નિરીક્ષણ કર્યું હતું. આ સાથે, તેમણે ઉપરકોટમાં મુખ્ય પ્રવેશદ્વાર, નીલમ તોપ, રાણકમહેલ, અડી કડી વાવ, અનાજ કોઠા, બારૂદ ખાના, સાયકલ ટ્રેક તેમજ ૨.૫ કી.મી કિલ્લાની રિસ્ટોરેશનની કામગીરીનું નિરીક્ષણ કરી પ્રોજેક્ટની સર્વગ્રાહી સમીક્ષા પણ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીની સાથે પ્રવાસન મંત્રી અને મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા પણ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રોજેક્ટ પૂર્ણ થયે રાજ્ય સરકારના પ્રવાસનને પ્રોત્સાહન આપવાની વિકાસલક્ષી નીતિના પગલે પ્રવાસીઓને મુલાકાતીઓને જે વિશેષ સુવિધા મળવાની છે તે અંગે પરામર્શ કરી વિશેષ વિગતો આપી હતી.

ઉપરકોટમાં એવા કેટલાક અવશેષો અને સ્મારકો જે અત્યાર સુધી વર્ષોથી માટી ભરાઇ જવાના કારણે લોકોને જોવા મળ્યા ન હતા એ હવે રાજ્ય સરકારની પહેલ રૂપ કામગીરીને લીધે લોકોને અને અભ્યાસુઓ ને જોવા મળશે. મુખ્યમંત્રીશ્રીએ તમામ સ્મારકોની માહિતી મેળવી લોકોને તમામ બાબતોની માહિતી પણ મળી રહે તે અંગેની વ્યવસ્થા માટે માર્ગદર્શન આપ્યું હતું.

**ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા રૂ.૪૫.૯૧ કરોડના ખર્ચે થઈ રહેલી ઉપરકોટના કન્ઝર્વેશન -રિસ્ટૉરેશન કામગીરીનું નિરીક્ષણ કરતા મુખ્યમંત્રીશ્રી**

**ઉપરકોટની મૂળ ગરિમા-સ્ટ્રક્ચરને જાળવી રાખી હાથ ધરવામાં આવેલા પ્રોજેક્ટને પ્રવાસી-અભ્યાસુઓલક્ષી બનાવવા માર્ગદર્શન આપતા મુખ્યમંત્રીશ્રી**

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે જૂનાગઢ પ્રવાસન અને તીર્થ સ્થળો નું ધામ છે. રાજ્ય સરકાર દ્વારા ગીરનાર ક્ષેત્રમાં પ્રવાસન વિકાસ ની કામગીરી બાદ મકબરા અને ઉપરકોટ ની કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉપરકોટ જેવો હતો તેવો જ તેનું પુરાતત્વીય સ્ટ્રક્ચર જળવાઈ રહે તે રીતે પુનઃસ્થાપિત કરીને લોકો સમક્ષ રજૂ કરવો છે.

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના ટુરીઝમ વિકાસ અને સર્કિટને જોડીને વિકાસ લક્ષી કામગીરી થાય અને પર્યટકો માટે સુવિધા વધે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે અને તે પ્રમાણે પ્રોજેક્ટ પૂર્ણ થઈ રહ્યા છે એમ તેમણે કહ્યું હતું. આવા પ્રવાસન સ્થળોએ લોકોની જરૂરિયાત મુજબની જરૂરી સુવિધા મળશે તેવી નેમ તેમણે વ્યક્ત કરી હતી.

આ વેળાએ પ્રવાસન નિગમના એમ.ડી. શ્રી જેનુ દેવન, જૂનાગઢ મહાનગરપાલિકાના મેયર શ્રી ધીરૂભાઈ ગોહેલ, કલેકટર શ્રી રચિત રાજ તેમજ કોર્પોરેટરો અને જિલ્લા તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



## કર્ણાટકનું પ્રતિનિધિમંડળ ગુજરાતની મુલાકાતે



કર્ણાટકના મિડિયમ એન્ડ લાર્જ ઇન્ડસ્ટ્રીઝ વિભાગના મંત્રી શ્રી જગદીશ શેટ્ટારની અધ્યક્ષતામાં ૧૩ સભ્યોનું પ્રતિનિધિમંડળ ગુજરાતના વિકાસ મોડેલ ખાસ કરીને MSME સેક્ટરની સમગ્ર ઈકોસિસ્ટિમના અભ્યાસ માટે ગુજરાત પ્રવાસે આવ્યું હતું. આ દરમિયાન કર્ણાટકના મંત્રી શ્રી જગદીશ શેટ્ટારે ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સૌજન્ય મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ બેઠકમાં ગુજરાતે વૈશ્વિક રોકાણકારો માટે બેસ્ટ ચોઈસ ઓફ ઇન્વેસ્ટમેન્ટ ગુજરાત બન્યું છે તેની વિશદ ભૂમિકા આપી હતી. આ પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રીશ્રી નિવાસસ્થાને સી.એમ ડેશબોર્ડ અને જનસંવાદ કેન્દ્રની મુલાકાત લઈ રિયલ ટાઈમ મોનિટરિંગ અને વિવિધ યોજનાના લાભાર્થીઓના ફિડબેકની સિસ્ટિમ પણ નિહાળી પ્રભાવિત થયા હતા.

આ પ્રસંગે ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તા, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા તેમજ ઇન્ડેક્ષ્ટ-બીના એમ.ડી. શ્રીમતી નીલમ રાની ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## મુખ્યમંત્રીશ્રી સાથે બિહારના IT મંત્રીશ્રીની ચર્ચા



ગુજરાતે છેલ્લાં કેટલાંક વર્ષોમાં સાધેલા વિકાસને પગલે કોઈપણ ક્ષેત્ર હોય તેની વિશ્વકક્ષાએ નોંધ લેવામાં આવે છે. ગુજરાત મોડેલ તરીકે ઓળખાતી ઘણી પહેલ અને તેના સફળતાપૂર્વકના પરિણામલક્ષી અમલીકરણનો અભ્યાસ કરવા અન્ય રાજ્યોના મહાનુભાવો પણ ગુજરાતની મુલાકાત લેતા રહ્યા છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની મુલાકાત બિહારના IT મંત્રી શ્રી જીવેશ મિશ્રાએ લીધી હતી.

બિહારના IT મંત્રી શ્રી જીવેશ મિશ્રાએ મુખ્યમંત્રી નિવાસસ્થાને 'સીએમ ડેશબોર્ડ'ની કામગીરીને પ્રત્યક્ષ નિહાળી હતી. સીએમ ડેશબોર્ડ ઉપરાંત રાજ્ય સરકારની સામર્થ્યપૂર્ણ પરિણામલક્ષી, જનહિતલક્ષી કાર્ય પદ્ધતિ અંગે તેમને જાણકારી આપવામાં આવી હતી. શ્રી જીવેશ મિશ્રા સાથે મુખ્યમંત્રીશ્રીએ વિકાસ મુદ્દે મહત્ત્વપૂર્ણ વૈચારિક આદાનપ્રદાન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સ્મૃતિ રૂપે "સ્ટેચ્યૂ ઓફ યુનિટી"ની પ્રતિકૃતિ ભેટ આપીને મંત્રી શ્રી જીવેશ મિશ્રાનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●


## કોરોનામાં નિરાધાર થયેલાં બાળકો માટે પ્રેરક કાર્ય

ગુજરાતમાં કોરોના મહામારી દરમિયાન માતા કે પિતા ગુમાવનાર ૧૮ વર્ષ સુધીનાં બાળકોને અભ્યાસ માટે જે. એમ. ફાઈનાન્શિયલ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય કરવાના હેતુથી ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને મુંબઈના જે. એમ. ફાઈનાન્શિયલ ફાઉન્ડેશનના વચ્ચે "લેટર ઓફ ઈન્ટેન્ટ" ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, કોરોના મહામારીમાં માતા-પિતા બંને ગુમાવનાર બાળકોના પાલન-પોષણની ચિંતા રાજ્ય સરકારે કરીને "મુખ્યમંત્રી બાળ સેવા યોજના" લોન્ચ કરી છે. આ યોજના હેઠળ ૭૭૬ બાળકોનાં ખાતામાં DBT દ્વારા રૂ. ૩૧ લાખથી વધુ રકમ જમા કરાવી છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે ગુજરાતમાં ખાનગી અને સરકારી શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોને કેવી રીતે ઉપયોગી થઈ શકાય તે અંગે જે. એમ. ફાઈનાન્શિયલ ફાઉન્ડેશનના હોદ્દેદારો સાથે ચર્ચા કરીને તેની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિકારીઓ અને CSR હેડ શ્રી પૂજાબહેન દવે ઉપસ્થિત રહ્યા હતા. ●

# ઊંઝામાં ખેડૂતોને પાક સહાય






રાજ્ય સરકાર વાવણીથી લઈને વેચાણ સુધીના દરેક તબક્કે ખેડૂતોની પડખે ઊભી છે. ખેડૂતોને પડતી મુશ્કેલીને સમજીને રાજ્ય સરકાર તેના નિરાકરણ માટે કટિબદ્ધતાથી કાર્ય કરે છે. સરકારની સાથે રાજ્યનું સહકારી માળખું પણ ખેડૂતોના ઉત્કર્ષ માટે પ્રયાસ કરે છે. ઊંઝા તાલુકામાં જીરું-વરીયાળી અને ઇસબગુલ જેવા પાકોનું વાવેતર કરતા પ્રેરાય તે માટે એ.પી.એમ.સી ઊંઝા દ્વારા એક એકરની મર્યાદામાં રૂપિયા ૪૮૦૦ની સહાય યોજના અમલમાં મૂકી છે. જે અંતર્ગત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં લાભાર્થી ખેડૂતોને સહાય ચૂકવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૩૩ ગામના ૨,૨૮૯ લાભાર્થીઓને રૂ.૮૬.૯૭ લાખની સહાય આપવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રીશ્રીએ સહકારિતા પ્રદ્ધતિથી થકી રાષ્ટ્રનો વિકાસ થાય તે દિશામાં પ્રેરણાદાયી પગલું ભરી સહકાર વિભાગની શરૂઆત કરી છે. રાજ્યમાં અમૂલ, ઊંઝા બજાર સમિતિ સહિત સહકારી સંસ્થાઓ દેશને દિશાદર્શન કરી રહી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું હતું કે ખેડૂતોના હિત માટે કમોસમી વરસાદમાં ૨૦૧૯માં ૩૭૯૫ કરોડ, ૨૦૨૦માં ૩૭૦૦ કરોડ અને તાઉતે વાવાઝોડામાં ત્રણ અસરગ્રસ્ત જિલ્લાઓના નાગરિકો માટે ૫૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું છે. જગતનો તાત ખરા અર્થમાં તાત બની રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સાત પગલાં ખેડૂત કલ્યાણનાં, કિસાન સૂર્યોદય યોજના સહિત અનેકવિધ યોજનાઓ થકી ખેડૂત સમૃદ્ધ થયો છે. ●

# નગરપાલિકાઓને વિકાસકામોનાં આધારે સ્ટાર રેન્કિંગ અપાશે

ગુજરાત ડેવલપ્ડ અને પ્રોગ્રેસિવ સ્ટેટ તરીકે પ્રસ્થાપિત થયેલું છે. હવે દેશભરની નગરપાલિકાઓ માટે ઉદાહરણરૂપ અને દિશાદર્શક આપણી નગરપાલિકાઓ બને તેવું બેસ્ટ એડમિનિસ્ટ્રેશન, ટ્રાન્સપેરન્સીથી વિકાસ કામો હાથ ધરીને લોકોને પણ બદલાવ-ચેન્જની અનૂભુતિ થાય અને નગરો પ્રોગ્રેસિવ બને તેવી વ્યવસ્થાઓ RCM પોતાના વિસ્તારની નગરપાલિકાઓમાં વિકસાવે તેમ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના ૬ રિજિયોનલ મ્યુનિસિપલ કમિશનરો, શહેરી વિકાસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓની યોજાયેલી સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું. આ સાથે,તેમણે નગરપાલિકાઓને જનહિતલક્ષી વિકાસકાર્યોને અનુલક્ષીને સ્ટાર રેન્કિંગ આપવાની જાહેરાત કરી હતી.

આ બેઠકમાં તેમણે રાજ્યની નગરપાલિકાઓને વધુ સુદૃઢ અને પારદર્શી વહીવટથી પ્રોગ્રેસિવ બનાવવાની કાર્યપ્રણાલી અપનાવવા રિજિયોનલ મ્યુનિસિપાલિટીઝ કમિશનરોને સૂચના આપી હતી.

આ સાથે,વિવિધ વિકાસ કામોનાં પેરામિટર્સના આધારે નગરપાલિકાઓને સ્ટાર રેન્કિંગ આપવામાં આવશે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના અધ્યક્ષ શ્રી ધનસુખભાઇ ભંડેરી, GUDCના ડિરેક્ટર શ્રી હાર્દિક શાહ તેમજ શહેરી વિકાસના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશ પૂરી, શહેરી હાઉસિંગ સચિવ શ્રી લોચન શહેરા તેમજ કમિશનર ઓફ મ્યુનિસિપાલીટીઝ એડમિનિસ્ટ્રેશન શ્રી રાજકુમાર બેનીવાલ અને મુખ્યમંત્રીશ્રીના ઓ.એસ.ડી શ્રી કમલ શાહ, રાજેશ રાવલ વગેરે આ બેઠકમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ બેઠકમાં અન્ય એક મહત્વપૂર્ણ સૂચન કર્યું હતું કે, રાજ્યની નગરપાલિકાઓમાં એક સમાન ધોરણે કોમન સિસ્ટિમથી ટેક્સ એસેસમેન્ટ, રિકવરી, કલેકશન સિસ્ટિમ અંગેની સંભાવનાઓ ચકાસી તેનો સર્વગ્રાહી અભ્યાસ કરવા ઉચ્ચસ્તરીય કમિટીની રચના કરવામાં આવે. ●

# પોરબંદર ભાવસિંહજી હોસ્પિટલમાં ઓક્સિજન ટેન્ક કાર્યાન્વિત




પોરબંદરની ભાવસિંહજી જનરલ સિવિલ હોસ્પિટલમાં પ્રસિદ્ધ કથાકાર ભાઇશ્રી રમેશભાઇ ઓઝાની પ્રેરણાથી કાર્યાન્વિત કરાયેલી ૨૦ હજાર લીટર ક્ષમતાની ક્રાયોજેનિક ઓક્સિજનની ટેન્કનુ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ.

ભાઇશ્રી રમેશભાઇ ઓઝાની પ્રેરણા અને સહયોગથી પોરબંદરમાં સિવિલ હોસ્પિટલમાં ૨૦ હજાર લીટર ક્ષમતાની રૂપીયા ૭૫ લાખના ખર્ચે ઓક્સિજન ટેન્કનુ નિમાર્ણ થયુ તે અંગે મુખ્યમંત્રીશ્રીએ ભાઇશ્રીનો આભાર વ્યક્ત કરી આ પ્રકલ્પથી પોરબંદર જિલ્લામાં ઓક્સીજન સપ્લાય મેળવવામાં રાહત થશે તેમ જણાવ્યુ હતુ.

આ પ્રસંગે પ્રસિદ્ધ કથાકાર શ્રી રમેશભાઇ ઓઝાએ જણાવ્યુ હતુ કે કોરોનાની મહામારી સામે લોકોની સારવાર માટે સરકાર દ્વારા કાર્યવાહી અને વ્યવસ્થાઓ  કરવામા આવી છે. બીજી લહેર દરમિયાન આપણને ઓક્સિજનની જરૂરીયાત અનુભવાઇ. સંભવિત ત્રીજી લહેર દરમિયાન ઓક્સિજનની મુશકેલી ન પડે તે માટે આપણે સૌ આયોજન કરીને આગળ વધી રહ્યા છીએ, ભાઇશ્રીએ પોરબંદર ખાતે દાતાઓના સહયોગથી ઉભી કરવામાં આવેલી ટેન્કની માહિતી આપી સાંદિપનીના સૌ સાધકો અને વર્ચ્યુઅલ ઉપસ્થિતિ બદલ મુખ્યમંત્રીશ્રીનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે સાંસદ શ્રી રમેશભાઇ ધડુક તથા રામભાઇ મોકરીયા તથા ધારાસભ્ય શ્રી બાબુભાઇ બોખીરીયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વી.કે. અડવાણી, અધિક કલેકટર શ્રી એમ.કે. જોશી, નગરપાલિકાના પ્રમુખ શ્રી સહિત અગ્રણીઓ અને તબિબો તેમજ સાંદિપની સંસ્થાના દાતાઓ તેમજ સાધકો હોસ્પિટલ પર ઉપસ્થિત રહ્યા હતા. ●



# આગામી સમયમાં આકાર લેશે અમદાવાદ-રાજકોટ સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના ડ્રીમ પ્રોજેક્ટ અમદાવાદ-રાજકોટ સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટમાં ભારતીય રેલવે પૂર્ણ સહયોગ આપશે તેવી ખાતરી કેન્દ્રીય રેલમંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે મુખ્યમંત્રીશ્રીને આપી હતી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે ગાંધીનગરમાં કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવની યોજાયેલી બેઠકમાં તેમણે આ પ્રોજેક્ટ તેમજ ‘ફાટકમુક્ત ગુજરાત’ના મુખ્યમંત્રીશ્રીના નવતર અભિગમની વિસ્તૃત જાણકારી મુખ્યમંત્રીશ્રી પાસેથી મેળવી હતી.

આ સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ શરૂ થતાં રાજકોટ અમદાવાદ વચ્ચેનું અંદાજે ૨૨૫ કિલોમીટરનું અંતર બે થી પણ ઓછા કલાકમાં કાપી શકાશે કેમકે આ સેમી હાઈસ્પીડ રેલની મહત્તમ ગતિમર્યાદા ૧૬૦થી ૨૨૦ કિમિ પ્રતિ કલાકની છે.

અમદાવાદ રાજકોટ સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટના ડિટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ- DPR પશ્ચિમ રેલવે દ્વારા તૈયાર કરીને કેન્દ્રીય રેલવે મંત્રાલયમાં મોકલી આપવામાં આવ્યા છે તે પણ આખરી નિર્ણાયક તબક્કામાં છે.

આ બેઠકમાં ચર્ચા-પરામર્શ દરમિયાન વધુ વિગતોમાં એમ પણ જણાવવામાં આવ્યું કે, આ પ્રોજેક્ટ રાજકોટ-અમદાવાદ બે મહાનગરોને જોડવા સાથે સમગ્ર સૌરાષ્ટ્ર પ્રાંતના ૧૧ જિલ્લાઓના પણ આર્થિક વાણિજ્યિક અને પ્રવાસન વિકાસની નવી દિશા ખોલનારો પ્રોજેક્ટ થવાનો છે. વળી આ પ્રોજેક્ટ એલિવેટેડ કોરિડોરથી સાકાર થવાનો હોવાથી જમીન સંપાદનની જરૂરિયાત પણ ઓછી રહેશે. સેમી હાઈસ્પિડ રેલ પ્રોજેક્ટના કારણે સૌરાષ્ટ્ર- રાજકોટના લોકો બે કલાકથી ઓછા સમયમાં અમદાવાદ પહોંચી શકશે અને ભવિષ્યમાં અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન શરૂ થતાં તેનો પણ લાભ લઈ પાંચ-સાત કલાકમાં મુંબઈ સુધી પહોંચી શકશે. રેલ રાજ્યમંત્રી અને સુરતના સાંસદ શ્રીમતી દર્શનાબહેન જરદોશ પણ આ વેળાએ જોડાયાં હતાં.●

# ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ સંપન્ન



જૂનાગઢની ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના પ્રથમ પદવીદાન સમારોહમાં પદવી પ્રાપ્ત યુવા વિદ્યાર્થીઓને સમાજ પ્રત્યેની પોતાની કર્તવ્ય ભાવના સાથે રાષ્ટ્રહિત માટે સમર્પિત થવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આહવાન કર્યુ હતું. પોરબંદરના સાંદિપની ગુરૂકુળ આશ્રમના પ્રણેતા અને પ્રસિદ્ધ ભાગવત કથાકાર પૂજ્ય રમેશભાઈ ઓઝાને યુનિવર્સિટી દ્વારા માનદ્ ડૉક્ટરેટની પદવી પણ મુખ્યમંત્રીશ્રીએ આ પદવીદાન સમારંભમાં એનાયત કરી હતી. આ કાર્યક્રમમાં ૪૩ દીકરીઓ સહિત ૫૪ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

૨૦૧૫ માં સ્થપાયેલી આ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સાથે ૧૬૨ કોલેજીસના ૩૦ હજારથી વધુ છાત્રો જોડાયેલા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે યુવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા કહ્યુ કે, કોન્વોકેશન-પદવીદાન એ તો ભારતીય ગુરૂકુળ પરંપરામાં સદીઓથી ચાલતી આવતી શિક્ષા-દિક્ષાની આગવી વિશેષતા છે. ભગવાન શ્રી રામચંદ્રજી, શ્રી કૃષ્ણએ પણ ગુરૂવર્યોના આશ્રમમાં રહીને જ શિક્ષા-દિક્ષા મેળવી હતી. તેમણે પદવી પ્રાપ્ત વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, હવે તમારે ઘેઘુર વડલાની વડવાઈઓની જેમ કારકિર્દી ઘડતર અને કેરીયરમાં વિશાળ સમાજ હિત વટવૃક્ષ જેવા બનવાનું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણા‘‘સમાજ હિત અને રાષ્ટ્ર હિતને જ સર્વોપરિ માનીને વ્યક્તિગત જીવન ઘડતર સાથે સમાજે આપણને અત્યાર સુધી જે આપ્યુ છે તે હવે આપણે સમાજને પરત આપવાની શરૂઆત થાય છે ’’તેમ શ્રી વિજયભાઈ રૂપાણીએ ડિગ્રી પ્રાપ્ત કરી રહેલા યુવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા જણાવ્યુ હતુ.

શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ હતુ કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું સૂત્ર છે કે, ગુજરાત જોબ સીકર નહિ, જોબ ગીવર બને જેના ભાગરૂપે ગુજરાત એકમાત્ર રાજ્ય છે. જેને યુવાનો માટે ગુજરાત સ્ટાર્ટઅપ સ્ટુડન્ટ પોલીસી શરૂ કરી છે. આ તકે પૂ. રમેશભાઈ ઓઝાએ પદવીધારકોને આશીર્વચન પાઠવતા જણાવ્યુ હતુ કે, શાળા, મહાવિદ્યાલયો, વિશ્વવિદ્યાલયો મળીને આપણને લાયક બનાવે છે. અને પછી એક ડિગ્રી એનાયત કરે છે. એક લાયકાત અહિથી પ્રાપ્ત થાય છે. લાયકાત એ માત્ર પ્રમાણપત્ર જ નથી, આપણા પદ સાથે જવાબદારી પણ જોડાયેલી છે.

યુનિવર્સિટી પદવીદાન સમારોહમાં પ્રવાસન અને મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા, શિક્ષણ રાજ્યમંત્રી શ્રી વિભાવરીબેન દવે, મેયર શ્રી ધીરૂભાઈ ગોહેલ, ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમ, કુલપતિ પ્રો.ડૉ.ચેતન ત્રિવેદી સહિત શિક્ષણવિદો, અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. ●

## ગુજરાત સરકારની ચારેય વીજ વિતરણ કંપનીઓ રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાને

ગુજરાત સરકારના ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અંતર્ગતની ચારેય વીજ વિતરણ કંપનીઓ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (UGVCL), મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL), દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL), અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL)એ વીજ સેવાઓ અને ગુણવત્તામાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરીને સમગ્ર ભારતમાં પ્રથમ ચાર ક્રમાંક અંકે કર્યા છે. એટલું જ નહીં ભારત સરકારના વીજ મંત્રાલય દ્વારા અપાયેલા નવમા વાર્ષિક ઈન્ટિગ્રેટેડ રેટિંગમાં A+ (એ-પ્લસ) નું સર્વોચ્ચ રેટિંગ મેળવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સક્ષમ નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની આ ચારેય વીજ વિતરણ કંપનીઓએ પોતાનું સર્વોચ્ચ સ્થાન જાળવી રાખ્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ જ્વલંત સફળતા અને ઉત્કૃષ્ટ દેખાવ બદલ વિશેષ સ્થાન મેળવનાર વીજ કંપનીઓના અધિકારીઓ અને તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા છે. ●

# આવનારા દિવસોમાં સમગ્ર ઓખામંડળ આંતરરાષ્ટ્રીય સ્તરે દિપી ઉઠશે



રાજય સરકારે સમુદ્ર, વન, પહાડો, રણ તથા પવિત્ર દેવસ્થાનોનો સર્વાંગી વિકાસ કર્યો છે. જેના થકી પ્રવાસન ક્ષેત્રે ગુજરાત આજે હરણફાળ ભરી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે બ્લુ ફલેગનો દરજ્જો પામેલા શિવરાજપુર બીચનો અત્યાધુનિક સુવિધાઓ થકી વિકાસ કરવામાં આવશે. જે દેશ-વિદેશના અનેક પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે અને દ્વારકા મંદિરે દર્શનાર્થે આવતા લાખો શ્રધ્ધાળુઓને પણ આ બીચનો વિશેષ લાભ મળશે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શિવરાજપુર બીચની મુલાકાત લઈ ત્યાં થઈ રહેલા વિકાસ કાર્યોની સમીક્ષા કરતા જણાવ્યું હતું કે આ સુંદર દરિયાકિનારાના વિકાસના દ્વિતીય તબક્કાનો રૂ.80 કરોડના ખર્ચે વિકાસ કરાશે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજય સરકારે ૧૬૦૦ કિ.મી.ના વિશાળ દરીયાકાંઠા માંથી વિકાસ માટે શિવરાજપુર બીચની પસંદગી કરી છે. જેના ૨૦ કરોડના ખર્ચે ફેઈઝ-૧ના વિકાસ કામો હાલ પ્રગતિ હેઠળ છે. તેમજ ટુંક સમયમાં ફેઈઝ-૨ ના કામો રૂા.૮૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે.

શિવરાજપુર બીચ પર બાળકોથી લઈ વડિલો સુધીના તમામ લોકોને પુરતૂં મનોરંજન મળી રહે તેની રાજય સરકારે ખાસ તકેદારી લીધી છે. શિવરાજપુર બીચ તમામ પ્રકારના માપદંડો પૂર્ણ કરે તે માટે આંતરરાષ્ટ્રીય સ્થળના બીચ તૈયાર કરવાનો અનુભવ ધરાવતી એજન્સીને બીચના વિકાસનું કામ સોંપવામાં આવ્યું છે. આવનારા દિવસોમાં સમગ્ર ઓખામંડળ એ દ્વારકા મંદિર, સિગ્નેચર બ્રિજ તથા શિવરાજપુર બીચ થકી શોભી ઉઠશે.

શિવરાજપુર બીચ ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ દરિયા કિનારાનાં વિકાસકાર્ય સાથે સંકળાયેલા લોકો સાથે વાતચીત કરીને જાણકારી મેળવી હતી.

આ પ્રસંગે પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા, મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના ચેરમેન શ્રી મુળુભાઈ બેરા, માજી ધારાસભ્ય શ્રી પબુભા માણેક, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રાજીબેન મોરી સહિતના પદાધિકારીશ્રીઓ-અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. ●



**શિવરાજપુર બીચનું રૂા.૨૦ કરોડના ખર્ચે ફેઇઝ-૧નું કામ હાલ પ્રગતિ હેઠળ, રૂ.૮૦ કરોડના ખર્ચે ફેઇઝ-૨નું આગામી સમયમાં કામ શરૂ કરાશે**

# ભાવનગરને એક જ દિવસમાં રૂ. ૭૦ કરોડના વિકાસકામોની મળી ભેટ

રાજ્ય સરકાર છેવાડાના માનવી અને છેવાડાના વિસ્તારો સુધી સુવિધા પૂરી પાડવા પ્રતિબદ્ધ છે. આ પ્રતિબદ્ધતાના પ્રમાણરૂપ વિકાસકાર્યો રાજ્યનાં તમામ ક્ષેત્રોમાં સતત ચાલતા જોવા મળે છે. રાજ્યનું કોઈ શહેર-નગર કે ગામ વિકાસના લાભથી રહી ન જાય તે માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકાર અનેકવિધ કાર્ય યોજનાઓને અમલી બનાવી છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભાવનગર મહાનગરને એક જ દિવસમાં શહેરી જનસુખાકારી અને આરોગ્ય સુવિધાના રૂ. ૭૦ કરોડના વિકાસકામોની ભેટ આપી હતી. જેમાં કેન્સરની હોસ્પિટલ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા માળખાકીય સુવિધાના કાર્યોનો સમાવેશ થાય છે.

ભાવનગરમાં ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા રૂા. ૩૨.૧૧ કરોડના ખર્ચે ભાવનગર કેન્સર કેર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ તૈયાર કરવામાં આવી છે. આ હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ઉપરાંત, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી વિભાવરીબહેન દવે, મત્સ્યોદ્યોગ રાજ્યમંત્રી શ્રી પરસોત્તમભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યાં હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈએ કેન્સરની સારવાર માટે નાણાને અભાવે રાજ્યનો કોઇપણ નાગરિક જાન ગુમાવે તે માટે સ્થાનિક સ્તરે જ અદ્યતન અને કરોડોના વિદેશી ઉપકરણો સાથેની કેન્સર હોસ્પિટલો સ્થાનિક સ્તરે જ ઉભી કરી 'કેન્સરને કેન્સલ'કરવું છે અને તે દ્વારા નાગરિકોની મહામૂલી જિંદગી બચાવવાની નેમ વ્યક્ત કરી હતી.અગાઉ કેન્સરની સારવાર લેવાં માટે મુંબઈ જવું પડતું હતું અને કેન્સરની સારવાર પણ મોંઘી હતી. પરંતુ હવે આ કેન્સર હોસ્પિટલ શરૂ થઇ જવાથી અહીં જ સ્થાનિક સ્તરે સારવાર મળી જશે. આ કેન્સર હોસ્પિટલમાં રૂા. ૩૨ કરોડનું રેડિયેશન સારવારનું મશીન મુકવામાં આવ્યું છે જેનાથી આધુનિક સારવાર ઉપલબ્ધ થશે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં આરોગ્યની સુવિધામાં થઈ રહેલા ઉત્તરોત્તર વધારા અંગે જણાવ્યું હતું કે, રાજ્યમાં આરોગ્ય સેવાઓનું માળખું સુદ્રઢ કરતાં આગામી ત્રણ વર્ષમાં સૌરાષ્ટ્રમાં એઇમ્સની શરૂઆત થઇ જવાથી સૌરાષ્ટ્રના નાગરિકોને આધુનિક સુવિધાઓ મળતી થઇ જશે.

'ન રૂકના હૈ, ન ઝૂકના હૈ'ના મંત્ર સાથે કોરોનાની બે તબક્કાની લડાઇમાં આપણે સફળતાપૂર્વક બહાર આવી ગયાં છીએ. કોરોના સામેની લડાઇમાં રસીકરણ એ જ હથિયાર છે. મેં પણ રસીના બન્ને ડોઝ લઇ લીધાં છે. આ પ્રસંગે તેમણે નાગરિકોને વહેમ-અંધશ્રદ્ધાથી દૂર રહી રસી લેવા અપીલ કરી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી આ વિકાસ કામોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રૂ. ૧૮.૮૮ કરોડના ખર્ચે નિર્મિત ૨૯૨ આવાસોનું ડિજીટલી લોકાર્પણ કર્યું હતું. તેમણે પ્રતિક રૂપે લાભાર્થીઓને આવાસની ચાવી પણ અર્પણ કરશે. દુઃખીરામ બાપા સર્કલ થી ટોપ- ૩ સર્કલ સુધીના ૪ કિ.મી. ના રૂા. ૧૦.૯૯ કરોડના ખર્ચે તૈયાર થનાર આર.સી.સી. રોડનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું. આ સાથે, તેમણે નારી ખાતે 'અમૃત' યોજના અન્વયે રૂ. ૫.૨૭ કરોડના ખર્ચે તૈયાર થયેલા પાંચ એમ.એલ.ડી ક્ષમતાના વોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૩માં આ હોસ્પિટલનું ખાતમુહૂર્ત મારા દ્વારા કરવામાં આવ્યું હતું, અને આજે દર્દીઓની સારવાર માટે અદ્યતન સાધનો સાથેની સુસજ્જ એવી કેન્સર હોસ્પિટલ આજે તૈયાર થઇને લોકોની સેવા માટે સમર્પિત થઇ રહી છે, તે વાતનો મને આનંદ છે.

શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ જણાવ્યું કે, ભાવનગરનાં ઇતિહાસમાં અવિશ્વસ્મરણીય કાર્ય સાકાર થઈ રહ્યું છે. ભાવનગરમાં કેન્સર હોસ્પિટલના નિર્માણ અંગે સંતોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, અમારી સરકારે પ્રજાના એક-એક પૈસાનો જનોપયોગી કાર્યોમાં ઉપયોગ કર્યો છે. આ અવસરે ભાવનગર મહાનગરના મેયર શ્રીમતી કીર્તિબાળા દાણીધરિયા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભરતસિંહ ગોહિલ તેમજ ધારાસભ્યો સર્વશ્રી જિતુભાઈ વાઘાણી, આત્મારામભાઈ પરમાર, કેશુભાઈ નાકરાણી, આર.સી. મકવાણા, ભીખાભાઈ બારૈયા, કનુભાઈ બારૈયા, અધિકારીશ્રીઓ તથા ભાવનગરના નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં. ●



# ગુજરાતમાં આયુર્વેદ ચિકિત્સા અને શિક્ષણના નવા પરિમાણો આકાર લેશે



આયુર્વેદ વધુને વધુ લોકભોગ્ય બને તેનો વૈશ્વિક સ્તરે વ્યાપ વધે એ માટે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિકાસવંતા ગુજરાતને રાષ્ટ્રીય સ્તરનું મહત્ત્વ (INI) ધરાવતી સંસ્થાની ભેટ આપવામાં આવી છે. જેના ફળસ્વરૂપ રાજ્યના જામનગર ખાતે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ (ITRA)ને લોકાર્પણ કરવામાં આવ્યું છે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ (ITRA) એ દેશનું સર્વપ્રથમ આયુર્વેદ ક્ષેત્રનું રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતું સંસ્થાન છે. તાજેતરમાં આયુર્વેદ શિક્ષણ ચિકિત્સા અને શોધ પદ્ધતિનો વ્યાપ વધારવા માટે જામનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ અને ગુજરાત સરકાર વચ્ચે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે એમ.ઓ.યુ. કરાયા હતા.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ એમ.ઓ.યુ થવાથી જામનગર સ્થિત આયુર્વેદ પરિસરમાં કાર્યરત ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, આઇ.આઇ.એ.પી.એસ. જેવી શૈક્ષણિક સંસ્થાઓ હવેથી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ (ITRA)ના એક છત્ર હેઠળ આયુર્વેદ ક્ષેત્રે કાર્યરત થશે અને આ સંસ્થા દેશની એકમાત્ર આયુષ ઈન્સ્ટિટ્યૂટ બનશે. ગુજરાતની ધરતી પર આયુર્વેદ ચિકિત્સા, અનુસંધાન અને શિક્ષણ જેવી બાબતોમાં વિશ્વસ્તરે નવા પરિમાણો આકાર પામશે. હવે આયુર્વેદ વિકાસના નવા આયામો ખૂલશે અને લોકોને તેનો લાભ મળશે. શિક્ષણ, અનુસંધાનની સાથે ચિકિત્સા બાબતોમાં ઉપલબ્ધિના નવાં દ્વારો પણ ખૂલશે તેવો મને દૃઢ વિશ્વાસ છે.

જામનગર ખાતે ITRA સંસ્થાને સરકાર દ્વારા રાષ્ટ્રીય મહત્ત્વના સંસ્થાન તરીકે જાહેર કરવાનો નિર્ણય આયુર્વેદ શિક્ષણ ક્ષેત્ર માટે એક ઐતિહાસિક પગલું બની રહ્યું છે. ITRA ગુજરાત રાજ્યમાં કાર્યરત થવાથી તબીબી શિક્ષણ ક્ષેત્રે આયુર્વેદ નવીનતમ શિક્ષણ પદ્ધતિઓને આકાર આપી શકાશે. એટલું જ નહીં, આયુર્વેદની તમામ શાખાઓમાં શિક્ષણ અને તાલીમ વ્યવસ્થા સુદૃઢ બનાવવામાં સરળતા થશે. આ સંસ્થા વર્તમાન સરકાર દ્વારા તૈયાર કરાયેલી નવી શિક્ષણ નીતિને કેન્દ્રમાં રાખી કાર્ય કરશે જેથી તે આદર્શ બની રહેશે.

આ પ્રસંગે કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલયના સચિવશ્રી વૈદ્ય શ્રી રાજેશભાઈ કોટેચા, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી મનોજ અગ્રવાલ, ITRAના ડાયરેક્ટરશ્રી વૈદ્ય અનુપ ઠાકર, તેમજ અન્ય અધિકારીશ્રીઓની ઉપસ્થિતમાં આ એમ.ઓ.યુ. થયા હતા. ●

# ખેરાલુ APMCનું લોકાર્પણ

ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી કરવાનો લક્ષ્યાંક નિર્ધાર કર્યો છે. વડાપ્રધાનશ્રીના આ લક્ષ્યાંકને પૂર્ણ કરવા ગુજરાત સરકાર દેશમાં અગ્રેસર રહીને કાર્ય કરી રહી છે. તાજેતરમાં મહેસાણાના ખેરાલુમાં નવીન એપી.એમ.સીના લોકાર્પણ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે ખેડૂતોની આવક બમણી થાય તે દિશામાં રાજ્ય સરકાર દ્વારા અનેક ખેડૂતહિતલક્ષી નિર્ણયો લેવાઈ રહ્યા છે.

આ પ્રસંગે સહકાર મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા પણ આવી બજાર સમિતિઓનો વિકાસ થાય તે માટે વિશેષ સબસિડી આપી રહી છે. રાજ્ય સરકાર દ્વારા નવીન બની રહેલ એ.પી.એમ.સીને રૂપિયા પાંચ કરોડનું અનુદાન આપે છે. છેલ્લાં પાંચ વર્ષમાં 112 બજાર સમિતિઓને રૂપિયા 12891 લાખ જેટલી સહાય આપવામાં આપી છે.

સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે ખેરાલું ખાતે 30 કરોડના ખર્ચે બનેલ નવીન એ.પી.એમ.સીમાં સરકાર દ્વારા 5 કરોડથી વધુની સહાય અપાઇ છે તેમણે ખેડૂતોના હિતમાં કામ કરી સરદાર સાહેબના ગુણોને જીવનમાં ઉતારવા અપીલ કરી હતી

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા 30 કરોડના ખર્ચે સરદાર પટેલ એ.પી.એમ.સી સહિત સરદાર પટેલની પ્રતિમાનું ખેરાલુ ખાતે અનાવરણ કર્યું હતું

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી અજમલજી ઠાકોર, દૂધ સાગર ડેરીના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી સહિત ખેતીવાડીના અધિકારીઓ,પદાધિકારીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ●

## માતા-બાળ મૃત્યુ દર ઘટાડવાનો મક્કમ નિર્ધાર

# ઈંદ્રધનુષ રસીકરણ અભિયાન



રાજ્યમાં માતા-બાળ મૃત્યુ દર ઘટાડવા તથા ગંભીર રોગો સામે તેમને સુરક્ષા કવચ પુરૂ પાડવા રાજ્ય સરકાર દ્વારા સઘન મિશન ઈંદ્રધનુષ રસીકરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તાજેતરમાં ગાંધીનગર મહાનગર પાલિકાના બોરીજ ગામે સઘન મિશન ઈંદ્રધનુષ રસીકરણ અભિયાનના સ્થળની નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે મુલાકાત લીધી હતી. આ અભિયાનનો પ્રથમ તબક્કો તારીખ ૧૨ જુલાઇ-૨૦૨૧થી શરૂ કરી દેવામાં આવ્યો છે. જયારે બીજો તબક્કો ૧૭ ઓગસ્ટ-૨૦૨૧થી, અને ત્રીજો તબક્કો૧૩ સપ્ટેબર ૨૦૨૧થી શરુ કરવામાં આવશે. જેમાં જુલાઇ-૨૦૨૧થીસપ્ટેબર-૨૦૨૧ના અઠવાડિયાના ૭ દિવસ (મમતા દિવસ- બુધવાર, રવિવાર અને રજાના દિવસો સિવાયના દિવસોમાં) સેશન પ્લાન કરી રસીકરણનું આયોજન કરવામાં આવ્યું છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરાયેલા શ્રેષ્ઠ કામગીરીના પરિણામે તાજેતરમાં નીતિ આયોગ દ્વારા આરોગ્ય ક્ષેત્રે જાહેર કરાયેલા સૂચકાંકોમાં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે રહ્યું છે.

સઘન મિશન ઈન્દ્રધનુષનો ઉદેશ, રાજ્યના 0 થી ૨ વર્ષ સુધીના કોઈપણ બાળકો કે સગર્ભા માતા રસીકરણથી વંચિત ન રહે અને ૧૦૦% રસીકરણ હાંસલ કરવાનો છે. આ અભિયાન દરમિયાન ૧૯,૧૪૦ બાળકો અને ૨૭૫૯ સગર્ભા માતાને ૩૬૭૦ વધારાના સેશનપ્લાન કરીને આવરી લેવામાં આવશે. તેમજ ૮૧,૭૭૦ બાળકોને રૂટિન ઈમ્યુનાઈઝેશન - ડે મમતા દિવસે આવરી લેવામાં આવશે. ●

# રાજ્યની હોસ્પિટલ્સમાં સિટી સ્કેન-M.R.I.ની સુવિધામાં વધારો

કોરોનાની સંભવિત થર્ડ વેવ સંદર્ભે રાજ્ય સરકારે અગમચેતીના ભાગરૂપે એક્શન પ્લાન બનાવીને તમામ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેના ભાગરૂપે રાજ્યની નવ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ અને જ્યાં સિવિલ હોસ્પિટલ નથી તેવી ૧૭ જિલ્લા કક્ષાની હોસ્પિટલો માટે રૂ.૮૨.૫૦ કરોડના ખર્ચે સિટી સ્કેન મશીનની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. તેમજ ખાનગી લેબોરેટરીના RT-PCR ટેસ્ટીંગના દરોમાં ઘટાડો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

આ અંગે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, જી.એમ.ઈ.આર.એસ સંલગ્ન સિવિલ હોસ્પિટલ-સોલા, ગોત્રી હોસ્પિટલ-વડોદરા અને સિવિલ હોસ્પિટલ-ગાંધીનગર ખાતે પણ રૂ.૩૦ કરોડના ખર્ચે એમ.આર.આઇ. મશીનની સુવિધાઓ પૂરી પાડવા માટે મંજૂરી આપવામાં આવી છે. આમ કુલ રૂ.૧૧૨.૫૦ કરોડના ખર્ચે કુલ-૨૯ મશીનો દ્વારા હોસ્પિટલોને અદ્યતન સુવિધાયુક્ત બનાવવાનો નિર્ણય કર્યો છે. આરોગ્ય વિભાગ હસ્તકની આણંદ, આહવા-ડાંગ, બોટાદ, ભરૂચ, છોટાઉદેપુર, ગોધરા, જામખંભાળીયા, લુણાવાડા, મહેસાણા, નવસારી, રાજપીપળા, સુરેન્દ્રનગર, વેરાવળ અને વ્યારા જનરલ હોસ્પિટલ, તેમજ એસ.એસ.હોસ્પિટલ- પેટલાદ, પી.કે.હોસ્પિટલ-રાજકોટ અને જમનાબાઇ હોસ્પિટલ, વડોદરા ખાતે ૧-૧ CT SCAN મળી કુલ-૧૭ 16 Slice સીટી સ્કેન મશીનો કુલ રૂ.૪૨.૫૦ કરોડના ખર્ચે ફાળવવામાં આવશે.

આ ઉપરાંત સિવિલ હોસ્પિટલ અમદાવાદ, એસ.એસ.જી. હોસ્પિટલ વડોદરા, નવી સિવિલ હોસ્પિટલ સુરત, સર ટી. હોસ્પિટલ ભાવનગર, પી.ડી.યુ. હોસ્પિટલ રાજકોટ, જી.જી. હોસ્પિટલ જામનગર, જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ગાંધીનગર, જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ગોત્રી-વડોદરા તેમજ જી.એમ.ઈ.આર.એસ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, જુનાગઢ ખાતે ૧-૧ 128 Slice CT SCAN મળી કુલ-૯ મશીનો કુલ રૂ.૪૫ કરોડના ખર્ચે ફાળવવામાં આવશે.

દર્દીના ઘરે જઈને કરાતાં ટેસ્ટીંગના ચાર્જમાં ઘટાડો કરી રૂ.૫૫૦ અને લેબોરેટરીમાં ટેસ્ટીંગ કરવાનો ચાર્જ ઘટાડી રૂ. ૪૦૦, એરપોર્ટ પર થતાં એબોટ આઇડી રેપીડ આર.ટી.પી.સી.આર. ટેસ્ટનો ચાર્જ રૂ.૨૭૦૦ તથા એચ.આર.સી.ટી.નો ચાર્જ રૂ. ૨૫૦૦ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ભાવ ઘટાડાના નિર્ણય તા.૦૧ ઓગષ્ટથી રાજ્યની તમામ ખાનગી લેબોરેટરીઓએ અમલ કરવાનો રહેશે. ●

## ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને સ્કીમ મિલ્ક પાવડરની નિકાસ માટે

# રાજ્ય સરકાર સહાય આપશે

ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને સ્કીમ મિલ્ક પાવડરની નિકાસ માટે અપાતી રાજ્ય સરકારની નિકાસ સહાયમાં વધારો કરવાનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા આ સંદર્ભમાં કરવામાં આવેલી રજૂઆતનો સાનૂકુળ પ્રતિસાદ આપતાં મુખ્યમંત્રીશ્રીએ હવે, FOB પ્રતિ કિ.ગ્રામ રૂ. ૧૮૦ને બદલે રૂ. ૨૦૦ આપવાનો નિર્ણય લીધો છે. રાજ્યના પશુપાલકોના વ્યાપક હિતમાં રાજ્ય સરકાર સ્કીમ મિલ્ક પાવડરમાં દૂધ સંઘોને આંતરરાષ્ટ્રીય બજારોમાં થતા નાણાંકીય નુકશાનને સરભર કરવા આવી નિકાસ સહાય મંજૂર કરે છે.

આ જોગવાઈ અનુસાર સ્કીમ મિલ્ક પાવડરની નિકાસ કરવા પ્રતિ કિ.ગ્રામ રૂ. ૫૦ મહત્તમ નિકાસ સહાય ૬ મહિનાના સમયગાળા માટે રૂ. ૧૫૦ કરોડની મર્યાદામાં મંજૂર કરવામાં આવેલી હતી. રાજ્યના દૂધ સંઘોએ આ વર્ષે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ રજૂઆત કરીને FOB(ફ્રેઇટ ઓન બોર્ડ) પ્રતિકિલો રૂ. ૧૮૦ થી વધારીને રૂ. ૨૦૦ કરવા તેમજ યોજનાની અવધિમાં પણ વધારો કરવા વિનંતી કરી હતી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તદઅનુસાર, ૧ જુલાઇ-૨૦૨૧થી તા.૩૧ ડિસેમ્બર-૨૦૨૧ સુધીના ૬ માસ માટે રૂ. ૫૦ પ્રતિ કિ.ગ્રામ સહાય મંજૂર કરી છે. એટલું જ નહિ, FOB ભાવ પરિવહન ખર્ચ સાથે રૂ. ૨૦૦ પ્રમાણે આપવાનો નિર્ણય તેમણે કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ એવું પણ સૂચવ્યું છે કે, જો સ્કીમ મિલ્ક પાવડરના FOB ભાવમાં વધારો થાય તો આ વધારા જેટલી રકમની નિકાસ સહાયમાં ઘટાડો થશે. એટલે કે જો FOB ભાવ રૂ. ૨૦૦થી વધીને રૂ. ૨૧૦ થાય તો, નિકાસ સહાય રૂ. ૫૦ થી ઘટીને રૂ. ૪૦ થશે. જો FOB ભાવમાં ઘટાડો થાય તો પણ નિકાસ સહાય યથાવત એટેલે કે રૂ. ૫૦ પ્રતિ કિ.ગ્રામ જ રહેશે. આ સમગ્ર યોજના રૂ. ૧૫૦ કરોડની નાણાંકીય મર્યાદામાં મંજૂર કરવાનો નિર્ણય પણ શ્રી વિજયભાઈ રૂપાણીએ કર્યો છે. મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણયને પરિણામે સ્કીમ મિલ્ક પાવડરના ભાવમાં આંતરરાષ્ટ્રીય બજારોમાં થતી વધ-ઘટથી થતું નુકશાન પશુપાલકો સરભર કરી શકશે અને તેમને આર્થિક રાહત પ્રાપ્ત થશે. ●

## આંતરરાષ્ટ્રીય કક્ષાએ પેરા-સ્પોર્ટ્સમાં પદક મેળવનાર

# ગુજરાતના રમતવીરોને સરકારી સેવામાં નિમણૂક આપશે

આંતરરાષ્ટ્રીય કક્ષાએ પેરા-સ્પોર્ટ્સમાં પદક પ્રાપ્ત કરનાર ગુજરાતના દિવ્યાંગ રમતવીરોને સરકારી સેવામાં નિમણૂંક આપવાનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સંવેદનશીલ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના આ નિર્ણયના પરિણામે હવે પેરા ઓલમ્પિક, કોમનવેલ્થ, પેરા-એશિયન ગેમ્સ જેવા પેરા-સ્પોર્ટ્સમાં પદક-મેડલ પ્રાપ્ત કરનાર દિવ્યાંગ રમતવીરોને સીધી ભરતીથી રાજ્ય સરકારની વર્ગ-૧ અને વર્ગ-૨ સેવામાં નિમણૂક આપવામાં આવશે.

આંતરરાષ્ટ્રીય કક્ષાએ પેરા-સ્પોર્ટ્સમાં પદક પ્રાપ્ત કરનાર દિવ્યાંગ રમતવીરોને રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં દિવ્યાંગજનો માટે સુનિશ્ચિત કરાયેલી જગ્યાઓ માટે પૂર્વનિર્ધારિત શરતો અને નિમણૂંક અંગેની કાર્યપદ્ધતિઓને અનુસરીને નિમણૂંક પ્રસ્તાવ અપાશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજ્ય સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા ગુજરાત ખેલકૂદ નીતિ-૨૦૧૬ અન્વયે રાજ્યના રમતવીરોને પ્રોત્સાહન આપવા ઓલમ્પિક, કોમનવેલ્થ અને એશિયન રમતોમાં મેડલ પ્રાપ્ત કરનાર રમતવીરોને રાજ્ય સરકારની વર્ગ-૧ અને વર્ગ-૨ની સેવામાં સીધી ભરતીથી નિમણૂક આપવાની નીતિ હાલ અમલમાં છે. હવે, મુખ્યમંત્રીશ્રીએ દિવ્યાંગ ખેલાડીઓ-રમતવીરોને પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પેરા-સ્પોર્ટ્સમાં તેમની પદક પ્રાપ્તિની સિદ્ધિઓના પ્રોત્સાહનરૂપે રાજ્ય સરકારની સેવામાં વર્ગ-૧,૨ની દિવ્યાંગો માટે સુનિશ્ચિત જગ્યા ઉપર સીધી ભરતીથી નિમણૂંક આપવાના નિર્ણયથી દિવ્યાંગ રમતવીરોને પ્રોત્સાહન મળશે. ●

# રાજકોટને નર્મદાનું 300 ક્યુસેક પાણી આપવાનો નિર્ણય

રાજકોટ શહેર ને પીવાનું પાણી પૂરું પાડતા ન્યારી ડેમમાં સૌની યોજના અન્વયે 300 ક્યુસેક પાણી પહોંચાડવા શ્રી વિજયભાઈ રૂપાણીએ સૂચના આપી છે. તદનુસાર ૧૮ જુલાઇ થી આ પાણી ધોળી ધજા ડેમ જે પંમ્પિંગ કરીને ન્યારી ડેમમાં પહોંચાડવા કામગીરી શરૂ કરવામાં આવી છે. સૌની યોજના અંતર્ગત રાજકોટના ન્યારી ડેમમાં આપનારું આ પાણી ન્યારી ડેમમાં પહોંચશે. આ નર્મદાનું પાણી પહોચતુ થતા પશ્ચિમ રાજકોટના લોકો નાગરિકોની પીવાના પાણીની સુવિધામાં વધારો થશે. ●

# યોગ અને નેચરોપથીના સ્નાતકો રજીસ્ટ્રેશન કરાવી સારવાર કરી શકશે

રાજ્યના નાગરિકોને યોગ અને નેચરોપથી સારવાર મળી રહે એ માટે રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે હવે યોગ અને નેચરોપથીની ડિગ્રી ધરાવનાર સ્નાતકો રજીસ્ટ્રેશન કરાવીને યોગ અને નેચરોપથી દ્વારા લોકોની સારવાર કરી શકશે. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ હતું કે, વડાપ્રધાનશ્રી દ્વારા વેલનેસ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે ત્યારે ગુજરાતમાં પણ આરોગ્ય સુખાકારી વધે અને લોકોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા હેલ્થ અને વેલનેસ ક્લિનિક (HWC) શરૂ કરવામાં આવ્યા છે અને તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં આરોગ્ય વિભાગ દ્વારા યોગ અને નેચરોપથીની ડિગ્રી ધરાવનાર સ્નાતકો હવે રજીસ્ટ્રેશન કરાવીને યોગ અને નેચરોપથી દ્વારા લોકોની સારવાર કરી શકશે.



વડોદરામાં આવેલી મોરારજી દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નેચરોપથી અને યોગિક સાયન્સ વડોદરામાંથી બેચરલ ઓફ નેચરોપથી અને યોગીક સાયન્સ એટલે કે બી.એન.વાય.એસ.ની ડીગ્રી ધરાવનાર વ્યક્તિ ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ અને યુનાની સિસ્ટમ ઓફ મેડિસિન, ગુજરાત રાજ્ય બોર્ડ ખાતે પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકશે. મોરારજી દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ખાતેથી ડિગ્રી મેળવનાર સ્નાતક વ્યક્તિ ગુજરાત બોર્ડ આયુર્વેદિક અને યુનાની સિસ્ટિમ્સ મેડિસિન ગુજરાત રાજ્ય ખાતે પંદરસો રૂપિયા ફી ભરીને પોતાનું પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન કરાવી શકશે અને રજીસ્ટ્રેશન પાંચ વર્ષના અંતે રીન્યુ કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ જે તે સ્નાતક વ્યક્તિ પોતાના અભ્યાસક્રમ મુજબ યોગ અને નેચરોપથીની પ્રેક્ટિસ કરી શકશે.

# મહેસાણા-બારડોલી-ધરમપૂરના ડેવલપમેન્ટ પ્લાન એક જ દિવસમાં મંજૂર

રાજ્યના મહાનગરો-નગરોના વિકાસને આયોજનબદ્ધ રીતે આગળ ધપાવી સર્વગ્રાહી શહેરી વિકાસની નેમ અન્વયે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ એક જ દિવસમાં ત્રણ નગરોના વિકાસ નકશા- ડેવલપમેન્ટ પ્લાનના આખરી-ફાઈનલ નોટીફિકેશનને મંજૂરી આપી છે. મુખ્યમંત્રીશ્રીએ જે ત્રણ નગરોના આવા ડેવલપમેન્ટ પ્લાનના ફાયનલ નોટીફીકેશનને મંજૂરી આપી છે તેમાં મહેસાણા, બારડોલી અને ધરમપુરનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉત્તર ગુજરાતના મહત્ત્વના શહેર મહેસાણાના છેલ્લા બે દશકમાં થયેલા ઉત્તરોત્તર વિકાસ તેમજ શહેરની આગવી ઓળખ માટેના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ સૂચનોને આવરી લઈને તૈયાર થયેલા મહેસાણા ડી.પી.ને આખરી મંજૂરી આપી છે. આ ઉપરાંત તેમણે દક્ષિણ ગુજરાતના ધરમપુર નગરના ડેવલપમેન્ટ પ્લાનના ફાઈનલ નોટીફિકેશનને પણ મંજૂર કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ બારડોલી શહેરી વિકાસ સત્તા મંડળ-બુડા અંતર્ગત બારડોલી શહેર અને આસપાસના ૧૬ ગામોના વિકાસ નકશાઓને આપેલી પ્રાથમિક મંજૂરી અને તેમાં આવેલા વાંધા-સૂચનોને ગુણવત્તાના ધોરણે ધ્યાનમાં લઈને બારડોલીના વિકાસ નકશાને પણ આખરી મંજૂરી આપી છે. મુખ્યમંત્રીશ્રીએ આ ત્રણેય નગરોમાં ડેવલપમેન્ટ પ્લાનના ફાઈનલ નોટીફિકેશનને મંજૂરી આપતા હવે આવનારા બે દશક-૨૦ વર્ષ માટેનો આ શહેરોનો આયોજનબદ્ધ વિકાસ માર્ગ મોકળો થયો છે.

મુખ્યમંત્રીશ્રીએ આ ત્રણ નગરોના ડેવલપમેન્ટ પ્લાનના આખરી જાહેરનામા મંજૂર કરવા સાથે જ ગાંધીનગર-ગુડા વિસ્તારની અને રાજકોટની ડ્રાફ્ટ ટી.પી.ને પણ મંજૂરી આપી છે. તદ્નુસાર, પાટનગર ગાંધીનગરના આયોજનની પથરેખા પર જ સાબરમતી નદીના પૂર્વ વિસ્તારની અને ગિફ્ટ સિટીની ઉતરે પાલજ, બાસણ, લવારપુર, શાહપુરની ડ્રાફ્ટ ટીપી સ્કીમ નં. ૨૫ ને મંજૂરી આપવામાં આવી છે. તે સાથે જ રાજકોટની રૈયા નં. ૧ (સેકન્ડ વેરીડ)ની ડ્રાફ્ટ ટીપી પણ મંજૂર થઈ છે.

પાટનગર ગાંધીનગરની ડ્રાફ્ટ ટીપી સ્કીમ નં. ૨૫ ને મંજૂરી મળવાથી ગાંધીનગર મહાનગરમાં અંદાજે વધુ ૩૫૦ હેક્ટર્સનો વિસ્તાર આયોજનબદ્ધ રીતે વિકસીત થશે. આ સ્કિમના પરિણામે ગાંધીનગર શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળ -ગુડાને રસ્તા ઉપરાંત સામાજિક આર્થિક રીતે નબળા વર્ગોના લોકો માટે ૩.૫૦ હેક્ટર્સ, સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે ૧૭ હેક્ટર, બાગ-બગીચા તેમજ ખુલ્લી જગ્યા માટે ૧૦ હેક્ટર જમીન સંપ્રાપ્ત થશે. એટલુ જ નહીં, રહેણાક-વાણિજ્યિક વેચાણના હેતુ માટે ૩૮.૬૬ હેક્ટર જમીન પ્રાપ્ત થશે. ગાંધીનગરના શહેરીજનોને આના પરિણામે વધુ સુવિધાઓ ઉપલબ્ધ બનશે. ●

# બોટાદ જિલ્લામાં વિવિધ વિકાસ કામોનો પ્રારંભ

શિક્ષણ એ વિકાસનો પાયો છે, શિક્ષણ વગર વિકાસ શક્ય નથી. બોટાદ જિલ્લાના કાનિયાડ ખાતે રૂ.૨.૯૦ કરોડના ખર્ચે સરકારી હાઈસ્કૂલ તેમજ રૂ.૨૬ લાખના ખર્ચે રતનપર શાળાના ચાર રૂમના બાંધકામનું ખાતમુહૂર્ત ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે કર્યું હતું.



આ પ્રસંગે ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની શિક્ષણ ક્ષેત્રે સરાહનીય કામગીરીને પગલે વાલીઓ પોતાના સંતાનોને ખાનગી શાળામાંથી ઉઠાડીને સરકારી શાળાઓમાં પ્રવેશ અપાવી રહ્યા છે. સરકારી શાળાઓમાં અત્યાધુનિક માળખાકીય સુવિધા તેમજ તાલીમબદ્ધ શિક્ષકોની ભરતીના કારણે ગુજરાતમાં સરકારી શાળાના સ્તરમાં ગુણવત્તાપૂર્ણ સુધારો થયો છે.

છેવાડાના માનવી સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તેવી નેમ સાથે આ સરકારે છેવાડાના વિસ્તારો સુધી શિક્ષણના લાભો પહોંચાડયા છે, જેના પરિણામે લોકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવતાં ગુજરાતમાં સાક્ષરતાનો દર નોંધપાત્ર વધ્યો છે. ●

# વિંછીયાને આરોગ્ય અને વીજળીના વિકાસ કામોની ભેટ

ગામડાઓમાં પણ ઘરે ઘરે વીજળી, આરોગ્ય અને શિક્ષણની પાયાની સુવિધાઓ પહોંચાડવાની રાજ્ય સરકારની નેમ રહી છે. પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ વિંછીયાના સોમલપુર અને બેલડા ખાતે રૂ. ૪૦ લાખથી વધુના બે પેટા આરોગ્ય કેન્દ્ર તેમજ ખડકાણા ગામ ખાતે રૂ. ૧.૨૩ લાખના ખર્ચે જ્યોતિગ્રામ પાવર નેટવર્કનું લોકાર્પણ કર્યું હતું.



મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ આ તકે જણાવ્યું હતું કે, ગ્રામજનોને હવે કોરોના ટેસ્ટ, રસીકરણ, પ્રાથમિક સારવાર તેમજ સગર્ભા મહિલાઓને તબીબી માર્ગદર્શન સહિતની સુવિધાઓ ઘર આંગણે મળી રહેશે અને તાલુકા મથકે જવુ નહિ પડે.

ખડકાણા ગામ પાસે જ્યોતિગ્રામ યોજના હેઠળ પાવર નેટવર્કનું લોકાર્પણ વેળા શ્રી બાવળિયાએ જણાવ્યું હતું કે, દરેક ગામમાં વીજળી પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે રાજ્ય સરકાર સવિશેષ કામગીરી કરી રહી છે. અન્ય એક કાર્યક્રમમાં તેમણે જસદણના પ્રતાપપુર ગામે ગ્રામ પંચાયતનું લોકાર્પણ કર્યું હતું. ●

# સંજેલીમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર લોકાર્પિત

આદિવાસી વિસ્તારમાં પ્રત્યેક ૨૦ હજારની વસ્તીએ એક સામુહિક આરોગ્ય કેન્દ્ર ઉપલબ્ધ કરાવવાની સરકારની નેમ છે. ગ્રામગૃહ નિર્માણ રાજય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ અને સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરે સંજેલી તાલુકામાં રૂ. ૩.૫૫ કરોડને ખર્ચે તૈયાર થયેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યું હતું.

સામૂહિક આરોગ્ય કેન્દ્રના લોકાર્પણ પ્રસંગે મંત્રી શ્રી ખાબડે જણાવ્યું હતું કે, નાગરિકોની આરોગ્ય સુવિધાઓમાં સતત વધારો કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. સંજેલીમાં સામૂહિક આરોગ્યકેન્દ્રમાં અદ્યતન આરોગ્ય સુવિધાઓ સાથે તમામ સુવિધાઓ નાગરિકોને પ્રાપ્ત થશે.



સંજેલી ગામ ખાતે અત્યાધુનિક સુવિધાઓ સાથે શરૂ કરવામાં આવેલા આ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઓપરેશન થીયેટર, ઓપીડી, ઈમરજન્સી, કેજ્યુઅલ્ટી રૂમ ઉપરાંત પોસ્ટમોર્ટમ રૂમ સહિતની તમામ સુવિધાઓ છે. આરોગ્ય કેન્દ્ર ખાતે ૩૪ પથારીઓમાં ૨૪ કલાક ઓક્સિજન સહિતની સુવિધાઓ કરવામાં આવી છે. સાથેસાથે લીમખેડા ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી સીંગવડ ખાતે ફાળવાયેલી બેઝીક લાઈફ સર્પોટ સીસ્ટમવાળી એમ્બ્યુલન્સનું પણ લોકાર્પણ કરાયું હતું. ●

# બનાસકાંઠાના ૧૩ તાલુકાના ૧૦૫૨ કામ મંજૂર




રાજ્યનો છેવાડાનો વિસ્તાર પણ વિકાસથી વંચિત ન રહે તે માટે સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી ગુણવત્તાયુક્ત વિકાસકામોની જિલ્લા કક્ષાએ સમીક્ષા પણ કરાય છે. તાજેતરમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષસ્થાને બનાસકાંઠા જિલ્લા આયોજન મંડળની બેઠકમાં વર્ષ-૨૦૨૧-૨૨ના ૧૩ તાલુકાઓ માટે રૂ.૧૮.૯૫ કરોડના ૧૦૫૨ વિકાસકામો મંજૂર કરાયાં હતાં.

આ બેઠકમાં જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું કે, ગયા વર્ષે જિલ્લામાં ૬૬૨ કામો સમયમર્યાદામાં પૂર્ણ થયાં છે. વિકાસકામોના આયોજન સમયે સ્થાનિક પદાધિકારીઓ, અગ્રણીઓ અને અધિકારીઓએ એકબીજા સાથે સંકલન કેળવી વિકાસકામો ઝડપથી પૂર્ણ કરવા જોઈએ.

આ બેઠકમાં સાંસદ શ્રી પરબતભાઈ પટેલ, ધારાસભ્યો સર્વશ્રી મહેશભાઈ પટેલ, જીજ્ઞેશભાઈ મેવાણી, ગેનીબેહેન ઠાકોર, નથાભાઈ પટેલ, કીર્તિસિંહ વાઘેલા, ગુલાબસિંહ રાજપૂત, શિવાભાઈ ભૂરીયા સહિત વિવિધ કચેરીઓના અમલીકરણ અધિકારીઓ જોડાયા હતાં. ●

## ધોલાઇ બંદરનો વિકાસ કરવા રૂ.૧૦ કરોડ ફાળવાયા

ગુજરાતના સાગરખેડુઓના નાના-મોટા તમામ પ્રશ્નો હલ કરવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. તાજેતરમાં નવસારીના ધોલાઇ બંદરમાં આયોજીત માછીમાર ઉત્કર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મત્સ્યદ્યોગ મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડાએ ધોલાઇ બંદરના વિકાસ માટે રાજ્ય સરકારે ૧૦ કરોડ જેટલી માતબર રકમ ફાળવી હોવાનું જણાવ્યું હતું.



આ અવસરે મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડાએ ઉમેર્યું હતું કે, માછીમારોની લાગણી અને માંગણી સંતોષાય તે પ્રકારનું કાર્ય રાજ્ય સરકાર કરી રહી છે. સાગરખેડુના કલ્યાણ માટેની યોજનાઓ અમલી બનાવવી, દરિયાકાંઠાના ગામોના વિકાસ કામો હાથ ધરવા, નવા બંદરો વિકસાવવા અને નવી જેટી બાંધવી જેવા કાર્યો થકી રાજ્ય સરકારે ગુજરાતના મત્સ્ય ઉદ્યોગ અને માછીમારોની હંમેશા દરકાર કરી છે.

ઉલ્લેખનીય છે કે, તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઇ.સ.૨૦૦૭માં ધોલાઇ બંદરને ખુલ્લુ મૂક્યું હતું. ●

## જૂનાગઢમાં સ્કૂલ ઓફ એક્સલન્સ પ્રોગ્રામ અંતર્ગત કાર્ય શિબિર



જૂનાગઢ જિલ્લાની ૪૦ પ્રાથમિક શાળાઓ અને ૨૦ માધ્યમિક શાળાઓ સ્કૂલ ઓફ એક્સલન્સ પ્રોગ્રામ હેઠળ આવરી લેવામાં આવી છે. જેના આચાર્યશ્રીઓ, બી.આર.સી અને સી.આર.સી.ની એક દિવસીય કાર્યશિબિર જૂનાગઢમાં યોજાઇ હતી.

આ કાર્યશિબિરમાં શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું હતું કે, હવે હરિફાઇનો જમાનો છે અને હરીફાઇ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ છે. સ્કૂલ ઓફ એક્સલન્સ થકી આપણે એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવા છે, જે જીવનના કોઇ ક્ષેત્રે પાછા ના પડે.

કાર્યશિબિરમાં પસંદ કરાયેલી શાળાના આચાર્યોશ્રીઓ પાવર પોઇન્ટ પ્રેજન્ટેશનના માધ્યમથી તેમની શાળાની સુવિધાની વિગતો આપી હતી. સ્કૂલ ઓફ એક્સલન્સમાં ગુણોત્સવમાં ઉચ્ચ રેકીંગ પ્રાપ્ત, પુરતા શિક્ષકો તેમજ માળખાગત સુવિધા સહિતની બાબતો ધ્યાને લઇ શાળાઓની પસંદગી કરવામાં આવી છે. ●

## દાહોદમાં ઘરઆંગણે પહોંચી જ્ઞાનયજ્ઞની મશાલ પ્રજ્વલિત રાખતો

# ‘હરતો ફરતો કેળવણી રથ’

મહેન્દ્ર પરમાર



કોરોનાની ત્રીજી લહેરની શકયતા વચ્ચે બાળકો શાળાએ જઇ શકતા નથી ત્યારે શાળા સામે ચાલીને બાળકોના ફળિયે આવે તો !! અને એ પણ ઓનલાઇન નહીં હો... નવાઇ લાગેને... પણ વાત સાચી છે. આ વાતને દાહોદના એક પ્રાથમિક શિક્ષકે મોબાઇલ સ્કૂલ દ્વારા ફળિયે ફળિયે જઇને બાળકો સુધી શિક્ષણ પહોંચાડી શક્ય બનાવી છે અને તે મોબાઇલ સ્કૂલને નામ આપ્યું છે ‘હરતો ફરતો કેળવણી રથ’ !!

દેવગઢ બારીયાના અંતરિયાળ વિસ્તારમાં આવેલું રૂવાબારી મુવાડા ગામની પ્રાથમિક શાળાના શિક્ષક સંજયકુમાર ચૌહાણે ગાંઠને પૈસે લાવેલી ગાડીને મોબાઇલ સ્કુલ બનાવી છે અને તેને કેળવણી રથ એવું નામ આપ્યું છે. આ હરતી ફરતી શાળા ગામના ૩૪૦ પ્રાથમિક શાળામાં ભણતા બાળકો સુધી શિક્ષણના ઓજસ પહોંચાડવાનું કામ કરે છે. તેમના સાથી શિક્ષકો પણ તેમના આ કામમાં ઘણા મદદરૂપ બન્યાં છે.

સંજયકુમાર રોજ સવારે કેળવણી રથ લઇને ફળિયે ફળિયે શિક્ષણ આપવા નીકળી પડે છે. કેળવણી રથને જે રીતે તૈયાર કરવામાં આવ્યો છે તે જોઇને બાળકોને તેમના વર્ગખંડની ઉણપ લાગતી નથી અને હોંશે હોંશે બાળકો ભણવા આવી જાય છે. સંજયકુમારે તેમની ગાડીની ઉપર તેમણે તૈયાર કરેલા લર્નિગ મટિરિયલ (અભ્યાસ સામગ્રી) સરસ રીતે લગાડયા છે કે બાળકો રસપૂર્વક ગણિત-વિજ્ઞાન-ભાષા-વ્યાકરણની આંટીઘુટીઓને સમજે. તેમણે ધોરણ ૧ થી ૮ સુધીના વિવિધ વિષયોના પ્રોજેક્ટ -લર્નિગ મટિરિયલ જાતભાતના રંગો અને અવનવી ડિઝાઇનથી બનાવ્યા છે અને તેના ઉપયોગથી કેળવણી રથ તૈયાર કર્યો છે.

કેળવણી રથમાં ગણિત-વિજ્ઞાનનાં અટપટા નિયમોને સમજવા માટે જાદુઇ ઢીંગલી-ટોય બોક્ષ સહિતના રમકડા તૈયાર કરીને રાખવામાં આવ્યા છે. જેથી બાળકો રમત રમતમાં આવા નિયમોને સમજી શકે. છે ને અદભુત વિચાર ! ગતિના પ્રકારો, મણકા દ્વારા અવયવ શોધવાની પ્રવૃતિ, વિદ્યુત પરિપથના કેટલાક ઘટકો માટેની સંજ્ઞાઓ, મૂળાંકના વિવિધ પ્રકારો વગેરે. આવા ગંભીર અને સમજવામાં અઘરા વિષયોની તેમણે સરળ સમજૂતીઓ તૈયાર કરી છે.


સંજયકુમારની ઉંમર માંડ ૩૧ વર્ષ છે. તેઓ છેલ્લા સાત વર્ષથી અહીંની રૂવાબારી મુવાડા પ્રાથમિક શાળા ખાતે ભણાવે છે. કેળવણી રથના વિચાર વિશે સંજયકુમારે જણાવ્યું હતું કે, “બાળકો અઘરા વિષયો સરળતાથી અને રસપૂર્વક સમજી શકે એ માટે લર્નિગ મટિરિયલ્સ તૈયાર કર્યા હતા. પરંતુ કોરોનાના કારણે શાળાઓ બંધ રહેતા પોતાની ગાડીથી જ બાળકો સુધી લર્નિગ મટિરિયલ પહોંચાડ્યું, બાળકોએ આ કેળવણી રથને વધાવી લીધો છે.”

રૂવાબારી પ્રાથમિક શાળાના તમામ શિક્ષકોએ પણ બે લેપટોપ-પ્રોજેક્ટરની મદદથી તેઓ જે તે ફળીયામાં જ ડિજિટલ કલાસરૂમ બનાવી દે છે. તેમણે પોતાની શાળામાં પ્રયોગશાળા પણ બનાવી છે. તાજેતરમાં દેશમાં યોજાયેલા ટોય ફેરમાં દાહોદની રૂવાબારી પ્રાથમિક શાળાનાં રમકડાં રાષ્ટ્રીય કક્ષાએ પહોંચ્યા હતા. આ ઉપરાંત રાજયકક્ષાના ઈનોવેશન ફેર સહિતની ઘણી સ્પર્ધાઓમાં તેમની શાળા અગ્રસ્થાને આવી છે. કોરોનાએ શાળાઓ બંધ કરાવી છે પણ અહીંની શાળાના શિક્ષકોએ શિક્ષણકાર્યને અટકવા દીધું નથી. ●

**રૂવાબારી મુવાડા પ્રાથમિક શાળાના શિક્ષક સંજયકુમાર ‘હરતા ફરતા કેળવણી રથ’ થકી બાળકો સુધી શિક્ષણ પહોંચાડી રહ્યાં છે**

**શાળાના અન્ય શિક્ષકો પણ પ્રોજેક્ટરથી બાળકોને આપી રહ્યાં છે ડિજિટલ શિક્ષણ**

# 5 પાંચ વર્ષ
# સૌના સાથથી
# સૌના વિકાસના...








# પાંચ વર્ષ જનહિતલક્ષી યોજનાઓના પરિણામલક્ષી અમલના...
# પ્રગતિશીલતાની જન જનને પ્રતીતિ



પુલક ત્રિવેદી

**જનજનને થયો છે અહેસાસ... 5 વર્ષમાં ગુજરાતે કર્યો વિકાસ અપરંપાર...**

ગુજરાતના તત્કાલિન મુખ્ય મંત્રી અને હાલમાં ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દોઢ દાયકા ઉપરાંતના સમય ગાળામાં ગુજરાતમાં વિકાસના મજબૂત પાયા નાખ્યા. તેમની દીર્ઘદૃષ્ટિથી ગુજરાત તમામ ક્ષેત્રે અવ્વલ અને ઉત્તમ બન્યું. એમની પરિણામલક્ષી પરિભાષાને કારણે ગુજરાતની સાડા છ કરોડ ઉપરાંતની જનતા આજે ઉન્નત મસ્તકે દેશ અને દુનિયામાં 'મોડેલ સ્ટેટ'નું ગૌરવ લઈ શકે છે.

વર્ષ ૨૦૧૬ની ઑગસ્ટ તારીખ, ૭. ગુજરાત રાજ્યની જનતાની સેવા કરવા માટે શ્રી વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. તેમની સાથે નાયબ મુખ્યમંત્રી તરીકે શ્રી નીતિનભાઈ પટેલે શપથ લીધા. ગુજરાતના વિકાસ માટેની શાસનધૂરા આ બે કર્મઠ નેતાઓએ સંભાળી ત્યારે ૨૪-૨૪ વર્ષથી ગુજરાતમાં એક જ પક્ષની જનહિતલક્ષી કાર્યરીતિ અને સંનિષ્ઠ નીતિઓને ગુજરાતની જનતાએ હૃદયપૂર્વક સ્વીકારી છે એનું સૌથી મોટું પ્રમાણ મળ્યું છે એમાં બેમત નથી. પ્રત્યેક ગુજરાતી અને ગુજરાતના ખૂણેખૂણાના વિકાસ માટેની નક્કર પરિભાષા અંકિત થઈ છે. વિકાસ ઉપરના વિશ્વાસની આ કડીને શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિનભાઈ પટેલની પ્રગતિશીલ ગુજરાતના મંત્રને વરેલી ટીમ ગુજરાત છેલ્લાં પાંચ વર્ષોથી આગળ ધપાવી રહી છે.

પાંચ વર્ષના સમયગાળાના અંતે જનહિત માટે શું કર્યું એનું સરવૈયું અને આગામી સમયમાં ભવ્ય અને દિવ્ય ગુજરાતના નિર્માણ માટેના પ્રગતિપથના રોડમેપની અનુભૂતિનો આ સમય છે. પારદર્શકતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના ચાર આધારસ્તંભોના આધારે ગુજરાતના વિકાસની પ્રતિબદ્ધતા સાથે છેલ્લાં પાંચ વર્ષોથી ગુજરાતની વિકાસકૂચ અવિરત આગળ વધતી રહી છે. પ્રત્યેક ગુજરાતી બાંધવને જનહિતલક્ષી કાર્યો, નીતિઓ, યોજનાઓની સુપેરે જાણકારી આપવાનો આ સમય છે.

**આપત્તિઓને અવસરમાં પલટાવી આગળ વધવાનો ગુજરાતનો અનોખો મિજાજ**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના જનસેવાના પાંચ વર્ષનાં કાર્યકાળમાં અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ અને કોરોના મહામારી જેવી વિકટ સમસ્યાઓ આવી. આ આપત્તિઓમાં એક નીડર લીડરના નિર્ણાયક નેતૃત્વ હેઠળ સંવેદનશીલતાપૂર્વક, પારદર્શક, પ્રગતિશીલતાના દર્શન દરેક ગુજરાતીઓએ કર્યા છે. કોરોના મહામારી સામે આખું વિશ્વ લડી રહ્યું છે ત્યારે ગુજરાતમાં શ્રી વિજયભાઈ રૂપાણી સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને આરોગ્ય વિષયક અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લઈ ગુજરાતની જનતાની પડખે સતત ઊભા રહ્યા છે. તેમણે કોરોના અને લોકડાઉનના કપરા સમયમાં પ્રતિદિન ૧૮-૧૮ કલાક જનહિતલક્ષી કામ કર્યું છે. રોજેરોજ દર્દીઓ, તબીબો, પેરા મેડિકલ સ્ટાફ, સુરક્ષાકર્મીઓ, સફાઈકર્મીઓ, સમાજના અગ્રણીઓ, અધિકારીઓ, પદાધિકારીશ્રીઓ વગેરે સાથે વીડિયો કોલિંગ અને સીએમ ડેશ બોર્ડના માધ્યમથી જીવંત સંપર્ક જાળવી રાખી હૂંફ અને માર્ગદર્શન પૂરાં પાડ્યાં છે. અગાઉ ક્યારેય ન જોયું હોય એવું અને ભયાનક તીવ્રતા સાથે ગુજરાત ઉપર તાઉ-તે વાવાઝોડુ

*પારદર્શકતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના ચાર આધારસ્તંભોના આધારે ગુજરાતના વિકાસની પ્રતિબદ્ધતા સાથે છેલ્લા પાંચ વર્ષોથી રાજ્યની વિકાસકૂચ અવિરત આગળ વધતી રહી છે.*

ત્રાટક્યું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ત્રણ દિવસ ડિઝાસ્ટર મેનેજમેંટ ઑથોરિટીના કંટ્રોલ રૂમમાં રાઉન્ડ ધ ક્લોક મોનિટરિંગ કરી વહીવટી તંત્રને માર્ગદર્શન આપી જાનમાલનું ઓછામાં ઓછું નુકસાન થાય એ પ્રકારનું આગોતરું આયોજન કર્યું. જેના પરિણામે ગુજરાતમાં તાઉ-તેથી જાનમાલનું ઘણું ઓછું નુકસાન થયું. વાવાઝોડા બાદ બચાવ રાહત કામગીરીમાં કોઈ કચાશ રાખવામાં આવી નથી. બનાસકાંઠાનું પૂર હોય કે અનાવૃષ્ટિનો સમય આવ્યો હોય, શ્રી વિજયભાઈ અને શ્રી નીતિનભાઈના નિર્ણાયક નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાતે તમામ આપત્તિઓનો દૃઢતાપૂર્વક મુકાબલો કર્યો છે.

## નિર્ણાયક નેતૃત્વની પ્રતીતિ

નિર્ણાયકતા વ્યક્તિની સૌથી મોટી મૂડી છે. છેલ્લાં પાંચ વર્ષના સમયગાળામાં શ્રી વિજયભાઈ રૂપાણીના નિર્ણાયક નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાતે ૧૭૦૦થી વધુ જનહિતલક્ષી નિર્ણયો લઈને તેનું પરિણામલક્ષી અમલીકરણ કર્યું છે. આ દરેક નિર્ણયના કેન્દ્રમાં ગુજરાતના લોકોનું હિત રહ્યું છે. નિર્ણયોનું અમલીકરણ કરવા માટે 'ફાસ્ટ ટ્રેક ગવર્નન્સ' આ સરકારની આગવી ઓળખ બની છે. પ્રત્યેક નિર્ણયમાં લોકોને સાથે રાખીને લોકોના વિકાસ માટે પરિણામલક્ષી અમલીકરણ થયું છે.


શાસન વ્યવસ્થાના પાયામાં તમામ વર્ગોનો સમતોલ વિકાસ અને પ્રગતિને પ્રાધાન્ય હોય છે. આનાથી જ જનજનની પ્રગતિનો પથ કંડારાય છે. સૌમ્ય અને સાલસ સ્વભાવ આપણા મુખ્યમંત્રીશ્રીનું સૌથી મોટું જમા પાસું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળની પ્રગતિશીલ ગુજરાતની પ્રણેતા એવી 'ટીમ ગુજરાતે' છેલ્લાં 5 વર્ષમાં સંકલ્પથી સિદ્ધિની જનજનને પ્રતીતિ કરાવી છે. ૨૧મી સદીમાં ભવ્ય અને દિવ્ય ગુજરાતના નિર્માણ માટે પ્રગતિશીલતાને વરેલી ટીમ ગુજરાતની છેલ્લાં પાંચ વર્ષની વિકાસયાત્રાનું સરવૈયું એક રસપ્રદ અભ્યાસનો વિષય બની રહે છે.



## ઊડીને આંખે વળગે એવું અનોખું વ્યક્તિત્વ

શ્રી વિજયભાઈ રૂપાણી એટલે સરળતા, સંવેદનશીલતા, સેવા અને સહજતા જેવા ગુણોથી શોભતું સૌમ્ય વ્યક્તિત્વ... તેની સાથોસાથ જ નિર્ણાયકતા, નીડરતા, પરિશ્રમની પરાકાષ્ઠા અને દૃઢ મનોબળ જેવી નક્કર લાક્ષણિક્તાઓના પિંડથી ઘડાયેલું વ્યક્તિત્વ... સરળતા અને સંવેદનશીલતાની સાથે દૃઢતા અને નિર્ભિકતાનો







સમન્વય ભાગ્યે જ જોવા મળે છે. શ્રી વિજયભાઈ આવા વિરલ સમન્વય સાથે તેમના નામને પણ સાર્થક કરી રહ્યા છે. 'વિજય, સ્વયમનો નહીં, સૌનો...' ગુજરાત અને ગુજરાતની જનતાના વિકાસ અને વિજયનો ભેખ ધરીને સૌના સાથ સાથે સૌના વિકાસ અને સૌના વિકાસ સાથે સૌના વિશ્વાસનો માર્ગ શ્રી વિજયભાઈ રૂપાણી પ્રશસ્ત કરી રહ્યા છે.

શ્રી વિજયભાઈ રૂપાણીનું સાડા ચાર દાયકા ઉપરાંતનું જાહેર જીવન સંગઠન, સમર્પણ, સેવા અને કર્મઠતાની સાધના સમાન રહ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે એમણે શપથ લઈને સૌથી પહેલાં જે વિચાર વ્યક્ત કર્યો હતો એમાં તેમણે જણાવ્યું હતું કે, 'હું આજે જે ખુરશી પર બેસી રહ્યો છું, એ ખુરશી ક્યારેય મારી ઉપર નહીં બેસે.' જાહેર જીવનના પ્રારંભકાળથી જ સમૂહભાવના અને મૈત્રીભાવ સાથે કામ કરીને સાથીઓનો સૌથી પહેલો વિચાર કરવાનો તેમનો અભિગમ આજે પણ એટલો જ બરકરાર છે. તેમની આ કાર્યશૈલીને કારણે આજે ગુજરાત સરકાર 'ટીમ ગુજરાત' તરીકે ઊભરી આવીને ગુજરાતના ખૂણેખૂણામાં વસતા જનજનના વિકાસ માટે સતત અને સઘન પરિશ્રમ કરી રહી છે.

૭ ઑગસ્ટ, ૨૦૧૬ના રોજ ગુજરાતનું નેતૃત્વ મુખ્યમંત્રી તરીકે સંભાળ્યું ત્યારથી આજ પર્યંત તેમનો પાંચ વર્ષનો કાર્યકાળ દર્શાવી રહ્યો છે કે, તેમણે મુખ્યમંત્રીના પદને સત્તા નહીં બલ્કે જનતાની સેવા કરવાનું માધ્યમ બનાવ્યું છે. રાજ્યના વિકાસ માટે અને જનહિત માટે પ્રશાસકીય વ્યવસ્થાને અને સમગ્ર તંત્રને સંપૂર્ણ શક્તિથી જનહિતનાં કાર્યો માટે પ્રેરિત કરવા પ્રગતિશીલતા, સંવેદનશીલતા, પારદર્શિતા અને નિર્ણાયકતાના મૂલ્યો આધારિત ચાર સ્તંભ ઉપર ગુજરાતની વિકાસયાત્રા વધુ સુદૃઢ બનાવી છે. સમગ્ર પ્રશાસનને જીવંત રાખી પ્રગતિશીલતાના આ આધારસ્તંભો દ્વારા ભવ્ય અને દિવ્ય ગુજરાતના નિર્માણનો પાયો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની જનહિતને સમર્પિત સરકારે નાખ્યો છે. આજે ગુજરાતના અદ્વિતીય વિકાસની આગવી ઓળખ ઊભી થઈ છે.

વ્યક્તિગત જીવન હોય કે સામૂહિક જીવન, જીવનનો ઉદ્દેશ ગતિ નહિ ઊર્ધ્વગામી પ્રગતિ હોય છે. સંવેદનશીલતા માનવીય જીવનને માયાળુ સ્પર્શ આપીને તેનાં પ્રભાવક પરિણામો આપે છે. નીડર લીડરનું મહત્ત્વનું લક્ષણ સૌમ્યતાસભર નિર્ણાયકતાનું છે. જનહિત માટે મક્કમ નિર્ણાયકતા રૂપાણી સરકારની પહેચાન બની ગઈ છે. પારદર્શિતા સાથે વિશ્વસનીયતાપૂર્વક દૃઢતાથી ગુજરાતના વિકાસને રુંધતા તત્ત્વોને દૂર રાખવાની તેમની અટલ કાર્યશૈલીની અનુભૂતિ સૌ કોઈને થઈ રહી છે.

એક સાધારણ પરિવારમાં જન્મેલા શ્રી વિજયભાઈએ તેમનું પ્રાથમિક શિક્ષણ મ્યુનિસિપલ શાળામાં લીધું છે. બાળપણમાં શિશુ સ્વયંસેવક તરીકે સેવા અને સમર્પણના સંસ્કારોથી તે ઘડાયા છે. સ્વામી વિવેકાનંદજીને તેમણે ન માત્ર વાંચ્યા જ છે બલ્કે એમના વિચારોને બરાબર પચાવ્યા પણ છે. સમાજની સમસ્યા અને પીડિતોની વેદનાને એમણે સુપેરે અનુભવી છે. તેમના જીવનમાં બાળપણથી સંવેદનશીલતાના સદ્ગુણોનાં મૂલ્યો ખીલ્યાં છે. યુવા વયે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની તેમણે આગેવાની લીધી હતી. નવનિર્માણ અને ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનોના નેતૃત્વની બાગડોર તેમણે હાથમાં લીધી. નેતૃત્વ, દૃઢતા, નિર્ણાયકતાના ગુણો તેમની આગવી મૂડી છે. બાળપણથી લઈને આજ પર્યન્ત તેમનું જીવન જનસામાન્ય વચ્ચે અને જનસામાન્યના વિકાસ માટે સમર્પિત રહ્યું છે. તેઓ સંગઠનની પ્રવૃત્તિઓમાં સતત કાર્યરત રહ્યા છે. સામાન્ય જનના પ્રશ્નો અને પીડામાં સમાજ જીવનના પડકારોને તેમણે જોયા છે. આ પડકારોને ઉકેલવામાં વ્યવસ્થાતંત્ર વાસ્તવમાં કેવી ભૂમિકા ભજવી શકે તેનું મનન અને ચિંતન

એમના મનમાં સતત ચાલતું રહે છે. પ્રગતિશીલતાના પાયામાં પારદર્શકતાના મહત્ત્વને એમણે સુપેરે પિછાણ્યું છે. એક પાયાના કાર્યકરથી લઈને ગુજરાતના સૂત્રધાર સુધીની સફર દરમિયાન એમણે પ્રમાણેલા પારદર્શકતા, નિર્ણાયકતા, સંવેદનશીલતા અને પ્રગતિશીલતાના ચાર પરિબળોને તેમણે વિકાસ અને જનહિતના ઉદ્દેશ માટે આધારસ્તંભ બનાવી મૂલ્યનિષ્ઠ રાજનીતિનો નવો અધ્યાય શરૂ કર્યો છે.

### ટીમ ગુજરાતની વિકાસ પ્રતિબદ્ધતા

પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન ગુજરાતના વિકાસની રફતાર અને વિકાસદરની વૃદ્ધિ પ્રગતિશીલતાની મજબૂત ગવાહી આપે છે. જનહિત માટે ઝડપી નિર્ણયો તથા તેનો અસરકારક અમલ 'ટીમ ગુજરાત'ની નિર્ણાયકતાને પ્રતિબિંબિત કરે છે. કરુણા અભિયાનથી અબોલ પશુપંખી માટેની કાળજીથી માંડીને જનજનની સુરક્ષા અને સુખાકારીની શ્રેણીબદ્ધ યોજનાઓ સંવેદનશીલતા અને દૃઢ નિર્ણાયકતાની સાક્ષી આપે છે. ભ્રષ્ટાચાર ઉપર જબરજસ્ત આક્રમણ કરીને રાજ્યની આર્થિક પરિસ્થિતિને વધુ સુદૃઢ બનાવાઈ છે. એ.સી.બી.ના માળખાને વધુ મજબૂત બનાવીને એના ફલકને વિસ્તારવામાં આવ્યું છે. મહેસૂલી કાયદાઓમાં મોટાપાયે જનહિતલક્ષી પરિવર્તનો કરી રાજ્યના સામાન્ય જનની સુખાકારીને પ્રાધાન્ય અપાયું છે. કૃષિ, ઉદ્યોગ, શિક્ષણ, યુવાનોનું કૌશલ્ય નિર્માણ અને નારી સશક્તીકરણના ક્ષેત્રને છેલ્લાં પાંચ વર્ષોમાં વધુ વેગ મળ્યો છે. ગુજરાત આજે અનેક ક્ષેત્રમાં અગ્રેસર છે અને એટલે જ રાજ્યના જનજનને સરકારની નિર્ણાયકતા અને પ્રગતિશીલતાની પ્રતીતિ થઈ રહી છે.

### પાંચ વર્ષનાં લેખાં - જોખાં... એક ઝલક :

- છેલ્લાં પાંચ વર્ષોથી ગુજરાતનો વાર્ષિક વિકાસ દર સરેરાશ ૯.૫ રહ્યો છે. ભારતના જીડીપીમાં ગુજરાતની ૭.૯ ટકા હિસ્સેદારી રહી છે.
- માથાદીઠ આવક અને માથાદીઠ ખર્ચમાં ગુજરાત દેશમાં મોખરે રહ્યું છે.
- નીતિ આયોગ દ્વારા જાહેર કરાયેલા એક્સપોર્ટ કોમ્પિટિટિવનેસ ઈન્ડેક્સ - 2020 મુજબ ગુજરાત નિકાસ ક્ષેત્રે ગુજરાત નંબર વન છે.
- વર્ષ ૨૦૧૮ અને વર્ષ ૨૦૧૯ એમ સતત ૨ વર્ષથી સ્ટાર્ટ અપ રેન્કિંગમાં ગુજરાત નંબર વન રહ્યું છે.
- નાણાકીય ૨૦૨૦-૨૧ના એપ્રિલથી સપ્ટેમ્બર મહિના દરમિયાન ગુજરાતે રૂ. ૧.૧૯ લાખ કરોડનું ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI) પ્રાપ્ત કર્યું છે જે સમગ્ર ભારતના કુલ FDIના ૫૩.૨ ટકા થાય છે.
- દેશમાં થતાં કુલ દિવેલાના ૯૫ ટકા, વરિયાળી ૭૬ ટકા, જીરુ ૫૬ ટકા, મગફળી ૪૪ ટકા, કોટન ૩૧ ટકા, પપૈયા ૨૧ ટકા, દાડમ ૧૬ ટકા, કેળા ૧૫ ટકા, ભીંડા ૧૫ ટકા અને દૂધ ૮ ટકા ઉત્પાદન સાથે રાષ્ટ્રમાં ગુજરાત અગ્રેસર છે.
- ૧૯.૬૭ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ સાથે ગુજરાત દેશભરમાં પ્રથમ હરોળમાં છે.
- કમ્પોઝિટ વૉટર મેનેજમેન્ટ ઈન્ડેક્સમાં ૨૦૧૮-૨૦૧૯ અને ૨૦૨૦ સળંગ ત્રણ વર્ષ દરમિયાન ગુજરાત પ્રથમ ક્રમે રહ્યું છે.
- નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૬.૮ હિસ્સા ટકા સાથે ગુજરાત અગ્રસ્થાને રહ્યું છે.
- દેશના નોન મેજર પોર્ટ્સ ઉપર થતાં કાર્ગો હેન્ડલિંગમાં ગુજરાતની હિસ્સેદારી ૭૦ ટકા રહી છે.
- ૧૨ ટકા રિન્યૂએબલ એનર્જીના ઉત્પાદન સાથે ગુજરાત ભારતનું બીજા ક્રમે આવતું રાજ્ય છે.
- ૫ વર્ષ પહેલાં ગુજરાતની માથાદીઠ આવક ૧,૩૯,૨૫૪ હતી જે આજે ૨,૧૬,૩૨૬ છે.
- ૫ વર્ષ પહેલાં ગુજરાતમાં ૩,૭૬,૦૦૦ની આસપાસ MSME એકમો હતાં, જે આજે ૮,૬૬,૦૦૦ જેટલાં છે.
- ૫ વર્ષ પહેલાં નોન મેજર પોર્ટ્સ ઉપરથી ૩૪૦૦ મેટ્રિક ટન કાર્ગો હેન્ડલ કરવામાં આવતો હતો, જે આજે ૪૧૦૦ મેટ્રિક ટન કરતાં પણ વધુ છે.
- ૫ વર્ષ પહેલાં ગુજરાતમાં ૫૭ વિશ્વ વિદ્યાલયો હતાં જે આજે ૭૬ છે.
- ૫ વર્ષ પહેલાં ૩૨૩૦ તબીબી બેઠકોની સામે આજે ૫૫૦૦ તબીબી બેઠકો છે.
- ૫ વર્ષ પહેલાં ૧૪૩ પોલિટેકનિક કોલેજો સામે આજે રાજ્યમાં ૧૬૪ પોલિટેકનિક કોલેજો છે.
- ૫ વર્ષ પહેલાં રાજ્યમાં ૫૫,૦૦૦ જેટલી પ્રાથમિક, માધ્યમિક ઉચ્ચતર, માધ્યમિક શાળાઓ સામે આજે ૫૮,૦૦૦ જેટલી શાળાઓ છે.
- ૫ વર્ષ પહેલાં રાજ્યમાં ૫૬૦૦૦ તબીબોની સામે આજે ૭૨,૦૦૦ તબીબો ગુજરાતની જનતાને સેવા આપી રહ્યા છે.
- રાજ્યની જનતાના વિકાસ માટે કલ્યાણકારી યોજનાઓ માટે ૫ વર્ષ પહેલાં બજેટનું કદ રૂ. ૧,૩૭,૬૬૭ કરોડ હતું જે આજે રૂ. ૨,૦૩,૧૪૭ કરોડ ઉપર પહોંચ્યું છે.
- ૫ વર્ષ પહેલાં ગુજરાતમાં ૩ લાખ જેટલા વિદેશી પ્રવાસીઓની સામે આજે ૬ લાખથી વધુ વિદેશી પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવે છે.

### ગૌરવશાળી ગુજરાતના ગરિમાપૂર્ણ સીમાચિહ્ન

- આ વર્ષે જ જગતનું સૌથી મોટું નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ અમદાવાદના આંગણે તૈયાર થતાં ગુજરાતનો ડંકો વિશ્વમાં વાગ્યો.
- આ વર્ષે ગુજરાતની ૬ દીકરીઓ ઓલિમ્પિક ગેમ્સમાં

ક્વૉલિફાઇ થઈ તે પ્રત્યેક ગુજરાતી માટે ગૌરવપ્રદ ઐતિહાસિક ઘટના છે.

- નીતિ આયોગના જળ વ્યવસ્થાપન ઈન્ડેક્સમાં ગુજરાત છેલ્લાં ૪ વર્ષથી નંબર વન પોઝિશન ઉપર રહ્યું છે.
- ગુજરાતના ગરવા ગિરનારમાં વિશ્વનો સૌથી મોટો રોપ-વે ગુજરાતની શાન બન્યો છે.
- સમગ્ર દેશમાં સૌથી પહેલા સી-પ્લેનની વ્યવસ્થા ગુજરાતે શરૂ કરી.
- દુનિયાનો સૌથી મોટો રિન્યૂએબલ એનર્જી પાર્ક ગુજરાતમાં છે.
- સૌથી ઓછો બેરોજગારી દર ધરાવનારું રાજ્ય ગુજરાત છે.
- ગુજરાતના ગૌરવ સમાન એશિયાટિક લાયનની સંખ્યામાં ઐતિહાસિક વધારો છેલ્લાં ૫ વર્ષ દરમિયાન થયો છે.
- નર્મદા બંધ તેની મહત્તમ ઊંચાઈ સુધી પહોંચી જતાં રાજ્યની ૩.૫ કરોડ ઉપરાંત જનતાને પ્રત્યેક ગુજરાતીના હૃદયમાં વસતી મા નર્મદાનું પાણી ઉપલબ્ધ થયું છે.
- ગુજરાતના પનોતાપુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતે છેલ્લા ૩ વર્ષથી તાજમહાલ કરતાં પણ વધુ પ્રવાસીઓ આવી રહ્યા છે એ ગુજરાત માટે ગૌરવ લેવા જેવી વાત છે.
- રેકોર્ડ સમયમાં વર્લ્ડ ક્લાસ ફેસિલિટી ધરાવતું ગાંધીનગર રેલવે સ્ટેશન પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરી રહ્યું છે.

## પૉલિસી ડ્રીવન સ્ટેટ

જનજનના વિકાસ માટે ગુજરાતે નક્કર પૉલિસી અને એનું સુદ્રઢ અમલીકરણ કર્યું છે. છેલ્લાં પાંચ વર્ષમાં એરોસ્પેસ એન્ડ ડિફેન્સ નીતિ ૨૦૧૬, આરોગ્ય નીતિ ૨૦૧૬, સ્ટાર્ટ અપ પૉલિસી, કૃષિ વેપાર નીતિ ૨૦૧૬, આઈટી પૉલિસી ૨૦૧૬, પ્રવાસન પૉલિસી, ગારમેન્ટ એન્ડ એપરલ્સ પૉલિસી ૨૦૧૭, પવન ઊર્જા નીતિ ૨૦૧૬, ઉત્પાદન નીતિ, ઇલેક્ટ્રોનિક પૉલિસી ૨૦૧૬, નવી ઔદ્યોગિક નીતિ, ટેક્સટાઈલ પૉલિસી, જનરલ ઈન્સેન્ટીવ યોજના ૨૦૧૬, બાયોટેકનોલોજી પૉલિસી ૨૦૧૬, સૌર ઊર્જા નીતિ, ઇન્ટિગ્રેટેડ લોજિસ્ટિક પાર્ક પૉલિસી ૨૦૨૧, ગુજરાત ઇલેક્ટ્રિક વ્હીકલ પૉલિસી ૨૦૨૧ ઘડી છે.

## વિવિધ ક્ષેત્રે નિકાસમાં ગુજરાતની અગ્રેસરતા

રાષ્ટ્રની પેટ્રોલિયમ પ્રોડક્ટની નિકાસના કુલ ૩૯ ટકા સાથે ગુજરાત દેશમાં અગ્રેસર છે. ઓર્ગેનિક કેમિકલ્સની નિકાસના ૫૩ ટકા સાથે ગુજરાત સૌથી આગળ છે. પ્લાસ્ટિક રો મટિરિયલની કુલ નિકાસના ૬૩ ટકા સાથે ગુજરાત નંબર વન છે. કૃષિ રસાયણોની કુલ નિકાસના ૬૪ ટકા સાથે ગુજરાત નંબર વન છે. રાષ્ટ્રની કુલ ડાઈ નિકાસના ૭૩ ટકા માત્ર ગુજરાતમાંથી થાય છે.

## કેમિકલ ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો

રાષ્ટ્રના કુલ સોડા એશના ઉત્પાદન પૈકી ૯૧ ટકા ગુજરાતમાં થાય છે. રાષ્ટ્રનું ૫૮ ટકા પોલિમર ગુજરાતમાં જ પેદા થાય છે. ૫૧ ટકા એસિટિક એસીડનું ગુજરાતમાં ઉત્પાદન થાય છે. રાષ્ટ્રના કુલ ઉત્પાદન પૈકી ૫૦ ટકા ઈથિલિન ગુજરાતમાં પેદા થાય છે. રાષ્ટ્રના કુલ કોસ્ટિક સોડા પૈકી ૪૨ ટકા ગુજરાતમાં ઉત્પાદન થાય છે.

## કૃષિ ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો

દેશમાં ઉત્પન્ન થતા કુલ એરન્ડા પૈકી ૮૫ ટકા એરન્ડાનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે. દેશનું ૫૬ ટકા જીરું ગુજરાત પૂરું પાડે છે. દેશની કુલ મગફળી ઉત્પાદનમાં ગુજરાતનો ૪૩ ટકા હિસ્સો છે. દેશના કુલ કપાસ ઉત્પાદનમાં ગુજરાતનો ૩૧ ટકા હિસ્સો છે. દેશના કુલ પપૈયાના ઉત્પાદનમાં ગુજરાતનો ૨૧ ટકા હિસ્સો છે. ગુજરાતનો કૃષિ વિકાસ દર ૧૦ ટકા જેટલો છે જ્યારે પંજાબનો ૨.૫, પશ્ચિમ બંગાળ ૨.૭, રાજસ્થાન ૩.૮, મહારાષ્ટ્ર ૪.૩, મધ્યપ્રદેશ ૭.૧ ટકા છે.

## ઊર્જા ક્ષેત્રે અગ્રેસરતા

ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ૨૪ x ૭ થ્રી ફેઝ વીજ પુરવઠો ઉપલબ્ધ છે. કૃષિ માટે અલગ ફિડર ૮ કલાક થ્રી ફેઝ વીજ પુરવઠો પ્રાપ્ય. વીજ ઉત્પાદન ક્ષમતામાં ૩૧૨ ટકાનો વધારો થયો છે. ભારતની કુલ પુનઃપ્રાપ્ય ઊર્જામાં ગુજરાતનો ૧૨ ટકા હિસ્સો ગુજરાતનો છે. દેશના કુલ પીએનજી જોડાણોમાં ૪૫ ટકા હિસ્સા સાથે ગુજરાત અગ્ર સ્થાને છે.

## ગુજરાતના મેગા પ્રોજેક્ટ

છેલ્લાં પાંચ વર્ષમાં ૧૨ લાખથી વધુ યુવક-યુવતીઓને ૫૬૫૦ જેટલાં ભરતી મેળા દ્વારા રોજગારી આપવામાં આવી. મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના અંતર્ગત ૭૨ હજારથી વધુ યુવાનોને ઔદ્યોગિક ઉત્પાદન સાથે જોડવામા આવ્યા. એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ દ્વારા રોજગારી નિર્માણ કરવામાં ૮૧ ટકા હિસ્સા સાથે ગુજરાત દેશભરમાં અગ્રેસર છે. ૧૫૦૦ કિલોમિટર ડી.એફ.સી.માંથી ૩૮ ટકા ગુજરાતમાંથી પસાર થાય છે. ફ્રેઈટ કોરિડોરની ૧૫૦ કિલોમિટરની બન્ને બાજુ હાઈ ઈમ્પેક્ટ ઔદ્યોગિક વિસ્તારોનું નિર્માણ થયું છે. સુરત ડાયમંડ બુર્શ વિશ્વની સૌથી મોટી ઓફિસ ઇમારતો પૈકી એક અને તમામ હીરા વેપાર પ્રવૃત્તિઓનું ધમધમતું કેન્દ્ર બની રહેશે. રાજ્યનાં ૬ શહેરોને સ્માર્ટ શહેરો તરીકે વિકસાવાશે.

અમદાવાદ, સુરત, રાજકોટમાં બીઆરટીએસની સવલત ઉપલબ્ધ. સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ દેશ અને દુનિયાનું નજરાણું બની રહ્યો છે. અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ પરિવહનના નવતર સીમાડા સર કરી રહ્યો છે. શહેરી આવાસ ક્ષેત્રે સબસિડી વિતરણમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. ગુજરાતમાં ગાંધીનગર નજીક ગિફ્ટ સિટી નયા ભારતના સ્વપ્નને સાકાર કરી રહ્યું છે. માંડલ, બેચરાજી અને ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ ઝોન છે. અમદાવાદ - મુંબઈ હાઈસ્પીડ રેલ બે મેગાસિટી વચ્ચે ઝડપી પરિવહનથી વિકાસના નવતર સીમાડા સર કરશે.







### આરોગ્ય ક્ષેત્રે અગ્રેસર ગુજરાત

૨૯ મેડિકલ કોલેજો અને ૫૫૦૦ તબીબી બેઠકો સાથે તબીબી શિક્ષણમાં ગુજરાતની અગ્રેસરતા છે. પાંચ વર્ષ પહેલાં ૫૬,૦૦૦ ડૉક્ટરોની સંખ્યા સામે આજે ૭૨,૦૦૦ જેટલા ડૉક્ટરો ગુજરાતમાં તબીબી સેવા આપી રહ્યા છે. ૩૪,૦૦૦ થી વધીને ૬૨,૦૦૦ નર્સો દર્દીઓની સેવા કરી રહી છે. શહેરી વિસ્તારમાં ૨૦.૨૮ મિનિટમાં અને ગ્રામીણ વિસ્તારમાં ૨૫.૦૬ મિનિટમાં ૧૦૮ ઈમરજન્સી સેવાનો લાભ ગુજરાતની જનતાને મળે છે. રાજ્યના ૧૫ લાખ લોકોના જીવ ૧૦૮ ઈમરજન્સી સેવાને કારણે બચી શક્યા છે. ૭ કરોડ જેટલા ઈમરજન્સી કોલ્સ ૧૦૮ની સેવાએ રિસિવ કર્યા છે.

સમસ્ત વિશ્વ છેલ્લા દોઢ-બે વર્ષોથી કોરોના મહામારી સામે સંઘર્ષ કરી રહ્યું છે. આ મહામારીએ તમામ આર્થિક પ્રવૃત્તિઓ અને જનજીવનને ગંભીર અસરો પહોંચાડી છે. પરંતુ, આફતથી ડરીને બેસી રહેવું એ ગુજરાતીઓના સ્વભાવમાં નથી. કોઈપણ કુદરતી આપત્તિ હોય, તેનો મુકાબલો સમગ્ર ગુજરાતે હંમેશાં પૂરી મક્કમતાથી કર્યો છે. સમગ્ર દેશે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કોરોના સામે જંગ આદર્યો અને સફળતા મેળવી છે, ત્યારે ગુજરાતે પણ કોવિડ મેનેજમેન્ટનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે. કોરોનાની પ્રથમ અને બીજી લહેર સામેનો જંગ ગુજરાત સરકારે જીત્યો છે અને હવે સંભવિત ત્રીજી લહેર માટે પણ રાજ્ય સરકાર સંપૂર્ણ સજ્જ છે.

### કોવિડ-19ની પ્રથમ લહેર સમયે લીધેલાં પગલાં

માર્ચ, 2020માં કોરોનાનો સૌ પ્રથમ પોઝિટિવ કેસ ગુજરાતમાં નોંધાયાના ગણતરીના દિવસોમાં ચાર મહાનગરો, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં 2200 બેડ્સની ક્ષમતા સાથેની ડેડિકેટિડ કોવિડ-19 હોસ્પિટલો સ્થાપિત કરી. ત્યારબાદ, રાજ્યના દરેક જિલ્લામાં 100 બેડ્સની ક્ષમતાવાળી કોવિડ-19 હોસ્પિટલો સ્થાપિત કરી. આ ઉપરાંત, 50% બેડ્સ રિઝર્વની પૉલિસી સાથે ખાનગી હોસ્પિટલોને મહામારી વિરુદ્ધની લડાઈમાં જોડીને તબક્કાવાર બેડ્સની સંખ્યા વધારી દીધી. કોરોનાના સંક્રમણ અંગે રાજ્યવ્યાપી નિયંત્રણ જાળવવા તેમ જ રાજ્યની પરિસ્થિતિ પર સઘન નિરીક્ષણ માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં કોર કમિટીની રચના કરવામાં આવી, જેમાં સભ્યો તરીકે રાજ્યના નાયબ મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી, ઊર્જામંત્રી, રાજ્યકક્ષાના ગૃહમંત્રી, ગુજરાત સરકારના મુખ્ય સચિવ, સ્વાસ્થ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ તેમજ અન્ય જરૂરી સેવાઓના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો. કોવિડ-19ને સંબંધિત તમામ પ્રકારના નિર્ણયો લેવા માટે આ કોર કમિટી પ્રતિદિન મળે છે અને ઝડપી નિર્ણયો લે છે.

પ્રથમ લહેર દરમિયાન રાજ્યના કન્ટેઈન્મેન્ટ ઝોન્સમાં વ્યાપક મેડિકલ તપાસ તેમજ ડોર-ટુ-ડોર આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે ધન્વંતરિ આરોગ્ય રથ (મોબાઈલ મેડિકલ વાન)ની શરૂઆત કરવામાં આવી હતી. સપ્ટેમ્બર, 2020 સુધીમાં 1.13 કરોડ કરતાં વધુ લોકોને તેમના ઘરઆંગણે આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. રાજ્યના લોકોમાં કોરોના વાઈરસ અંગે જાગૃતિ આવે તે માટે વિવિધ માધ્યમોના ઉપયોગ દ્વારા મોટા પાયે આ મહામારી અંગેની માહિતી અને તેનાથી બચવાના સુરક્ષા ઉપાયો જેવા કે, સોશિયલ ડિસ્ટન્સિંગ, સેનિટાઈઝરનો ઉપયોગ, માસ્ક પહેરવું વગેરેનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો. પ્રથમ લહેર વખતે રાજ્યમાં સંપૂર્ણ લૉકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું, જે દરમિયાન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સીએમ ડેશબોર્ડના કાર્યક્ષમ ઉપયોગ દ્વારા રાજ્યની સુરક્ષા સુનિશ્ચિત કરી હતી. આ







ઉપરાંત, ટેક્નોલોજીના માધ્યમથી રાજ્યની તમામ હોસ્પિટલો અને મેડિકલ સ્ટાફની કામગીરી પર દેખરેખ પણ રાખવામાં આવતી હતી.

પ્રથમ લહેર વખતે કોરોના મહામારી સામે લડવા માટે વેન્ટિલેટર્સ, પી.પી.ઇ. કિટ વગેરેનું રાજ્યમાં જ ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. અમદાવાદ ખાતે સિવિલ હોસ્પિટલમાં દેશની સૌ પ્રથમ પ્લાઝમા બેંક કાર્યરત કરવામાં આવી હતી. રાજ્યમાં ૧૧૦૦ હેલ્પલાઇન નંબર દર્દીઓ માટે ટેલિમેડિસીન સેવાઓ તેમજ કોરોના દર્દીઓને કાઉન્સેલિંગ આપવા માટે 24x7 સેવા આપી રહી છે તથા સામાન્ય વ્યક્તિને પોતાનામાં કોરોનાનાં લક્ષણો હોવાનું જણાય તો તાત્કાલિક ટેસ્ટિંગ અને તેના પરિણામ માટે 104 હેલ્પલાઇન શરૂ કરવામાં આવી. રાજ્યમાં આયુષ નિયામક દ્વારા આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિથી શરીરની રોગ પ્રતિકારક શકિત વધારવા માટે આયુર્વેદિક ઉકાળા પીવાને પ્રોત્સાહન આપવામાં આવ્યું. રાજ્યમાં વિવિધ જગ્યાઓએ આયુર્વેદિક ઉકાળાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું. ટેસ્ટિંગ વધુ સઘન બનાવવા માટે રાજ્યની પ્રાઇવેટ લેબોરેટરીઓને પણ કોવિડ-19ના ટેસ્ટિંગ માટે માન્યતા આપવામાં આવી. ગુજરાત સરકારે 3T(ટ્રેસિંગ, ટેસ્ટિંગ અને ટ્રીટમેન્ટ)ની સ્ટ્રેટેજી અપનાવી અને શ્રેષ્ઠ સારવાર આપીને કોરોનાની પ્રથમ લહેર દરમિયાન કોરોનાના સંક્રમણ પર કાબૂ મેળવ્યો હતો, અને સપ્ટેમ્બર, 2020 સુધીમાં રાજ્યનો રિકવરી રેટ 82.71% સુધી પહોંચ્યો હતો, અને મૃત્યુદર ઘટીને 2.83% થઇ ગયો હતો.

## કોરોના મહામારીની બીજી લહેર

કોરોના મહામારીની બીજી લહેરની શરૂઆત માર્ચ, 2021માં થઈ. આ વખતે પડકાર મોટો હતો કારણ કે, કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં અચાનક ધરખમ વધારો થયો. પ્રથમ લહેર વખતે એક દિવસમાં મહત્તમ પોઝિટિવ કેસીસનો આંકડો 1600 પર અટક્યો હતો, પરંતુ બીજી લહેર દરમિયાન એક દિવસમાં પોઝિટિવ કેસીસનો આંકડો 14,500ની આસપાસ પહોંચી ગયો. જે રીતે રાજ્યમાં દિન-પ્રતિદિન પોઝિટિવ કેસીસનો આંકડો વધતો જતો હતો, તે જોતાં રાજ્ય સરકાર પર લૉકડાઉન લાગુ કરવાનું ખૂબ પ્રેશર હતું. આસપાસના રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ ઉપરાંત ઉત્તરપ્રદેશ અને દિલ્હી જેવાં રાજ્યોમાં સંપૂર્ણ લૉકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું. પરંતુ પ્રથમ લહેર દરમિયાન અર્થતંત્રને જે નુકસાન થયું, તે બાબત ધ્યાને રાખીને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં બીજી લહેર વખતે સંપૂર્ણ લોકડાઉન લાગુ નહીં કરવાનો હિંમતભર્યો નિર્ણય કર્યો. સંપૂર્ણ લૉકડાઉનના બદલે રાજ્ય સરકારે રાત્રિ કર્ફ્યુ અને આંશિક નિયંત્રણો લાગુ કરવાનો વિકલ્પ અપનાવ્યો.

ગુજરાતમાં પ્રથમ 8 મહાનગરોમાં રાત્રિ કરફ્યુ અને આંશિક નિયંત્રણો લાદવામાં આવ્યા. સંક્રમણ વધતા રાજ્યનાં કુલ 29 શહેરોમાં અને છેલ્લે કુલ 36 શહેરોમાં રાત્રિ કરફ્યુ અને આંશિક નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા. પરંતુ સંપૂર્ણ લૉકડાઉન ક્યારેય પણ લાગુ કરવામાં ન આવ્યું. આ નિર્ણયને પરિણામે વાઇરસના સંક્રમણની ચેઇનને તોડવામાં પણ મદદ મળી અને રાજ્યમાં આર્થિક પ્રવૃત્તિઓ પણ ચાલુ રહી. ઉદ્યોગો ચાલુ રહ્યા. બાંધકામની પ્રવૃત્તિઓ ચાલુ રહી, જેના કારણે મજૂરો-કામદારોની રોજી-રોટી મળતી રહી. **3-ટી સ્ટ્રેટેજી અને માઇક્રો કન્ટેઇન્મેન્ટ ઝોન્સ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો.** 3T(ટ્રેસિંગ, ટેસ્ટિંગ અને ટ્રીટમેન્ટ) સ્ટ્રેટેજી સાથે માઇક્રો કન્ટેઇનમેન્ટ ઝોન્સ ઊભા કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. રાજ્યમાં લગભગ 30 હજાર માઇક્રો કન્ટેઇન્ટમેન્ટ ઝોન્સ ઊભા કરવામાં આવ્યા, જેમાં 20 હજાર જેટલી મેડિકલ ટીમ સર્વે કાર્ય કરતી હતી.

રાજ્યમાં ટેસ્ટિંગની સંખ્યા વધારવા માટે RT-PCR અને રેપિડ એન્ટિજન ટેસ્ટમાં વધારો કરવામાં આવ્યો. રાજ્યમાં 15મી

માર્ચે 46 હજાર કોવિડ ટેસ્ટ થતા હતા, તે વધારીને મે, 2021 સુધીમાં 1.75 લાખ ટેસ્ટ્સ કરવામાં આવતા હતા. ૧૫મી માર્ચે બેડની સંખ્યા 42 હજાર આસપાસ હતી, જ્યારે 4 મે, 2021ની સ્થિતિએ બેડ્સની સંખ્યા વધારીને 1 લાખ 10 હજાર કરવામાં આવી હતી. 3 મે, 2021ની સ્થિતિએ આઇસોલેશન બેડ્સની સંખ્યા 52,000, આઇસીયુ બેડ્સની સંખ્યા 13,598 અને ઑક્સિજન બેડ્સની સંખ્યા 44 હજારથી વધુ હતી. આમ, રાજ્યમાં આશરે 58,000 જેટલા ઑક્સિજન સપોર્ટેડ બેડ્સ (આઇસીયુ સહિત) ઉપલબ્ધ કરવામાં આવ્યા. ગુજરાત સરકારે ડીઆરડીઓની મદદથી અમદાવાદના જીએમડીસી કન્વેન્શન સેન્ટર ખાતે 900 બેડ્સની ક્ષમતાવાળી ધન્વંતરિ કોવિડ હોસ્પિટલ સ્થાપિત કરી, જેમાં 250 આઇસીયુ બેડ્સ અને 650 ઑક્સિજન બેડ્સની સુવિધા ઊભી કરવામાં આવી. ગાંધીનગરમાં આવેલા મહાત્મા મંદિર ખાતે પણ તાત્કાલિક ધોરણે 1000 બેડ્સની વ્યવસ્થા ઊભી કરવામાં આવી, જેનો ઉપયોગ સંભવિત ત્રીજી લહેરમાં પણ કરી શકાશે.

## ઑક્સિજનનો અવિરત સપ્લાય

ઑક્સિજનની માંગ અચાનક વધી ગઈ. 150 મેટ્રિક ટન ઑક્સિજનની રેગ્યુલર માંગ સામે 1100 મેટ્રિક ટન ઑક્સિજન વપરાવા લાગ્યો, ત્યારે સરકારે કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે ઑક્સિજનનો પૂરતો પુરવઠો અવિરતપણે જાળવી રાખ્યો. મુખ્યમંત્રીશ્રીની સીધી દેખરેખ હેઠળ ઉચ્ચ અધિકારીઓની એક ટીમ 24X7 ઑક્સિજનની વ્યવસ્થા પર નજર રાખતી હતી. રાજ્યમાં કોઈપણ હોસ્પિટલમાં ઑક્સિજનની અછતના કારણે કોઇ દર્દીનું મૃત્યુ થયું હોવાનો બનાવ બન્યો નથી. રાજ્યની ઇન્ડસ્ટ્રીઓમાં વપરાતા ઑક્સિજનને પણ મેડિકલ ક્ષેત્રે ઉપયોગ માટે ડાયવર્ટ કરવામાં આવ્યો. પરિણામે રાજ્યમાં ઑક્સિજનની ઊણપ ન સર્જાઇ. ભવિષ્યમાં પણ મેડિકલ ઑક્સિજનની અછત ન થાય તે માટે રાજ્યની 36 હોસ્પિટલોમાં PSA ઑક્સિજન પ્લાન્ટ્સની સ્થાપના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. પ્રથમ લહેર દરમિયાન શરૂ કરેલી ધન્વંતરી રથની સેવાઓની સાથે ટેલિમેડિસિન અને સંજીવની રથ દ્વારા હોમ આઇસોલેશનમાં રહેલા દર્દીઓને આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવામાં આવી. આજે રાજ્યમાં 1200 સંજીવની રથ અને 1393 ધન્વંતરિ રથ કાર્યરત છે.

## રાજ્યમાં વ્યાપક રસીકરણ અભિયાન

બીજી લહેરની શરૂઆત થઈ તે પહેલા જ વૅક્સિન ગુજરાતમાં આવી ચૂકી હતી. રાજ્ય સરકારે યુદ્ધના ધોરણે વૅક્સિનેશન અભિયાન ચલાવ્યું અને નાગરિકોને નિઃશુલ્ક વૅક્સિન આપવા પર વિશેષ ધ્યાન આપ્યું. રાજ્યના આરોગ્યકર્મીઓ, ફ્રન્ટલાઇન વર્કર્સ અને પિસ્તાળીસથી વધુ ઉંમરના લોકોને રસી આપવામાં ગુજરાત દેશનું અગ્રેસર રાજ્ય છે. 16 જુલાઈ, 2021ની સ્થિતિએ ગુજરાતમાં વૅક્સિનના લગભગ 2 કરોડ 90 લાખ ડોઝ આપવામાં આવ્યા છે. 16 જુલાઈ, 2021ની સ્થિતિએ 45થી વધુ ઉંમરના 1.14 કરોડથી વધુ લોકોને અને 18-44 વયજૂથના 89.29 લાખ લોકોને વૅક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. 16 જુલાઈ, 2021ની સ્થિતિએ 45થી વધુ ઉંમરના 50.55 લાખ લોકોને અને 18-44 વયજૂથના 2 લાખ 86 હજારથી વધુ લોકોને વૅક્સિનના બંને ડોઝ આપવામાં આવ્યા છે.

## આર્થિક પ્રવૃત્તિઓને હિમ્મતપૂર્વક ધમધમતી રાખી

રાજ્ય સરકારે લોકોને રોજગારી આપતા ઉદ્યોગો, નાના નાના એકમો, રજિસ્ટર કોન્ટ્રાક્ટર્સને નિર્દેશ કર્યો કે, લૉકડાઉન દરમિયાન તેઓ પોતાના કર્મચારીઓને નોકરીમાંથી છુટા ન કરે અને આવા કર્મચારીઓનો પગાર ન કાપે. રાજ્ય સરકાર દ્વારા સરકારી અને ખાનગી કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટ શરૂ કરવાનો નિર્ણય લેવાતા ૭૦૦થી પણ વધુ ખાનગી કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટમાં આશરે ૩૦ હજાર જેટલા કામદારો પોતાના કામ પર પરત ફર્યા છે.

## આત્મનિર્ભર પેકેજ

વિશ્વભરમાં કોરોના મહામારીથી નાગરિકોને બચાવવા અનેક દેશોએ લૉકડાઉનનો અમલ કર્યો. ભારત સહિત વિશ્વભરમાં લોકડાઉનના કારણે અર્થવ્યવસ્થા પર વિપરીત અસર થઈ. ધંધા, રોજગાર, ઉદ્યોગ સમગ્રતયા બંધ રહ્યા. બજારની વ્યવસ્થા ખોરવાઈ ગઈ. દેશ અને રાજ્યો હવે અનલોકની દિશામાં જઈ રહ્યાં છે, ત્યારે રાજ્યની અર્થવ્યવસ્થાને નવી ઊર્જા આપવા અને તેને પુનઃ ધબકતી કરવા તથા નાગરિકો આત્મનિર્ભર બને તેમજ જનજીવન, વેપાર-ધંધા, રોજગાર - ઉદ્યોગ વિકાસની તેજ ગતિ પકડે તે માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રૂ.૧૪૦૦૦ કરોડના આત્મનિર્ભર ગુજરાત પેકેજની જાહેરાત કરી રાજ્યના અર્થતંત્રને પુનઃ વેગવંતુ કર્યું છે. રાજ્ય સરકારે જાહેર કરેલા પેકેજમાં નાના, મોટા, મધ્યમ ઉદ્યોગો તેમજ રાજ્યના દરેક વ્યક્તિના ધંધા - રોજગારને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રકારની રાહતો - છૂટછાટો આપવામાં આવી છે. આમ રાજ્યના કોઇ એકલદોકલ વર્ગ કે વ્યકિતઓને નહિ પરંતુ નાનામાં નાના, છેવાડાના ગરીબો, વંચિતો, પીડિતો, શ્રમિકો, નાના વેપારીઓ, ઉદ્યોગ, ધંધા રોજગાર સૌના હિતની પ્રતિબદ્ધતા સાથે ગુજરાત સરકારે સંવેદનશીલતાથી દૂરંદેશીભર્યું આત્મનિર્ભર પેકેજ જાહેર કર્યું છે.

- કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગના આર્થિક કલ્યાણ માટે રૂ. ૧૧૯૦ કરોડનું આત્મનિર્ભર પેકેજ.
- પ્રોપર્ટી ટેક્સ, વીજ બિલ અને વાહન કરમાં માફી અને રાહતો આપતું રૂ. ૨૩૦૦ કરોડનું આત્મનિર્ભર પેકેજ
- ઉદ્યોગ વ્યવસાયો માટે પ્રોત્સાહક સબસિડી આપતું રૂ. ૩૦૩૮ કરોડનું આત્મનિર્ભર પેકેજ
- ગુજરાત ઔદ્યોગિક વસાહતના ઉદ્યોગોને આર્થિક પ્રોત્સાહન અને વહીવટી સરળતા માટે રૂ. ૪૫૮.૫૯ કરોડનું આત્મનિર્ભર પેકેજ

- શ્રમિકોના કલ્યાણ માટે રૂ. ૪૬૬ કરોડનું આત્મનિર્ભર પેકેજ
- ગરીબો, વંચિતોની પડખે રાજ્ય સરકાર : રૂ. ૫૦૪૪.૬૭ કરોડનું આત્મનિર્ભર પેકેજ

### કોવિડ-19ની સંભવિત ત્રીજી લહેર સામે સતર્કતા

ગુજરાતની નિર્ણાયક સરકારે ત્રીજી લહેર સામે પણ સતર્ક રહીને તૈયારીઓ આરંભી દીધી છે. રાજ્ય સરકારે 14 જૂન, 2021ના રોજ કોરોનાની ત્રીજી લહેરનો સામનો કરવાનો એક્શન પ્લાન પ્રજા સમક્ષ મૂકી દીધો છે. ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે, જેણે આવો એક્શન પ્લાન જનતા સમક્ષ રજૂ કર્યો છે. કોરોનાની બીજી લહેરમાં 1.48 લાખ એક્ટિવ કેસ હતા તેની સામે ત્રીજી લહેરમાં અઢી લાખથી પણ વધુ કેસ આવે તો તંત્ર તેને પહોંચી વળશે. આ માટે ઑક્સિજન બેડની સંખ્યા 61 હજારથી વધારીને 1,10,000 કરવાની રણનીતિ બનાવવામાં આવી છે. રાજ્યમાં આઈસીયુ બેડ્સની સંખ્યા 15 હજારથી વધારીને 30 હજાર, વેન્ટિલેટર બેડ્સની સંખ્યા 7 હજારથી વધારીને 15 હજાર અને કોવિડ ફેસિલિટી 1800થી વધારીને 2400 કરવામાં આવશે.

ઑક્સિજનની માંગને પહોંચી વળવા માટે ઑક્સિજન ઉત્પાદન ક્ષમતા 1150 મેટ્રિક ટનથી વધારીને 1800 મેટ્રિક ટન કરવામાં આવશે. પીએસએ પ્લાન્ટ્સની સંખ્યા પણ વધારીને લગભગ 400 કરવામાં આવશે. ઑક્સિજન કોન્સન્ટ્રેટરની સંખ્યા 700થી વધારીને 10,000 કરવામાં આવશે. સંભવિત ત્રીજી લહેર માટે રેમડેસિવિર, એમ્ફોટેરેસિન-બી, ટોસિલિઝુમેબ અને ફેવિપેરાવીર ટેબલેટ્સનો પૂરતો જથ્થો સુનિશ્ચિત કરવામાં આવશે.

ત્રીજી લહેરનો સામનો કરવા માટે પૂરતો મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ સુનિશ્ચિત કરવામાં આવશે. થ્રી ટી સ્ટ્રેટેજી માટે સર્વેલન્સ યુનિટ્સની સંખ્યા 14 હજારથી વધારીને 21 હજાર અને સર્વેલન્સ ટીમની સંખ્યા 21 હજારથી વધારીને 60 હજાર કરવાનો સંકલ્પ. સાથે જ ધન્વંતરિ અને સંજીવની રથની સંખ્યા પણ વધારવામાં આવશે. કૉવિડ-19ની પરિસ્થિતિના સીધા નિયંત્રણ માટે મુખ્યમંત્રી સ્તરે દેખરેખ થઈ શકે તે માટે જિલ્લા સ્તર પર કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર્સ કાર્યરત કરવામાં આવશે, જેમને સીએમ ડેશબોર્ડ સાથે રિયલ ટાઇમ અપડેટના માધ્યમથી જોડવામાં આવશે. હોસ્પિટલોમાં ઉપલબ્ધ બેડ્સની જાણકારી માટે એક નોડલ અધિકારીની નિમણૂક કરવામાં આવશે.

ત્રીજી લહેરને રોકવા માટે વૅક્સિન એક અમોઘ શસ્ત્ર છે. પરિણામે, સપ્ટેમ્બર, 2021 સુધીમાં રાજ્યમાં વધુમાં વધુ લોકોને વૅક્સિનનો ડોઝ આપવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. ત્રીજી લહેરમાં બાળકો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે, અને સરકારી હોસ્પિટલોમાં બાળકો માટે ઉપલબ્ધ બેડ્સની સંખ્યા 2000થી વધારીને 4000 કરવામાં આવશે, જેમાં ચાઇલ્ડ-ફ્રેન્ડલી વૉર્ડ્સ સ્થાપિત કરવામાં આવશે. બાળકોનાં માતા-પિતા માટે સુવિધાઓ, રંગીન કાર્ટુન ચિત્રોથી સજાવેલી દીવાલો, ટેલિવિઝન અને રમકડાંઓ રાખવામાં આવશે. બાળકો માટે વેન્ટિલેટરની સંખ્યા 500થી વધારીને 1000 કરવામાં આવશે. કોવિડ કેસ કયા ક્ષેત્રમાં વધ્યા છે, સંક્રમણની સ્થિતિ, પોઝિટિવ દરદીઓનો દર અને હોસ્પિટલમાં બેડ્સની ઉપલબ્ધતા અનુસાર સંબંધિત જિલ્લાઓ અને શહેરોમાં શૈક્ષણિક સંસ્થાઓ, પરિવહન સેવાઓ, શોપિંગ મોલ, દુકાનો અને સાર્વજનિક સ્થળોએ ગ્રીન, બ્લ્યૂ, યેલો, બ્રાઉન અને રેડ કલરના કોડ આપીને તે અનુસાર પાબંદીઓ અને છૂટ આપવામાં આવશે.

### તાઉ-તે વાવાઝોડાનો તાકાતવર મુકાબલો

કોવિડ-19ની બીજી લહેરનો સામનો ગુજરાત કરી જ રહ્યું હતું, તે દરમિયાન તાઉતે વાવાઝોડાની અન્ય એક કુદરતી આફત સામે રાજ્યને લડવું પડ્યું. પરંતુ, ગુજરાતે ખૂબ હિંમતથી અને સફળતાપૂર્વક તાઉતે વાવાઝોડાનો સામનો કર્યો. 11 મેના રોજ હવામાન વિભાગ દ્વારા વાવાઝોડા અંગે પહેલી ચેતવણી મળતાં જ રાજ્ય સરકારે વાવાઝોડાંથી બચાવ અને રાહતકાર્યો માટે કાર્યવાહી શરૂ કરી દીધી હતી. વાવાઝોડું રાજ્ય પર ત્રાટકે ત્યારે જાનમાલને ઓછામાં ઓછું નુકસાન થાય, તેના પર સરકારે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને તે મુજબ અસરકારક એક્શન પ્લાન અમલમાં મૂક્યો.

તમામ 33 જિલ્લાઓમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું. 21 જિલ્લાઓમાંથી મોટા પાયે 2,38,057 લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું. આશ્રયઘરોમાં લોકો માટે રહેવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી, તેમજ મેડિકલ ચેક-અપ અને કોવિડ-19ની ગાઇડલાઇન્સનું પાલન કરવામાં આવ્યું માછીમારોને સંરક્ષણ પૂરું પાડવામાં આવ્યું. સમુદ્રમાં ગયેલી તમામ 4566 હોડીઓ અને 19,811 માછીમારો 16 મે સુધીમાં હેમખેમ સમુદ્રમાંથી પરત આવી ગયા. આ માટે તટરક્ષકો, સમુદ્રી પોલીસ અને મત્સ્ય વિભાગે સહયોગ આપ્યો નાના-મોટાં તમામ બંદરો પરની કામગીરી અટકાવી દેવામાં આવી. 11,195 અગરિયાઓને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા. શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાંથી 11,826 હોર્ડિંગ્સ હટાવી લેવામાં આવ્યા, જેથી તેના પડી જવાથી લોકોને નુકસાન ન થાય. 668 કામચલાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચરો હટાવી લેવામાં આવ્યા

### ફોર પોઈન્ટ સ્ટ્રેટેજી

- રાજ્યના અન્ય હિસ્સાઓમાંથી અસરગ્રસ્ત વિસ્તારો માટે જનશક્તિ મેળવવી
- અસરગ્રસ્ત વિસ્તારોમાં ઇનચાર્જ મંત્રીઓ અને સચિવોએ કાર્યભાર સંભાળ્યો
- IAS અને IPS અધિકારીઓ તેમજ વિભાગના અધિકારીઓને જવાબદારીઓ સોંપવામાં આવી.
- 508 ડિ-વોટરિંગ પંપની સુવિધા ઊભી કરવામાં આવી.

### ક્વિક રિસ્પોન્સ ટીમોનું ગઠન

રેપિડ રિસ્ટોરેશન ટીમની રચના કરવા માટે R & B, સ્વાસ્થ્ય અને મહેસૂલ વિભાગોમાંથી 1461 સંસાધનોને ઝડપથી ભેગાં કરવામાં





આવ્યા. NDRFની 44 ટીમો, SDRFની 10 ટીમો સહિત પોલીસ, SRP, હોમગાર્ડ અને અન્ય વિભાગોમાંથી કુલ 6738 કર્મીઓને ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમ તરીકે તૈનાત કરવામાં આવ્યા.

### જનજાગૃતિ માટે નક્કર કામ

સ્થાનિક લોકો માટે 'શું કરવું, શું ન કરવું'ની માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી અને તેમને પહોંચાડવામાં આવી. 2 કરોડથી વધુ લોકોને જાગૃતિ અભિયાન માટેના સામૂહિક એસએમએસ મોકલવામાં આવ્યા. કોસ્ટ ગાર્ડ્સ અને સશસ્ત્ર દળો સાથે સતત સંપર્કની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી. ત્રણ સ્તરીય 24X7 કંટ્રોલ રૂમની સ્થાપના કરવામાં આવી.

### મુખ્યમંત્રીશ્રી દ્વારા સતત ઓનગ્રાઉન્ડ મોનિટરિંગ અને માર્ગદર્શન

વાવાઝોડું ગુજરાતમાં ત્રાટકે તે પહેલાં અને તે દરમિયાન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) પર સતત હાજર રહ્યા હતા. વાવાઝોડાની સમગ્ર સ્થિતિ દરમિયાન મુખ્યમંત્રીશ્રી અને મુખ્ય સચિવશ્રી જિલ્લા કલેક્ટરો સાથે સતત વીડિયો કોન્ફરન્સ દ્વારા સંપર્કમાં રહ્યા હતા, પરિસ્થિતિની સમીક્ષા કરી હતી તેમજ જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યાં હતાં. આમ, રાજ્યમાં અચાનક આવી પડેલી આ કુદરતી આફત દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ ઓનગ્રાઉન્ડ મોનિટરિંગ દ્વારા સમગ્ર પરિસ્થિતિનું સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું.

### પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી શ્રી દ્વારા રાજ્ય સરકારને સતત માર્ગદર્શન

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે તાઉતે વાવાઝોડા માટે ગુજરાત સરકારને તમામ શક્ય મદદ કરવાની ખાતરી આપી હતી. વાવાઝોડું જ્યારે ગુજરાતમાં ત્રાટક્યું ત્યારે પણ પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે સતત સંપર્કમાં રહ્યા હતા અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુજરાત માટે રૂ.1000 કરોડનું રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું.

### કોરોનાના દર્દીઓની સુરક્ષા સુનિશ્ચિત કરી

કોરોનાના દર્દીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ડબલ જનરેટર સાથે ડેડિકેટેડ કોવિડ સેન્ટરોમાં ડબલ પાવર બેકઅપની વ્યવસ્થા કરવામાં આવી. વીજળીના અવિરત સપ્લાય માટે સરકારી અને ખાનગી મળીને 1306 ડેડિકેટેડ કોવિડ સેન્ટરોને એલર્ટ કરવામાં આવ્યાં હતાં અને ત્યાં બાયો-મેડિકલ એન્જિનિયર અને R&B વિભાગના ઈલેક્ટ્રિશિયન અધિકારીઓ તેમજ PIUs ને હોસ્પિટલોમાં તૈનાત કરવામાં આવ્યા હતા. પરિસ્થિતિને પહોંચી વળવા માટે ઓછામાં ઓછા 178 આઈસીયુ ઓન વ્હિલ્સ અને 636 જેટલી '108 એમ્બ્યુલન્સ' સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી. દર્દીઓ માટે ઑક્સિજનનો જથ્થો સુનિશ્ચિત કરવા માટે તમામ હોસ્પિટલોમાં 1-3 દિવસનો બફર સ્ટોક ઉપલબ્ધ કરવામાં આવ્યો હતો. ગુજરાતના સાત ઑક્સિજન પ્રોડક્શન પ્લાન્ટ્સ સાથે પણ આ હોસ્પિટલોને જોડવામાં આવી હતી, જેથી ઑક્સિજનની અછતની સંભાવના સંપૂર્ણપણે દૂર થઈ જાય. આ ઉપરાંત, ઑક્સિજનના આપાતકાલીન પરિવહન માટે 56 બચાવદળો સાથે 39 ગ્રીન કોરિડોર બનાવવામાં આવ્યા હતા.

### યુદ્ધના ધોરણે રાહત અને બચાવકાર્ય

તાઉતે વાવાઝોડાએ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં તબાહી મચાવ્યા પછી, રાજ્ય સરકારે ક્ષતિગ્રસ્ત વિસ્તારોમાં રિસ્ટોરેશન માટેની પ્રવૃત્તિઓ તાત્કાલિક ધોરણે કાર્યાન્વિત કરી.







ક્ષતિગ્રસ્ત વિસ્તારોમાંથી શહેરી અને ગ્રામીણ ઓથોરિટીઝને સ્થાનાંતરિત કરીને મોટા પાયે સફાઈકાર્ય કરવામાં આવ્યું. વાવાઝોડાંથી થયેલાં નુકસાનનો તાગ મેળવવા માટે તાત્કાલિક સર્વે હાથ ધરવામાં આવ્યો, જેથી સમયસર નાણાકીય રાહતનું વિતરણ કરી શકાય. ઓન-ગ્રાઉન્ડ દેખરેખ માટે અનેક સ્વાસ્થ્યકર્મીઓની ટીમને તહેનાત કરવામાં આવી હતી, તેમ જ ટૂંક સમયમાં મહત્ત્વની બિલ્ડિંગોનાં રિસ્ટોરેશન માટે પણ ટીમોની રચના કરવામાં આવી.

### બચાવ, રાહત અને પુનઃસ્થાપન

19 મે ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાથે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના વાવાઝોડાથી પ્રભાવિત વિસ્તારોનું હવાઈ સર્વેક્ષણ કર્યું, અને ત્યારબાદ રાજ્ય સરકારના અધિકારીઓ સાથે અમદાવાદમાં એક રિવ્યૂ મિટિંગ રાખવામાં આવી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાવાઝોડાથી અસરગ્રસ્ત થયેલા લોકો પ્રત્યે સંવેદનશીલતા દાખવીને નાણાકીય મદદની જાહેરાત કરી, જેમાં મૃતક વ્યક્તિઓના પરિવારજનો માટે રૂ. 2 લાખ અને ઘાયલ લોકો માટે રૂ. 50,000ની નાણાકીય સહાયતા જાહેર કરવામાં આવી. 20 મે ના રોજ મુખ્યમંત્રીશ્રીએ ગિર સોમનાથ જિલ્લાના વાવાઝોડાંથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી અને પરિસ્થિતિની સમીક્ષા કરી. તેમણે સ્થાનિક લોકો સાથે વાતચીત કરી અને રાજ્ય સરકાર દ્વારા શક્ય તમામ મદદ કરવાનું આશ્વાસન આપ્યું. રાજ્યના ખેડૂતોને વાવાઝોડાથી થયેલા નુકસાનમાંથી બેઠાં કરવા માટે કેન્દ્ર સરકારે રૂ. ૧૦૦૦ કરોડ અને ગુજરાત સરકારે કેન્દ્ર સરકારની સહાય ઉપરાંત રૂ. ૫૦૦ કરોડની રકમનું રાહત પેકેજ જાહેર કર્યું. આની સાથોસાથ રાજ્યના માછીમારોને થયેલા નુકસાન સામે ગુજરાત સરકારે **રૂ. 105 કરોડ**નું રાહત પેકેજ જાહેર કર્યું.

### વાવણીથી લઈને વાવેતર સુધી, ખેડૂતોની પડખે અડીખમ ગુજરાત સરકાર

રાજ્યના ખેડૂતોનાં કલ્યાણ અને સમૃદ્ધિ માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના સંવેદનશીલ નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે અનેક અભૂતપૂર્વ અને પરિણામલક્ષી નિર્ણયો લીધા છે. ખેડૂતોને આર્થિક સહાયતા, ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર તેમ જ દરેક સંભવ સહાયતાઓ પ્રદાન કરવા માટે ગુજરાત સરકાર અનેકવિધ પહેલ કરી રહી છે. ખેડૂતોના સારા નરસા તમામ સમયમાં રાજ્ય સરકાર અડીખમ તેમની પડખે ઊભી છે અને 2022 સુધીમાં ખેડૂતોની આવક બમણી થાય અને રાજ્યનો ખેડૂત સમૃદ્ધ બને તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

### કુદરતી આફતોથી થયેલા પાક નુકસાન સામે સહાયતા પેકેજ

વર્ષ 2017માં બનાસકાંઠા અને અન્ય જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે પાકને થયેલા નુકસાન માટે રૂ. 1706 કરોડની સહાયતા આપવામાં આવી. વર્ષ 2018માં વિવિધ કુદરતી આફતોના કારણે ખેડૂતોને થયેલા નુકસાન સામે રાહત આપવા માટે રૂ. 1673 કરોડની નાણાકીય સહાયતા અપાઈ. નવેમ્બર 2019માં કમોસમી વરસાદને કારણે પાકને થયેલા નુકસાન માટે રૂ. 3795 કરોડનું ઐતિહાસિક પેકેજ જાહેર કરવામાં આવ્યું. ઓગસ્ટ, 2020માં આવેલા ભારે વરસાદને કારણે પાકને જે નુકસાન થયું, તેમાંથી રાજ્યના ખેડૂતોને ઉગારવા માટે રૂ.3700 કરોડનું રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું.

### સાત પગલાં ખેડૂત કલ્યાણનાં

કૃષિ ક્ષેત્રના વિકાસ અને ખેડૂતોને વાવણીથી લઈને વેચાણ સુધીની સહાયતા પ્રદાન કરવા માટે મુખ્યમંત્રીશ્રીએ સંવેદનશીલ યોજના 'સાત પગલાં ખેડૂત કલ્યાણનાં' જાહેર કરી. આ યોજના

અંતર્ગત પાક સંગ્રહ યોજના અન્વયે પાકના સંરક્ષણ માટે એક નાનું ગોડાઉન બનાવવા માટે સહાયતા આપવામાં આવે છે. અત્યાર સુધીમાં 12,571 ખેડૂત લાભાર્થીઓને કુલ રૂ.2920.65 લાખની નાણાકીય સહાયતા આપવામાં આવી છે. કિસાન પરિવહન યોજના હેઠળ અત્યાર સુધીમાં, 2477 લાભાર્થીઓને કુલ રૂ.1747 લાખની નાણાકીય સહાયતા આપવામાં આવી છે. જ્યારે ગાય આધારિત ખેતી માટે સહાયતા પ્રદાન કરવાની યોજનામાં ખેડૂતોને ગાયોના ઉછેર માટે કુલ રૂ.5696 લાખનું વિતરણ કરવામાં આવ્યું છે. જીવનઅમૃત સહાય માટે જંતુનાશકો બનાવવા માટે અત્યાર સુધીમાં કુલ 42,364 કિટનું વિતરણ કરવામાં આવ્યું છે. રસ્તાને કિનારે ફળ અને શાકભાજી વેચતા લોકોને તાપ, ટાઢ અને વરસાદથી રક્ષણ મળે તે માટે અત્યાર સુધીમાં કુલ 56,697 છત્રીઓનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું છે.

### મુખ્યમંત્રી કિસાન સહાય યોજના

અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ કે કમોસમી વરસાદને કારણે પાકને થનારા નુકસાનથી ખેડૂતોને રક્ષણ આપવા માટે ગુજરાત સરકારે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના શરૂ કરી. આ યોજનાનો મહત્તમ લાભ ખરીફ પાકોની ખેતી કરનારા ખેડૂતોને મળે છે. મહત્તમ 4 હેક્ટર માટે, 33% થી 60% પાક નુકસાન માટે રૂ.20,000 પ્રતિ હેક્ટરની નાણાકીય સહાયતા આપવામાં આવે છે. મહત્તમ 4 હેક્ટર માટે, 60%થી વધુ પાક નુકસાન માટે રૂ.25,000 પ્રતિ હેક્ટરની નાણાકીય સહાયતા મળે છે. આ યોજના હેઠળ ખેડૂતોને કોઈપણ જાતનું પ્રીમિયમ ભર્યા વગર સહાયતા આપવામાં આવે છે. વન અધિકાર કાયદા હેઠળ રજિસ્ટર થયેલા ખેડૂતોને પણ આ યોજનાનો લાભ મળે છે.

### ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે લેવામાં આવેલાં પગલાં

ખેડૂતોને તેમના ખેતઉત્પાદનોના વાજબી ભાવ મળે અને તેઓ આર્થિક રીતે સક્ષમ બને તે માટે તેમના ખેત ઉત્પાદનોની ટેકાના ભાવે રાજ્ય સરકાર ખરીદી કરે છે. છેલ્લાં 5 વર્ષોમાં રાજ્ય સરકારે 20 લાખથી વધુ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે રૂ.19 હજાર કરોડથી વધુના 38 લાખ 37 હજાર મેટ્રિક ટન ખેત ઉત્પાદનોની ખરીદી કરી છે. ખેડૂતોને આર્થિક મુશ્કેલી ન પડે તે માટે શૂન્ય ટકાના વ્યાજ દરે પાક ધિરાણ આપવામાં આવે છે, આ માટે રૂ.500 કરોડનું રિવોલ્વિંગ ફંડ ઊભું કરવામાં આવ્યું છે. ખેતરમાં સોલર પેનલ મૂકીને ખેડૂતો વીજળીનું ઉત્પાદન સ્વયં કરીને વધારાની વીજળીથી આવક મેળવી શકે એવી 'સૂર્યશક્તિ કિસાન યોજના' અમલમાં મૂકવામાં આવી છે. અત્યાર સુધીમાં 4445 લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળ્યો છે. ખેડૂતોને દિવસના સમયે પણ વીજળી પૂરી પાડવાનો સંવેદનશીલ નિર્ણય લઈને 'કિસાન સૂર્યોદય યોજના'નો તબક્કાવાર અમલ કરવામાં આવ્યો, જેથી રાત્રે અંધારામાં પાણી વાળવાની ઝંઝટ અને જીવજંતુઓના ત્રાસમાંથી ખેડૂતોને મુક્તિ મળી. અત્યાર સુધીમાં રાજ્યના 3 લાખ 38 હજારથી વધુ ખેડૂતોને આ યોજનાનો લાભ મળ્યો છે.

### કોરોના મહામારીમાં ખેડૂતોની પડખે

કોરોના વાઈરસની પ્રથમ લહેર દરમિયાન રાજ્યમાં જ્યારે સંપૂર્ણ લૉકડાઉન લાગુ કરવામાં આવ્યું, ત્યારે ખેડૂતો માટે ખૂબ કપરો સમય હતો. આ સમય દરમિયાન ખેડૂતોને કોઈપણ આર્થિક મુશ્કેલી ન પડે, તે માટે રાજ્ય સરકારે અનેક કલ્યાણકારી પગલાઓ લીધાં હતાં. રાજ્યના ખેડૂતોને ઝીરો ટકાથી ધિરાણ મળી રહે તે માટે લોન પરત ભરવાની મુદત 31 ઓગસ્ટ, 2020 સુધી વધારી આપવામાં આવી. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ ખેડૂતોને એપ્રિલ, મે અને જૂન મહિનાઓ માટે ચૂકવવાના થતા હપતાઓ માફ કર્યા. ગુજરાત સરકારે ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ આપવામાં આવતા રૂ.2000 સીધા તેમના બેંક અકાઉન્ટમાં એડવાન્સ હપતા તરીકે જમા કર્યા. આ માટે રાજ્ય સરકારે કુલ રૂ. 1112 કરોડનો ખર્ચ કર્યો અને તેનાથી રાજ્યના 56 લાખથી વધુ ખેડૂતોને લાભ થયો. લૉકડાઉન દરમિયાન ખેડૂતોને રવી પાકની લણણી અને ટ્રાન્સપોર્ટ કરવાની છૂટ આપવામાં આવી હતી. આ સાથે જ રાત્રિના સમયે ખેતરોમાં બોરવેલ સંબંધિત સાધનોને ટ્રાન્સફર કરવાની તેમજ સિંચાઈ કરવાની મંજૂરી પણ આપવામાં આવી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની 'ટીમ ગુજરાત'ના છેલ્લાં પાંચ વર્ષો, રાજ્યની વિકાસયાત્રાના મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોન જેવાં રહ્યાં. ગુજરાતના વિકાસસામર્થ્ય અને પારદર્શક વહીવટ દ્વારા સંવેદનશીલતાપૂર્વક લેવામાં આવેલા ફટાફટ અને સટાસટ નિર્ણયો દ્વારા પ્રગતિશીલતાની પરાકાષ્ઠા સર્જાઈ છે. છેલ્લા પાંચ વર્ષોમાં જનસામાન્યના વિકાસની નવતર પરિભાષા અનુભવી શકાય છે. જળસંચય, જળસંવર્ધન અને જળવિતરણ માટેનો સુજલામ્ સુફલામ્ જળઅભિયાન સ્વરૂપે અનોખો પરિશ્રમયજ્ઞ ગુજરાતે દેશ અને દુનિયાને બતાવ્યો છે. લોકોના પ્રશ્નો અને મુશ્કેલીઓ તેમના દ્વારે જઈને સેવા સેતુના મધ્યમથી ઉકેલવામાં આવી છે. ઊર્જા ઉત્પાદન અને સંવર્ધન ક્ષેત્રે ગુજરાતે છેલ્લાં પાંચ વર્ષમાં જબરું કાઠું કાઢ્યું છે. શહેરો અને ગામોના સમતોલ વિકાસની પરિભાષા ગુજરાતમાં અંકિત થઈ છે. ખેડૂતો, મહિલાઓ, યુવાનો, વંચિતો, વનબંધુઓ સમાજના તમામ લોકોને વિકાસની મુખ્યધારામાં લાવવાના સમુચિત પ્રયાસો 'ટીમ ગુજરાત'ના દૃઢ નિર્ણયો અને પરિણામલક્ષી કાર્યપ્રણાલીને કારણે શક્ય બન્યું છે. ગત પાંચ વર્ષમાં શ્રી વિજયભાઈ રૂપાણીની પાણીદાર સરકારે દૃઢ રાજકીય ઈચ્છાશક્તિથી સંવેદનશીલતાપૂર્વક પરિણામલક્ષી નિર્ણાયકતા દાખવી જનજનને પારદર્શક શાસનની પ્રતીતિ કરાવી પ્રગતિશીલતાની પરાકાષ્ઠા સર્જી છે.●




### શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના વડાપ્રધાન બનતાંની સાથે

# ગુજરાતની ઉન્નતિ અને સમૃદ્ધિના માર્ગો ખુલી ગયા...



સમીર રામી

ગુજરાતમાં વિક્રમજનક રીતે સતત ૧૨ વર્ષ સુધી વિકાસલક્ષી ગુડ ગવર્નન્સ દ્વારા દેશ અને દુનિયાને વિકાસનું 'ગુજરાત મોડલ' આપી જનમત વિકાસના મુદ્દે જ મળે તેવી દાખલારૂપ ઘટનાના સર્જક, ગુજરાતના પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાનપદે આરૂઢ થતાં ગુજરાતની ઉન્નતિ અને સમૃદ્ધિના માર્ગો ખુલી ગયા. ગુજરાત અસ્તિત્વમાં આવ્યા બાદ વર્ષ ૧૯૬૦થી વર્ષ ૨૦૧૩ સુધીમાં ગુજરાતને જેટલું નહોતું મળ્યું એટલું નરેન્દ્રભાઈએ વડાપ્રધાન બન્યાના સાત વર્ષમાં ગુજરાતને ભેટ આપ્યું છે. ૧૨મી જૂન, ૨૦૧૪નો દિવસ ગુજરાત અને પ્રત્યેક ગુજરાતી માટે યાદગાર અને ઐતિહાસિક બની ગયો. ભારતના લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાનનો પદભાર સંભાળ્યાના ૧૬મા જ દિવસે ગુજરાત સરકારની નર્મદા સરોવર ડેમ ઉપર ૩૦ દરવાજા મૂકવાની વર્ષો જૂની ગુજરાતની રજૂઆતને ભારત સરકારે મંજૂરીની મહોર મારી યોગ્ય પ્રતિસાદ આપ્યો. ગુજરાતના સપૂતની ગુજરાતને આપેલી આ પ્રથમ અવિસ્મરણીય ભેટ હતી.

છેલ્લા ૭ વર્ષથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની કેન્દ્ર સરકાર દ્વારા જનહિતલક્ષી અનેકવિધ યોજનાઓનો ગુજરાતમાં શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર દ્વારા સુદૃઢ રીતે અમલ થઈ રહ્યો છે. જેના પ્રભાવક પરિણામો પ્રાપ્ત થઈ રહ્યાં છે. તા. ૧૨ જૂન, ૨૦૧૪નો દિવસ યાદગાર બની રહ્યો. આ દિવસે સરદાર સરોવર ડેમ ઉપરના દરવાજા બંધ કરવાની મંજુરી મળતા ૨૦૧૭માં ડેમ સંપૂર્ણ ભરાયો.

- શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન પદે બિરાજમાન થયાના માત્ર ૧૬ દિવસે તા. ૧૨/૦૬/૨૦૧૪ના રોજ સરદાર સરોવર યોજનાનાં ફેઝ-૧ના સ્પીલવે પીયર્સ પૂર્ણ ઊંચાઈ સુધી, બ્રીજ, દરવાજા બેસાડવા મંજૂરી.
- સરદાર સરોવર યોજનાને ત્રણ વર્ષમાં રૂ. ૪૭૯૭ કરોડની કેન્દ્રીય સહાય.
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનામાં ૨૦૧૭-૧૮ સુધીમાં સૂક્ષ્મ સિંચાઈ હેઠળ ૧૬,૪૬,૬૧૦ હેક્ટર વિસ્તારને આવરી લઈ ૧૦,૨૦,૫૩૭ ખેડૂતોને લાભ આપ્યો.
- સામાન્ય અને સીમાંત ખેડૂતોની સબસિડી વધારી ૭૦ ટકા અને એસસી/એસટી ખેડૂતો માટે ૮૫ ટકા કરી આપી.
- સમગ્ર રાજ્યમાં ૧૮,૭૯,૪૫૮ ગેસ કનેક્શનના લક્ષ્યાંકની સામે ૧૩,૬૭,૭૦૧ (૭૩%) કનેક્શન પૂરા પાડવામાં આવ્યા.
- પ્રધાનમંત્રી ઉજાલા યોજનામાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે. આ યોજના અંતર્ગત ૩.૯૪ કરોડથી વધારે LED બલ્બ, ૧૧.૭૮ લાખથી વધારે LED ટ્યૂબલાઈટ્સ, ૫.૮૭ લાખ એનર્જી એફિસિયન્ટ પંખાનું વિતરણ કરવામાં આવ્યું છે.
- ગુજરાતના શહેરી વિસ્તારોની ૧૧ લાખ LED સ્ટ્રીટલાઈટમાં રૂપાંતરિત કરવામાં આવી.
- પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અંતર્ગત વર્ષ ૨૦૨૨ સુધીમાં 'સૌના માટે આવાસ' અન્વયે ગુજરાત રાજ્યમાં કુલ ૩,૧૧,૮૦૩ આવાસોના લક્ષ્યાંક સામે છેલ્લા ચાર વર્ષમાં

*છેલ્લા ૭ વર્ષથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની કેન્દ્ર સરકાર દ્વારા જનહિતલક્ષી અનેકવિધ યોજનાઓનો ગુજરાતમાં શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર દ્વારા સુદૃઢ રીતે અમલ થઈ રહ્યો છે. જેના પ્રભાવક પરિણામો પ્રાપ્ત થઈ રહ્યાં છે.*

રૂ. ૨૯૨૬.૨૮ કરોડના ખર્ચે ૨,૩૦,૨૬૭ આવાસોનું નિર્માણ અને ૯૮,૩૬૭ આવાસો પ્રગતિ હેઠળ છે.

- પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત તા.૨૧-૫-૨૦૧૮ સુધીમાં ૨,૫૮,૫૧૪ આવાસો મંજૂર થયાં. ૮૨૯૭૩ આવાસોની કામગીરી પૂર્ણ અને ૧,૭૦,૫૦૭ આવાસોના કામ પ્રગતિ હેઠળ છે.
- રૂ. ૮૩૯૨ કરોડના ચૂકવણાની જવાબદારીનો ભારત સરકાર દ્વારા સ્વીકાર, જે પૈકી પ્રથમ તબક્કે રૂ. ૭૨૫૮.૮૦ કરોડની માતબર રકમ રીલિઝ કરવામાં આવી છે.
- ભારત અને જાપાનના વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં અમદાવાદમાં સાબરમતી ટર્મિનલ ખાતે જાપાનના સહયોગથી સાકાર થનાર બૂલેટ ટ્રેનનું ખાતમુહૂર્ત. ભારતીય રેલવેના ઇતિહાસમાં બૂલેટ ટ્રેનનો ક્રાંતિકારી પ્રારંભ ગુજરાતની ભૂમિ ઉપર.
- ઓખા અને બેટ દ્વારકાને જોડતા સમુદ્ર પરના કેબલ સ્ટડ બ્રિજને રૂ.૯૬૩ કરોડના ખર્ચે મંજૂરી આપવામાં આવી.
- સ્માર્ટ સિટીઝ મિશન અંતર્ગત ૬ શહેરો માટે સ્માર્ટ સિટી પ્લાનને કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૧૨૧૫૮ કરોડની મંજૂરી આપવામાં આવી છે જેમાં રૂ. ૫૭૫ કરોડ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવ્યા.
- ભારત સરકારના રેલવે વિભાગ અને ગુજરાત સરકારના સંયુક્ત સાહસ 'જી રાઈડ' હેઠળ ૧૨ પ્રોજેક્ટ પૈકી પ્રથમ તબક્કે ૬ પ્રોજેક્ટને અગ્રતા આપવામાં આવી.
- જેમાં છારા પોર્ટ, નાગરોળ પોર્ટ, બેડી પોર્ટ રૂ. ૫૩૪ કરોડના ખર્ચે આંતરિક કનેક્ટિવિટીની સુવિધા વિકસાવાશે.
- રાજકોટ ખાતે રૂ. ૧૪૦૦ કરોડના ખર્ચે ગ્રીનફિલ્ડ એરપોર્ટને મંજૂરી.
- ઉડાન - રીજિયોનલ કનેક્ટિવિટી યોજના હેઠળ રાજ્યમાં ૬ સ્થળોએ દૈનિક સુવિધાનો પ્રારંભ.
- રાજ્યમાં ૧૩ સ્થળોએ બુદ્ધિસ્ટ સર્કીટ વિકસાવવા માટે રૂ. ૩૬ કરોડની સહાય આપવામાં આવી.
- વડનગર-મોઢેરા તથા પાટણ ખાતે હેરિટેજ સર્કીટ વિકસાવવા માટે રૂ ૧૦૦ કરોડની સહાય.
- સોમનાથ અને દ્વારકા ખાતે પ્રસાદ યોજના હેઠળ અનુક્રમે રૂ. ૨૬ કરોડ અને રૂ. ૩૮ કરોડની સહાય.
- મુદ્રા યોજના અંતર્ગત ગુજરાતમાં છેલ્લા ૩ વર્ષમાં (વર્ષ ૨૦૧૫-૧૬ થી ૨૦૧૭-૧૮ સુધીમાં) ૩૬,૯૧,૦૮૬ યુવા ઉદ્યોગ સાહસિકોને રૂ. ૨૫,૨૦૩ કરોડની લોન સહાય.
- નેશનલ ફુડ સિક્યોરિટી મિશનનો રાજ્યને રૂ.૧૦૬.૦૩ કરોડની ફાળવણી અને ૭.૬૩ કરોડને લાભ.
- ૧૨ પસંદગી યુક્ત હેરિટેજ સિટી પૈકી દ્વારકાનો પાયલોટ પ્રોજેક્ટમાં સમાવેશ.
- રેલવે મંત્રાલય દ્વારા ૩૬ નવી ટ્રેઈન, ૬ નવા એક્સટેંશન અને બે ફ્રીકવન્સી ઓફ ટ્રેઈન્સને મંજૂરી.
- વડોદરામાં ભારતની પહેલી રેલ એન્ડ ટ્રાન્સપોર્ટેશન




યુનિવર્સિટી ૨૦૧૮થી શરૂ કરવામાં આવી છે.

- જામનગરની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચીંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદને રાષ્ટ્રીય મહત્વના સંસ્થાનનો દરજ્જો.
- ગુજરાત ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પેશ એપ્લિકેશન્સ એન્ડ જીયો ઈન્ફર્મેટિક્સ - બાયસેગને નેશનલ ઈન્સ્ટિટ્યૂટનો દરજ્જો.
- ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને ગુજરાતની રક્ષા શક્તિ યુનિવર્સિટીને નેશનલ ઈન્સ્ટિટ્યૂટનો દરજ્જો.
- ભારત સરકારની ગુજરાતને એઈમ્સની ભેટ.
- ઘોઘા - દહેજ અને હજીરા-ઘોઘા વચ્ચે ફેરી સેવા શરૂ.
- ગુજરાત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનામાં વધુને વધુ ખેડૂતો લાભ લેવા જોડાય તે માટે સઘન અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.
- ગુજરાતમાં પ્રધાનમંત્રી જન-ધન યોજના અંતર્ગત ૧.૧૯ કરોડ બચત ખાતામાં તા.૩૧-૦૩-૨૦૧૮ની સ્થિતિએ ૩.૨૫ કરોડ રૂપિયા જમા થયા. ૯૫.૭૯ લાખ રૂપે કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું.
- કિસાન સન્માન નીધિ યોજનામાં ગુજરાત ૫૧.૩૪ લાખ ખેડૂતોના ખાતામાં રૂ. ૧૦૨૬ કરોડ જમા થયા.
- કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૨૦ કરોડના ખર્ચે અતિ આધુનિક સવલતોથી સજ્જ રેલવે સ્ટેશનનું નિર્માણ. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ માત્ર ૪૫ મિનીટમાં વડોદરાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી પહોંચી શકાશે.
- નર્મદાના તીરે સરદાર સરોવર ડેમ સન્મુખ તેમની ૧૮૨ મીટર વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાથી ગુજરાતની આગવી ઓળખ ઉભી થઇ.

આ ઉપરાંત, આયુષમાન ભારત, સુકન્યા સમૃદ્ધિ યોજના, પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના, અટલ પેન્શન યોજના જેવી યોજનાનો પણ લાભ ગુજરાતના લોકોને આપવામાં રાજ્ય સરકારે અગ્રીમ ભૂમિકા નિભાવી છે. આમ ગુજરાતને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ખોબલે ને ખોબલે યોજનાકીય સહાય આપી જનજનના વિકાસ-પ્રગતિને પ્રોત્સાહિત કરી છે. ●

(લેખક જાણીતા કટાર લેખક અને પત્રકાર છે.)




# કોરોના સામે ગુજરાતનો જંગ... કોરોના હાર્યો, લોકો જીત્યા



ગૌતમ પુરોહિત


ગુજરાત સરકાર છેલ્લા દોઢ વર્ષથી કોરોના સંક્રમણ સામે જંગ ખેલી રહી છે અને સફળતા પણ પ્રાપ્ત કરી રહી છે. કોરોનાની બે લહેરના અનુભવથી હવે એવો મુકામ આવ્યો છે કે કેસ ઘટી રહ્યાં છે. કોરોના સંક્રમણને ખાળવા માટે વૅક્સિનેશન ઉત્તમ ઉપાય છે તેને ધ્યાને લઈને સરેરાશ રોજના ત્રણ લાખથી વધુ લોકોનું વૅક્સિનેશન થઇ રહ્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ત્રણ કરોડ કરતાં વધુ લોકોએ વૅક્સિન લીધી છે. સરકારે હવે કોરોના સામે વેપારીઓ અને સેવાકીય સંસ્થાઓના કર્મચારીઓને સુરક્ષિત કરવાનું આયોજન કર્યું છે જે ત્રીજી લહેરને રોકવામાં અત્યંત સક્ષમ બનશે.

કોરોના સામેની લડાઈમાં વૅક્સિન અમોઘ શસ્ત્ર સાબિત થયું છે. વેપારી વર્ગ માટે ખાસ કેમ્પના આયોજનથી સામૂહિક વૅક્સિનેશન પાર પાડવામાં આવ્યું છે. સરકારની અસરકારક કામગીરીના કારણે કોરોનાનું સંક્રમણ દિવસે દિવસે ઘટી રહ્યું છે. કેસોની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. ગુજરાતમાં વેપાર-ધંધા પુન શરૂ થયા છે. નાના અને મધ્યમવર્ગને રોજગારી મળી રહે તે માટે સરકારે કોરોના પ્રોટોકોલના ચૂસ્ત અમલ સાથે નિયંત્રણોમાં ક્રમશ રાહતો આપી છે. હારશે કોરોના, જીતશે ગુજરાતના મંત્ર સાથે રાજ્યના આરોગ્ય વિભાગે તકેદારીના અનેક પગલાં લીધા છે અને સંભવિત ત્રીજી લહેર સામે આયોજનબદ્ધ પગલાં લેવાનું શરૂ કર્યું છે.

- 19મી માર્ચ 2020માં જ્યારે કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો ત્યારથી રાજ્ય સરકારે એક્શન પ્લાન તૈયાર કર્યો હતો જેમાં અનેક વખત સુધારા કરીને લોકોના આરોગ્યની કાળજી રાખી છે.
- કોરોના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટે મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ કોર કમિટીની રચના કરી હતી જે આજદિન સુધી નિયમિત મળે છે.
- રાજ્યમાં જ્યારે પહેલો કેસ નોંધાયો હતો તેના ગણતરીના દિવસોમાં જ ચાર મહાનગરોમાં 2200 બેડની ક્ષમતાવાળી ડેડિકેટેડ કોવિડ હોસ્પિટલ શરૂ કરવામાં આવી હતી. એ ઉપરાંત પ્રત્યેક જિલ્લામાં પણ 100 બેડની હોસ્પિટલ અને કોવિડ કેર સેન્ટર શરૂ કરવામાં આવ્યા હતા.
- રાજ્ય સરકાર દ્વારા રાજ્યસ્તરે કાઉન્સેલિંગ માટે હેલ્પલાઇન 1100 શરૂ કરી હતી. સરકારે મહામારીને અટકાવવા માટે 15 આઇએએસ અધિકારીને વધારાની જવાબદારી પણ સોંપી હતી.
- દિવસ-રાત ફરજ બજાવતા તબીબો, પેરા મેડિકલ સ્ટાફ, સુરક્ષા કર્મચારી અને સફાઇ કર્મચારી કે જેમણે જાન ગુમાવ્યા છે, તેમના પરિવારને 25 લાખની સહાય આપવામાં આવી હતી.
- ગુજરાતે પ્રથમવાર ડ્રોન ટેકનોલોજીના સહારે સર્વેલન્સની કામગીરી કરીને કોરોના ગાઇડલાઇનનો ભંગ કરતા લોકો સામે દંડ સહિતના પગલાં લીધા છે.
- ગુજરાતના ઉદ્યોગકારો, ખેડૂતો, વંચિતો અને ગરીબો માટે મુખ્યમંત્રીશ્રીએ 14000 કરોડ રૂપિયાનું ગુજરાત આત્મનિર્ભર પેકેજ જાહેર કરી લાભાર્થીઓને સહાય કરી છે.
- કોરોના સંક્રમણને નિયંત્રણમાં લેવા માટે ગુજરાત સરકારે નિષ્ણાત ડોક્ટરોના બનેલા

**રાજ્યની 50 ટકા વસતીનું વૅક્સિનેશન થયું છે, 3.10 કરોડ લોકોએ વૅક્સિન લઇ લીધી છે**

**રાજ્યમાં દોઢ વર્ષમાં કોરોનાની બે લહેર આવી ચૂકી છે, ત્રીજી લહેરને રોકવાના અથાગ પ્રયાસો ચાલુ છે**




એક્સપર્ટ ગ્રુપની રચના કરી લોકોને સાચી સમજ આપવાનો પ્રયાસ કર્યો છે. આ તબીબોએ લોકોમાં કોરોનાનો ભય ઓછો કરવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી છે.

- કોરોનાની બીજી લહેરમાં સરકારે ત્વરિત પગલાં લઈને મહામારી સામે કાબૂ મેળવ્યો છે. આ અનુભવના આધારે કોવિડની સંભવિત ત્રીજી લહેરનો મુકાબલો કરવા સરકારે રણનીતિ જાહેર કરી છે જે સંક્રમણને ફેલાતું રોકવાની યોજના છે.
- સંભવિત ત્રીજી લહેર સામે સરકારે ગયા મે મહિનાની શરૂઆતથી જ કાર્યયોજના અમલમાં મૂકી છે, જે સમગ્ર દેશમાં પ્રથમ છે.
- રાજ્ય સરકારે ટાસ્ક ફોર્સ તજજ્ઞો, જિલ્લા કલેક્ટર, વિકાસ અધિકારી અને મ્યુનિસિપલ કમિશનર સાથે વિડીયો કોન્ફરન્સથી સરકારી હોસ્પિટલના તબીબો સાથે ગહન પરામર્શ કર્યો છે.
- GMDC અને મહાત્મા મંદિરમાં ઊભી કરાયેલી હોસ્પિટલોની જેમ જરૂર જણાયે ટેમ્પરરી ફિલ્ડ હોસ્પિટલોની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.
- સંભવિત ત્રીજી લહેર સામે કોરોના ટેસ્ટીંગની કેપેસિટી દૈનિક 1.25 લાખ જેટલી કરાશે.
- સઘન સર્વેલન્સ અને વ્યાપક ટેસ્ટીંગ સહિતના મોનિટરીંગ માટે જિલ્લા સ્તરે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર કાર્યરત કરીને સીએમ ડેશબોર્ડ સાથે રિયલ ટાઇમ મોનિટરીંગથી જોડાશે.
- આરોગ્ય સેવાઓમાં પૂરતું માનવબળ મેનપાવર મળી રહે તે માટે આરોગ્ય કર્મીઓની ખાલી જગ્યાઓ જરૂરિયાત મુજબ ભરી દેવાશે
- કેસોની સંખ્યામાં વધારો થાય તો રાજ્યમાં ઑક્સિજન બેડની સંખ્યા 61000 થી વધારી 1,10,000 કરવાનું આયોજન વિચારવામાં આવ્યું છે.
- કોરોનાની પ્રથમ લહેર અને બીજી લહેરને રાજ્ય સરકારે સઘન આરોગ્યલક્ષી પગલાંઓ, થ્રી ટી-ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રિટમેન્ટની સ્ટેટ્રેજી, ફ્રન્ટલાઇન વર્કર્સ, આરોગ્ય કર્મચારીઓ અને જનતાના સહયોગથી મહદઅંશે નિયંત્રણમાં રાખવામાં સફળતા મેળવી છે.
- લોકોના સહયોગથી કોરોના ગાઇડલાઇન્સના પાલન સાથે માત્ર 36 શહેરોમાં મર્યાદિત નિયંત્રણો લાગુ કરીને કોરોના કેસોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. લોકડાઉન કરવાની જરૂર ઊભી થઇ નથી.
- રાજ્યમાં કોરોનાની બીજી લહેરમાં 30મી એપ્રિલ 2021માં સૌથી વધુ 14605 જેટલા કેસ નોંધાયા હતા અને સમગ્ર રાજ્યમાં કોવિડના એક્ટીવ દર્દીઓની સંખ્યા 1.48 લાખ જેટલી હતી.
- રાજ્ય સરકારે કોવિડ હોસ્પિટલો, ઑક્સિજન બેડ, ઑક્સિજન સપ્લાય અને સંક્રમણ નિયંત્રણના જે વ્યાપક ઉપાયો યુદ્ધના ધોરણે હાથ ધરતાં પરિણામ સ્વરૂપ કેસની સંખ્યા ઓછી થઇ ગઇ છે.
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું હતું કે, કેસોની સંખ્યા ઘટી છે પરંતુ કોરોના વાયરસ હજી ગયો નથી. કોરોના સામેની સમજ અને શિસ્તમાં જરા પણ ઢીલાશ પાલવે તેમ નથી.

આપણે દવાઇ ભી, કડાઇ ભી અને જાન ભી હૈ, જહાન ભી હૈ ના પ્રધાનમંત્રીશ્રીના સંકલ્પ સાથે રોજિંદી પ્રવૃત્તિઓ સંપૂર્ણ સતર્કતા-સાવચેતીથી ચાલુ રાખવાની છે.

- એકશન પ્લાનમાં રાજ્યની કોવિડ ટાસ્કફોર્સના તજજ્ઞ તબીબો સાથે બેઠકો યોજીને તેમના મંતવ્યો અને અભિપ્રાય લેવામાં આવ્યા છે.
- ત્રીજી લહેરને આવતી અટકાવવા તેમજ તીવ્રતા ઘટાડવા સાથે જો કેસની સંખ્યા વધી જાય તો તેને પહોંચી વળવા આરોગ્ય વિભાગની ક્ષમતા વધારવાની રણનીતિ બનાવવામાં આવેલી છે.
- રાજ્યમાં ઘડાયેલી રણનીતિમાં અર્લી ફોરકાસ્ટિંગ મેથડ વિકસાવવી, સર્વેલન્સ અને ટેસ્ટિંગમાં વધારો કરવો, ઑક્સિજન પુરવઠો સુદ્રઢ કરવો, જરૂરી દવા-ઈન્જેક્શનનો જથ્થો સુનિશ્ચિત કરવો, બાળકો અને વયસ્કો માટે નવા વેન્ટિલેટર્સ ખરીદવા, તબીબ-નર્સ અને પેરામેડીકલ સ્ટાફની ભરતી, રેડી ટુ ગો હોસ્પિટલ્સ તૈયાર કરવી, જિલ્લા સ્તરે કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટર ઊભા કરવા, બેડ-પથારીઓની સંખ્યા દર્શાવતી કેન્દ્રિકૃત પ્રણાલી વિકસાવવી, સંજીવની અને ધન્વંતરી રથનો વ્યાપક ઉપયોગ અને હોમ આઇસોલેશનમાં રહેલા દર્દી માટે ટેલી મેડિસિન વ્યવસ્થા જેવી બાબતો સમાવવામાં આવી છે.
- રણનીતિ પ્રમાણે રાજ્યમાં આઇસીયુ બેડની સંખ્યા 15000થી વધારીને 30000 કરવામાં આવશે, વેન્ટિલેટરની સંખ્યા 7000 થી વધારીને 15000 કરવામાં આવશે અને રાજ્યમાં કોવિડ ફેસિલિટી 1800 થી 2400 કરવામાં આવશે.
- સંભવિત ત્રીજી લહેરમાં ઑક્સિજનની માંગને પહોંચી વળવા ઑક્સિજન ક્ષમતા 1150 મેટ્રીક ટનથી 1800 મેટ્રિક ટન, પીએસએ પ્લાન્ટ 24 થી 400 તેમજ પીએસએ પ્લાન્ટની ક્ષમતા 20 મેટ્રિક ટનથી 300 મેટ્રિક ટન સાથે ઑક્સિજન કોન્સન્ટ્રેટરની સંખ્યા 700 થી વધારી 10000 કરવામાં આવશે.
- રેમડેસિવિર, એમ્ફોટેરિસિન-બી, ટોસિલ્લિઝુમેબ, ફેવિપેરાવિર ટેબલેટ વગેરે દવાઓના બીજા વેવમાં થયેલા વપરાશને આધારે ત્રીજા સંભવિત વેવ માટે પૂરતો જથ્થો પ્રોક્યોર કરવામાં આવશે.
- કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે પૂરતું માનવબળ ઊભું કરવાના સંકલ્પ સાથે સરકારે સ્પેશિયાલિસ્ટ તબીબોની સંખ્યા 2350 થી વધારી 4000 એમબીબીએસ, તબીબની સંખ્યા 5200 થી વધારી 10000, નર્સની સંખ્યા 12000 થી વધારી 22000, વર્ગ-4ના કર્મચારીઓની સંખ્યા 8000 થી વધારી 15000 અને એટેન્ડન્ટની સંખ્યા 4000 થી વધારી 10000 કરવાનો નિર્ણય કર્યો છે.
- મુખ્યમંત્રીશ્રીએ સંભવિત ત્રીજી લહેર માટે ટેસ્ટીંગ, ટ્રેસિંગ, ટ્રિટમેન્ટની ટ્રીપલ ટી સ્ટ્રેટેજી રૂપે સર્વેલન્સ યુનિટની સંખ્યા 14000 થી વધારી 21000 અને સર્વેલન્સની ટીમની સંખ્યા 21000 થી વધારી 60000 કરવાનો નિર્ધાર કર્યો છે.



- ગુજરાતમાં RTPCR લેબની સંખ્યા 104 થી વધારી 155, RTPCR ટેસ્ટ મશીનની સંખ્યા 234 થી વધારી 285 અને સિટી સ્કેન મશીનની સંખ્યા 18 થી વધારી 44 કરવામાં આવશે.
- સરકારે ધન્વંતરી રથની સંખ્યા 1500 થી વધારી 3000 અને સંજીવની રથની સંખ્યા 1400 થી વધારી 3000 કરવાનું પણ આ રણનીતિ કાર્યયોજનામાં સૂચવ્યું છે.
- સંભવિત ત્રીજી લહેરમાં બાળકોને ધ્યાને રાખી સરકારી હોસ્પિટલોમાં બાળકો માટેના 2000 બેડ છે તે વધારીને 4000 કરવામાં આવશે.
- ચાઈલ્ડ ફ્રેન્ડલી વોર્ડ ઊભા કરવામાં આવશે જેમાં બાળકોના માતા-પિતા, વાલીઓ માટે સુવિધાઓ, રંગીન કાર્ટૂન ચિત્રો સાથેની દીવાલો, ટેલિવિઝન અને રમકડાં સાથેના વોર્ડ ઊભા કરવામાં આવશે. બાળકો માટેના વેન્ટિલેટરની સંખ્યા 500 થી વધારી 1000 કરવામાં આવશે.
- કોવિડના કેસો વધે તો તે કયા વિસ્તારમાં વધ્યા છે, સંક્રમણની સ્થિતી, પોઝિટીવીટી રેટ, હોસ્પિટલોમાં બેડની ઉપલબ્ધતાને આધારે જે-તે જિલ્લા અને શહેરોમાં શૈક્ષણિક સંસ્થા, એર, રોડ, ટ્રાન્સર્પોટેશન સર્વિસ, શોપીંગ મોલ, દુકાનો, જાહેર સ્થળોને ગ્રીન- બ્લુ -યલો -બ્રાઉન અને રેડ કલરના કોડ આપી તે મુજબ નિયંત્રણ લાદવામાં અને છૂટછાટ આપવામાં આવશે.
- ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના સહયોગથી રાજ્યમાં એપિડેમિક ઇન્ટેલિજન્સ યુનિટની સ્થાપના કરવામાં આવશે જે રાજ્યના વિવિધ જિલ્લાના વિસ્તારોમાં કોવિડ કેસિસમાં વધારા-ઘટાડાનું પૂર્વાનુમાન કરવામાં મદદરૂપ થશે.
- હોમ આઇસોલેશનમાં રહેલા દર્દી માટે ટેલી મેડિસિન વ્યવસ્થા ઉભી કરી નિવૃત તબીબો દ્વારા ઇ-સંજીવની એપ થકી માર્ગદર્શન આપવામાં આવશે.●

(લેખક કટાર લેખક અને વરિષ્ઠ પત્રકાર છે.)

# તા'ઉતેનો તાકાતથી મુકાબલો





હેતલ દવે

મે' માસ એટલે સામાન્ય રીતે કાળઝાળ ગરમીનો મહિનો... સૂર્ય દેવ જાણે કે કોપાયમાન થતા હોય તેવી ગરમી જનજીવનને હતપ્રભ બનાવી દે... પણ આ વર્ષે મે' માસમાં ત્રાટકેલું વાવાઝોડુ ગુજરાત ક્યારેય નહીં ભૂલે કૂદરતની થપાટોનો અસંખ્ય વખત સામનો કરી ચુકેલા ગુજરાત પર એક વધુ આપત્તિ વાવાઝોડા સ્વરૂપે આવી.. એક બાજુ કોરોના કાળમાં કોવિડનું ભારે સંક્રમણ, આંશિક લોકડાઉન, મ્યુકરમાયકોસીસ મહામારી અને તેવા સમયમાં જ ત્રાટકેલુ વાવાઝોડું - એમ દસેય દિશામાંથી દુઃખના વાયરા વાય ત્યારે સામાન્ય માણસ હરહરીને, થાકીને તૂટી જાય. આ આપદાઓ સામે લડવાની હામ જ ન રહે, પરંતુ તેનાં વિશ્વાસે કામ કરતી સરકાર આ બધાં દુઃખો સામે હુંકાર ભરે, લોકોને સધિયારો આપે કે તમારી પડખે, તમારા વિશ્વાસે સરકાર બેઠી છે. અને તમારા ક્ષેમકુશળની રક્ષા રાજ્ય વહીવટી તંત્ર કરશે. ત્યારે આવા દુઃખો વચ્ચેય લોકો સુરક્ષાની લાગણી અનુભવે છે, તેનો દાખલો ગુજરાતે તાઉતે વાવાઝોડા વખતે આપ્યો.

આ કહેર કથા થરથરાવનારી હતી...પણ આ તો ગુજરાત છે.... ગુજરાતની પ્રજાના ખમીર અને ખુમારીને જાણે એક પડકાર હતો, તા'ઉતે વાવાઝોડા સ્વરૂપે. પરંતુ રાજ્ય સરકારના આગોતરા આયોજન અને સમયસૂચક સંવેદનશીલ અભિગમે બધુ સમૂસુતરુ પાર પાડ્યું... અગમચેતીના પગલાં, વાવાઝોડા દરમ્યાન તાત્કાલિક કામગીરી અને ઝડપથી બચાવ-રાહતના કાર્યો પણ થયા. ગુજરાત ઉપર આવી પડેલી તા'ઉતે વાવાઝોડારૂપી આવી કુદરતી આફતનાં સમયમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ લોકો વચ્ચે જઈને તેમને પ્રજાવત્સલ શાસકની જેમ હૂંફ પૂરી પાડી. સાચા અર્થમાં ગુજરાત અને ગુજરાતી બાંધવો માટેની તેમની સંવેદનાના દર્શન કરાવ્યા છે.

## તા'ઉતે સામેની લડાઇ માટે ''ઝીરો કેઝ્યુઆલિટી''ના અભિગમ સાથેનું આગોતરું આયોજન

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત પર આવનારા સંભવિત વાવાઝોડાની પરિસ્થિતિ અને તેનો સામનો કરવા માટે રાજ્ય સરકારની સજ્જતાની સંપૂર્ણ તૈયારીઓની સમીક્ષા રાજ્યના ઉચ્ચ સ્તરીય અધિકારીઓની બેઠકમાં કરીને સૌને આ વાવાઝોડા સામે આગોતરા આયોજનની તૈયારીઓ કરવા આહવાન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ''ઝીરો કેઝ્યુઆલિટી''ના અભિગમ સાથે વહીવટીતંત્રને આગોતરી તૈયારીઓ કરવા સૂચનાઓ આપી. એ યાદ રહે કે આ માટે નાનામાં નાની બાબતોનું ઝીણવટભર્યુ ધ્યાન અપાયું હતું. ઉદાહરણ તરીકે વાવાઝોડું આવે ત્યારે કોવીડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના જિલ્લાઓમાં જયાં વાવાઝોડાની અસર થઈ શકે છે, એવા જિલ્લાઓમાં કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ગંભીર દર્દીઓ માટે વિશેષ વ્યવસ્થાઓ પણ મુખ્યમંત્રીશ્રીના અંગત માર્ગદર્શનમાં કરવામાં આવી હતી.

## સુદ્રઢ આયોજનબદ્ધ કામગીરી

મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશમાં બે લાખથી વધુ લોકો તેમજ પશુપાલકો-પશુઓ અને માછીમારોનું સલામત સ્થળે સહીસલામત રીતે સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

**ગુજરાત ઉપર આવી પડેલી તા'ઉતે વાવાઝોડાની કુદરતી આફતનાં સમયમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ લોકો વચ્ચે જઈને તેમને પ્રજાવત્સલ શાસકની જેમ હૂંફ પૂરી પાડી સાચા અર્થમાં ગુજરાત અને ગુજરાતી બાંધવો માટેની તેમની સંવેદનાના દર્શન કરાવ્યાં છે.**

વાવાઝોડાના પરિણામે વીજ પુરવઠાને પહેલી અસર પડે છે. આથી વીજ પુરવઠાને અસર પડે તો સત્વરે તેનું દુરસ્તી કામ થઈ શકે તે માટે ૬૬૧ જેટલી ટીમ તૈનાત કરવામાં આવી.

૭૪૪ આરોગ્ય ટીમ, ૧૬૦ આઈ.સી. યુ. ઓન વ્હીલ્સ, ૬૦૭ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ જરૂર જણાયે સેવામાં લઈ શકાય તે માટે ખડે પગે રાખવામાં આવી હતી.

આ કુદરતી આપત્તિને ધ્યાને લઇ કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું. આ માટે ૧૪૦૦ જેટલી કોવીડ હોસ્પિટલોમાં પાવર બેક અપ ડી.જી. સેટ તૈયાર રાખવામાં આવ્યા હતા.

૧૦૦૦ ટન ઓક્સીજનની જરૂરિયાત સામે ૧૭૦૦ ટન વધારાનો જથ્થો પણ સુરક્ષિત કરાયો હતો. રેમડીસીવીર ઇન્જેક્શનો પણ દરિયાકાંઠાના જિલ્લાઓમાં આગોતરા આયોજનના ભાગરૂપે મોકલી અપાયા હતા.

## દરિયાકાંઠે વેગવાન કામગીરી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિશ્વાસ આપ્યા પ્રમાણે આ વાવાઝોડામાં કોઈ જાનહાની ન થાય તેવા "ઝીરો કેઝ્યુઆલીટી"ના અભિગમ સાથે દરિયાકાંઠાના જિલ્લાઓ દ્વારકા, જામનગર, જૂનાગઢ, ભાવનગર, અમરેલી, પોરબંદર, ગીર સોમનાથ, ભરૂચ, કચ્છ અને વલસાડ સહિતના જિલ્લાઓના દરિયાઈ કાંઠે વસેલા તેમજ કાચા - પાકા મકાનોમાં વસતા લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાવવાની કામગીરી વેગવાન બનાવી હતી.

દરિયામાં માછીમારી માટે ગયેલા બધા જ માછીમાર - સાગર ખેડૂઓને સલામત રીતે પરત બોલાવી લેવાયા હતા.



## કંટ્રોલરૂમની સઘન કામગીરી

લોકસેવામાં સદૈવ રત રહેલા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પોતાની ઓળખ એક પ્રતિબધ્ધ શાસક તરીકે પણ પ્રસ્થાપિત કરી છે. તેથી જ આ કુદરતી આપદાના સમયે તેઓ કંટ્રોલ રૂમ ખાતેથી વિવિધ જિલ્લાના અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહી પરિસ્થિતિનો તાગ મેળવતા રહ્યા હતા. તેમણે કંટ્રોલરૂમ ખાતેથી એર ફોર્સના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ કરી જરૂર પડયે કોરોનાનાં ઈમરજન્સી દર્દીઓ અને ફસાયેલા લોકોને એરલિફ્ટ કરવા બાબતે ચર્ચા - વિચારણા કરી હતી.

તેઓએ રાજ્યના જિલ્લાઓમાં વાવાઝોડાના કારણે ઊભી થયેલી પરિસ્થિતિ તેમજ કોવિડ હોસ્પિટલની સ્થિતિ બાબતે ઝીણવટભરી પૂછપરછ કરી આવી પરિસ્થિતિમાં સંબંધિત અધિકારીઓને કોઈ પણ ગફલતમાં ન રહેવાની પણ સૂચના આપી હતી.

મુખ્યમંત્રીશ્રી ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે ઉપસ્થિત રહીને તા'ઉતે વાવાઝોડાના લેન્ડ ફોલ અને રાજ્ય પરથી પસાર થવા સુધીની સંપૂર્ણ પ્રક્રિયા પર નજર રાખી હતી.

આવી પરિસ્થિતિમાં તેમણે મોડી રાત્રે ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં મુખ્ય સચિવશ્રી સહિત રાજ્ય સરકારના તમામ વિભાગોના વરિષ્ઠ સચિવો સાથે સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજીને આ વાવાઝોડાની ગતિ - સ્થિતિ અને તીવ્રતા વિશેની રજેરજ માહિતી મેળવી હતી.

## બે દિવસ અને રાત સતત મોનિટરિંગ કરતાં મુખ્યમંત્રી

સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ગુજરાતના છ કરોડ લોકો પ્રત્યેની સંવેદના કુદરતી આપત્તિના આ સમયમાં ગુજરાતીઓએ નિહાળી. ગુજરાત ઉપર તા'ઉતે વાવાઝોડા રૂપી આફત આવે તે પહેલા જ મુખ્યમંત્રીશ્રી કંટ્રોલ રૂમમાં પહોંચી ગયા. અને સતત બે દિવસ સુધી તેમણે મધરાત સુધી અને પરોઢિયા સુધી કંટ્રોલરૂમ સંભાળ્યો હતો. આ ઘટના જ દર્શાવે છે કે મુખ્યમંત્રીશ્રીને ગુજરાતના સાડા છ કરોડ નાગરિકોની ચિંતા છે.

## કેન્દ્રની તાત્કાલિક રૂ. ૧૦૦૦ કરોડની સહાય

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગીર સોમનાથ, ભાવનગર તેમજ અમરેલી જિલ્લાના વિસ્તારોનું હવાઇ નિરીક્ષણ કરીને ગુજરાતમાં વાવાઝોડાને કારણે સર્જાયેલી પરિસ્થિતિનું આંકલન કર્યું હતું.

તા'ઉતે વાવાઝોડાથી પ્રભાવિત ગુજરાતના વિવિધ વિસ્તારોના હવાઈ નિરીક્ષણ બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાત્કાલિક રાહત કામગીરી કરવા માટે રૂપિયા ૧ હજાર કરોડ તેમજ મૃતકના પરિજનોને રૂ. બે લાખ અને ઈજાગ્રસ્ત લોકોને રૂ. ૫૦ હજારની નાણાકીય સહાયની જાહેરાત કરી હતી. ગુજરાતને આવી

આપદાની સ્થિતિમાં તાત્કાલિક સહાય કરવા માટે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતી વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. એટલું જ નહીં પરંતુ મુખ્યમંત્રીશ્રીએ સરકાર તરફથી પણ તા'ઉતે વાવાઝોડાને કારણે જીવ ગુમાવનાર મૃતકોના વારસદારોને પણ રૂ. ૪ લાખ અને ઈજા પામેલા લોકોને રૂ. ૫૦ હજારની સહાય આપવાની જાહેરાત કરી હતી.

## વાવાઝોડાથી અસરગ્રસ્તોને સહાયની સરવાણી

તા'ઉતે વાવાઝોડાથી નુકસાન પામેલા મકાનો, ઝૂપડાઓ વગેરેને થયેલા નુકસાનની સહાય માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તાત્કાલિક મહત્વપૂર્ણ નિર્ણય લીધો, સંપૂર્ણ નાશ પામેલા મકાનો માટે રૂ. ૯૫,૧૦૦ ની સહાય, અંશતઃ નુકસાન પામેલા મકાનો માટે રૂ. ૨૫ હજારની સહાય, ઝૂપડાઓ માટે રૂ. ૧૦ હજારની સહાય, પશુ રાખવાની જગ્યા ગમાણ - વાડાને થયેલા નુકશાન માટે રૂ. પાંચ હજારની સહાય જાહેર કરવામાં આવી. એટલું જ નહીં પરંતુ વાવાઝોડાના કારણે સ્થળાંતર થયેલી પુખ્ત વયની વ્યક્તિને રૂ ૧૦૦ પ્રતિ દિવસ, બાળકોને રૂ. ૬૦ પ્રતિદિન કેશ ડોલ આપવામાં આવ્યું. તારીખ ૧૬ અને ૧૭ મે ના રોજ સ્થળાંતરિત થયેલા લોકોને સાત દિવસની કેશડોલ ચૂકવાઈ ક્યારે ૧૮મીએ સ્થળાંતર થયેલા લોકોને ત્રણ દિવસની કેશડોલ ચુકવવામાં આવી છે.

વાવાઝોડાના કારણે નુકસાન પામેલા ખેતીના પાકને લઈને ખેડૂતોને રાહત આપતો નિર્ણય પણ રાજ્ય સરકારે જાહેર કર્યો. જે વૃક્ષો નાશ પામ્યા છે, તેને એક હેક્ટર દીઠ રૂ. ૧ લાખની સહાય બે હેક્ટરની મર્યાદામાં અપાશે. જ્યારે બાગાયતી પાકો ખરી ગયા છે, અને ૩૩ ટકાથી વધુ નુકસાન થયું છે, તેને એક હેક્ટરદીઠ રૂપિયા ૨૦ હજારની બે હેક્ટરની મર્યાદામાં સહાય આપવાનો નિર્ણય કરાયો અને તે મુજબ ચુકવણી પણ કરવામાં આવી.

## વાવાઝોડામાં નુકશાન પામેલા બાગાયતી પાકો માટે નવતર અભિગમ

મુખ્યમંત્રીશ્રીએ તા'ઉતે વાવાઝોડામાં બાગાયતી પાકોને થયેલા નુકસાન બદલ આર્થિક વળતર ચૂકવવા ઉપરાંત બાગાયતી પાકોને ફરી પુનઃસ્થાપિત - રિસ્ટોરેશન કરવાનો પણ એક નવતર અભિગમ અપનાવ્યો. આવો અનોખો વિચાર પણ એ જ શાસકને આવે જે પ્રતિપળ પ્રજાની અને ખેડૂતોની ચિંતા કરતો હોય. તા'ઉતે વાવાઝોડામાં નાશ પામેલા બાગાયતી પાકો નાળિયેરી - આંબાને ફરી પુનઃસ્થાપિત - રિસ્ટોરેશન માટેની સંભાવનાઓ ચકાસી તે અંગે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના તજજ્ઞો, કૃષિ વૈજ્ઞાનિકોને ખેડૂતોને તાંત્રિક માર્ગદર્શન પુરૂં પાડવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના પ્રેરક દિશા સૂચન અનુસાર કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગે રાજ્યની ૪ કૃષિ યુનિવર્સિટીઓના ૧૯૩ જેટલા કૃષિ વૈજ્ઞાનિકોને તા'ઉતે વાવાઝોડાથી વધુ અસરગ્રસ્ત અને જ્યાં બાગાયતી પાકોને સૌથી વધુ નુકસાન થયું છે, એ જિલ્લામાં તાત્કાલિક મોકલવાની વ્યવસ્થા ગોઠવી હતી. અમરેલી જિલ્લામાં દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના ૪૮, ભાવનગર જિલ્લામાં આણંદ કૃષિ યુનિવર્સિટીના ૪૩, ગીર સોમનાથમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ૭૮ તેમજ સુરત, વલસાડ અને નવસારી જિલ્લાઓમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના ૨૪ મળી કુલ ૧૯૩ કૃષિ વૈજ્ઞાનિકો અસરગ્રસ્ત જિલ્લાઓમાં તાત્કાલિક પહોંચી બાગાયતી પાકોના પુનઃ સ્થાપન - રિસ્ટોરેશનનું કાર્ય આરંભ્યું.

## સરકારના સાથ અને ગુજરાતીઓની હામે પુનઃ ધબકતુ થયું ગુજરાત

ગુજરાત એટલે ફિનિક્સ પક્ષીની માફક રાખમાંથી ઊભો થતો પ્રદેશ. કચ્છનો ભૂકંપ હોય, કંડલાનું વાવાઝોડું હોય કે મોરબીની મચ્છુ નદીની જળ હોનારત હોય, ગુજરાતે તેમાંથી બેઠા થઈને વધુ ઝડપથી સાતત્યપૂર્ણ વિકાસ કર્યો છે. દરેક ગુજરાતી બાંધવે ખભાથી ખભો મિલાવી ગુજરાતને બેઠું કર્યું છે. બસ આવી જ રીતે ગુજરાત ઉપર આવેલી તાઉતે વાવાઝોડા રૂપી કુદરતી વિપદાનો સામનો પણ ગુજરાતીઓએ એકજૂટ બની કર્યો. ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ જિલ્લામાં વાવાઝોડાના કારણે જનજીવન ખોરવાયું હતું. પરંતુ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની નિર્ણાયકતા અને રાજ્ય સરકારના આગોતરા આયોજનના પરિણામે લાખો નાગરિકોને આ આફતમાંથી હેમખેમ ઉગારી લેવાયા. વાવાઝોડા બાદ તુરંત જ મુખ્યમંત્રીશ્રીએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ લોકોને મળી આફતના આ સમયમાં સરકાર તેમની સાથે જ છે તેવી હૈયા ધારણા આપી એટલું જ નહી પરંતુ જિલ્લા પ્રશાસનના અધિકારીઓ સાથે બેઠક યોજી નુકશાનીનો તાગ મેળવી લોકોને સત્વરે સહાય મળી રહે તે બાબતને અગ્રીમતા આપવા સૂચના આપી હતી.

ગુજરાતમાં વાવાઝોડાની આગાહીના પગલે રાજ્ય સરકાર દ્વારા તમામ પ્રકારની પૂર્વ તૈયારી કરી લેવામાં આવી હતી અને એટલે જ વાવાઝોડું ગુજરાતમાંથી પૂર્ણ થવાના ગણતરીના કલાકમાં વીજ સપ્લાય, પાણી, માર્ગનાં કામોનો યુદ્ધના ધોરણે પ્રારંભ થયો. રાજ્ય સરકારે પળનો પણ વિલંબ કર્યા વિના તમામ અસરગ્રસ્ત વિસ્તારમાં યુદ્ધના ધોરણે કામગીરીનો પ્રારંભ કર્યો. બ્લોક થયેલા રસ્તાઓ ગણતરીના કલાકોમાં પૂર્વવત થયા. નુકસાન થયેલી વીજલાઈનને પૂર્વવત કરવાની કામગીરી પણ તાત્કાલિક શરૂ કરી. અન્ય ઝોનમાંથી વીજ કર્મીઓની ટીમ બોલાવી વીજ પુરવઠો પૂર્વવત કરવાની કામગીરી પણ તાત્કાલિક શરૂ કરાઈ. વાવાઝોડા પૂર્વેની તૈયારી અને વાવાઝોડા બાદના ત્વરીત એક્શન પ્લાનથી રાજ્ય સરકારે હાથ ધરેલી કામગીરીથી ગુજરાત આજે ફરી ધબકતું, ચેતનવંતુ બન્યું છે.●




# ગુજરાતનો ખેડૂત અને ખેતી બન્ને બન્યા સમૃદ્ધ



તુષાર જોષી

**કૃષિર્ધન્યા કૃષિ મેધ્યા, જન્તુનાં જીવનં કૃષિઃ**

કૃષિના ઋષિ તરીકે આપણે જેમને ઓળખીએ છીએ એ પરાશર મુની લિખિત આ શ્લોકનો ભાવાર્થ એવું કહે છે કે કૃષિ સંપત્તિ અને મેધા પ્રદાન કરે છે, કૃષિ જ માનવજીવનનો આધાર છે.

કૃષિ એ માત્ર વ્યવસાય કે અનાજ ઉત્પાદન કરવાની કોઇ પદ્ધતિ નથી પરંતુ સમસ્ત વિશ્વના માનવ સમાજને ટકાવી રાખતી જીવનશૈલી છે, સંપૂર્ણ માનવ સમાજની અર્થ વ્યવસ્થાનો આધાર છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી કૃષિક્ષેત્રને સમૃદ્ધ બનાવવા અને કિસાનની આવક બમણી કરવા સતત પ્રયાસો કરી રહ્યા છે, પરિણામે કૃષિ અર્થતંત્રના વિકાસની દિશામાં અનેક નૂતન ક્ષિતીજો ખુલી રહી છે. કૃષિની સાથે જ જોડાયેલા છે બાગાયત અને પશુપાલનના વ્યવસાયો ગુણવત્તાયુક્ત અને ઉત્તમ પરિણામો આ ત્રણે ક્ષેત્રમાં મળે તો એક એક ખેડૂત સમૃદ્ધ થાય અને સરવાળે રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ થાય.

ગુજરાતમાં પણ ખેતી અને પશુપાલન મુખ્ય વ્યવસાય છે. અંદાજે 27 લાખથી વધુ પરિવારો ખેતી કરે છે અને સમાજની અર્થ વ્યવસ્થામા પોતાનું પ્રદાન કરવા ઉપરાંત લોકોનું ભરણપોષણ પણ કરે છે. રાજ્યના ખેડૂતો ખેતીમાં આગળ વધે, પરંપરા નિભાવે અને આધુનિક અભિગમ પણ અપનાવે એ દિશામાં સતત પ્રયાસો થઇ રહ્યા છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની ખેડૂતોના સર્વાંગી કલ્યાણ માટે સતત કાર્યરત રાજ્ય સરકારે વીતેલા પાંચ વર્ષમાં ખેતી નિયામકની કચેરી હસ્તક અમલમાં મૂકેલી યોજનાઓની પ્રગતિ ઊડીને આંખે વળગે એવી છે અને એનો લાભ ગુજરાતના ખેડૂતોને મળતા તે સુવિધાથી યુક્ત અને આર્થિક રીતે મસૃદ્ધ થયો છે. ગુજરાતે છેલ્લા પાંચ વર્ષમાં હરિયાળીક્રાંતિનું નેતૃત્વ લીધું છે.

- 132208 ખેડૂતોને ટ્રેક્ટર ખરીદી માટે રૂ. 625.27 કરોડની સહાય અપાઇ.
- 150434 ખેડૂતોને કૃષિ યાંત્રિકરણ માટે વિવિધ ખેત ઓજારોની ખરીદી માટે રૂ. 429.17 કરોડની સહાય અપાઇ.
- વાવાઝોડું, કમોસમી વરસાદ, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ જેવી આકસ્મિક આફતોના સમયે 7742726 ખેડૂતોને રૂ. 8862.85 કરોડની સહાય પૂરી પાડવામાં આવી.
- ખરીફ સીઝન 2016-17થી રાજ્યમાં અમલી પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના હેઠળ 20.96 ખેડૂતો માટે રૂ. 5499.50 કરોડનું પ્રિમિયમ રાજ્ય સરકારે ચુકવ્યું.
- રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ રૂ. 1120.94 કરોડનો ખર્ચ કરીને મહત્ત્વની યોજનાઓ અને પ્રોજેક્ટસનું અમલીકરણ કરાયું.
- ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે અમલી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ આઠ હપ્તાની કુલ રકમ મળી રાજ્યના 58.87 લાખ લાભાર્થી ખેડૂત કુટુંબોને કુલ રૂ. 7950.73 કરોડની સહાય સીધી જ તેમના બેન્ક અકાઉન્ટમાં જમા કરવામાં આવી છે.

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી કૃષિક્ષેત્રને સમૃદ્ધ બનાવવા અને કિસાનની આવક બમણી કરવા સતત પ્રયાસો કરી રહ્યા છે, પરિણામે કૃષિ અર્થતંત્રના વિકાસની દિશામાં અનેક નૂતન ક્ષિતિજો ખુલી રહી છે.**

■ ખેતી માટે જરૂરી રાસાયણિક ખાતર ઉપલબ્ધ થાય તે માટે રાજ્યના ખેડૂતોને રૂ. 25440 કરોડની સહાય ચૂકવવામાં આવી છે.
■ ખેડૂતો માટે અગત્યની એવી ટેકાનો ભાવની યોજના હેઠળ રૂ. 19567 કરોડના મૂલ્યની 41.27 લાખ મેટ્રીક ટન વિવિધ જણસીઓની ટેકાના ભાવે કરીદી કરવામાં આવી.
■ કૃષિ ક્ષેત્રે યાંત્રીકરણનો વ્યાપ વધારવા રૂ. 350.20 કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવી છે. જેનો 1.22 લાખ લાભાર્થીઓને લાભ મળ્યો છે. 2021-22 માટે રૂ. 70.20 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.



■ કૃષિ ઉત્પાદનોના સંગ્રહ દ્વારા ખેત પેદાશોનો સારો ભાવ મળે તે માટેની 2020-21માં શરૂ થયેલી મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર યોજના હેઠળ રૂ. 350 કરોડના બજેટની જોગવાઇ થઇ છે.
■ ખેડૂતોને બિયારણ, ખાતર અને અન્ય જરૂરી ખર્ચ માટે શુન્ય ટકાના વ્યાજ દરે કૃષિ ધિરાણ. ૧૫ લાખથી વધુ ખેડૂતોને લાભ.
■ સંપૂર્ણ દેશીગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના વર્ષ 2020-21માં મંજુર થઇ છે.
■ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ તથા કમોસમી વરસાદ સામે ખેડૂતોના રક્ષણ માટે મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો પ્રારંભ.
■ રાજ્યના ખેડૂતોને મલ્ટીપર્પઝ ઉપયોગ માટે ડ્રમ તેમજ બે પ્લાસ્ટીકના ટબ ખરીદવા માટેની સહાયના ભાગરૂપે વર્ષ 2021-22માં શરૂ થયેલી યોજના માટે રૂ. 87.47 કરોડની જોગવાઇ થઇ છે.
■ બાગાયતી પાકોના વાવેતર વિસ્તારમાં 3.63 લાખ અને ઉત્પાદનમાં 24.61 લાખ મેટ્રીકટન વધારો થયો છે.
■ રાજ્યની નર્સરી સેન્ટર ઓફ એક્સોલન્સમાં 4.63 લાખ કલમો અને 111.38 લાખ ધરુ/રોપાનો ઉછેર થયો.
■ અનુસૂચિત જાતિ - અનૂસુચિત જનજાતિના ખેડૂતોને રૂ. 14.79 કરોડના ખર્ચે 79190 વિના મૂલ્યે કીટ વિતરણ કરાયું.
■ મહિલા તાલીમ પરિક્ષણ અને કેનીંગ હેઠળ 1292 વર્ગો દ્વારા 47757 તાલીમાર્થીઓને સહાય આપવામાં આવી.
■ ખેડૂતોને તાલીમ, રાજ્યમાં ને રાજ્ય બહાર પ્રવાસ, સેમીનાર, વર્કશોપ વગેરેમાં 71332 ખેડૂતોને મળ્યો લાભ.
■ સ્ટેટ ફ્રોઝન સિમેન પ્રોટેક્શન એન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટ પાટાણ ખાતે રૂ. 47.50 કરોડના ખર્ચે સેક્સડ સીમેન લેબોરેટરીની સુવિધા ઊભી કરવા નિર્ણય કરાયો છે.
■ વર્ષ 2021-22માં પાંજરાપોળોને ઘાસચારા ઉત્પાદન માટે સ્વાવલંબી બનાવવાની યોજના માટે રૂ. 100 કરોડની જોગવાઇ થઇ છે.
■ અબોલ પશુ પક્ષીઓ પ્રત્યે દયા અને કરૂણાનો ભાવ યથાર્થ કરતા પાંચ કરુણા અભિયાન થકી 38700 પક્ષીઓને અને 24200 પશુઓને સારવાર આપવામાં આવી.
■ પશુ ખરીદી પર વ્યાજ સહાય તેમજ અન્ય આનુષાંગિક સુવિધાઓ માટે સહાયની યોજના શરૂ થઇ જેમાં અત્યાર સુધીમાં 3100થી વધુ એકમો માટે રૂ. 80 કરોડથી વધુની સહાય ચૂકવાઇ.
■ પશુચિકિત્સા સેવાઓનો વ્યાપ વધારવા 10 નવીન વેટરનરી પોલીક્લીનીક અને 1 નવીન પશુ રોગ અન્વેષણ એકમની સ્થાપનાની મંજૂરી આપવામાં આવી.
■ 3 નવીન ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના ઘટકો અને 3 નવીન ફ્રોઝન સીમેન સ્ટેશનની સ્થાપનાની મંજૂરી આપવામાં આવી.
■ પશુ ચિકિત્સા સેવાને સુદ્રઢ બનાવવા રૂ. 6601.99 લાખના ખર્ચે પશુ સારવાર સંસ્થાઓ માટે 217 નવીન મકાન બાંધકામ અને 115 રીપેરીંગ કામ કરાયા.
■ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના -1 હેઠળ આજ સુધીમાં 167708 લાભાર્થીને રૂ. 1564.71 કરોડનું ધિરાણ અને રૂ. 64.27 કરોડની વ્યાજ સહાય અપાઇ
■ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના ૨ હેઠળ આજ સુધીમાં 38471 લાભાર્થીને રૂ. 941.49 કરોડનું ધિરાણ અને રૂ. 30.07 કરોડની વ્યાજ સહાય ચૂકવાઇ.
■ 2019-20થી સ્કેમ્ડ મીલ્ક પાવડર યોજના અમલી જેના

હેઠળ 25 લાખ પશુપાલકોને રૂ. 189.10 કરોડની સહાય આપવામાં આવી.

- પાક ધિરાણ પર વ્યાજ સહાય યોજના હેઠલ 4784014 લાભાર્થી માટે કુલ રૂ. 3179.85 કરોડનો ખર્ચ કરાયો છે.
- વર્ષ 2020-21માં મોટા કદના વેરહાઉસ ગોડાઉનની યોજના શરૂ થઇ છે તે હેઠળ 40 બજાર સમિતિને રૂ. 3638.49 લાખની સહાય મંજૂર થઇ છે.
- માછીમારોને ફાઇબર રોપની ખરીદી પર સહાય માટે 4258 લાભાર્થીઓને રૂ. 2138.75 લાખની સહાય ચૂકવાઇ.
- ડીપ સી ફીશીંગ વેસલ્સ બનાવવાની યોજના હેઠળ 223 લાભાર્થીને રૂ. 4705.46 લાખની સહાય અપાઇ.
- માછીમારોને કેરોસીન ખરીદી ઉપર સહાયની યોજનામાં 4000 નાના માછીમારોને ર. 823.58 લાખની સહાય ચૂકવાઇ.
- માછીમારો માટેની અકસ્માત સહાય યોજના હેઠળ 25 માછીમાર પરિવારોને રૂ. 56 લાખની સહાય આપવામાં આવી.
- ભાંભરા પાણીના મત્સ્યોદ્યોગ માટે ઝીંગાનો ખોરાક તથા બીજ પર સહાય યોજના હેઠળ રૂ. 56.53 લાખની સહાય.
- નવા તમામ બાંધકામ માટે રાહત યોજના હેઠળ રૂ. 231.79 લાખનો ખર્ચ કરાયો.
- સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત 18 વિભાગ અને 29 એજન્સીઓ હસ્તક માછીમારોને વિવિધ સહાય.
- રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ દર વર્ષે સરેકાશ 1.54 લાખ ક્વિન્ટલ પ્રમાણિક બીજનું વિતરણ કરાયુ.
- રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના સીડ રીપ્લેસમેન્ટ રેટ હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં 737577 ખેડૂત લાભાર્થીને 771335.65 ક્વિન્ટલ સહાય પેટે રૂ. 17594.58 લાખની સહાય અપાઇ.
- પશુપાલન પોલિટેકનિક રાજપુર (નવા) હિંમતનગર અને કોલેજ ઓફ ડેરી સાયન્સ અમરેલીમાં બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલની સ્થાપના માટે રૂ. 37900 લાખની યોજના છે.
- કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના અંતર્ગત એસ્ટાબ્લીશમેન્ટ ઓફ સેન્ટર ઓફ એક્સેલન્સઇન એક્વાકલ્ચર અને સ્ટ્રેન્ધનીંગ ઓફ પી.જી. એજ્યુકેશન ઇન ફીશરીઝ માટે રૂ. 132.00 લાખની રમક ફાળવાઇ છે.
- રાજપુર (નવા) હિંમતનગરમાં પશુ ચિકિત્સા-પશુપાલ મહાવિદ્યાલયના બાંધકામ માટે રૂ. 1374.09 લાખની યોજના છે.
- મત્સ્યોદ્યોગ વિજ્ઞાન ક્ષેત્રે શિક્ષણ, સંશોધન, વિસ્તરણ માટે હિંમતનગરના રાજપુર (નવા) ગામે બાંધકામ માટે રૂ. 1000.00 લાખની યોજના છે.
- વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી સાઇનો તથા માળખાકીય સુવિધાઓ પ્રયોગ શાળા માટે રૂ. 628 લાખનો ખર્ચ કરાયો છે.
- જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમા સંશોધન કેન્દ્રના આધુનિકરણ માટે રૂ. 36 લાખ મંજૂર કરાયા છે.




- અમરેલી, પોરબંદર, હળવદની કૃષિ કોલેજમાં જરૂરી શૈક્ષણિક જગ્યાઓની ભરતી કરવામાં આવી છે.
- વાવણીથી વેચાણ સુધીની પ્રક્રિયામાં ગુજરાત સરકારનો સપોર્ટ રાજ્યના ખેડૂતને છે.
- ખેડૂતોને બિયારણ, ખાતર તેમજ અન્ય જરૂરી ખર્ચ માટે શૂન્ય ટકાના વ્યાજ દરે મળી રહ્યું છે કૃષિ ધિરાણ. પ્રધાનમંત્રી કિસાન યોજનાનો ખેડૂતોને મળી રહ્યો લાભ, ખેતીમાં આધુનિકરણ આવે તે માટે જરૂરી સાધનો ખરીદવા આપવામાં આવી રહી છે સહાય.
- ખેડૂતોના પાકને જંગલી પ્રાણીઓથી બચાવવા માટે તારની વાડ લગાવવા પણ થઇ રહી છે સહાય.
- રાસાયણિક ખાતરની અછત નથી, એના વિતરણ માટે સુદ્રઢ માળખુ છે અને રાસાયણિક ખાતર પર મળી રહી છે સબસિડી.
- સિંચાઇ માટે પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત છે વીજળી અને પાણી
- સુજલામ સુફલામ યોજનાથી સૌરાષ્ટ્રના કચ્છ અને સુરેન્દ્રનગરના ખેડૂતોને તથા ઉત્તર ગુજરાતના ખેડૂતોને મળી રહી છે સિંચાઇની સુવિધા.
- સૌની યોજનાથી સૌરાષ્ટ્રના લાખો ખેડૂતોને મળી રહ્યો છે. સિંચાઇનો લાભ.
- આદિવાસી વિસ્તારોમાં લીફ્ટ ઇરીગેશનથી પહોંચી રહ્યું છે પાણી.
- જ્યોતિગ્રામ યોજના હેઠળ કૃષિ માટે અપાઇ રહ્યા છે વીજ જોડાણો.
- વીજ ગ્રાહકો પાસેથી વીજબીલની બાકી નીકળતી રકમ ભરવામાંથી મુક્તિની યોજનાનો ખેડૂતોને પણ મળ્યો છે લાભ.
- કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયાસોને કારણે ખેત પેદાશોના ટેકાના ભાવમાં થઇ રહ્યો છે નોંધપાત્ર વધારો રાજ્યના મહામૂલા પશુધન અને પશુપાલકોને માટે કલ્યાણખારી એવી અનેક યોજનાનું થઇ રહ્યું છે અમલીકરણ
- પાક વીમાની પૂરી રકમની ચૂકવણી.

- સરેરાશ કૃષિ વિકાસ દરમાં ગુજરાત મોખરે.
- કપાસ - મગફળી- દિવેલા - વરિયાળી - જીરુના ઉત્પાદનમાં ગુજરાત રહ્યું છે નંબર વન.
- પપૈયા, દાડમ, લીંબુ, ચીકુ અને શાકભાજીના વાવેતરમાં દેશમાં ગુજરાત છે અગ્રેસર.
- ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં દેશમાં ગુજરાત પ્રથમ.
- ખેડૂતોને વીજબીલની ઇલેક્ટ્રીકસિટી ડ્યુટીમાંથી માફી આપનાર દેશનું પ્રથમ રાજ્ય છે ગુજરાત.
- દૂધ ઉત્પાદનમાં દેશમાં અગ્રિમ સ્થાને છે ગુજરાત.
- ટપક સિંચાઇ, ફુવારા સિંચાઇ જેવી પદ્ધતિઓનો ખેડૂતો લઇ રહ્યા છે લાભ.
- 1994-95માં રાજ્યનું કૃષિ બજેટ રૂ. 398.34 કરોડ હતું. જે 2021-22માં પહોંચ્યું છે રૂ. 7232 કરોડ પર.
- આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-1 હેઠળ આજ સુધીમાં 167708 લાભાર્થીને રૂ. 64.27 કરોડનું ધિરાણ અને રૂ. 64.27 કરોડની વ્યાજ સહાય ચૂકવવામાં આવી છે.
- આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના - 2 હેઠળ આજ સુધીમાં 38471 લાભાર્થીને રૂ. 941.49 કરોડનું ધિરાણ અને રૂ. 30.07 કરોડની વ્યાજ સહાય ચૂકવાઇ છે.
- 2019-20ના વર્ષથી અમલી સ્કીમ્ડ મિલ્ક પાવડરની નિકાસ ઉપર સહાયની યોજના હેઠળ 25 લાખ પશુપાલક સભાસદોને થયો છે આર્થિક ફાયદો.
- પાક ધિરાણ પર વ્યાજ સહાયની યોજના હેઠળ ખેડૂતોને મળે છે શૂન્ય ટકા વ્યાજથી પાક ધિરાણ.
- 2020-21માં શરૂ કરાયેલી મોટા કદના વેરહાઉસ ગોડાઉન બનાવવાની યોજના હેઠળ 40 બજાર સમિતિને 118851 મેટ્રીક ટન કેપેસિટી ગોડાઉન માટે થઇ છે. રૂ. 3638.49 લાખની સહાય.
- ફુડ પ્રોસેસીંગ માટે એકમ એકમદીઠ રૂ. 10 લાખની સહાય



માટે કેન્દ્ર સરકારની યોજના હેઠળ રૂ. 82 કરોડની જોગવાઇ કરાઇ.
- બીજ ઉત્પાદક ખેડૂતોને ઉત્તેજન માટે રૂ 55 કરોડની જોગવાઇ કરાઇ.
- ડાંગ જિલ્લાને સંપૂર્ણ રસાયણ મુક્ત ખેતી કરતો જિલ્લો બનાવવાના ઉદેશથી રૂ. 32 કરોડની જોગવાઇ કરાઇ.
- 1800 ઓટોમેટિક વેધર સ્ટેશનની સ્થાપના માટે રૂ. 12 કરોડની જોગવાઇ કરવામાં આવી.
- 2021-22ના વર્ષમાં બાગાયત ખાતાની યોજનાઓ માટે રૂ. 442 કરોડની જોગવાઇ કરાઇ.
- ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારી માટે દુધાળા પશુઓના ડેરી ફાર્મની સ્થાપના અને બકરા એકમની સ્થાપના માટે રૂ. 81 કરોડની જોગવાઇ કરવામાં આવી.
- પશુ દવાખાનાની સેવાઓ માટે રૂ. 43 કરોડની જોગવાઇ કરાઇ.
- ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડ માટે રૂ. 25 કરોડની જોગવાઇ કરવામાં આવી.
- મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના માટે રૂ. 20 કરોડની જોગવાઇ કરાઇ.
- પશુઓ માટે દાણ ખરીદીની સહાય માટે રૂ. 20 કરોડની જોગવાઇ કરવામાં આવી.
- કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ 1962 માટે રૂ. 7 કરોડની જોગવાઇ કરાઇ.
- રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ હસ્તક કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમો માટે રૂ. 698 કરોડની જોગવાઇ કરવામાં આવી.
- 10 હજાર માછીમારોને હાઇસ્પીડ ડીઝલ ઓઇલ પરની વેટ માફી યોજના માટે રૂ. 150 કરોડની જોગવાઇ કરાઇ.
- નવાબંદર, માઢવાડ, વેરાવળ, પોરબંદર, સુત્રાપાડા મત્સ્ય બંદરોના વિકાસ માટે રૂ. 97 કરોડની જોગવાઇ કરાઇ.
- માછીમારોને ઓ.બી.એમ. મશીનની ખરીદી ઉપર સહાય આપવા રૂ. 15 કરોડની જોગવાઇ કરવામાં આવી.
- રાજ્યના ખેડૂતોને પાક ધિરાણ યોજનાની સહાય માટે રૂ 1000 કરોડની જોગવાઇ કરાઇ.
- ખરીદ વેચાણ અને સંગ્રહ વ્યવસ્થા યોજના હેઠળ રૂ. 78 કરોડની જોગવાઇ

આમ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના કાર્યક્ષમ અને દીર્ઘદ્રષ્ટિ સાથેના નેતૃત્વમાં વીતેલા પાંચ વર્ષમાં રાજ્યમાં કૃષિ-પશુપાલન-બાગાયત ક્ષેત્રમાં અપરંપાર સફળતા સિદ્ધિના વાવેતર થયા છે. જેના પરિણામે ખેડૂતોના ચહેરા આનંદ છલકતો જોવા મળી રહ્યો છે.●

(લેખક જાણીતા આર. જે. અને કટાર લેખક છે.)




# આદિવાસી બાંધવો વિકાસની વાટે



વિપુલ ચૌહાણ

રાજ્યની પારદર્શક અને નિર્ણાયક સરકાર દ્વારા ખૂબ જ સંવેદનશીલતા સાથે સર્વસમાવેશક સમતોલ વિકાસ કાર્યો કરીને જ્ઞાતિ-જાતિલક્ષી વિકાસના સીમાડાઓને રાજ્યમાંથી ઉખાડી બતાવ્યા છે. રાજ્યના અંતરિયાળ તથા સાવ છેવાડાના વિસ્તારોમાં પણ મહાનગરોની માફક જ અનેક વિકાસ પ્રોજેક્ટ્સ મૂકીને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે ગુજરાત મોડેલને સ્માર્ટ સ્ટેટ બનાવવાની દિશા તરફ ડગ માંડ્યા છે. તેમાં પણ ખાસ વનબંધુઓના ડેવેલોપમેન્ટમાં રૂપાણી સરકારનું વિશેષ ઇન્વોલ્વમેન્ટ રહ્યું છે. આદિજાતિ વિસ્તારોમાં વનબંધુઓના વિકાસ માટે રાજ્ય સરકારની કટિબદ્ધતા અને પ્રતિબદ્ધતાનો આમ જનતાને પણ અહેસાસ થઈ રહ્યો છે. જ્યાં પહેલાં રસ્તા, પાણી, શૌચાલય, બસ સેવા, શિક્ષણ કે આરોગ્ય સહિતની પ્રાથમિક સુવિધાઓના પણ અનેક પ્રશ્નો હતા ત્યાં હવે ગુણવત્તાયુક્ત રસ્તા, ઘરે-ઘરે નળ અને તે નળમાં શુદ્ધ પાણી, આધુનિક બસ સુવિધાઓ, શ્રેષ્ઠ ઉચ્ચ શિક્ષણ અને અત્યાધુનિક સુવિધાઓ અને નિષ્ણાત તબીબોથી સજ્જ સરકારી હોસ્પિટલો પણ સામાન્ય બાબત થઈ ગઈ છે. એટલું નહિ, દેશભરમાં વનબંધુઓને તેમની જમીનની માલિકીના હક્કો પૂરા પાડવામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે અને તેમની સનદો સૌથી વધુ ગુજરાતે આપીને રાજ્યના વનબંધુઓના સર્વાંગી વિકાસનો નવો રાહ ચીંધ્યો છે.

વનબંધુ વિસ્તારોમાં છેલ્લાં પાંચ વર્ષોમાં થયેલી મહત્ત્વપૂર્ણ કામગીરીની એક ઝલક ગુજરાતી બાંધવોને વાંચવી ગમશે.

- રાજ્યનાં નર્મદા જિલ્લામાં રાજ્યના આદિજાતિ સમુદાયના વિદ્યાર્થીઓને ઉચ્ચ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા "ગુજરાત રાજ્ય ટ્રાઇબલ યુનિવર્સિટી" સ્થાપવાનો નિર્ણય કર્યો છે.
- આ યુનિવર્સિટીમાં રોજગારક્ષમ ટેકનિકલ ડિપ્લોમા, સર્ટિફિકેટ કોર્સ જેમાં આદિજાતિ વિસ્તારના રોજગાર ક્ષેત્રોને કાર્યક્ષમ બનાવવા ડેરી અને ડેરી આધારિત ઉધોગ, કૃષિ-વન આધારિત કુશળતાઓનો વિકાસ, વિજ્ઞાન, ટેકનિકલ, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં વિભાગો શરૂ કરવામાં આવશે.
- બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટીની સ્થાપના માટે સ્ટેચ્યૂ ઓફ યુનિટી વિસ્તારમાં નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના જીતનગર ગામને ૧૬ હેકટર જેટલી જમીન રાજ્ય સરકારે ફાળવી છે.
- કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત ૪,૭૨,૯૩૬ આદિજાતિ ખેડૂતોને સુધારેલા મકાઈ તથા શાકભાજીનાં બિયારણ, ખાતરની કિટનું વિતરણ કરવામાં આવ્યું છે.
- આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિ મહિલાઓને રોજગારી પૂરી પાડવાના હેતુસર ૩૫,૫૩૩ દુધાળાં પશુઓ આપવામાં આવ્યાં.
- આદિજાતિ વીર સ્વાતંત્ર્ય સેનાનીઓની યાદમાં રાજ્યના નર્મદા જિલ્લા ખાતે રૂ.૧૦૩.૧૮ કરોડના ખર્ચે "રાષ્ટ્રીય કક્ષાનું આદિવાસી વીર સ્વાતંત્ર્ય સેનાનીનું" મ્યુઝિયમ ઊભું કરવામાં આવશે.

*બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટીની સ્થાપના માટે સ્ટેચ્યૂ ઓફ યુનિટી વિસ્તારમાં નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના જીતનગર ગામને ૧૬ હેકટર જેટલી જમીન રાજ્ય સરકારે ફાળવી છે.*



- સમરસ છાત્રાલયમાં વર્ષ ૨૦૧૭-૧૮થી ૨૦૨૦-૨૧ સુધીમાં કુલ રૂ.૬૮.૫૫ કરોડનો ખર્ચ કરી લાભ આપવામાં આવ્યો છે.
- આદિવાસી યુવક યુવતીઓને ગુણવત્તાયુક્ત રોજગારલક્ષી તાલીમ માટે ત્રણ માસથી બે વર્ષ સુધીની જુદી-જુદી તાલીમોમાં ૨૬,૪૮૧ યુવક યુવતીઓને તાલીમ આપવામાં આવી.
- આદિજાતિ યુવક યુવતીઓને જેઈઈ અને નીટ કોચિંગ માટે રાજ્યના ૧૪ આદિજાતિ જિલ્લામાં મેડિકલમાં ૨૨,૧૯૪ અને ઈજનેરીમાં ૧૧,૭૫૦ વિદ્યાર્થીને કોચિંગ પૂરું પાડ્યું છે, તે પૈકી ૨,૯૮૩ મેડિકલમાં ૨,૨૨૦ ઈજનેરની પ્રવેશ માટે ક્વૉલિફાય થયા હતા. સરકારશ્રી દ્વારા તાલીમ ખર્ચ પેટે રૂ.૨૯.૦૦ કરોડનો ખર્ચ કર્યો છે.
- ટીસ્યુ કલ્ચર બનાના ૨,૫૩૨ એકર અને ટીસ્યુ કલ્ચર સુગર હેઠળ ૨,૯૮૯ એકરમાં લાભ આપવામાં આવ્યો હતો. સરકાર દ્વારા ખર્ચ પેટે રૂ.૧૪.૬૪ કરોડનો ખર્ચ કરાયો છે
- રાજ્ય સરકારની ગુજરાત જાહેર સેવા આયોગની વર્ગ ૧ અને ૨ ની પ્રવેશ પરીક્ષા માટે રાજ્યના જિલ્લામાં ૧૫ સેન્ટર ખાતે ૧,૩૪૦ વિદ્યાર્થીને કોચિંગ આપવામાં આવી જેમાંથી ૧૦૮ વિદ્યાર્થી વર્ગ -૧ અને ૨ તથા અન્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હતા.
- આદિજાતિ વિસ્તારમાં દુધાળાં પશુની સારવાર માટે રાજ્યના ૬ જિલ્લામાં મોબાઈલ વાન કાર્યરત છે, જેના માટે રૂ.૩.૯૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે
- ફળાઉ ઝાડ વિતરણ યોજના અંતર્ગત ચાલુ વર્ષે રૂ. ૨ કરોડના ખર્ચે દક્ષિણ ગુજરાતના ૧૩,૮૯૫ આદિજાતિ ખેડૂતોને ૧૩,૮૯૫ ફળાઉ રોપાઓનું વિતરણ કરવામાં આવશે.
- શાકભાજીના પાકો માટે યોગ્ય બજાર વ્યવસ્થા મળી રહે તે માટે ૧૦૦ વેજિટેબલ કલેકશન કમ ગ્રેડિંગ સેન્ટર ઊભાં કરવા માટેની યોજના અમલમાં મૂકવામાં આવી જેમાં અંદાજિત ૧૩,૬૧૨ લાભાર્થીને લાભ આપવામાં આવશે.
- રાજ્યના છેવાડા માનવીને બેંકની સુવિધા પૂરી પાડવા માટે રાજ્યમાં કુલ ૩૧ એ.ટી.એમ મશીનો લગાવવામાં આવ્યા છે. આ યોજના દ્વારા ૪.૩૧ લાખ લાભાર્થીને લાભ મળ્યો છે. રાજ્યના અન્ય જિલ્લામાં કુલ.૩૦ એ.ટી.એમ ની સ્થાપના કરવામાં આવશે. જેના માટે રૂ. એક કરોડની ફાળવણી કરવામાં આવી છે .
- આદિજાતિના સામાજિક પ્રસંગોની ઉજવણી માટે જિલ્લા કક્ષાએ તેમ જ તાલુકા કક્ષાએ કલ્ચરલ કમ કોમ્યુનિટી હૉલ બનાવી મદદરૂપ થવા માટે કલ્ચરલ કમ કોમ્યુનિટી હૉલની યોજના વર્ષ ૨૦૧૬-૧૭થી અમલમાં આવી છે.
- વર્ષ ૨૦૧૬થી ૨૦૨૦ સુધીમાં કુલ- ૧૧ કલ્ચરલ કમ કોમ્યુનિટી હોલ મંજૂર કર્યા છે જે પૈકી ૧ (દાહોદ ખાતે કાર્યરત છે) બાકીના કલ્ચરલ કોમ્યુનિટી હૉલની કાર્યવાહી પ્રગતિમાં છે.
- અનુસૂચિત જનજાતિના તેજસ્વી છાત્રો માટેની વિનામૂલ્યે રહેવા-જમવા અને ભણવાની સુવિધા સાથેની આદર્શ નિવાસી શાળા યોજના ચલાવવામાં આવે છે.
- અનુસૂચિત જનજાતિના બે લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મૅટ્રિક શિષ્યવૃત્તિ આપવા માટે રૂ.૩૬૫ કરોડની જોગવાઈ કરવામાં આવી.

- દૂધ સંજીવની યોજના અંતર્ગત ૫૩ આદિજાતિ તાલુકાના પ્રાથમિક શાળાનાં ૮ લાખ બાળકોને ફ્લેવર્ડ દૂધ આપવા માટે રૂ.૧૭૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- અનુસૂચિત જનજાતિના પ્રિ-એસ.એસ.સી.ના ૧૫ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે રૂ.૧૩૮ કરોડની જોગવાઈ કરાઇ.
- અનુસૂચિત જનજાતિની ધો.૯ માં અભ્યાસ કરતી ૪૮,૦૦૦ વિદ્યાર્થિનીઓને વિદ્યાસાધના યોજના હેઠળ સાઇકલ માટે રૂ.૧૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- સ્વતંત્રતાની રાષ્ટ્રીય ચળવળમાં મહત્ત્વનો ભાગ ભજવનાર આદિજાતિ સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાન અને આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતા નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે રાષ્ટ્રીય કક્ષાના સંગ્રહાલયના નિર્માણ માટે રૂ.૨૬કરોડની જોગવાઈ કરાઇ.
- હાલમાં જ્યારે ડિજિટલ સેવાઓનો વ્યાપ વધ્યો છે ત્યારે તેનો લાભ અંતરિયાળ આદિજાતિ વિસ્તારને પણ સરળતાથી મળી શકે તે હેતુથી નેટવર્ક કવરેજ વધારવા નવા મોબાઇલ ટાવર ઊભા કરવા માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- આદિજાતિ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાના ઉદ્દેશથી સ્માર્ટ ક્લાસ રૂમ શરૂ કરવા રૂ.૯ કરોડની જોગવાઇ કરાઇ.
- સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ(IDDP) દ્વારા આદિજાતિ મહિલાઓને સ્વનિર્ભર બનાવવા સઘન પ્રયાસ : ૧,૪૨,૨૫૦ દુધાળાં પશુ સાથે અન્ય સાધન સહાયથી આદિવાસી મહિલાઓ પ્રતિ માસ રૂ. ૪૫૦૦ થી ૬૦૦૦ની આવક મેળવતી થઈ છે.
- આદિજાતિની કન્યાઓના સાક્ષરતા દરમાં વૃદ્ધિ કરવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ : આદિજાતિ કન્યાના શિક્ષણ માટે નિવાસી શાળાઓ કાર્યરત. કન્યા સાક્ષરતા દર ૩૧.૪૦% થી વધીને ૪૭.૩૩ ટકાનો થયો.



- આદિજાતિના શિક્ષિત યુવક-યુવતીઓ માટે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે રૂ.૧૫ લાખની મર્યાદામાં લોન સહાય અપાઇ. કુલ-૯૧ વિદ્યાર્થીઓને રૂ.૧૧૯૬.૬૪ લાખની લોન સહાય અપાઇ.
- બેરોજગાર આદિજાતિઓને આર્થિક રીતે પગભર બનાવવા ૮૦ ધંધાઓ માટે રૂ.૭૫,૦૦૦ થી રૂ.૫,૦૦,૦૦૦ સુધી વાર્ષિક ૬% ના વ્યાજના દરે લોન સહાય. કુલ-૧૦૬૬ બેરોજગાર આદિવાસીઓને રૂ. ૩૨૩૮.૯૯ લાખની લોન સહાય આપવામાં આવી છે
- નર્મદાના સાગબારા, સુરતના માંડવી, વડોદરાના વાઘોડિયા, સાબરકાંઠાના પોશીના, ભરૂચના વાગલખોડ તથા છોટાઉદેપુર જિલ્લાના નસવાડી ખાતે ૬ નવી એકલવ્ય મોડેલ રેસિડેન્સી સ્કૂલના અદ્યતન મકાનોના નિર્માણથી વનબંધુઓનાં બાળકોને મળી ગુણવતાસભર શિક્ષણ સુવિધા પૂરી પાડવામાં આવી છે.
- આદિવાસી યુવાનોના ઉચ્ચ શિક્ષણ માટે રાજપીપળા ખાતે બિરસામુંડા ટ્રાઇબલ યુનિવર્સિટીનું રૂ. ૩૦૦ કરોડના ખર્ચે ૪૦ એકરના વિસ્તારમાં નિર્માણ. વિવિધ અભ્યાસ માટે ૩ કોલેજો કાર્યરત.
- રાજ્યમાં વિવિધ ૧૦ સ્થળોએ હાટબજાર શરૂ કરવાથી રોજગારી - સ્વરોજગારી દ્વારા વનબંધુઓનું આર્થિક ઉત્કર્ષ. ગૃહઉદ્યોગને મળ્યો અદ્ભુત વેગ.
- વન અધિકાર અધિનિયમ હેઠળ ૮૮,૮૫૯ જેટલા વ્યક્તિગત દાવાઓ મંજૂર ૧,૩૯,૭૧૭, એકર વન જમીન ઉપર આદિવાસી બાંધવોને મળ્યો અધિકાર.
- ટેલેન્ટપુલ યોજના અંતર્ગત રાજ્યના આદિજાતિના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ ખાનગી શાળાઓમાં ગુણવત્તાયુકત શિક્ષણની સુવિધાઓનો લાભ.
- રાજ્યના અંતરિયાળ આદિવાસી વિસ્તારોને પીવાનું શુદ્ધ પાણી મળે તે માટે મહત્ત્વપૂર્ણ છ યોજનાઓ રૂ.૧૭૦૦ કરોડના ખર્ચે હાથ ધરવાનો નિર્ણય. જેનો સીધો લાભ ૮૨૮ આદિવાસી ગામો અને ચાર શહેરોને મળશે.
- રાજ્યમાં સિકલસેલ એનિમિયાના રોગ નિયંત્રણ અને ઉપચાર માટે ૮૮ લાખથી વધુ આદિજાતિ લોકોની ચકાસણી ૨૯,૦૦૦ જેટલા આ રોગના દર્દીઓને દર માસે રૂ.૫૦૦ લેખે નાણાકીય તબીબી સહાય. સુરત, વલસાડ, નવસારી, વડોદરા અને અમદાવાદ ખાતે સારવારની વિશેષ સુવિધાવાળા અલગ વોર્ડની રચના. ●

# ઉડીને આંખે વળગે છે વંચિતોનો વિકાસ






બેલા મહેતા

વિશ્વના કોઈપણ સભ્ય અને પ્રગતિશીલ સમાજ માટે વિકાસની વિભાવના ત્યારે જ સંપન્ન થઈ કહી શકાય જ્યારે સમાજનો પ્રત્યેક નાગરિક પોતાના દેશ, રાજ્ય અને વિસ્તારના સર્વસમાવેશક વિકાસમાં પોતાનું યોગદાન આપી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે. ગુજરાતના રહેવાસી એવા અનુસૂચિત જાતિનો વર્ગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુક્ત જાતિઓ, લઘુમતી, બિન અનામત વર્ગો, દિવ્યાંગ, નિરાધાર, વૃદ્ધ તેમજ થર્ડ જેન્ડર જેવા ભિન્ન-ભિન્ન વર્ગોના લોકોની વિશિષ્ટ આવશ્યકતાઓને ધ્યાનમાં રાખી સમગ્ર ગુજરાતમાં વખતોવખત ખાસ કાર્યક્રમો, અભિયાનો તથા યોજનાઓ દ્વારા વંચિત સમુદાયના લોકોનું જીવનધોરણ ઊંચું લાવવાના નિષ્ઠાવાન પ્રયત્નો કરવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની આગેવાનીમાં ગુજરાતે એક રાજ્ય તરીકે અભૂતપૂર્વ વિકાસ સાધ્યો છે. વંચિત વર્ગને નજીકથી સ્પર્શતા અનેક નિર્ણયો કરી આ સમુદાયથી આવતા લોકો માટે જીવન સરળ બનાવવાનાં કાર્યો કરવામાં આવ્યાં છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ગુજરાત સરકારે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના વિકાસકાર્યો માટેની મદદથી કુલ રૂ.૪૩૫૩ કરોડનાં વિકાસકાર્યો હાથ ધરવાનું આયોજન કર્યું છે.

ગુજરાતના આજના વંચિત વર્ગના તેજસ્વી યુવક-યુવતીઓ વિદેશમાં જઈ અભ્યાસ કરતા થયા છે, દીકરા-દીકરીઓ કમર્શિયલ પાયલોટ બની આકાશની ઊંચાઈને આંબવાનાં સ્વપ્નો સેવતા થયા છે. શિક્ષણ, આરોગ્ય, આર્થિક સદ્ધરતા, આવાસ, સામાજિક - સાંસ્કૃતિક પારિવારિક અવસર પર આર્થિક સહાય એ ગુજરાતની સરકારના સંવેદનાસભર સુશાસનને સુદ્રઢ કરે છે. શિક્ષણ, આરોગ્ય, આર્થિક, સામાજિક ક્ષેત્રની ગુજરાત સરકાની શોષિત, પીડિત વંચિત સમુદાયને સ્પર્શતી ૬૦ થી વધુ યોજનાઓ અમલમાં છે. આ યોજનાઓનાં પરિણામો થકી લોકોના જીવનને યોગ્ય દિશા મળી રહી છે અને હજારો વ્યક્તિઓ સફળ અને સમૃદ્ધ જીવન જીવતી થઈ છે. આર્થિક અસક્ષમતાના કારણે એક પણ વિદ્યાર્થી કે ઉદ્યોગ સાહસિક પોતાનાં સપનાઓ સાથે બાંધછોડ ના કરે તે માટે લાભકારી યોજનાઓ થકી ગુજરાત સરકાર સતત તેમની પડખે ઊભી છે. આ યોજનાઓનો લાભ લઈ ઘણા અંગત તેમજ પારિવારિક સમૃદ્ધિ તરફ અનેક લોકો ગુજરાતની વણથંભેલી વિકાસયાત્રામાં જોડાઈ યોગદાન આપી રહ્યા છે.

વંચિતોના વિકાસ માટે ઊડીને આંખે વળગે તેવા ગુજરાત સરકારનાં વિકાસશીલ કાર્યોને ઉડતી નજર જોઈએ.

- ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં કાર્યો અને ફિલોસોફીના સંશોધન ક્ષેત્રે ડૉ .આંબેડકર ચેર યોજના અંતર્ગત અનુસૂચિત જાતિના લોકોને કુલ રૂ.૬૬૫.૩૬ લાખના ખર્ચ સાથે ગુજરાત દ્વારા સંશોધન કાર્યને પ્રોત્સાહન
- વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓના માર્ગદર્શન માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આર્થિક સહાય તરીકે કુલ રૂ.૧૭૮.૫૮ લાખનો ખર્ચ કરી ૧૧૫૬ લાભાર્થીઓએ લાભ લીધો.

***સામાજિક, શૈક્ષણિક, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી-વિમુકત જાતિઓ અને લઘુમતી વર્ગના વિદ્યાર્થીઓ માટે કાર્યરત વિવિધ સરકારી છાત્રાલયોના ૫૩,૪૯૭ વિદ્યાર્થીઓને Covid-19ની અસામાન્ય પરિસ્થિતિ દરમિયાન કુલ રૂ. ૮૦૨.૪૫ લાખની સહાય સીધી તેમના બેન્ક એકાઉન્ટમાં જમા.***

- ૨૦૧૭-૧૮ના વર્ષ દરમિયાન કુંવરબાઈના મામેરું યોજનામાં પહેલાં એક કુટુંબની એક જ દીકરીને આપવામાં આવતી હતી, જેમાં પરિવર્તન કરી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ એક જ કુટુંબની બે દીકરીઓને મદદ કરવાનો નિર્ણય કર્યો.
- વર્ષ ૨૦૨૦-૨૧થી કુંવરબાઈનું મામેરું યોજનાની સહાયમાં રૂ.૧૦,૦૦૦ રકમમાં રૂ. ૨૦૦૦નો વધારો કરીને રૂ.૧૨,૦૦૦ કરવાનો વિચારશીલ નિર્ણય, કુલ રૂ.૨૮૧૩.૭૬ લાખના ખર્ચ સાથે ૨૮,૦૦૮ અનુસૂચિત જાતિની દીકરીઓને લગ્ન સમયે ખૂબ જ જરૂરી મદદ પહોંચાડવામાં આવી.
- ૨૦૧૮-૧૯ના વર્ષમાં ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતીય લગ્ન સહાય યોજનામાં અંતર્ગત પહેલા રૂ.૫૦,૦૦૦ સહાયના બદલે રૂ.૧,૦૦,૦૦૦ની સહાય કરવામાં આવી, સામાજિક સમરસતા જાળવનારા અનુસૂચિત જાતિના ૨૨૭૬ યુગલને રૂ.૧૯૬૮.૪૨ લાખના ખર્ચ સાથે સહાય કરવામાં આવી.
- વર્ષ ૨૦૨૦-૨૧માં સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ યુગલદીઠ રૂ.૧૦,૦૦૦ની સહાય માં રૂ.૨૦૦૦નો વધારો કરી રૂ.૧૨,૦૦૦ કરવાનો ઉપયોગી નિર્ણય, માત્ર એક વર્ષના ટૂંકા સમયગાળામાં પણ કુલ રૂ.૧૪.૫૫ લાખના ખર્ચ સાથે ૧૧૬ અનુસૂચિત જાતિના યુગલોને લાભ મળ્યો.
- વર્ષ ૨૦૨૧-૨૨માં અનુસૂચિત જાતિની ૨૮ આદર્શ નિવાસી શાળાઓમાં સ્માર્ટ સ્કૂલ ઇ-લર્નિંગ પ્રોજેકટનો ગુજરાત સરકારનો મક્કમ નિર્ધાર

## વિકસતી જાતિનું સર્વાંગીણ કલ્યાણ

- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સક્રિય સરકાર દ્વારા ૫ વર્ષમાં વિકસતી જાતિના ૨૨૪.૬૦ લાખ રૂ.૨૬૪૯.૮૬ કરોડના ખર્ચે શિષ્યવૃતિ - ગણવેશ સહાય સીધી તેમના બેન્ક ખાતામાં જમા કરવામાં આવી.
- વિદેશ અભ્યાસ લોન, કોમર્શીયલ પાઈલોટની તાલીમ માટે લોન, મામેરા, સમૂહ લગ્ન માટેની સહાય યોજના, માનવ ગરિમા યોજના, છાત્રાલય અને આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ જેવી વિવિધ યોજનાઓને અમલીકરણ ઓનલાઈન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.




- **ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના :** સ્વનિર્ભર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો, વિદેશ અભ્યાસ, ભોજન બિલ સહાય, વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે આર્થિક સહાય જેવી યોજના પાછળ માત્ર છેલ્લા ૩ વર્ષમાં જ બિન અનામત વર્ગોના ૬૬,૩૫૭ લાભાર્થીઓને રૂ.૬૩૮.૨૧ કરોડની સહાય પૂરી પાડવામાં આવી.
- ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણીના અવસરે સમાજ કલ્યાણ વિભાગ દ્વારા કાર્યરત નિગમોના નેજા હેઠળ ગોપાલક, કોળી, ઠાકોર જેવી વિકસતી જાતિના ૨૫,૪૯૧ લાભાર્થીઓને વન ટાઈમ સેટલમેન્ટ યોજના અંતર્ગત રૂ.૧૬૯.૦૭ કરોડનું વ્યાજ માફ કરાયુ.
- આવાસને પ્રાધાન્યતા : પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના અસરકારક અમલ વડે છેલ્લાં ૫ વર્ષમાં ૧,૦૨,૮૮૬ લાભાર્થીઓને પોતાનું ઘર બનાવવા રૂ.૫૫૧.૭૫ કરોડની સહાય, ઉલ્લેખનીય છે કે, આ સહાયમાં પહેલા રૂ.૭૦,૦૦૦ સહાય મળવાપાત્ર હતી જે હવે રૂ.૧.૨૦ લાખ સુધી વધારવામાં આવી છે.
- છેલ્લા ૫ વર્ષમાં ૧,૦૭,૮૫૨ દીકરીઓનાં મામેરાં માટે રૂ.૧૦૭.૮૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.
- સામાજિક, શૈક્ષણિક, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી-વિમુકત જાતિઓ અને લઘુમતી વર્ગના વિદ્યાર્થીઓ માટે કાર્યરત વિવિધ સરકારી છાત્રાલયોના ૫૩,૪૯૭ વિદ્યાર્થીઓને Covid-19ની અસામાન્ય પરિસ્થિતિ દરમિયાન કુલ રૂ. ૮૦૨.૪૫ લાખની સહાય સીધી તેમના બેન્ક એકાઉન્ટમાં મોકલવામાં આવી.
- વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન વિકસતી જાતિની ૩૩ આદર્શ નિવાસી શાળાઓમાં સ્માર્ટ સ્કૂલ ઇ-લર્નિંગ પ્રોજેક્ટ
- વડોદરા ખાતે ડૉ.બાબાસાહેબ આંબેડકર સંકલ્પ સ્મારકનાં કામો માટે રૂ.૧૨ કરોડના ખર્ચનો વર્ષ ૨૦૨૧-૨૨ના આયોજન અને વિકાસલક્ષી કાર્યમાં સમાવેશ.
- ડૉ બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીના ભાગરૂપે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ અને ઠાકોર અને કોળી વિકાસ નિગમના ૨૫,૪૯૧ લાભાર્થીઓનું રૂ.૧૬૯.૦૭ કરોડનું વ્યાજ માફ કરવા વન ટાઈમ સેટલમેન્ટ યોજનાનો પરિણામલક્ષી અમલ



## સમાજ સુરક્ષા : વૃદ્ધો, નિરાધારો, દિવ્યાંગો જરૂરિયાતમંદોનું વિશેષ ધ્યાન...

- વૃદ્ધ પેન્શન, નિરાધાર વૃદ્ધ યોજના અને વયવંદના યોજના માટે વર્ષ૨૦૨૧-૨૨ દરમિયાન ૧૦ લાખ ૯૫ હજાર નિરાધાર વૃદ્ધોને પેન્શન આપવા માટે રૂ. ૧૦૩૨ કરોડનું આયોજન
- કોવિડ-૧૯ મહામારીના કારણે અનાથ થયેલાં ૦ થી ૧૮ વર્ષનાં બાળકોને માર્ચ ૨૦૨૦થી મુખ્યમંત્રી બાળસેવા યોજના અંતર્ગત સહાય કરવામાં આવે છે. ૨૦૨૧-૨૨ના વર્ષ દરમિયાન જૂન-૨૦૨૧ સુધીમાં ૭૭૬ લાભાર્થીઓને રૂ.૩૧.૦૪ લાખની મદદ.
- વર્ષ ૨૦૨૦-૨૧ થી બૌદ્ધિક અસમર્થતા ધરાવતી (મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય કરવા નક્કી કરેલા માપદંડો અનુસાર દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને આર્થિક ટેકો પૂરો પાડવામાં આવે છે, જૂન-૨૦૨૧ સુધીમાં ૯,૪૬૮ લાભાર્થીઓને રૂ. ૭૭.૯૦ લાખની સહાય.
- નાની ઊંમરમાં માતા-પિતા ખોઈ દેનાર બાળકોના ઉછેરમાં આર્થિક ટેકો આપવા રાજ્ય સરકારની પાલક માતા પિતા યોજના દ્વારા ૧૭,૧૪૫ લાભાર્થીઓને રૂ.૧૦૬૦.૭૭ લાખની સહાય દ્વારા આ બાળકોના શિક્ષણ અને ઉછેરમાં ગુજરાત સરકાર પ્રત્યક્ષ યોગદાન.
- સમાજના આદરણીય વડીલજનોની સમજ અને અનુભવને આદર આપવાના ભાગરૂપે ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ ૬૦ થી ૭૯ વર્ષના વૃદ્ધોને રૂ.૭૫૦ જ્યારે ૮૦ વર્ષ થી વધુ વયના વૃદ્ધોને રૂ.૧૦૦૦ પેન્શન, જૂન ૨૦૨૧ સુધીમાં રૂ.૧૯૨૭૬.૨૫ લાખના ખર્ચે રાજ્યના કુલ ૮,૬૮,૮૭૧ વડીલોને આ સહાય કરવામાં આવી.
- રાજ્યના નિરાધાર વૃદ્ધોને વર્તમાનમાં માસિક સહાય તરીકે રૂ.૭૫૦ આપવામાં આવે છે જુલાઇ ૨૦૨૦ થી ૭૫ વર્ષથી વધુ વયના વૃદ્ધો માટે રૂ.૧૦૦૦ ચૂકવવામાં આવે છે. જેમાં જૂન ૨૦૨૧ સુધીમાં કુલ ૧,૨૩,૨૮૪ નિરાધાર વૃદ્ધોને રૂ.૨૮૪૮.૫૨ લાખની સહાય આપવામાં આવી.
- કેદી સહાય યોજના અંતર્ગત વર્તમાનમાં રૂ.૨૫,૦૦૦ ની સહાય તરીકે વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન કુલ ૪૦૦ લાભાર્થીઓ ને રૂ.૧૦૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે.
- જુવેનાઇલ જસ્ટિસ ફંડના માધ્યમથી મુશ્કેલીમાં મૂકાયેલાં બાળકોને સહાય અને પુનર્વસન માટે રૂ.૧ કરોડના ખર્ચનું વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન સરકારનું નક્કર આયોજન.

### દિવ્યાંગોનું વિશેષ ધ્યાન

- વર્ષ ૨૦૧૯થી ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમની શરૂઆત
- દિવ્યાંગ સાધન સહાય યોજનામાં સીધો બમણો વધારો - રૂ.૧૦,૦૦૦ માંથી રૂ.૨૦,૦૦૦નો નિર્ણય અને અમલ, વર્ષ ૨૦૨૦-૨૧માં ૬૦૭થી વધુ દિવ્યાંગોને રૂ.૩૧.૦૩ લાખની સહાય
- વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત કુલ ૮૩૯૯ દિવ્યાંગ જનોને રૂ.૯૮.૭૮ લાખની સહાય
- વર્ષ ૨૦૨૦-૨૧માં એસ.ટી. બસમાં મફત પ્રવાસ કરવા માટે કુલ રૂ. ૧,૪૨૪ લાખના ખર્ચ વડે કુલ ૨,૭૧,૭૫૫ દિવ્યાંગોને મુસાફરી સહાય આપવામાં આવી.
- સંત સુરદાસ યોજનામાં તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને નાણાકીય સહાય તરીકે વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૧,૭૪૬ લાખના ખર્ચ સાથે કુલ ૩૧,૬૯૫ દિવ્યાંગોને સહાય
- દિવ્યાંગ વ્યક્તિઓને મુદતી ધિરાણ, શૈક્ષણિક હેતુ માટે ધિરાણ, માઇક્રો ફાઇનાન્સ જેવી યોજનાઓ દ્વારા આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે સક્ષમ કરવા માટે ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ વર્ષ ૨૦૨૦-૨૧માં માટે રૂ. ૭ કરોડની જોગવાઇ કરાઇ.
- **વંચિત વર્ગ માટે કાર્યરત વિવિધ નિગમો :** ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ અને ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના માધ્યમથી ગુજરાત સરકારે વંચિતવર્ગના આર્થિક ઉત્થાન માટે અનેક યોજનાઓ કાર્યરત કરી છે. પૂજ્ય ઠક્કરબાપા સફાઈ કામદાર પુનઃ સ્થાપન, ડૉ. આંબેડકર સફાઈ કામદાર, વ્યક્તિગત અકસ્માત વીમા કવચ, મહિલા સમૃદ્ધિ, લઘુ ધીરાણ-માઇક્રો ફાઇનાન્સ, ઓટોરિક્ષા ધિરાણ અને બેન્કેબલ યોજના જેવી ઉપયોગી એવી ઘણી યોજનાઓનો લાભ ગુજરાતના વંચિત વર્ગના લોકો લઈ રહ્યા છે.●




# ગુજરાતનાં શહેરો બન્યાં લિવેબલ અને લવેબલ



**ઉમંગ બારોટ**

'અમારું શહેર હવે તો ઘણું બદલાઈ ગયું છે, 'પહેલા અહીં સુમસામ વગડો-ખેતર હતા હવે નવી સોસાયટીઓ-મોટી ઇમારતો બની ગઈ છે.''થોડા વર્ષ બહાર રહેવા ગયા હવે અમારા જ શહેરમાં અમે અજાણ્યા થઈ ગયા એટલું વિકસી ગયું છે. આવાં વાક્યો ગુજરાતમાં રહેતા કે ગુજરાતની બહાર રહેવા ગયેલા કોઈને કોઈ વયોવૃદ્ધ-વડીલ શહેરીજન પાસેથી આપણે જરૂર સાંભળ્યા હશે. ગુજરાતનાં નગરો-મહાનગરોની આજથી ૨૦-૨૫ વર્ષ પહેલાંની સ્થિતિ અને વર્તમાન સ્થિતિ વચ્ચેનો તફાવત ઊડીને આંખે વળગે તેવો છે. છેલ્લાં પાંચ વર્ષમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની આયોજનબદ્ધ શહેરી વિકાસની નીતિ-રીતિને પરિણામે ગુજરાતના શહેરો લિવેબલ અને લવેબલ બની રહ્યાં છે.

'માનવી ત્યાં સુવિધા'ના મંત્ર સાથે ગુજરાતનાં શહેરોનો કાયાકલ્પ થઇ રહ્યો છે. છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતના શહેરોને ૯ હજાર કિ.મિ. રસ્તા, ૮૧ બ્રિજ, ૩૧ રેલવે બ્રિજ, ૧૩૯ પાર્ક, ૧૬ નવા બસ ડેપો, ૧૨૦ અર્બન હેલ્થ સેન્ટર સહિતના વિકાસ પ્રકલ્પો મળ્યા છે.

રોડ-રસ્તા, બ્રિજ, બાગ-બગીચા, પીવાનું શુદ્ધ પાણી, ભૂગર્ભ ગટર વ્યવસ્થા, સ્વચ્છતા, વગેરે આંતરમાળખાકીય સુવિધાઓના વિકાસમાં ટેક્નોલોજીના વિનિયોગથી ગુજરાતનાં શહેરો સ્માર્ટ બની રહ્યાં છે.

ગુજરાત સરકાર રાજ્યનાં આધુનિક અને વિકસિત શહેરોમાં મૂળભૂત સુવિધા પ્રદાનથી આગળ વધીને આઇકોનિક પ્રોજેક્ટસનું નિર્માણ કરી રહી છે. રિવરફ્રન્ટ, રોપ-વે, રો-રો ફેરી, સી-પ્લેન, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, મેટ્રો રેલ, મહાત્મા મંદિર, આલ્ફ્રેડ મ્યુઝિયમ, સાયન્સ સિટી, ગિફ્ટ સિટી, ગાંધીનગર કેપિટલ સ્ટેશન ગુજરાતની આગવી ઓળખ બની ગયા છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના શહેરી વિકાસને ગતિમાન બનાવવા છેલ્લાં ત્રણ વર્ષમાં ૩૧૧ ટી.પી સ્કિમને મંજૂરી આપી અભુતપૂર્વ કાર્ય કર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં ૫ મહાનગરોમાં ૭૦ માળની ગગનચુંબી ઇમારત બાંધવાની મંજૂરી આપવાના અને નવા બાંધકામની તમામ પરમિશન ઓનલાઇન આપવાના ઐતિહાસિક નિર્ણયો પણ કર્યા.

- ગુજરાતનાં નગરોને સ્વચ્છ અને સુંદર બનાવવા ભગીરથ અભિયાન. શહેરોના વિકાસ માટે આ વર્ષે કુલ રૂ. ૧૩,૪૯૩ કરોડ ફાળવવવામાં આવ્યા.
- મહાત્મા ગાંધીની દોઢસોમી જન્મજયંતી નિમિત્તે આદરેલા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત રાજ્યની ૮ મહાનગરપાલિકા અને 162 નગરપાલિકા મળી કુલ 170 સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ડોર ટુ ડોર કચરો એકત્ર કરી અને તેનું સેગ્રીગેશન કરવાની કામગીરી પુરજોશમાં.
- શહેરોના ઝડપી વિકાસ માટે ટીપી સ્કીમો છ મહિનામાં પૂર્ણ કરવાના નિર્ધાર સાથે તમામ નકશાઓ ઓનલાઈન કરાયા.
- રાજ્યમાં ઓનલાઇન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટિમનો પ્રારંભ. નાગરિકોને પારદર્શક પ્રશાસનની પ્રતીતિ

**છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતનાં શહેરોને ૯ હજાર કિ.મિ. રસ્તા, ૮૧ બ્રિજ, ૩૧ રેલવે બ્રિજ, ૧૩૯ પાર્ક, ૧૬ નવા બસ ડેપો, ૧૨૦ અર્બન હેલ્થ સેન્ટર સહિતના વિકાસ પ્રકલ્પો મળ્યા**

**મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં ૫ મહાનગરોમાં ૭૦ માળની ગગનચુંબી ઇમારત બાંધવાની મંજૂરી અને નવા બાંધકામની તમામ પરમિશન ઓનલાઇન આપવાના ઐતિહાસિક નિર્ણયો કર્યા.**

- ધોલેરાને વર્લ્ડ ક્લાસ સ્માર્ટ સિટી અને ગુજરાતના સ્માર્ટ સિટીમાં સૌથી શ્રેષ્ઠ સ્માર્ટ સિટી બનાવવાની દિશામાં રાજ્ય સરકારની આગવી પહેલ. રૂ. ૩૦૦૦ કરોડના આંતરમાળખાકીય સુવિધાનાં કામો ધોલેરા SIRમાં હાથ ધરવાનો રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય.
- રાજ્યના ટાઉન પ્લાનિંગની કામગીરીને ગતિશીલ અને સચોટ બનાવવા રાજ્ય સરકારનો નિર્ણય. રાજ્યમાં પ્રગતિ હેઠળની 425 જેટલી ટીપી સ્કીમ ઝડપથી પૂર્ણ કરવા ઝુંબેશ.
- શહેરી વિસ્તારોમાં વધતી જતાં વાહનોની સંખ્યા ધ્યાને લઇ ટ્રાફિક વ્યવસ્થાપન કરવા રૂ. 200 કરોડની વિશેષ જોગવાઈ કરાઇ.
- શહેરોના ગરીબોના કલ્યાણ માટે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત શહેરી આજીવિકા મિશનની રચના. શહેરી ગરીબ કુટુંબોને લાભપ્રદ સ્વરોજગાર અને કૌશલ્યપૂર્ણ વેતન રોજગારીની અનેક તકો.
- દેશનાં 100 સ્માર્ટ સિટીમાં ગુજરાતનો દેશભરમાં બીજો ક્રમ. ભારતનાં ૧૦૦ શહેરોમાં અમદાવાદ પ્રથમ, સુરત ત્રીજા ક્રમે જ્યારે વડોદરા આઠમા ક્રમે.
- સેફ એન્ડ સિક્યોર ગુજરાત યોજના હેઠળ સરકારે રાજ્યનાં તમામ શહેરોમાં સી.સી.ટી.વી કેમેરા નેટવર્ક સિસ્ટિમ અમલમાં મૂકી છે.
- શહેરીજનોને ઘરના ઘરનું સ્વપ્ન પૂર્ણ કરવા શહેરી આવાસ યોજના અન્વયે ૪.૧૭ લાખ જેટલા આવાસોનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે જે પૈકી ૨ લાખ આવાસો લાભાર્થીઓને સુપ્રત કરવામાં આવ્યા છે.
- દેશમાં સૌપ્રથમ ગુજરાત -શહેરી વિસ્તાર ૧૦૦% ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત (ODF) જાહેર થયો છે.
- વ્યક્તિગત શૌચાલય યોજના અન્વયે ૫ લાખથી વધુ વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- શહેરોમાં અનધિકૃત નળજોડાણ ધરાવતાં ઘરોને માત્ર રૂ. ૫૦૦ની નજીવી રકમ લઇ અધિકૃત જોડાણ આપવામાં આવ્યાં.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજયની ૧૧૬ નગરપાલિકાઓન્માં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના કામો હાથ ધરવામાં આવ્યા છે.
- ગુજરાત કોમ્પ્રિહેન્સિવ જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશનના નિયમોના અસરકારક અમલથી શહેરોનો આયોજનબદ્ધ વિકાસ શક્ય બન્યો છે.
- ચોમાસામાં ખરાબ મોસમ કે કુદરતી આપત્તિના સમયે મહત્તમ સુરક્ષા માટે અને આગોતરા આયોજન માટે વેધર વોચ કમિટીની નવતર પહેલ રાજ્ય સરકારે કરી છે.
- રેલવે ફાટકો ઉપર થતાં અકસ્માતોને નિવારવાની દિશામાં સંવેદનશીલ રાજ્ય સરકારે નક્કર કામગીરી કરીને રેલવે ફાટકો ઉપર ૩૭ ઓવર બ્રિજ અથવા અન્ડરબ્રિજ બનાવવાની કામગીરી હાથ ધરી છે.
- અમદાવાદ-રાજકોટ સેમી હાઈસ્પિડ રેલ પ્રોજેક્ટ રેલવે વિભાગની મંજૂરીના અંતિમ તબક્કામાં છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે ૪.૯૦ લાખ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે.
- અમદાવાદ મેટ્રો રેલની કામગીરી સમયસર ઝડપથી પૂરી થાય તે માટે રૂ. ૫૧૦ કરોડની માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે.
- રાજ્યની વિવિધ નગરપાલિકાઓમાં વીજળીની બચત માટે રૂ. ૨૪.૨૨ કરોડના કુલ ૩૩ સોલાર પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી.
- રાજય સરકાર દ્વારા દર વર્ષે તમામ મ.ન.પા. અને નગરપાલિકાઓને અગ્નિશમન વાહનો અને અત્યાધુનિક સાધનો પૂરાં પાડવામાં આવે છે.
- રાજ્યના ૬ સ્માર્ટ સિટી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદમાં સ્માર્ટસિટી મિશન અંતર્ગત એરિયા બેઝ વિકાસનાં કામો હાથ ધરવામાં આવ્યાં છે.
- ૨૦૨૦-૨૧માં ગુજરાત આત્મનિર્ભર પેકેજ અન્વયે મહાનગરપાલિકા વિસ્તારના ૫,૭૮,૪૨૦ વાણિજ્યિક એકમો અને ૧૧,૮૫,૪૪૨ રહેણાક એકમોને પ્રોપર્ટી ટેક્સમાં ૨૦% રાહત આપવામાં આવી.●






# સુવિધા શહેરની આત્મા ગામડાનો...



ભદ્રા પુરોહિત

મહાત્મા ગાંધીજી કહેતા હતા કે સાચું હિન્દુસ્તાન દેશનાં સાત લાખ ગામડાઓમાં વસે છે. આજે ગુજરાત સરકારે આ વિધાનને સાર્થક બનાવ્યું છે. ગુજરાતનાં ગામડાં આદર્શ બની રહ્યાં છે. ગુજરાત સરકાર દ્વારા સમન્વિત ગ્રામીણ વિકાસના મહત્ત્વને સમજીને, ગ્રામીણ જીવનને વધુ સારું બનાવવા સતત પ્રયાસ કરવામાં આવતાં ઉત્કૃષ્ટ પરિણામો પ્રાપ્ત થયાં છે. ગુજરાત વિકાસ મોડલનો આધાર "જન ભાગીદારી" છે, કે જે એના વાક્ય "સૌનો સાથ સૌનો વિકાસ" માં પ્રતિબિંબિત થાય છે. ગ્રામીણ વિકાસની જે ગાથાઓ ગુજરાતમાંથી ઉદભવી રહી છે એ બતાવે છે કે રાજ્ય સરકાર આ મોડેલ દ્વારા લોકોના જીવનધોરણને ઊંચું લાવી રહી છે. ગુજરાત રાજ્યએ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાના ભંડોળનો ટકાઉ અને ઉપયોગી અસ્ક્યામતોના નિર્માણ ,ગ્રામીણ અર્થવ્યવસ્થાનો વિકાસ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ મહિલા સશક્તીકરણ, ગ્રામીણ શહેરી સ્થળાંતર ઘટાડવા અને સામાજિક સમાનતાને વેગ આપવામાં અસરકારક ઉપયોગ કરેલ છે.

'મિશન મંગલમ્' ગરીબી નાબૂદી અને મહિલા સશક્તીકરણ ને પ્રોત્સાહન આપતો પુરસ્કાર વિજેતા કાર્યક્રમ છે. આનો મુખ્ય ઉદેશ્ય ગરીબ પરિવાર સાથે સંકળાયેલી મહિલાઓની કુશળતા અને સ્થિતિમાં સુધારો કરવા માટે સહયોગ આપી એમનું જીવનધોરણ ઊંચું લાવવાનો છે. આ કાર્યક્રમનું અમલીકરણ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની દ્વારા થાય છે. ગુજરાત રાજ્યનો ઘણો વિસ્તાર ખારા પાણી સાથે શુષ્ક રહે છે જે કૃષિ હેતુ માટે બિનઉપયોગી છે. આ વિસ્તાર કૃષિ માટે મોસમી વરસાદી પાણી પર મુખ્યત્વે આધાર રાખે છે. આમ અસરકારક વ્યવસ્થા અને વરસાદી પાણીના સંરક્ષણ માટે "જળસ્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અમલમાં મૂક્યો છે. જે પાણીના સ્રોતની અછત દૂર કરી ખેતીને પ્રોત્સાહન આપી ગ્રામીણ પરિવારો માટે રોજગારીની તકો ઉત્પન્ન કરવામાં મદદરૂપ થાય છે.

*ગુજરાતના ગામડા સમૃદ્ધિના માર્ગે, ખેડૂતો, ગ્રામીણ મહિલાઓ, યુવાનો, બાળકો અને ગરીબો સહિત સૌનો વિકાસ ફળિભૂત થઇ રહ્યો છે*

*જીવન ગુણવત્તા, રોજગારી, આવાસ, વીજળી, પાણી, સ્વચ્છતા અને ગરીબી નાબૂદીનો વ્યૂહ સફળ બની રહ્યો છે*

## ગ્રામીણ આવાસમાં વિક્રમજનક પરિણામ...

- **પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) :** "વર્ષ 2022 સુધીમાં સૌના માટે આવાસ" ગુજરાત રાજ્યમાં કુલ 311803 આવાસોના લક્ષ્યાંક સામે છેલ્લાં ચાર વર્ષમાં 2926.28 કરોડના ખર્ચે 230267 આવાસોનું નિર્માણ થયું છે અને 98367 આવાસો પ્રગતિ હેઠળ છે.
- સ્થળાંતર કરવામાં આવેલા શ્રમિકોને મનરેગા યોજનાના ઇતિહાસમાં એક દિવસમાં સૌથી વધુ રોજગારી એટલે કે એક દિવસમાં 10 લાખ માનવદિન જેટલી રોજગારી પૂરી પાડવામાં આવી છે.
- મનરેગા યોજના અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધીમાં 400 આંગણવાડી કેન્દ્રોનું નિર્માણ થયું છે.
- મનરેગા યોજના અંતર્ગત ગ્રામીણ કક્ષાએ પશુઓની સારસંભાળ માટે 50,000 કુટુંબોને કેટલ શેડના બાંધકામની સહાય. મનરેગા યોજના હેઠળ ગ્રામીણ શ્રમિકોને તેમનું વેતન સીધું તેમના ખાતામાં જમા કરવાનું પારદર્શક પગલું આ સરકારે લીધું છે.





## મહિલા ઉત્કર્ષની અનેક યોજનાઓ અમલી

- મહિલા એના ઉત્કર્ષ માટે મનરેગા યોજના અંતર્ગત બોરવેલ અને સોલાર પંપ આપવા માટે 25 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- મહિલા સશક્તીકરણમાં રાજ્યમાં 2.89 લાખ સખી મંડળમાં 30.64 લાખ જેટલા સભ્યો દ્વારા આર્થિક ઉપાર્જન કરવામાં આવે છે.
- મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ એક લાખ મહિલા જૂથોને બેંકોના માધ્યમથી 1000 કરોડની લોન સહાય આપવાનું આયોજન છે.
- મહિલા સ્વસહાય જૂથોને શૂન્ય વ્યાજ દરે ધિરાણ મળી શકે તે ઉદ્દેશથી વ્યાજ સહાય આપવા માટે 18 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ગુજરાતમાં 46201 નવા મહિલા સ્વસહાય જૂથની રચના થકી 153431 સ્વસહાય જૂથોને બેંક લોનની સુવિધા આપવામાં આવી છે. 88487 યુવાનોને કૌશલ્યવર્ધન તાલીમ મળી છે.

## ગ્રામીણ સ્વચ્છતાને મિશન બનાવ્યું છે...

- ગ્રામીણ વિસ્તારોને “ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત” બનાવવા લાભાર્થીઓને વ્યક્તિગત/સામૂહિક શૌચાલય સુવિધા હેઠળ આવરી લેવામાં આવ્યા છે.સરકારે રૂ. 2769.80 કરોડના બજેટથી ગ્રામીણ વિસ્તારના 33.50 લાખ શૌચાલયોનું નિર્માણ કર્યું છે.
- સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) અંતર્ગત રાષ્ટ્રપતિશ્રીની ઉપસ્થિતિમાં ગુજરાતને “ખુલ્લામાં શૌચમુક્ત” ODF જાહેર કરવામાં આવ્યું છે.
- સ્વચ્છ સર્વેક્ષણ હેઠળ સમગ્ર દેશમાં પ્રથમ 50 જિલ્લાઓમાં ગુજરાતના 14 જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ગ્રામીણ કૃષિ માટે નવતર પ્રયોગો થયા છે...

- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના અંતર્ગત જળસંગ્રહ માટે ચેકડેમ, તળાવ, તલાવડી, પરકોલેશન ટેંક, ચેક વૉલ વગેરેનાં 17497 કામો અને ભૂમિ ભેજસંરક્ષણનાં 28943 કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે.
- વરસાદી પાણીનાં જળસંગ્રહનાં કામોથી 39.50 મિલિયન ક્યુબિક મીટર પાણીનો સંગ્રહ થયો છે, જેનાથી 46950 હેક્ટર વિસ્તારમાં રૂ. 588.29 કરોડના ખર્ચે સિંચાઈનો લાભ મળ્યો છે.
- સાંસદ આદર્શ ગ્રામ યોજનામાં 75 ગ્રામ પંચાયતોની પસંદગી કરી 13197.63 લાખના ખર્ચે 1650 પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યા છે.
- મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં છેલ્લાં ચાર વર્ષમાં 6000 કિલોમીટર લંબાઈના નવા માર્ગો આકાર લઈ રહ્યા છે.
- રાજ્ય સરકાર દ્વારા 36.55 લાખ ગ્રામીણ કુટુંબોને જોબકાર્ડ એનાયત કર્યા છે.

## આત્મા ગામડાનો અને સુવિધા શહેરની....

- “આત્મા ગામડાનો, સુવિધા શહેરની” આ મંત્રને સાકાર કરવા શ્યામાપ્રસાદ મુખરજી રૂર્બન યોજના અંતર્ગત ગામડાઓમાં આર્થિક પ્રવૃતિ માટે કૌશલ્ય તાલીમ, સ્વચ્છતા, વીજળી, જાહેર પરિવહન, એલપીજી જોડાણ, ડિજિટલ સાક્ષરતા સહિતની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.
- ગ્રામીણ વિસ્તારમાં આઈટીની વિશ્વ કક્ષાની સેવાઓ ઉપલબ્ધ કરી ઇ-ગ્રામ હેઠળ 14292 પંચાયતો આવરી લેવામાં આવી છે.
- 14006 ગ્રામ પંચાયતોને વી-સેટ આધારિત ઇ-કનેક્ટિવિટીથી જોડાણ આપવામાં આવ્યું છે.

- મિનિમમ ગવર્નમેન્ટ મેક્સિમમ ગવર્નન્સના મંત્ર સાથે સ્માર્ટ સિટિની જેમ સ્માર્ટ વિલેજ યોજનાનો અસરકારક અમલ શરૂ કરવામાં આવ્યો છે.
- રાજ્ય સરકાર દ્વારા નાણાપંચની ગ્રાન્ટમાંથી વિકાસનાં કામોને અગ્રતા આપી રૂ. 5084 કરોડના ખર્ચે 314223 કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.
- ગામડાના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ થાય તે માટે 3112 પંચાયતોનાં નવા મકાન બનાવવામાં આવ્યા છે, જ્યારે રૂ. 208.24 કરોડના ખર્ચે ત્રણ જિલ્લા અને 34 તાલુકા પંચાયતના નવાં મકાનોને મંજૂરી આપવામાં આવી છે.

## ગામડાઓમાં સ્પેશિયલ સુવિધાઓનું નિર્માણ...

- જે ગામમાં પાંચ વર્ષમાં એકપણ ગુનો નોંધાયો નથી તેવા ગામને તીર્થધામ તરીકે બે લાખ અને પાવન ગામને એક લાખ પ્રોત્સાહન આપવામાં આવે છે. કુલ 1235 ગામો આ કેટેગરીમાં આવે છે.
- ગ્રામીણ વિસ્તારમાં ગ્રામ વન યોજના પંચવટીનો અમલ કરવામાં આવ્યો છે.
- જે ગામમાં ચૂંટણી થતી નથી અને સમરસતાથી પંચાયતના સરપંચ પસંદ થાય છે તેવાં ગામોની સંખ્યા 13471 છે જે પૈકી 652 ગામોમાં મહિલાઓ સમરસ જાહેર થયેલી છે. આ સ્કીમમાં સરકારે ચાલુ વર્ષે 10 કરોડની જોગવાઈ કરી છે.
- ગ્રામ પંચાયતો સદ્ધર બને તે હેતુથી સરકાર વ્યવસાય વેરાના 50 ટકા ગામડાઓને આપે છે. ચાલુ વર્ષે રૂ. 1.65 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન યોજનામાં સફાઈની જાળવણી માટે માસિક વ્યક્તિદીઠ બે રૂપિયાના બદલે ચાર રૂપિયા આપવામાં આવે છે, ચાલુ વર્ષે સરકાર 87.40 કરોડનો ખર્ચ કરશે.
- પંચાયતી રાજની સંસ્થાઓના નવાં બનાવવામાં આવેલાં મકાનોમાં વીજળીની બચત થાય તે હેતુથી સોલાર રૂફટોપ યોજના અમલમાં મૂકવામાં આવી છે, જેની પાછળ 10 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતની કચેરીના રેકોર્ડનું ડિજિટલાઈઝેશન તેમજ જિઓ ટેગિંગ શરૂ કરવામાં આવ્યું છે. જિલ્લા પંચાયતમાં અદ્યતન રેકોર્ડ રૂમ બનાવવામાં આવી રહ્યો છે.
- ગુજરાતનાં 250 ગામોને વૃંદાવન ગ્રામ યોજનામાં આવરી લેવામાં આવ્યાં છે. આ યોજના માટે સરકારે રૂ. 10 કરોડનું બજેટ ફાળવ્યું છે.
- 10 હજાર કે તેથી વધુ વસતી ધરાવતા અને આદિવાસી વિસ્તારમાં સાત હજારની વસતી ધરાવતાં ગામો તેમજ 82 તાલુકાને આવરી લઈ 255 ગામડાઓને સ્માર્ટ વિલેજ (માદરે વતન) યોજનામાં સમાવવામાં આવ્યા છે.





## ગ્રામવિકાસની નવી બાબતો...

- મનરેગા યોજના હેઠળ ગ્રામીણસ્તરે આજીવિકારૂપી વ્યક્તિગત કામો તેમજ માળખાકીય કામો માટે રૂ. 100 કરોડ ખર્ચાશે.
- મનરેગા હેઠળ મહિલા ઉત્કર્ષની યોજના હેઠળ કામ કરી સ્વસહાય જૂથની મહિલા સભ્યોને બોરવેલ સાથે સોલાર પંપની સહાય દ્વારા સિંચાઈ આપવા રૂ. 25 કરોડનો ખર્ચ કરાશે.
- રાષ્ટ્રીય ગ્રાણી આજીવિકા મિશન હેઠળ સ્વસહાય જૂથોને વ્યાજ સહાય આપવા માટે રૂ. 17.67 કરોડની નવી બાબત શરૂ કરવામાં આવી છે.
- સ્વચ્છ ભારત મિશન હેઠળ ગોબરધન પ્રોજેક્ટના અમલીકરણ માટે આઉટસોર્સિંગથી કન્સલ્ટન્ટની સેવાઓ મેળવવામાં આવી રહી છે.
- રાજ્યના 15 જિલ્લામાં ગ્રામવિકાસ એજન્સીના નવીનીકરણ માટે પ્રત્યેક જિલ્લા એજન્સી દીઠ રૂ. 50 લાખની સહાય આપવામાં આવી છે.
- વર્ષ 2021-22ના બજેટમાં સરકારે પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે રૂ. 8796 કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.●

# "યુવા ગુજરાત"નો થનગનાટ






લાલજી ચાવડા

આજે વિશ્વમાં ભારતની ઓળખ યુવા દેશની છે, દેશની કુલ વસ્તીના ૬૫ ટકાથી વધુ વસ્તી ૩૫ વર્ષથી ઓછી વયની છે ત્યારે ભારત માટે કંઈ અસંભવ નથી. કારણ કે, યુવાન એટલે સંભાવના-શક્તિ. યુવાન ધારે તે કરી શકે. યુવા અવસ્થાની ગણતરી આમ ભલે વ્યક્તિના શારીરિક વિકાસના આંકને આધારે થાય, પણ ખરેખર તો યુવા અવસ્થા એ માનસિક વૃત્તિ છે. યુવાન એ છે જે કોઈ પણ સાહસ માટે તૈયાર હોય, પડકાર ઝીલવા થનગનતો હોય અને પરિવર્તન આણવા તે પ્રાણ અર્પણ કરવા સુધી તૈયાર હોય. ભારતનું ભવિષ્ય આવા શક્તિના ધોધ સમાન યુવાનો જ ઘડશે. ગુજરાત સરકારે પણ આ રાષ્ટ્રના ભાવિ-નિર્માતાઓના ઘડતર માટે ભારે જહેમત ઉઠાવી છે.

ગુજરાત સરકારે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના અને શક્તિદૂત યોજના થકી યુવાનોના સર્વાંગી વિકાસ માટેનો પથ પ્રશસ્ત કર્યો છે. અને એટલે જ આજે ગુજરાત સમગ્ર ભારતના ગ્રોથ એન્જિન તરીકે ઉભરી આવ્યું છે. સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શાસનની ધૂરા સંભાળી ત્યારથી યુવાનો માટે અનેકવિધ યોજનાઓ અને કાર્યક્રમો ઘડ્યા અને તેનો અસરકારક અમલ કરાવ્યો. પરિણામે, આજે ગુજરાતનું યુવાધન દેશ-વિદેશમાં ડંકો વગાડી રહ્યું છે. જાપાનમાં આયોજિત ટોક્યો ઓલિમ્પિક -૨૦૨૦માં ગુજરાતની છ દીકરીઓ ક્વૉલિફાય થઈ તે તેનું જીવતું જાગતું ઉદાહરણ છે. તો ચાલો, જોઈએ યુવાનોને ગુજરાત સરકારે આપેલી ગિફ્ટનું લીસ્ટ...

- ખેલ મહાકુંભની સફળતા - વર્ષ ૨૦૧૬માં ૩૦,૬૪,૩૨૯ રમતવીરોએ ભાગ લીધો હતો, જે આંક ૨૦૧૯માં ૩૯,૩૨,૯૦૩ એ પહોંચ્યો.
- શક્તિદૂત યોજનામાં ૨૩૬ ખેલાડીઓની પસંદગી. રૂ. ૧૩૨૩ લાખથી વધુની સહાય.
- ગ્રામીણ કક્ષાએ ખેલપ્રવૃત્તિને પ્રોત્સાહન માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ,ઉભરતી પ્રતિભાઓને તાલીમ માટે જિલ્લા કક્ષાએ સ્પોર્ટ્સ-સ્કૂલ માટે રૂ. ૨૭ કરોડની જોગવાઈ
- યુવાનોની રમતગમતમાં રુચિ કેળવવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર "મોબાઈલ ટુ સ્પોર્ટ્સ" અભિયાનનો પ્રારંભ કર્યો.
- ભારત સરકારના શ્રમ -રોજગાર મંત્રાલયના અહેવાલ મુજબ ગુજરાત સરકારની રોજગાર કચેરીએ છેલ્લાં બે વર્ષમાં ૫,૧૮,૧૦૪ યુવાનોને રોજગાર પૂરી પાડી.
- લર્નિંગ વીથ અર્નિંગનો વિચાર સાકાર : ૭૫ હજારથી વધુ યુવાનોને મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજનાનો લાભ.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ બિનઅનામત શ્રેણીના ૧.૧૦થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને રૂ. ૩૭૫ કરોડથી વધુની સહાય.
- બિનઅનામત વર્ગના ગરીબ-મધ્યમ વર્ગના યુવાનોને શૈક્ષણિક-આર્થિક વિકાસ માટે ૧૦ ટકા આરક્ષણનો સૌ પ્રથમ નિર્ણય કર્યો.
- શાળા કક્ષાએથી ઈન્ટરેક્ટિવ શિક્ષણ માટે નવતર અભિગમ- જ્ઞાનકુંજ પ્રોજેક્ટ. આ પ્રોજેક્ટ હેઠળ ૩ લાખ જેટલા વિદ્યાર્થીઓને ઈ-ક્લાસથી પ્રશિક્ષિત કરાયા.

**રોજગાર ભરતી મેળામાં ૧૧ લાખ યુવાનોને રોજગાર.**

**૧.૧૮ લાખ યુવાનોની સરકારી સેવામાં નિયુક્તિ. ૩૮ હજારથી વધુ ભરતીનું આયોજન**




- મેડિકલ, એન્જિનિયરિંગ અને ઉચ્ચ શિક્ષણની બેઠકોમાં ૩ ગણી વૃદ્ધિ.
- મેડિકલ, પેરામેડિકલ, ટેકનિકલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં - M.B.B.S, ડિપ્લોમા, પોસ્ટ ગ્રેજ્યુએટ રિસર્ચમાં વિદેશ અભ્યાસ માટે વિદ્યાર્થીને રૂ. ૧૫ લાખની લોન સહાય
- ગુજરાતી યુવાનોમાં કૌશલ્ય નિર્માણ માટે રાજ્યમાં ૭૫૦થી વધુ કૌશલ્ય નિર્માણ કેન્દ્રનો આરંભ
- યુ.પી.એસ.સી, જી.પી.એસ.સી- વર્ગ -૧-૨ અને ૩ તેમ જ ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ, ભારત સરકારના રેલવે, બેન્ક વગેરેમાં ભરતી પરીક્ષાની તાલીમ માટે રૂ. ૨૦ હજાર સુધીનો સહાયનો ક્રાંતિકારી નિર્ણય
- MSME ક્ષેત્રે ૩૦ લાખથી વધુ કારખાનાઓના વિકાસ કરી ૭૩ લાખ યુવાનોને રોજગાર-સ્વરોજગારની તક
- રોજગાર ભરતી મેળામાં ૧૧ લાખ યુવાનોને રોજગાર.
- ૧.૧૮ લાખ યુવાનોની સરકારી સેવામાં નિયુક્તિ. ૩૮ હજારથી વધુ ભરતીનું આયોજન
- સંખ્યાબંધ મહિલા રોજગારનું આયોજન, મહિલા સશક્તીકરણની દિશામાં નક્કર કામગીરી
- રાજ્યમાં ૬૯૮ ITIમાં વિવિધ રોજગારલક્ષી અભ્યાસક્રમોમાં ૧.૮૮ લાખ યુવાનોને તાલીમ
- દેશમાં સૌપ્રથમ વાર વિવિધ ટ્રેડ-સેક્ટર્સમાં ક્રાફ્ટ્સમેન ઈન્સ્ટ્રક્ટર ટ્રેઈનિંગ સ્કીમ(CITS)ની તાલીમ માટે ITOT કેન્દ્રોને મંજૂરી
- યોજનાના સરળ અમલ અને પારદર્શી અભિગમ માટે નેશનલ લેવલનું "એપ્રેન્ટિસશીપ પોર્ટલ" કાર્યરત, ૧૮,૧૬૮ એકમોની નોંધણી સાથે દેશમાં પ્રથમ
- મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના હેઠળ ૨૦૧૮-૧૯માં ૭૭,૫૭૪ અને ૨૦૧૯-૨૦માં ૫૦,૦૮૫ એપ્રેન્ટિસની ભરતી
- ૨૦૮૫ રોજગાર ભરતી મેળા થકી ૪,૪૫,૧૫૩ યુવાનોને રોજગારી
- યુવાનોને રોજગારી હેતુ યોજનાબદ્ધ ભરતીમેળા.તાલુકા/જીઆઈડીસી કક્ષાએ જોબફેર,જિલ્લા સ્તરે ત્રિમાસિક જોબફેર, ક્લસ્ટરવાઈઝ મેગા જોબફેરનું આયોજન.
- છેલ્લાં કેટલાક વર્ષોથી મહિલા રોજગાર મેળાનું આયોજન.
- ITIના વિદ્યાર્થીઓને ઓનલાઇન તાલીમ માટે ૧૨ વ્યવસાયનું ઈ-લર્નિંગ મટીરિયલ www.talimrojgar.gov.in પર ઉપલબ્ધ
- વંદે ગુજરાત ચેનલ નં- ૩ પર ITIના વિવિધ ટ્રેડ અંગેનું માસિક આયોજન કરી 24/7 પ્રસારણ
- પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના -૨.૦ (PMKVY-2.0) હેઠળ ૪૬ હજારથી વધુ ઉમેદવારો તાલીમબદ્ધ. ૧૫ હજારથી વધુ તાલીમાર્થીઓને રોજગારી.
- ૧૨૯ ITIમાં ૧૮ ક્ષેત્રના ૮૩ ટૂંકાગાળાના અભ્યાસક્રમ થકી ૪ હજારથી વધુ યુવાનોને તાલીમ.
- કારીગર તાલીમ યોજના(CTS) હેઠળ રાજ્યમાં ૨૮૭ સરકારી,૧૧૨ ગ્રાન્ટ ઈન એઈડ,૨૦૦ સ્વનિર્ભર તાલીમ સંસ્થામાં તાલીમાર્થીઓ માટે ૨,૨૧,૬૦૮ બેઠકો ઉપલબ્ધ.
- રોજગાર અને તાલીમ નિયામકની કચેરી હસ્તકની સંસ્થાઓમાં સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર વર્ગ-૩ની ૨,૩૬૭ જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા પૂર્ણતાના આરે
- Skill Strengthening for Industrial Value Enhancement(STRIVE)પ્રોજેક્ટ હેઠળ તાલીમ-સુધારણા,ક્ષમતા-વૃદ્ધિ માટે રાજ્યની ૩૦ સરકારી/ખાનગી ITIની પસંદગી
- લર્નિંગ લાઈસન્સની કામગીરી ITI ખાતે. જે હેઠળ ૧૩,૫૭,૩૬૧ ઉમેદવારોએ અરજી કરી. જેમાંથી ૭,૧૩,૮૩૦ લર્નિંગ લાઈસન્સ પ્રાપ્ત.

- છેલ્લાં પાંચ વર્ષમાં ૬૦ સરકારી ITIના નવનિર્માણ માટે રૂ. ૪૩૬ કરોડથી વધુ ખર્ચ.
- યુવાનોમાં કૌશલ્ય નિર્માણ નાસ્મેદ ખાતે Indian Institute of Skills(IIS) ને મંજૂરી.
- કોવિડ -૧૯ બાદ ઊભી થયેલી સ્કિલ્ડ મેનપાવરની માંગને પહોંચી વળવા “સંકલ્પ” પ્રોજેક્ટ. ટૂંકા ગાળાના અભ્યાસક્રમ થકી યુવાનોને કૌશલ્ય-વર્ધન દ્વારા રોજગારી
- આર્મી/એરફોર્સ/નેવી/અર્ધલશ્કરીદળો/પોલીસદળમાં જોડાવા ઈચ્છતા યુવાનો માટે નિવાસી તાલીમ વર્ગ. ૨૦૧૭-૧૮ થી આજ સુધીમાં ૫,૫૩૧ યુવાનોને તાલીમ.
- ગુજરાતમાં રોજગાર-વૃદ્ધિ માટે ભરૂચ, વડોદરા, જામનગર અને મોરબી ખાતે PPP મોડથી કરિયર સેન્ટર શરૂ કરવા માટે મંજૂરી.
- ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ(GUVNL)ને મહત્તમ એપ્રેન્ટિસની ભરતી માટે ભારત સરકારનો “બેસ્ટ એસ્ટાબ્લિશમેન્ટ” એવોર્ડ(સરકારી એકમની કેટેગરીમાં)
- સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કેવડિયામાં રૂ. ૨૫ કરોડનું સંગ્રહાલય - જેમાં સરદારની પ્રેરણાથી ભારતમાં રજવાડા વિલીન કરનારા રાજવીઓના ઐતિહાસિક વારસાનું પ્રદર્શન.





- માંડવી -કચ્છ ખાતેના શ્યામજી કૃષ્ણવર્મા મેમોરિયલના આધુનિકીકરણ માટે રૂ. ૧૫ કરોડની જોગવાઈ.
- વડનગરમાં એથ્લેટિક ટ્રેક, સ્પોર્ટ્સ હોસ્ટેલ માટે રૂ. ૧૩ કરોડની જોગવાઈ કરાઇ.
- વડોદરામાં મ્યુઝિયમ એન્ડ પિક્ચર ગેલેરીમાં લાઈટ એન્ડ સાઉન્ડ શોની સુવિધા વિકસાવવા રૂ. ૫ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- જિલ્લા કક્ષાના ગ્રંથાલયોને અપગ્રેડ કરી સ્માર્ટ લાઇબ્રેરી બનાવવા રૂ.૫ કરોડની ફાળવણી.
- ધન્વંતરિ આરોગ્ય રથ યોજના હેઠળ કુલ ૩૧ જિલ્લાઓમાં હાલ ૫૪ ધન્વંતરિ આરોગ્ય રથ આરોગ્યની પ્રાથમિક સેવાઓ પૂરી પાડે છે.
- ગુજરાત વિધાનસભા પરિસરમાં ગુજરાતનો ઇતિહાસ દર્શાવતું અત્યાધુનિક સંગ્રહાલય.
- અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓની કોમન સર્વિસ સેન્ટરથી નોંધણી કરી ૧,૦૩,૯૪૬( ૧૪-૦૭-૨૦૧) યુ-વીન કાર્ડ.
- શ્રમિક પરિવહન યોજનામાં નોંધાયેલા ૧,૮૪૫ બાંધકામ શ્રમિકોને મુસાફરી ખર્ચમાં રાહત માટે રાહતદર પાસનું વિતરણ.
- સ્થળાંતરિત થતા બાંધકામ શ્રમિકના બાળકો માટેની હોસ્ટેલ સહાય માટે છોટા ઉદેપુર,દાહોદ અને નર્મદા જિલ્લાને રૂ.૮૪૯ લાખની ગ્રાન્ટ,૨૦૭૨ લાભાર્થીને લાભ મળ્યો.
- કોરોના કવચ યોજના હેઠળ બાંધકામ શ્રમિકોને સહાય માટે ૭ મહાનગરપાલિકાને રૂ. ૫૨ કરોડની ગ્રાન્ટ અપાઇ.
- અંત્યેષ્ટિ સહાય યોજના હેઠળ નોંધાયેલા ૭૬૬ શ્રમિકોને છેલ્લા પાંચ વર્ષમાં સહાય રૂ. ૩૯.૪૮ લાખની સહાય અપાઇ.
- આકસ્મિક મૃત્યુ સહાય યોજના હેઠળ ૨૧૦ લાભાર્થીને રૂ. ૬૨૬.૬૦ લાખની સહાય અપાઇ.
- મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ બાંધકામ શ્રમિકની એક દીકરીના નામે રૂ. ૧૦,૦૦૦ના બોન્ડ(FD). ૫ વર્ષમાં ૧,૬૭૯ લાભાર્થીને ૧૪૫.૨૫ લાખની સહાય પૂરી પડાઇ.
- પ્રસૂતિ સહાય યોજના હેઠળ મહિલા બાંધકામ શ્રમિક,બાંધકામ શ્રમિકની પત્નીને મહત્તમ રૂ.૨૭,૫૦૦ સુધીની સહાય.૫,૩૨૦ લાભાર્થીને રૂ.૩૦૭ લાખથી વધુની સહાય આપવામાં આવી.
- શિક્ષણ સહાય યોજનામાં બાંધકામ શ્રમિકના બે બાળકોને ધો.૧ થી અનુસ્નાતક અભ્યાસ માટે રૂ. ૪૦ હજારની સહાય. ૫ વર્ષમાં ૧,૮૫,૨૪૪ લાભાર્થીને રૂ. ૮,૮૦૦ લાખથી વધુની સહાય પૂરી પાડવામાં આવી.●




# નારીનું ગૌરવ ગાન નારી શક્તિનું સન્માન...



નરેશ ચૌધરી

***સમગ્ર ગુજરાતમાંથી કુપોષણને સંપૂર્ણપણે નાબૂદ કરવા ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨નો જાન્યુઆરી-૨૦૨૦માં દાહોદ ખાતેથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે પ્રારંભ કરાયો હતો. રાજ્યવ્યાપી ૧૨૯૮ પોષણ અભિયાનના કાર્યક્રમો દ્વારા ૭૪૬૩૯ અલ્પ પોષિત બાળકોનાં પાલકવાલીઓ બની જનસહયોગથી સામાજિક ઉત્તરદાયિત્વને મળ્યો જન પ્રતિસાદ***

સમાજના સર્વાંગી વિકાસમાં મહિલાઓનું યોગદાન અને સમર્પણ નોંધપાત્ર છે. જ્યાં મહિલા સશક્ત હોય ત્યાં બાળક, કુટુંબ અને સમાજ આપમેળે જ સશક્ત બને છે. સશક્ત મહિલા સુપોષિત ગુજરાતના અભિગમ સાથે રાજ્યમાં ૫૩ હજારથી વધુ આંગણવાડી કેન્દ્રો મારફત બાળકો, કિશોરીઓ, સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓ મળી ૫૦ લાખથી વધુ લાભાર્થીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ, પૂરક પોષણ અને આરોગ્ય શિક્ષણનો લાભ આપવામાં આવે છે. રાજ્યમાં વર્ષ ૨૦૦૨માં મહિલા અને બાળ વિકાસ સ્વતંત્ર વિભાગ તરીકે અસ્તિત્વમાં આવ્યો. વર્ષ ૨૦૧૧માં રૂ. ૪૫૯ કરોડના બજેટમાં ઉત્તરોત્તર વધારો કરીને ચાલુ વર્ષે રૂ. ૩૫૧૧ કરોડની બજેટ ફાળવણી કરી રાજ્ય સરકાર મહિલા અને બાળકો માટે અનેકવિધ યોજનાઓનું અમલીકરણ કર્યું છે. રાજ્યની માતાઓ, બહેનો અને બેટીઓને સામર્થ્યવાન બનાવવા ૧૭૮ જેટલી સંપૂર્ણ મહિલાલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. રાજ્ય સરકાર મહિલાઓના સશક્તીકરણ માટે સંકલ્પબદ્ધ છે.

- રાજ્યના શહેરી વિસ્તારો સહિત તમામ જિલ્લાઓમાં આઈસીડીએસ એસ.એ.જી. યોજના ૧૧થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓ માટે અમલી છે. જેમાં પોષણ અને બિન પોષણ સેવાનો લાભ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ. ૨૨૯૦.૨૫ લાખની જોગવાઈ દ્વારા એસએનપીના ૫૧,૦૯૭ નેશનલ હેલ્થ એજ્યુકેશનમાં ૪૩,૫૦૦, કૌશલ્ય વર્ધન તાલીમ ૨૦,૩૧૯ અને ૨૭,૧૭૦ જાહેર સેવાના લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.
- પોષણ સુધા યોજના રાજ્ય સરકારે ૨૦૧૭થી પાંચ જિલ્લાઓના છ તાલુકામાં શરૂ કરી સ્પોટ ફીડિંગ પ્રોગ્રામ શરૂ કરી છે. જેમાં તમામ સગર્ભા અને ધાત્રી માતાઓને આંગણવાડી કેન્દ્રો ઉપર રોજ એક વખત સંપૂર્ણ ભોજનની સાથે આઈ.એફ.એ. અને કેલ્શિયમની ગોળી આપવામાં આવે છે. છેલ્લાં ત્રણ વર્ષમાં સરેરાશ ૨૭૨૦૧ સગર્ભા અને ધાત્રી માતાઓ માટે દર વર્ષે એવરેજ રૂ. ૯૭૯.૪૪ લાખનો ખર્ચ કરવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૮થી ૧૦૦ ટકા સ્ટેટ બર્ડન દ્વારા સમગ્ર રાજ્યમાં ૧૫થી ૧૮ વર્ષની શાળાએ જતી તથા ન જતી તમામ કિશોરીઓ માટે પૂર્ણા યોજના અમલી છે. જેમાં જૂન-૨૦૨૧ સુધી રૂ. ૪૭૬૬ લાખનો ખર્ચ કરી ૧૨,૦૪,૫૪૫ એસએનપી, ૯૮૯૭૯૫ નેશનલ હેલ્થ એજ્યુકેશન, ૧૭૧૬૪૬ કૌશલ્યવર્ધન તાલીમ અને ૫,૦૪,૯૩૧ જાહેર સેવાનો લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. આ યોજનાની બજેટ જોગવાઈ રૂ. ૨૨૯૪૮ લાખ છે.
- વહાલી દીકરી યોજના અન્વયે તા. ૨-૮-૨૦૧૯ બાદ જન્મેલી દીકરીઓને ધો.૧માં પ્રવેશ વખતે રૂ. ૪૦૦૦, ધોરણ-૯માં પ્રવેશ વખતે રૂ. ૬૦૦૦ અને ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ, /લગ્ન સહાય તરીકે રૂ. એક લાખની સહાયનો લાભ આપવામાં આવે છે. આ યોજના અન્વયે મે ૨૦૨૧ના અંતે કુલ ૫૮,૦૬૨ લાભાર્થીઓ મંજૂર કરવામાં આવ્યાં છે. એલઆઈસીને યોજનાના ફંડ સ્વરૂપે રૂ. ૨૨ કરોડ ચૂકવણી કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ. ૪૭૦૦ લાખની જોગવાઈ કરી છે.
- SAG (સ્કીમ ફોર એડોલેશન્સ ગર્લ્સ) યોજના હેઠળ ૧૧થી ૧૪ વર્ષની શાળાએ ન જતી ૨.૩

લાખ કિશોરીઓને ૩૦૦ દિવસ માટે પૂરક આહાર તથા તાલીમ આપવા રૂ. ૩૭૩૧ લાખની જોગવાઈ કરી છે. ૬૭૦૬૫ કિશોરીઓને લાભ પ્રાપ્ત થયો છે.

- રાજ્ય સરકારના સંપૂર્ણ ખર્ચથી પૂર્ણા યોજના હેઠળ ૧૫થી ૧૮ વર્ષની કિશોરીઓ માટે પૂરક પોષણ આહાર, પોષણ આરોગ્ય શિક્ષણ, જીવન કૌશલ્ય અને વ્યવસાયિક તાલીમ, લોહ તત્ત્વની ગોળીઓ સહિતનો લાભ ૧૨.૧૨ લાખથી વધુ કિશોરીઓને આપવામાં આવી છે.
- ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે લાભાર્થી માસિક રૂ. ૧૨૫૦ની સહાય તેઓના ખાતામાં સીધા DBT મારફતે ચૂકવવામાં આવે છે. ચાલુ વર્ષે રાજ્યમાં અંદાજે આઠ લાખ લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે.
- ૧૮૧ અભયમ્ મહિલા હેલ્થલાઈન મહિલાઓને તાકીદની પરિસ્થિતિમાં ઘટના સ્થળ પર કાઉન્સેલિંગ તથા રેસ્ક્યૂની સુવિધા, સલાહ અને માગદર્શન સુવિધા આપવામાં આવે છે. આ હેલ્પલાઇન દ્વારા છ વર્ષના ગાળામાં ૭,૮૩,૫૮૦ કરતાં વધારે મહિલાઓને તાકીદની સેવાઓ પૂરી પાડી છે.
- પોષણ અભિયાનની સરળતાપૂર્વક કામગીરી કરવા માટે રૂ. ૪૫ કરોડના ખર્ચે ૫૮૨૬૧ મોબાઈલ ફોન રાજ્યની તમામ આંગણવાડી કાર્યકરોને આપવામાં આવ્યાં છે.
- આંગણવાડીમાં આવતાં બાળકો અને તેમની માતાઓની આરોગ્ય ચકાસણી કરવા રૂ. ૨૧૫૬ લાખના ખર્ચે સ્ટેડિયોમીટર અને ઈન્ફન્ટોમીટર તથા વજનકાંટાનું વિતરણ કરવામાં આવ્યું છે.
- આંગણવાડી કેન્દ્રોના ૧૪ લાખ બાળકોને રૂ. ૩૬.૨૮ કરોડના ખર્ચે વિનામૂલ્યે બે જોડી ગણવેશ વિતરણ આંગણવાડી કાર્યકર તેડાગર બહેનોની ગામમાં પ્રતિષ્ઠા વધે અને આગવી ઓળખ ઊભી થાય તે હેતુથી રૂ. ૮ કરોડના ખર્ચે સાડીઓ આપવામાં આવી છે.
- રાજ્યના આંગણવાડી કેન્દ્રોમાં ૭૧૬૯ કાર્યકર તેડાગર બહેનોની ઓનલાઈન પોર્ટલ દ્વારા પારદર્શક ભરતી.
- આંગણવાડીનાં બાળકો અને સગર્ભા બહેનો તથા ધાત્રીમાતાઓને પોષણક્ષમ આહાર, દૈનિક હાજરી અને વિવિધ યોજનાઓના નિયમિત ડેટા મેળવવાની કામગીરી અને સઘન મોનિટરિંગ માટે ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૯થી કાર્યરત સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર.
- ૨૭૦ નારી અદાલતોઃ ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૮૦૦૨૩૩૧૧૧૧ કાર્યરત.
- ૫૩ હજારથી વધુ આંગણવાડી કેન્દ્રોમાં ન્યુટ્રી ગાર્ડન બનાવવાની સફળ ઝુંબેશ.
- કોરોનાના કપરાકાળમાં આંગણવાડી કેન્દ્રોના ૩ થી ૬ વર્ષના ૧૪ લાખથી વધુ બાળકોને સુખડી બનાવી દર અઠવાડિયે બાળકદીઠ એક કિલોગ્રામ સુખડી વિતરણ.
- કોરોના કાળમાં આંગણવાડી કેન્દ્રો બંધ રહેતાં ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી પોષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ તથા મહિલા અને બાળ આરોગ્ય



અંગેના માગદર્શનના ઉબરે આંગણવાડીના ૧૨૦થી વધુ એપિસોડના વંદે ગુજરાત ચેનલ-૧, યુટ્યૂબ તથા ફેસબુકના માધ્યમથી જીવંત પ્રસારણને અભૂત-પૂર્વ જન પ્રતિસાદ.

- રાજ્યના ૪૨ લાખ લાભાર્થીઓને માસિક ૧૮ હજાર મેટ્રિક ટન હોમ રાશનનું (પોષક પૂરક આહાર) વિતરણ.
- સમગ્ર ગુજરાતમાંથી કુપોષણને સંપૂર્ણપણે નાબૂદ કરવા ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨નો જાન્યુઆરી-૨૦૨૦માં દાહોદ ખાતેથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે પ્રારંભ કર્યો હતો. રાજ્યવ્યાપી ૧૨૯૮ પોષણ અભિયાનના કાર્યક્રમો દ્વારા ૭૪૬૩૯ અલ્પ પોષિત બાળકોનાં પાલકવાલીઓ બની જનસહયોગથી સામાજિક ઉત્તરદાયિત્વને મળેલ જન પ્રતિસાદ.
- સામાજિક ઉત્થાનના પ્રયાસ રૂપે પુનઃ લગ્ન કરનાર વિધવા મહિલા ગૌરવ સાથે સન્માનિત જીવન નવેસરથી શરૂ કરી શકે તે માટે લાભાર્થી દીઠ રૂ. ૫૦ હજારની સહાય.
- નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અનુસાર પૂર્વ પ્રાથમિક શિક્ષણ સુદૃઢ કરવા આંગણવાડીમાં આવતાં ૧૪ લાખ બાળકોના ગુણવત્તા પૂર્ણ સર્વાંગી વિકાસ માટે 'પા પા પગલી' યોજના માટે રૂ. પાંચ કરોડની જોગવાઈ.
- પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત સગર્ભા માતાઓને રૂ. 6 હજારની સહાય, છેલ્લા પાંચ વર્ષમાં 3.86 લાખ સગર્ભાને લાભ.
- છ માસથી ત્રણ વર્ષનાં બાળકો, સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા પ્રાયોગિક ધોરણે ડાંગ, દાહોદ, નર્મદા, દ્વારકા અને ભાવનગર જિલ્લામાં આયુર્વેદિક ઔષધિઓના ઉપયોગ માટે રૂ. ૯ કરોડની જોગવાઈ કરાઈ.
- કોરોનાકાળમાં ગત ૧૫૧મી ગાંધી જયંતીએ સ્વચ્છતા દિવસની અનોખી ઊજવણી. પાંચ હજાર સ્થળોએ પાંચ લાખથી વધુ મહિલાઓએ હેન્ડ વોશિંગ અભિયાનમાં ભાગ લઈ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં મેળવ્યું સ્થાન.
- રાજ્યમાં કુલ ૫૩,૦૨૯ આંગણવાડી કેન્દ્રો પૈકી ૪૩,૨૩૦ (૮૧.૫૨%) પોતાનાં મકાનોમાં કાર્યરત. ચાલુ વર્ષમાં ૭૪૭ નવા આંગણવાડી કેન્દ્રોના બાંધકામ પૂર્ણ. ૧૩૬૬ આંગણવાડી કેન્દ્રોનું કામ પ્રગતિમાં જ્યારે ૨૮૫૪ આંગણવાડી કેન્દ્રો અન્ય જગ્યાએ શાળાઓ અને કોમ્યુનિટી હોલમાં કાર્યરત. ●




# સમય સાથે તાલ મિલાવતી શિક્ષણ વ્યવસ્થા



શૈલેષ નાયક

આજના સમયે શિક્ષણ મૂળભૂત જરૂરિયાત છે ત્યારે ગુજરાતમાં બાળકોને બાળમંદિરથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી શિક્ષાની દીક્ષા આપવા માટે રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન શિક્ષણનું સુદૃઢ માળખુ વધુ સારી રીતે વિકસિત કરીને નવા આયામો સાથે લાખો બાળકોને તેમના સર્વાંગી વિકાસ માટે શિક્ષિત કરી રહી છે.

રાજ્યમાં પાછલા પાંચેક વર્ષ દરમ્યાન સમયની સાથે કદમ મિલાવીને આજની જરૂરિયાત પ્રમાણેની શિક્ષણ વ્યવસ્થા સરકારી સ્કુલો - કોલેજોમાં કરવામાં આવી છે અને સરકારી સ્કુલો - કોલેજો સ્માર્ટ બની રહી છે.ટેકનોલોજીના આ સમયની સાથે કદમ મિલાવી રાજય સરકારે શહેરથી લઇને ગ્રામીણ વિસ્તારોમાં સ્માર્ટ એજ્યુકેશન પર ભાર મૂક્યો છે. ક્વૉલિફાઇડ શિક્ષકો સાથે ગુણવત્તાસભર શિક્ષણ વ્યવસ્થાના કારણે વાલીઓને સરકારી શાળાઓ - કોલેજો પર ભરોસો બેઠો છે. રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ વ્યવસ્થામાં કેવા સુવ્યવસ્થિત પગલા લેવાયા અને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે કેવું આયોજન કરાયું છે તેના પર એક નજર કરીએ.

**પાછલાં પાંચેક વર્ષમાં સમયની સાથે કદમ મિલાવીને આજની જરૂરિયાત પ્રમાણેની શિક્ષણ વ્યવસ્થા સરકારી સ્કૂલો – કોલેજોમાં કરવામાં આવી છે જેના પગલે સ્કૂલો – કોલેજો સ્માર્ટ બની રહી છે અને ક્વૉલીફાઇડ શિક્ષકો સાથે ગુણવત્તાસભર શિક્ષણ વ્યવસ્થાના કારણે વાલીઓને સરકારી શાળાઓ – કોલેજો પર ભરોસો બેઠો છે**

## સુચારુ શિક્ષણ વ્યવસ્થા

- વૈશ્વિક હરીફાઇમાં ગુજરાતનો વિદ્યાર્થી એક કદમ આગળ રહે તેમજ ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ ઘરઆંગણે મળી રહે તે માટે કે.જી.થી પી.જી.સુધીનું સુદૃઢ માળખું ઊભું કરવામાં આવ્યું છે.
- ગુજરાતનું પ્રત્યેક બાળક શાળામાં પહોંચે અને કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તે માટે શરૂ કરાયેલા શાળા પ્રવેશોત્સવને સફળતા મળી છે. શાળામાં બાળકોનું નામાંકન ૯૯.૧૪ ટકા સુધી પહોંચ્યું છે.
- શાળામાં પ્રવેશ મેળવનાર બાળકોને ડ્રેસ, બૂટ, પુસ્તકો, પરિવહન ખર્ચ તથા સ્કૂલબેગ અને અભ્યાસને લગતી આનુષંગિક વસ્તુઓ ખરીદવા માટે વિદ્યાર્થી દીઠ રૂ.૩,૦૦૦ લેખે કુલ ૮,૩૦૯.૫૯ લાખની સહાય.સમગ્ર દેશમાં આ રીતે વધારાની સહાય માત્ર ગુજરાત રાજ્યમાં આપવામાં આવે છે.
- અગરિયા વિસ્તારના શ્રમિકોના બાળકોને પ્રારંભિક શિક્ષણ ઘર-આંગણે પૂરું પાડવાના પાઈલોટ પ્રોજેક્ટરૂપે સ્કૂલ ઓન વ્હિલ હરતી ફરતી શાળાનો પ્રારંભ કરવાનો રાજ્ય સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય.
- પ્રાથમિક શાળાઓના ૧.૩૧ લાખ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ટ્રાન્સપોર્ટ સુવિધાનો રૂ.૩૪.૫૪ કરોડના ખર્ચે લાભ.
- ધોરણ - ૬ થી ૮ના વિદ્યાર્થીઓમાં લેખન, ગણન, ઉપચારાત્મક વૃદ્ધિ માટે રાજ્ય સરકારે નવતર અભિગમ દાખવી મિશન વિદ્યા અભિયાનની શરૂઆત કરી છે.
- ધોરણ - ૩ થી ૮ના, ૪૨ લાખ ઉપરાંત બાળકોને ગણિત વિષયની અને ધોરણ ૬થી૮ના વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષયની પાયાની સંકલ્પનાઓ શીખવાનો મહાવરો મળે તે માટે વિનામૂલ્યે વર્કબુક આપવાનો નિર્ણય લઇને તેનો અસરકારક અમલ કર્યો છે.



## કોરોનામાં પણ શિક્ષણ અવિરત

- કોરોનાની મહામારીને કારણે બાળકોના શિક્ષણને અસર ન થાય તે માટે ધોરણ - ૧થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓ માટે હોમ લર્નિંગ અંતર્ગત દૂરદર્શન ડીડી ગિરનાર ચેનલ દ્વારા શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ તા.૧૫-૦૬-૨૦૨૦થી શરૂ કર્યું છે.
- લૉકડાઉનના સમયગાળા દરમ્યાન શરૂઆતમાં બાયસેગના માધ્યમથી ઓન એર સ્ટડી (ટેલિવિઝન કાર્યક્રમો) અંતર્ગત ધોરણ ૩થી ૯ અને ૧૧ના વિવિધ વિષયો માટે વીડિયો લેક્ચર્સ તૈયાર કરી રાજ્યની વંદે ગુજરાત ચેનલ ઉપરાંત વિવિધ ખાનગી ટીવી ચેનલો મારફતે પ્રસારિત કરવામાં આવ્યાં હતાં.

## શાળાઓમાં સ્માર્ટ ઇ-લર્નીંગ

- ગુજરાત સરકારે શિક્ષણ ક્ષેત્રે પહેલ કરતાં રાજ્યની શાળાઓમાં સ્માર્ટ ઈ-લર્નીંગથી આધુનિક ટેક્નોલોજી દ્વારા શિક્ષણ.
- ગુજરાત સરકાર દ્વારા વિજ્ઞાન અને ટેક્નોલોજીનો શિક્ષણમાં યથાર્થ ઉપયોગ કરવા જ્ઞાનકુંજ પ્રોજેક્ટ શરૂ કરાયો.
- આ પ્રોજેક્ટ અંતર્ગત પહેલા તબક્કામાં રાજયની ૧૬૦૯ શાળાઓના કુલ ૩૧૭૩ વર્ગખંડોમાં ૨.૮૫ લાખ બાળકોને સ્માર્ટ ક્લાસ અંતર્ગત ઈ-કન્ટેન્ટ અને ઈન્ટરનેટના માધ્યમથી ગુણવત્તાસભર શિક્ષણ.
- રાજયની ૩૦,૫૦૦થી વધુ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓને સ્થાનિક પરિસ્થિતિ મુજબ ઉપલબ્ધ ઈન્ટરનેટ કનેક્ટિવિટીથી જોડી દેવામાં આવી છે. ૧૦૦ શાળાઓના વિદ્યાર્થીઓને રૂપિયા ૩૫ કરોડના ખર્ચે ૧૦,૦૦૦ ટેબ્લેટની સહાય. અગામી સમયમાં રાજ્યની ૪,૦૦૦ શાળાઓના કુલ ૮,૦૦૦ વર્ગખંડોને સ્માર્ટ ક્લાસ બનાવવાનું આયોજન.

## પ્રાથમિક શિક્ષણ

- પ્રાથમિક શિક્ષણમાં નામાંકન અને સ્થાયીકરણ માટે રાજ્ય સરકારે ખાસ પ્રોત્સાહનો અમલમાં મૂક્યા છે.
- વિદ્યાલક્ષી બોન્ડ યોજના હેઠળ ધોરણ-૧માં ૧૦૦ ટકા કન્યાઓનું નામાંકન થાય, નવીન પ્રવેશ મેળવનાર કન્યાઓ ધોરણ ૭ સુધી અભ્યાસ ચાલુ રાખે તે માટે રૂ.૨,૦૦૦ લેખેના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે.

## ઉચ્ચ શિક્ષણ

- ગુજરાતની યુનિવર્સિટીઓના શિક્ષણસ્તરમાં નોંધપાત્ર વધારો.૧૩ જેટલી યુનિવર્સિટીઓનો નેકમાં એ ગ્રેડમાં સમાવેશ.
- રાજ્યમાં યુવાનોને ઉચ્ચશિક્ષણની સુવિધા પૂરી પાડતી ૬૪ જેટલી યુનિવર્સિટીઓ કાર્યરત છે. રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ માટે એક કોમન એકેડમી કેલેન્ડરનો અમલ કરવા માટે સરકારે નવતર પહેલ કરી છે.
- બાયોટેકનોલોજી ક્ષેત્રે ગુજરાત દેશભરનું અગ્રિમ રાજ્ય બને તે માટે રાજ્ય સરકાર દ્વારા રિસર્ચ આધારિત ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીની સ્થાપના.

## નમો ઇ-ટેબ ટેબલેટ યોજના

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮થી નમો ઈ-ટેબ ટેબલેટ પૂરા પાડવા માટે યોજના અમલમાં કરવામાં આવ્યું છે.

## સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન પોલિસી

વિદ્યાર્થીઓના ઈનોવેશન અને સ્ટાર્ટઅપને ટેકો આપવા વર્ષ ૨૦૧૭થી ૫ વર્ષ માટે રૂ.૨૦૦ કરોડના ફંડની જોગવાઇ સાથે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પૉલિસી અમલમાં મૂકવામાં આવી છે. સમગ્ર દેશમાં સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ગુજરાતને વર્ષ ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦માં સળંગ બે વર્ષ પ્રથમ રેન્ક પ્રાપ્ત થયો છે.

- ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક અને મુખ્ય શિક્ષકની ભરતી હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં કુલ ૧૩,૯૬૨ની ભરતી કરવામાં આવી છે.
- આર.ટી.ઈ. એક્ટની જોગવાઈ મુજબ શિક્ષક વિદ્યાર્થીનો દર ૧:૩૦ નો હોવો જોઇએ, જ્યારે રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષક વિદ્યાર્થીનો દર ૧:૨૭નો છે, જેથી શિક્ષણની ગુણવત્તામાં સુધારો થયો છે.
- વર્ષ ૨૦૧૭-૧૮થી કન્યા મફત શિક્ષણ યોજના શરૂ કરવામાં આવી છે.જે અંતર્ગત ગ્રાન્ટેડ શાળાઓમાં ધોરણ ૯થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓને વિનામૂલ્યે શિક્ષણ પૂરું પાડવામાં આવે છે. આ યોજના હેઠળ ૨૦૨૦ - ૨૧ના વર્ષમાં

૧,૫૦,૨૦૮ લાભાર્થીઓ પાછળ ૩૩૫.૩૬ લાખનો ખર્ચ કર્યો હતો.

- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧૫ - ૧૬થી વર્ષ ૨૦૨૦-૨૧ સુધી કુલ ૨,૭૫,૫૯૯ વિદ્યાર્થિઓને કુલ રૂ.૧૧૫૦૩૫.૭૫ લાખની સહાય ચૂકવવામાં આવી છે.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ડિગ્રી તથા ડિપ્લોમાના કુલ ૧૯,૧૯૦ જેટલા વિદ્યાર્થીઓને કુલ રૂ.૭૨.૨૯ કરોડની શૈક્ષણિક સહાય મંજૂર કરેલી છે.
- મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮થી વર્ષ ૨૦૨૦-૨૧ સુધી કુલ ૮૩૧૪ વિદ્યાર્થિનીઓને કુલ રૂ.૧૯૮૦૫.૯૨ લાખની સહાય ચૂકવવામાં આવી છે.
- મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮થી વર્ષ ૨૦૨૦-૨૧ સુધી કુલ ૪૮૪ વિદ્યાર્થીઓને કુલ રૂ.૪૧૭.૭૮ લાખની સહાય ચૂકવવામાં આવી છે.
- માન્ય યુનિવર્સિટીઓમાં પીએચ.ડી.કોર્સમાં વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા માટે શોધ યોજના શરૂ કરવામાં આવી છે.વર્ષ ૨૦૧૯ - ૨૦ માટે ૭૫૪ વિદ્યાર્થીઓની અરજીઓ તથા વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૨૬૬ અરજીઓ કેસીજીની સ્ક્રુટીની સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલી છે.
- ગુજરાતની તમામ સરકારી અને અનુદાનિત કોલેજોમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેઓના શિક્ષણ, કલા અને કૌશલ્યો અનુસાર રોજગારીની તક ઉપલબ્ધ થાય તે હેતુથી ઉદીશા - પ્લેસમેન્ટ પ્રોજેક્ટ યોજના અમલમાં મૂકવામાં આવી છે.
- કે.સી.જી.ખાતે કૌશલ્યવર્ધક ફિનિશિંગ સ્કૂલ પ્રકલ્પનો પ્રારંભ વર્ષ ૨૦૧૬-૧૭થી સોફ્ટ સ્કિલ તથા સ્પોકન ઈંગ્લિશની તાલીમ આપી ગુજરાતના વિદ્યાર્થીઓમાં રોજગારી મેળવવાની ક્ષમતામાં વધારો કરવાના હેતુથી કરવામાં આવ્યો છે.
- કોરોનાની મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦થી શાળાઓ બંધ હોવા છતાં ગુજરાત સરકારે બાળકોને ઘરેબેઠાં પોષણ મળી રહે તથા રોગપ્રતિકારક શક્તિ જળવાઈ રહે તે હેતુથી, મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ નોંધાયેલા તમામ ૫૦.૩૯ લાખ વિદ્યાર્થીઓને ફુડ સિક્યુરિટી એલાઉન્સિસ તરીકે બાળકોને અનાજ તથા કૂકિંગ કોસ્ટ આપવાનો સંવેદનશીલ નિર્ણય કરી તેની અમલવારી કરી છે.
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯માં વિદ્યાર્થીઓના પરિણામ પત્રકને ડિજિટલાઈજેશન અને માઈક્રો ફિલ્માંકન કરવાની યોજના અંતર્ગત અંદાજિત પાંચ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો.





- વર્ષ ૨૦૧૯થી યુથ એન્ડ ઈકો કલબ શાળા કક્ષાએ કાર્યરત કરવામાં આવી છે. સમગ્ર શિક્ષા અંતર્ગત રાજયની તમામ શાળાઓમાં શાળાનાં બાળકોમાં જીવન કૌશલ્ય વિકસાવવા, આત્મ વિશ્વાસ વધારવા તેમજ તાણ, શરમ અને ડરની નકારાત્મક લાગણીઓને કાબૂમાં રાખવાના માધ્યમ તરીકે યુથ કલબ કાર્યરત કરવામાં આવી છે.
- શાળાના વિદ્યાર્થીઓ અર્થપૂર્ણ પર્યાવરણીય પ્રવૃત્તિઓમાં ભાગ લે અને પ્રોજેક્ટસ હાથ ધરે તે માટે ઈકો કલબ કાર્યરત કરવામાં આવી છે.
- અગરિયા વિસ્તારના શ્રમિકોના બાળકોને પ્રારંભિક શિક્ષણ ઘર - આંગણે પૂરું પાડવાના પાયલોટ પ્રોજેક્ટ રૂપે સ્કૂલ ઓન વ્હીલ હરતી ફરતી શાળાનો પ્રારંભ કરવાનો રાજ્ય સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય.
- વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૧૪૭ શાળાઓના બાંધકામ માટે રૂ.૩,૦૦૦ લાખની જોગવાઈ કરેલી છે
- શિક્ષણ વિભાગ માટે કુલ રૂ.૩૨,૭૧૯ કરોડની જોગવાઈ કરી છે.
- ઐતિહાસિક મહત્ત્વ અને વિશેષ પ્રકારના વારસાગત સ્થાપત્ય ધરાવતી ખૂબ જ જૂની શાળાઓનું મહત્ત્વ અનેરું છે. આ શાળાઓને હેરિટેજ સ્કૂલ તરીકે નવીનીકરણ કરવા રૂ.૨૫ કરોડની જોગવાઈ કરી છે.
- અભિરૂચિ ધરાવતાં બાળકોને સંસ્કૃત શિક્ષણમાં જોડવા પ્રોત્સાહન આપવા અને શ્રેષ્ઠ આચાર્યો તૈયાર કરવાના હેતુથી ૩૭ સંસ્કૃત પાઠશાળાઓના સુદ્રઢીકરણ માટે મિશન ગુરુકુળ યોજના અંતર્ગત રૂ.૧૦ કરોડની જોગવાઈ કરી છે.●

**(લેખક વરિષ્ઠ પત્રકાર છે.)**

## સૌ કોઈના સ્વાસ્થ્યની લે દરકાર...

# આરોગ્ય ક્ષેત્રે અગ્રેસર ગુજરાત






ધીરૂ કોટવાલ

કોઈપણ ગામ-શહેર, તાલુકા-જિલ્લા, રાજ્ય અને દેશના વિકાસમાં ત્યાંના લોકોની આર્થિક સમૃદ્ધિની સાથે-સાથે તેમની શારીરિક સમૃદ્ધિ/તંદુરસ્તી પણ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. આર્થિક પ્રગતિ માટે શારીરિક સ્વસ્થતા અત્યંત અનિવાર્ય છે. સ્વસ્થ અને તંદુરસ્ત વ્યક્તિ જ સ્વસ્થ સમાજ-રાજ્ય અને દેશ નિર્માણમાં પોતાનું યોગદાન આપી શકે છે. આ જ લક્ષ્યને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારનું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન અને નાયબ મુખ્યમંત્રી તથા આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ અથાગ-અવિરત જનસ્વાસ્થ્ય સેવાના કાર્યો કરી રહ્યું છે.

વિતેલા પાંચ વર્ષના સમયગાળા દરમિયાન સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે અનેક સિદ્ધિઓ મેળવી છે, જેમાં તાજેતરમાં SDG (સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગ્રોથ) ઈન્ડેક્સમાં ગુજરાત રાજ્ય 86 ક્રમાંક સાથે પ્રથમ નંબરે રહ્યું અને વિકાસના સાચા પર્યાય તરીકેની પોતાની ઓળખને ફરી એકવાર પ્રસ્થાપિત કરી. ભારત સરકારના '2025 સુધીમાં ટી.બી. મુક્ત દેશ'ના અભિયાનમાં ગુજરાત ૨૦૨૨ સુધી 'ટી.બી. મુક્ત ગુજરાત'ના લક્ષ્યાંક સાથે પ્રતિબદ્ધ છે. ઉપરાંત માતા-બાળ મૃત્યુદર, કુપોષણની સ્થિતિ, જેવા ઘણા બધા ઈન્ડિકેટર્સમાં ગુજરાતના આંકડા અન્ય રાજ્યોની સરખામણી ઘણા સારા છે અને તેમાં સતત સુધારો થઈ રહ્યો છે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ શાસનધુરા સંભાળી ત્યારથી જ ગરીબો, પીડિતો, શોષિતો, ગામડાના લોકો અને રાજ્યના જનજનને ગુણવત્તાસભર આરોગ્ય સુવિધા મળે તે માટે જ્યાં દવાખાના ન હતા ત્યાં દવાખાના શરૂ કર્યા. જ્યાં દવા નહતી ત્યાં દવા પહોંચાડી. જ્યાં આરોગ્યલક્ષી સાધનો ન હતા ત્યાં સાધનો પહોંચાડ્યા. દવા, ડોક્ટર, સેવાશુશ્રૂષા બધું જ અને તેના પગલે સર્જાઇ છે એક આરોગ્ય સુવિધાની સેવાસભર શૃંખલા...

છેલ્લા દોઢ વર્ષથી સમગ્ર વિશ્વ કોરોનાની મહામારીથી ઝઝૂમી રહ્યું છે. ગુજરાત આ મહામારીના પ્રભાવમાંથી બાકાત રહ્યું નથી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના સતત માર્ગદર્શન અને અથાગ પ્રયાસોથી કોરોનાના કપરા સમયગાળાની દરમિયાન બે લહેરોનો સફળતાપૂર્વક સામનો કરી છેવાડાના માણસ સુધી જરૂરી આરોગ્ય સેવાઓ પહોંચે તેનું પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવ્યું.

- રાજ્યના નાગરિકોને ઘર આંગણે વૈશ્વિક સ્તરની આરોગ્ય સવલતો મળી રહે તે માટે રૂ. ૧૨ હજાર કરોડના ખર્ચે અત્યાધુનિક સુવિધા ધરાવતી AIIMS હોસ્પિટલ રાજકોટમાં આકાર લેશે.
- ગુજરાતના સર્વાંગી વિકાસમાં રાજ્યના તમામ નાગરિકોના આરોગ્ય સંભાળ માટે અનેકવિધ યોજનાઓનો અસરકારક અમલ થકી સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ, નીતિ આયોગ - ઈન્ડેક્ષ વર્ષ ૨૦૨૦-૨૧ અંતર્ગત એસ.ડી.જી. 03 - આરોગ્ય અને સુખાકારીમાં ગુજરાત ૮૬ સ્કોર સાથે તમામ મોટા રાજ્યોમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.
- એસ.ડી.જી.૦૩ અંતર્ગત દસ સૂચકાંકોમાં માતા મૃત્યુનું પ્રમાણ, પાંચ વર્ષ સુધીનાં

**વર્ષ ૨૦૦૭થી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ થયો ત્યારે, ગુજરાત, દેશમાં આવી સેવા શરૂ કરનાર બીજું રાજ્ય હતું. આજે ૫૮૭ રોડ એમ્બ્યુલન્સ અને બે બોટ એમ્બ્યુલન્સની સેવાઓ ૯૬ લાખથી વધુ લોકોને કટોકટીના સમયમાં મળી રહી છે.**

બાળકોમાં મૃત્યુદર, રસીકરણ કવરેજ, ટ્યુબરક્યુલોકસીસ (ક્ષય રોગ), એચ.આઈ.વી., આત્મહત્યાનું પ્રમાણ, રોડ ટ્રાફીક અકસ્માતમાં મૃત્યુનું પ્રમાણ, સંસ્થાકિય પ્રસૂતિનું પ્રમાણ, આરોગ્ય પર માસિક માથાદીઠ આઉટ ઓફ પોકેટ ખર્ચ તથા દર ૧૦,૦૦૦ની વસ્તીએ ઉપલબ્ધ ચિકિત્સક, નર્સ અને મિડવાઈફનો સમાવેશ થાય છે.

- પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન, જનની શિશુ સુરક્ષા યોજના, મમતા દિવસ, ચિરંજીવી યોજના, ખિલખિલાટ, ફર્સ્ટ રેફરલ યુનિટ સુદ્રઢીકરણ, ઓબ્સટેટ્રીક આઈ.સી.યુ. વગેરે યોજનાનાં ગુણવત્તાયુક્ત અને અસરકારક અમલને લીધે રાજ્યનો માતા મૃત્યુદર પ્રતિ એક લાખ જીવિત જન્મે ૧૧૨ થી ઘટીને વર્ષ ૨૦૧૬-૧૮ દરમિયાન ૭૫ થયા છે.
- જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ: સરકારી દવાખાનામાં પ્રસૂતિ થયેલ માતા અને બાળકને વિનામૂલ્યે સલામત ઘરે પહોંચાડતી 'ખિલખિલાટ'ની સંખ્યા ૧૭૪ થી વધીને હાલ ૪૬૦ છે, જે વાહનો દ્વારા જુન-૨૦૨૧ સુધીમાં ૨૫ લાખ માતાઓને તેના બાળક સહિત સલામત રીતે ઘરે પહોંચાડાઈ છે.
- પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન અંતર્ગત રાજ્યના ૪૦૨ ખાનગી સ્ત્રીરોગ નિષ્ણાત તબીબ સ્વૈચ્છિક સેવા આપી રહ્યા છે.
- ગુજરાત સરકાર દ્વારા કસ્તુરબા પોષણ સહાય યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ૧૧,૭૫,૯૧૪ ચેકોના વિતરણ થકી રૂા.૨૩૫.૧૮ કરોડની સહાય આપવામાં આવી છે.
- રાજકોટમાં રૂ.૧૨,૦૦૦ કરોડના ખર્ચે ૮૦૦ થી ૧૦૦૦ પથારીની સુવિધા ધરાવતી આધુનિક એઈમ્સ હોસ્પિટલ ઓલ ઈન્ડિયા ઈનસ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ' કાર્યાવિન્ત કરવાની કામગીરી પૂરજોશમાં.
- રાજ્યમાં બ્લડ ટ્રાંસ્ફ્યુઝનની સેવાઓ સુનિશ્ચિત કરવા બ્લડ સ્ટોરેજ યુનિટની સંખ્યા ઉત્તરોત્તર વધારીને વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૮૯ બ્લડ સ્ટોરેજ યુનિટ કરાઈ છે.
- રાજ્યમાં નવજાત શિશુઓને ઘનિષ્ઠ સારવાર ઉપલબ્ધ કરાવવા ૪૯ સ્પેશીયલ ન્યુબોર્ન કેર યુનિટ કાર્યાવિન્ત કરી છેલ્લા પાંચ વર્ષમાં ૨,૪૬,૫૮૩ બાળકોને જાહેર આરોગ્ય સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે ઘનિષ્ઠ સારવાર.
- રાજ્યમાં ૧.૫ કિ.ગ્રા. કે તેથી ઓછા વજન સાથે જન્મેલા પ્રત્યેક નવજાત શિશુને જન્મના ૨૮ દિવસ સુધી ઘનિષ્ઠ સારવારની સેવાઓ આપવા બાળસખા-૩ યોજના અંતર્ગત ૨૦૮ ખાનગી બાળરોગ નિષ્ણાતો દ્વારા ૧,૨૪,૭૬૪ લાભાર્થી બાળકોને નિર્ધારીત સેવાઓ વિનામૂલ્યે પૂરી પડાઇ.
- શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ, પલ્સ પોલિયો અભિયાન, ઓરી-રૂબેલા રસીકરણ અભિયાન જેવી રાષ્ટ્રીય ઝુંબેશનો ગુજરાતે ગુણવત્તાયુક્ત અસરકારક અમલ કર્યો છે જેમાં 'ઓરી-રૂબેલા રસીકરણનું રાજ્યવ્યાપી અભિયાન હાથ ધરી રાજ્યના ૯ માસથી ૧૫ વર્ષ સુધીના ૧.૪૫ કરોડથી વધુ બાળકોને સઘન આરોગ્ય સુવિધા મળી છે. આ અભિયાનમાં જનભાગીદારી થકી ૯૬.૧ ટકા લક્ષ્યાંક સિદ્ધ કરવામાં સફળતા મળી છે.
- રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અને શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ૨૪૪ લાભાર્થીઓને કિડની ટ્રાન્સપ્લાન્ટ અને ૧૫૩૭૩ બાળકોની હાર્ટ સર્જરી, ૧૪૬ લાભાર્થીઓને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, ૨૧૦૩ કોક્લીયર ઈમ્પ્લાન્ટ, કલબફુટનાં ૫૨૧૬ ઓપરેશન તથા ક્લેફ્ટ લીપ પેલેટનાં ૫૩૯૮ દર્દીઓને સારવાર અપાયેલ છે.
- શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમમાં દર વર્ષે ૧૦,૦૦૦ થી વધારે બાળકોને માનસિક રોગ નિષ્ણાત તજજ્ઞો દ્વારા સઘન સારવાર આપવામાં આવે છે.
- યુડીઆઇડી ઓનલાઇન પોર્ટલ દ્વારા ઓનલાઇન ૩,૭૮,૫૨૨ દિવ્યાંગ વ્યક્તિઓને ઓનલાઇન દિવ્યાંગતા પ્રમાણપત્ર.
- નિક્ષય પોષણ યોજના અંતર્ગત ટી.બી.ના દર્દીઓને રૂા.



૧૦,૯૨૧ લાખ દર્દીના બેંક ખાતામાં જમા કરવામાં આવ્યા. અનુસૂચિત જાતિના ટી.બી.ના દર્દીઓને રૂા.૨૭૩ લાખ સીધા બેંક ખાતામાં જમા કરવામાં આવ્યા : વર્ષ ૨૦૧૯માં ટી.બી. નિર્મૂલન કામગીરી માટે ગુજરાતને બેસ્ટ પ્રેકટિસનો રાષ્ટ્રિયકક્ષાનો એવોર્ડ મળ્યો છે.

- હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ૬૨૫૩ કાર્યાન્વિત કરવામાં આવ્યા અને ૪૫૫૯ કોમ્યુનિટી હેલ્થ ઓફીસરને નિમણૂક આપવામાં આવી છે.
- વર્ષ ૨૦૦૭થી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ થયો ત્યારે, ગુજરાત, દેશમાં આવી સેવા શરૂ કરનાર બીજું રાજ્ય હતું. આજે ૫૮૭ રોડ એમ્બ્યુલન્સ અને બે બોટ એમ્બ્યુલન્સની સેવાઓ ૯૬ લાખથી વધુ લોકોને કટોકટીના સમયમાં મળી રહી છે. વિકટ પરિસ્થિતીમાં મુકાયેલ ૧૦.૧૩ લાખથી વધુ મહામુલી માનવ જિંદગીઓનો ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મારફતે બચાવ થયો છે.
- રાજ્યના કોઈપણ વિસ્તારમાં થયેલ અકસ્માતમાં ઈજાગ્રસ્તને પ્રથમ ૪૮ કલાક સુધી વિનામૂલ્યે સારવાર પૂરી પાડવાના નિર્ણયથી રાજ્ય, રાજ્ય બહારના કે અન્ય રાષ્ટ્રના કોઈપણ નાગરિકને ગુજરાતમાં થયેલ અકસ્માત સમયે નજીકના સ્થળે સરકારી હોસ્પિટલો, ખાનગી હોસ્પિટલોમાં તાત્કાલિક સારવાર માટે અકસ્માતગ્રસ્ત પ્રત્યેક દર્દીને રૂ. ૫૦,૦૦૦ સુધીની નિ:શુલ્ક સારવાર આપવામાં આવતા લાખો નાગરિકોને આરોગ્ય સુવિધા મળી છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં રૂ. ૫.૭૭ કરોડના ૨૩૩૭ દાવાઓનું ચૂકવણું થયું છે.
- આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાને મા યોજના સાથે સંકલિત કરી અને મુખ્યમંત્રી અમૃતમ તેમજ મા વાત્સલ્ય યોજનાનો વ્યાપ વધારી તા.૧/૩/૨૦૧૯થી આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના સમાન લાભો આપવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં મુખ્યમંત્રી અમૃતમ "મા" /"મા વાત્સલ્ય" અને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ કુલ ૭૯.૯૫ લાખ કુટુંબોના આશરે ૩.૩૦ કરોડ વ્યક્તિઓને રૂ. ૫ લાખ સુધીનો વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે. આ યોજના હેઠળ હાલ સરકારી ૧,૮૭૧ અને ખાનગી ૫૯૯ મળી કુલ ૨,૪૭૦ હોસ્પિટલો જોડાઇ છે.
- રાજયમાં ૬ સરકારી મેડિકલ કોલેજો, ૬ શૈક્ષણિક હોસ્પિટલો, ૨ સરકારી ડેન્ટલ કોલેજો અને સલંગ્ન હોસ્પિટલો, ૧ એમ. એન્ડ જે. ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓપ્થોલ્મોલોજી, ૧ ગર્વ. સ્પાઇન ઈન્સ્ટિટ્યુટ, ૫ સરકારી ફીઝીયોથેરાપી કોલેજો, જી.એમ.ઇ.આર. એસ.ની ૮ મેડિકલ કોલેજો અને ૮ હોસ્પિટલો, ૩ ગ્રાન્ટ ઈન એઈડ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલો (ઈન્સ્ટિટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, યુ.એન.મહેતા ઈન્સ્ટિટયુટ ઓફ કાર્ડીયોલોજી, ગુજરાત કેન્સર અને રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ) તેમજ ૮ સરકારી નર્સીંગ કોલેજો કાર્યરત છે.
- રાજયમાં મેડિકલ (M.B.B.S.) અભ્યાસક્રમ માટે ૩૧ કોલેજમાં ૫૭૦૦ બેઠકો, ડેન્ટલ (B.D.S.) માટે ૧૩ કોલેજમાં ૧૩૪૦ બેઠકો અને ફીઝીયોથેરાપી કોર્ષ માટે ૭૬ કોલેજમાં ૪૭૨૫ બેઠકો ઉપલબ્ધ છે.
- રાજયમાં આરોગ્ય નીતિ-૨૦૧૬ અંતર્ગત ખાનગી ક્ષેત્રે લોક ભાગીદારીથી સ્વનિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડીકલ કોલેજ, સ્વનિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડિકલ કોલેજ શરૂ કરવા, નવી સ્પેશ્યાલીટી હોસ્પિટલની સ્થાપના અને નિદાન સેવાઓ માટે પ્રોત્સાહક યોજનાઓ અંતર્ગત રાજયમાં ૨ સ્વનિર્ભર (ગ્રીન ફીલ્ડ) મેડિકલ કોલેજ અને ૪ સ્વનિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવી છે.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના: રાજયની સરકાર માન્ય તમામ મેડિકલ, ડેન્ટલ અને પેરામેડિકલના સ્નાતક અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬થી આજદિન સુધી ફેશ અને રીન્યુઅલ મળી કુલ ૧૭૧૩૦ વિદ્યાર્થીઓને ટ્યુશન ફી પેટે રૂા.૨૨૯.૦૨ કરોડ મંજૂર કર્યા છે.
- ગુજરાત સરકાર દ્વારા ઈન્સ્ટિટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ સાથે થયેલી એમ.ઓ.યુ અન્વયે રાજયની વિવિધ સંસ્થાઓ ખાતે કિડની ફેલ્યોર દર્દીઓને ડાયાલિસીસ સેવાઓ વિનામૂલ્યે પૂરી પાડે છે. હાલ રાજયમાં ૪૬ હોસ્પિટલોમાં ડાયાલીસીસ સેન્ટર કાર્યરત છે. રાજયમાં ૪૬ હોસ્પિટલમાં ૪૪૦ ડાયાલિસીસ તથા કિડની ઈન્સ્ટિટ્યુટ, અમદાવાદ ખાતે ૫૪ ડાયાલિસીસ મળી કુલ ૪૯૪ મશીનો ઉપલબ્ધ છે.
- ઈન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે સને ૨૦૧૮થી ૩૫૦ કિડની ટ્રાન્સપ્લાન્ટ અને ૫૮ લિવર ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશન કરવામાં આવી છે.
- સરકારી સિવિલ હોસ્પિટલ, અમદાવાદ, ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ હોસ્પિટલ, કિડની ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિસીઝ એન્ડ રિસર્ચ, યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચની સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલો કાર્યરત છે.
- રાજયમાં ૮ મહાનગરપાલિકા અને ૬૫ નગરપાલિકામાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ પુરી પાડવા કાર્યરત ૩૧૭ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (U-PHC) અને ૧૪ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર (U-CHC) થકી શહેરી વિસ્તારમાં કુટુંબ કલ્યાણની સેવાઓ, સગર્ભા સ્ત્રીઓ / બાળકોને રસીકરણ, બિનસંચારી અને સંચારી રોગો, ક્ષય રોગ નિદાન-સારવાર, માઈનોર અને મેજર ઓપરેશન, વાહકજન્ય અને પાણીજન્ય રોગોના નિદાન-સારવાર, સર્વેલન્સ જેવી પ્રાથમિક આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. ●




# જળ સંચય, જળ સિંચન અને જળ વ્યવસ્થાપન... ગુજરાતની જળક્રાંતિ...



બી. પી. દેસાઈ

ગુજરાતે વરસાદી પાણીના સંચય, ખેતીમાં ટપક સિંચાઇ, નર્મદાના પાણીનું કુશળ વ્યવસ્થાપન, તળાવોની સુધારણા, ખેતરોમાં ખેત તલાવડીઓનું નિર્માણ, નદીઓમાં કાંપ નિવારણ, સપાટી પરના સ્રોતો આધારિત પાણી પુરવઠા યોજનાઓ, મલિન જળ શુદ્ધીકરણ અને દરિયાના પાણીના નિસ્યંદન દ્વારા મીઠા પાણીની પ્રાપ્તિ જેવા વિવિધ ઉપાયોના વિનિયોગથી ‘જળ એ જ જીવન’ના સૂત્રને સાકાર કર્યું છે

ગુજરાત એક સમયે પાણીની અછત ધરાવતા રાજ્ય તરીકે ઓળખાતું હતું. પાણી એ વિકાસની પ્રાથમિક શરત છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાણી એ પરમેશ્વરનો પ્રસાદ છે, ત્યારે પાણીના એક એક ટીપાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા આહવાન કર્યુ હતું. તેમણે ચીંધેલા માર્ગે ગુજરાતે આજે જળસંચય જળસિંચન અને જળવ્યવસ્થાપન ક્ષેત્રે સમગ્ર દેશને નવી દિશા ચીંધી છે.


- વર્ષ-૨૦૧૭માં ચોમાસા દરમ્યાન સરદાર સરોવર બંધ તેના પૂર્ણ જળાશય સ્તર એટલે કે ૧૩૮.૬૮મીટર સુધી ભરાતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા. ૧૭/૦૯/૨૦૧૭ના રોજ ડેમ રાષ્ટ્રને લોકાર્પણ કરવામાં આવ્યો હતો જે એક ઐતિહાસિક ક્ષણ હતી. ડેમની જીવંત સંગ્રહ ક્ષમતા ૩.૭૫ ગણી વધતાં કુલ જીવંત ક્ષમતા ૪.૭૫ મીલીયન એકર ફીટ થતા જળ વિદ્યુત ઉત્પાદનમાં ૪૦ ટકા વધારો નોંધાયો હતો.
- સરદાર સરોવર યોજનાના બંને પાવરહાઉસ કાર્યરત કરતાં ૧૪૫૦ મેગાવૉટની સ્થાપિત ક્ષમતા હાંસલ કરવામાં આવી છે.
- નર્મદા મુખ્ય નહેરમાંથી નીકળતી કુલ ૩૮ શાખા નહેરો પૈકી ૩૭ શાખા નહેરોનું બાંધકામ પૂર્ણ થયું છે. જૂન-૨૦૨૧સુધીમાં મુખ્ય નહેર સહિત જુદા જુદા પ્રકારની તમામ નહેરો સાથે અંદાજે ૬૯૮૩૦ કિ.મિ. લંબાઈ પૈકી ૬૨૩૮૫ કિ.મિ. ૮૯.૮૪ ટકા લંબાઈનાં કામો પૂર્ણ થયાં છે.
- ખેડૂતોની જમીનનું સંપાદન ટાળવાના હેતુથી પ્રશાખાની કામગીરી ભૂગર્ભ પાઈપલાઇનથી હાથ ધરવામાં આવી છે.
- કચ્છ શાખા નહેરની કુલ ૩૩૯ કિ.મિ.માં કામો જૂન-૨૦૨૧ સુધીમાં પૂર્ણ થતા અંજાર તાલુકા સુધી પાણી વહેવડાવવામાં આવ્યું છે. સરદાર સરોવર બંધના સ્થળથી આશરે ૬૦૦ કિ.મિ. દૂર ટપ્પર ડેમમાં કચ્છ શાખા નહેર દ્વારા પાણી અપાતા ૮૬૦ મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થયો છે.
- વડોદરા શાખા નહેર ઉપર ૨૫ મેગાવૉટ ક્ષમતાના સોલર પાવર પ્લાન્ટ થકી જૂન-૨૦૨૧ સુધીમાં ૧૫.૦૨ કરોડ યુનિટ વીજ ઉત્પાદન થયું છે.
- શાખા નહેરો મારફત રાજ્યનાં ૯૧૦૪ ગામડાઓ, ૧૬૯ શહેરોના ૪ કરોડ નાગરિકોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે.
- સરદાર સરોવર યોજના હેઠળ કુલ અંદાજિત ૧૮ લાખ પિયત વિસ્તાર પૈકી ૧૬.૮૭ લાખ હેક્ટર વિસ્તાર માઈનોર સુધી જ્યારે સબ માઈનોર સુધી ૧૫.૧૫ લાખ હેક્ટર

**નર્મદા યોજનાના સમગ્ર ઇતિહાસમાં પ્રથમ વાર વર્ષ ૨૦૨૧ દરમિયાન કમાન્ડ એરિયામાં ખરીફ અને રવી સિંચાઇ ઉપરાંત ઉનાળુ સિંચાઇ માટે પિયત વિસ્તારમાં ખેડૂતોને પાણી આપવામાં આવ્યું છે.**

પિયત વિસ્તાર વિકસિત થયો છે.

- નર્મદા યોજનાના સમગ્ર ઇતિહાસમાં પ્રથમ વાર વર્ષ ૨૦૨૧ દરમિયાન કમાન્ડ એરિયામાં ખરીફ અને રવી સિંચાઇ ઉપરાંત ઉનાળુ સિંચાઇ માટે પિયત વિસ્તારમાં ખેડૂતોને પાણી આપવામાં આવ્યું છે.
- ભરૂચ જિલ્લાના ભાડભૂત ગામ પાસે નર્મદા નદી ઉપર રૂ. ૫૩૨૨ કરોડના ખર્ચે બેરેજ યોજનાનું કામ પ્રગતિ હેઠળ.
- પાણી પુરવઠા પ્રભાગ હેઠળ છેલ્લા ૫ વર્ષમાં કુલ રૂ. ૧૮૪૪૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- નવીન જૂથ પાણી પુરવઠા યોજના, હયાત જૂથ યોજનાની સુધારણા, ફળિયાઓને જૂથ યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં કુલ રૂ.૨૧૭૬૧ કરોડનાં કામો મંજૂર કરી રૂ.૧૦૫૪૫ કરોડનાં કામો હાથ પર લીધાં છે.
- છેલ્લાં પાંચ વર્ષમાં પાણી પુરવઠા પ્રભાગ હેઠળ રૂ. ૪૭૪૬ કરોડના ખર્ચે નવીન તેમજ સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાની કામગીરી પૂર્ણ થઇ છે, જેમાં ૮૭૬૮ ગામોને લાભ થયો છે.
- જૂથ પાણી પુરવઠા યોજનાનો વ્યાપ વધારી રાજ્યના કુલ ૧૩૮૦૯ ગામોને જૂથ યોજના સાથે જોડી દેવામાં આવ્યાં છે.
- ફળિયાઓને પણ ગામ તરીકે ગણી ૧૬ જિલ્લાઓનાં ૭૭૩૬ ફળિયાઓને જોડવા માટે ૧૨૦૭ કરોડનાં કામો મંજૂર કર્યાં છે.
- 'નલ સે જલ' કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ૯૩ લાખ ઘરની સામે કુલ ૬૭ લાખ ઘરોને નળજોડાણ
- હર ઘર જલ યોજનાને સાકાર કરવા માટે વાસ્મો દ્વારા છેલ્લા ૫ વર્ષમાં ૧૫.૫૨ લાખ નવા નળજોડાણ આપવામાં આવ્યાં છે.
- છેલ્લાં પાંચ વર્ષમાં ગ્રામીણ આંતરિક પાણી પુરવઠાની ૧૦૧૮૮ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. જે પૈકી ૫૪૭૮ યોજનાઓ પૂર્ણ થઈ છે જ્યારે ૪૭૧૦ યોજનાઓ પ્રગતિ હેઠળ છે.
- રાજ્યના બોટાદ, આણંદ, મહેસાણા, ગાંધીનગર અને પોરબંદર જિલ્લાઓના ગ્રામીણ વિસ્તારોમાં ૧૦૦ ટકા ઘરોને નળની સુવિધાથી આવરી લેવામાં આવ્યાં છે .
- રાજ્ય સરકાર દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં ગ્રામીણ સ્તરે ૨૦ લાખ ઘરોને નળનું જોડાણ.
- રાજકોટ, પોરબંદર, જામનગર અને કચ્છ જિલ્લાની રૂ. ૮૭૫ કરોડના વિવિધ બલ્ક પાઇપલાઇનનાં કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે.
- રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિની ૪૦ ટકા કે ૨૫૦ થી વધુ વસ્તી માટે ગ્રામીણ આંતરિક પાણી પુરવઠા યોજનાઓ માટે લોકફાળામાંથી મુક્તિ આપવામાં આવી છે.
- ગટરના શુદ્ધીકરણ કરાયેલા પાણીના પુનઃઉપયોગની નીતિ અંતર્ગત ૬૮૧.૬૮ એમ.એલ.ડી. પાણીનો પુનઃ ઉપયોગ કરવાનો શરૂ કરાયો છે.
- સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના છેવાડાના ગામોમાં વિવિધ સ્થળોએ ૨૭ કરોડ લિટર ક્ષમતાના ડિસેલીનેશન પ્લાન્ટ સ્થાપવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- છેલ્લાં ૫ વર્ષમાં ૧૩ એસ.ટી.પી.નાં કામો પૂર્ણ કર્યા છે. જ્યારે ૪ ભૂગર્ભ ગટર યોજનાઓ અને ૯૨ એસ.ટી.પી.નાં કામો પ્રગતિ હેઠળ છે .
- રાજ્ય સરકાર દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ૧૪.૬૦લાખથી વધુ પીવાના પાણીના નમૂનાની ચકાસણી કરવામાં આવી છે.
- રાજ્ય સરકાર દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં ૩૧૨૭ બોર, ૪૧૫૭૫ હેન્ડપંપ અને ૨૯૦૭ મિની પાઇપ યોજના કરવામાં આવી છે.
- રાજ્ય સરકાર દ્વારા પીવાના પાણીના અનઅધિકૃત રીતે અથવા વધુ પડતો ઉપાડ અટકાવવા, પાણી પુરવઠાની આંતરમાળખાકીય સુવિધાને નુકસાન થતું અટકાવવા અને ઘર વપરાશની પાણી પુરવઠા વ્યવસ્થાનું સંરક્ષણ તથા તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે વર્ષ ૨૦૧૯માં એક મહત્ત્વનો નિર્ણય લઈ રાજ્ય સરકાર દ્વારા "ધ ગુજરાત ડોમેસ્ટિક વૉટર સપ્લાય (પ્રોટેક્શન) એક્ટ ૨૦૧૯ વિધાનસભામાં પસાર કરવામાં આવ્યો છે.
- રાજ્યના ૧૩૪૦૦ ગામો અને ૨૦૯ શહેરોનું રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ દ્વારા જોડાણ થતાં પીવાનું શુદ્ધ પાણી મળતું થયું
- રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યાઓનું નિવારણ કરવા રાજ્ય સરકાર દ્વારા ટોલ ફ્રી હેલ્પલાઇન "૧૯૧૬" કાર્યરત કરી. ●








# ગુજરાતનાં બંદરોનો સર્વાંગી વિકાસ...



ઉર્વિ રાવલ

ગુજરાતને કુદરત તરફથી ૧૬૦૦ કિ.મી. લાંબા દરિયાકિનારાનું વરદાન પ્રાપ્ત થયું છે. સિંધુ ખીણની સભ્યતાના સમયથી જ વહાણવટા ક્ષેત્રે અગ્રિમ રહેલા ગુજરાતનાં વહાણવટાનો આજે ફરી એક વખત વિશ્વમાં ડંકો વાગી રહ્યો છે. ગુજરાત સરકારે ખાનગી ક્ષેત્રના સહયોગથી રાજ્યનાં બંદરોનો સર્વાંગી વિકાસ કરવા માટે જે પહેલ શરૂ કરી છે એનાં સારા પરિણામો આજે રાજ્યના અર્થતંત્રને વેગવાન બનાવવામાં યોગદાન આપી રહ્યાં છે. કચ્છના લખપતથી ઉમરગામ સુધીના દરિયાઈ પટ્ટીમાં આવેલાં રાજ્યનાં વિભિન્ન બંદરોએ આગવી ઓળખ ઊભી કરી છે.

કંડલા ગુજરાતનું મોટું બંદર છે તો ભાવનગરનું અલંગ 'શિપ બ્રેકિંગ' ક્ષેત્રે ખ્યાતિ મેળવી ચૂક્યું છે. સિક્કા અને માંગરોળ બંદરો મત્સ્ય ઉદ્યોગ માટે જાણીતાં છે. આ જ પ્રમાણે ચોક્કસ વસ્તુઓના આયાત-નિકાસ માટે નિશ્ચિત બંદરો દ્વારા પરિવહન કરવામાં આવે છે. એક સમયે સુરત દેશનું અતિ મહત્ત્વનું બંદર ગણાતું, દુનિયાભરના દેશો સાથે સુરતના દરિયાઇ માર્ગે માલના આયાત-નિકાસ વડે વેપાર થતો. સુરત બંદરની અન્ય દેશોમાં પ્રસિદ્ધિ એટલી હદે થયેલી કે કહેવાય છે કે, ૮૪ દેશોનાં વહાણો સુરત બંદર ખાતે લાંગરેલાં રહેતાં. દેશ અને રાજ્યના મત્સ્ય ઉદ્યોગને વેરાવળ, પોરબંદર, માંગરોળ, ઓખા, જાફરાબાદ જેવાં બંદરો ધમધમતો રાખતા આવ્યા છે.

ગુજરાતનાં ૧ મેજર અને ૪૮ નોટિફાઈડ નોન મેજર બંદરો રાજ્ય અને રાષ્ટ્રના અર્થતંત્ર માટે કરોડરજ્જુ બની રહ્યાં છે. ૪૮ નોન મેજર બંદરો સાથે આજે ગુજરાત ભારતનું સૌથી વિકસિત દરિયાઇ સુવિધાઓ ધરાવતું રાજ્ય બની ચૂક્યું છે. રાજ્ય સરકારની દૂરંદેશી, આકર્ષક અને પારદર્શિતાવાળી નીતિઓ અને હકારાત્મક અભિગમને પરિણામે ગુજરાત સમગ્ર દેશમાં બંદરીય ક્ષેત્રે ટોચ પર રહેવામાં સફળ રહ્યું છે અને ઉત્તરોત્તર અનેક અકલ્પનીય કીર્તિમાન સ્થાપિત કરી રહ્યું છે. રાજ્ય સરકારના સબળ નેતૃત્વ અને સતત પ્રયત્નશીલ રહેવાના અભિગમને લઈને બંદરોના વિકાસનું સ્વપ્ન ચોક્કસ હકીકતમાં પરિણમ્યું છે.

- ભારતનાં ગૌણ બંદરો દ્વારા સંચાલિત કાર્ગોમાં વર્ષ ૨૦૧૯માં ગુજરાતનો હિસ્સો ૭૦ ટકા હતો. વર્ષ ૨૦૦૧માં ૮૩ MMTPA હતું, જે વર્ષ ૨૦૧૯માં વધીને ૩૯૯ MMTPA થયું છે.
- **જળપરિવહન ક્ષેત્રે આગે કદમ:** રો -રો ફેરી સર્વિસ થકી ૩૬૦ કિ.મી.નું અંતર ઘટીને ફક્ત ૩૧ કિ.મિ.નું થઈ ગયું. ૧૫,૨૦૨ કિ.મી. જેટલા ઈંધણની બચત થઈ શકી છે. અને કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનમાં ૪૮ મેટ્રિકટનનો ઘટાડો થઈ શક્યો છે. કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનમાં ઘટાડો થઈ શક્યો છે.
- વર્ષ ૨૦૧૯-૨૦માં રાષ્ટ્રીય સ્તરે બંદરો થકી માલની હેરફેર આશરે ૧૩૦૯ MMTની થઈ જ્યારે જી.એમ.બી. બંદરો થકી માલનું પરિવહન ૪૧૨ MMT થઈ જે કુલ રાષ્ટ્રીય પરિવહનના ૩૧ ટકા તથા નોન મેજર બંદરો પરના પરિવહનનો આશરે ૭૦ ટકા સિંહફાળો દર્શાવે છે. વર્ષ ૨૦૨૦માં રૂ. ૧૩૬૧ કરોડની આવક થઈ.

*રાજ્ય સરકારની દૂરંદેશી, આકર્ષક અને પારદર્શિતાવાળી નીતિઓ અને હકારાત્મક અભિગમને પરિણામે ગુજરાત સમગ્ર દેશમાં બંદરીય ક્ષેત્રે ટોચ પર રહેવામાં સફળ રહ્યું છે અને ઉત્તરોત્તર અનેક અકલ્પનીય કીર્તિમાન સ્થાપિત કરી રહ્યું છે.*



- ૪૮૦૦ કરોડના રોકાણ સાથે નારગોલ અને ભાવનગર બંદરોનો વિકાસ કરવામાં આવશે. દહેજ ખાતે કેમિકલ પોર્ટ ટર્મિનલના વિસ્તૃતિકરણ માટે ૧૨૦૦ કરોડના ખર્ચે બીજી જેટી વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.
- ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦માં બંદરીય સંચાલન થકી રૂ.૮૨૯.૪ કરોડની આવક થઇ છે જ્યારે બંદરીય કાર્ગો પરિવહન સંબંધિત આવક કે જે રાજ્ય સરકારની તિજોરીમાં જમા કરવાની થતી હોય તે કુલ રૂ. ૩૫૮.૫૪ કરોડ થઇ છે.
- હાલમાં ગુજરાત રાજ્યમાં કુલ ૯ શિપયાર્ડ છે જેની વાર્ષિક ક્ષમતા ૧૧ લાખ DWT છે. વધુમાં, રાજ્યમાં દરિયાકિનારા પર વધુ નવાં શિપયાર્ડ વિકસાવવાની યોજના છે.
- આંતરરાષ્ટ્રીય MARPOL કન્વેન્શન અંતર્ગત શિપિંગ મંત્રાલય દ્વારા પોર્ટ રિસેપ્શન સુવિધા (શિપમાંથી ઉત્પન્ન થતા કચરાના બંદર પર યોગ્ય નિકાલ સુવિધા) ઓનલાઈન કરવામાં આવી છે, જેના માટે સ્વચ્છ સાગર પોર્ટલ બનાવવામાં આવ્યું છે.
- ભાવનગર બંદર ખાતે ઉતરોત્તર વધી રહેલા કાર્ગોના જથ્થા હેન્ડલિંગને ધ્યાને લઈને ૬૩,૧૨૬ ચો.મીટર સ્ટેકિંગનું પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે. અગાઉ ૨૩,૩૮૫ ચો. મીટરના પાકા પ્લેટફોર્મ ઉપલબ્ધ હતા. આ ઉપરાંત નવા ૧૭,૫૩૨ ચો. મીટર પ્લેટફોર્મનાં કામો પ્રગતિમાં છે અને ૩૧,૭૯૪ ચો. મીટરનાં કામો મંજૂર કરવામાં આવ્યા છે.
- દેશમાં અગત્યના ગણાતા દિલ્હી-મુંબઈ ફ્રેઇટ કોરિડોર સાથે રાજ્યનાં બંદરોને જોડી દેવાની દૂરંદેશીભરી યોજના પણ ગુજરાત સરકારે ઘડી કાઢી છે. આ યોજના હેઠળ રાજ્યનાં બંદરોને દેશના અર્થતંત્રમાં ધોરી નસ સમાન ગણાતા દિલ્હી-મુંબઈ કોરિડોર સાથે જોડી દીધાં છે.
- રાજ્ય સરકારે લખપતથી લઈને ઉમરગામ સુધીના દરિયાઈ પટ્ટીમાં આવેલાં રાજ્યનાં તમામ બંદરોને કોસ્ટલ હાઈવે દ્વારા જોડવાની એક મહત્ત્વકાંક્ષી યોજના પણ બનાવી છે, જે અંતર્ગત રાજ્યનાં બંદરોને કોસ્ટલ હાઈવે દ્વારા સાંકળી લેવામાં આવ્યાં છે.
- અલંગ ખાતે શિપ રિસાઈક્લિંગની પ્રવૃત્તિને પર્યાવરણલક્ષી મૈત્રીપૂર્ણ બનાવવા નવા લેન્ડફીલ સેલ, બિલ્જ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, જેવી ઈન્સિનરેટર અને અગ્નિશામક પ્રણાલી પર્યાવરણીય આધુનિક સુવિધાઓને TSDF-અલંગ ખાતે વિકાસ કરી કાર્યરત કરવામાં આવી હતી. જેમાં શિપ રિસાઈક્લિંગ પ્રવૃત્તિથી ઉત્પન્ન થતા કચરાનો નાશ કરવામાં આવે છે.



- વર્ષ ૨૦૧૯માં યોજાયેલા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ અન્વયે યોજાયેલા "Port Led Development & Strategies to establish India as the Transshipment hub of Asia" અંગેના સેમિનારમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા 13 MOUs (with an intended investment of INR Rs. 19,542 Cr) કરવામાં આવ્યા છે.
- કંડલા બંદરને કાશ્મીર, પંજાબ, દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ જેવાં રાજ્યોનો ૧૦ લાખ ચોરસ કિ.મી.નો વિશાળ પીઠપ્રદેશ હાંસલ થયો છે. દૂરના પીઠપ્રદેશો સુધી માલસામાનના ઝડપી પરિવહન માટે કંડલાને બ્રોડગેજ રેલમાર્ગ અને નેશનલ હાઈવે નંબર ૮-અ દ્વારા જોડવામાં આવ્યું છે.
- ભાવનગરનું નવા બંદર એક બારમાસી બંદર છે. નાના વહાણોને સીધા જ જેટી પર લાંગરવાની સગવડ છે. બંદરમાં ભરતીના પાણીને લોક-ગેટ નામની વ્યવસ્થાને ઉપયોગમાં લઈને ધક્કા પાસે દરિયાના પાણીની ઊંડાઈ સતત ચાર મીટર જાળવી રાખવાની સગવડ છે. ભાવનગર, ઘોઘા અને તળાજા એ ભાવનગર બંદરીય જૂથનાં પેટા બંદરો છે.
- દેશના પ્રથમ કેમિકલ પોર્ટનું બહુમાન દહેજને ફાળે જાય છે. ગુજરાત કેમિકલ પોર્ટ ટર્મિનલ કંપની લિ. (જીસીપીટીસીએલ) દ્વારા દહેજ બંદર ખાતે કેમિકલ ટર્મિનલ વિકસાવવામાં આવ્યું છે. આ બંદર પરથી ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, ઉત્તરપ્રદેશ, હરિયાણા, પંજાબ, હિમાચલ પ્રદેશ તથા જમ્મુ કાશ્મીર જેવા પ્રદેશોના કાર્ગોનું વહન કરવામાં આવે છે.
- વર્તમાન સમયમાં શિપ રિસાઈક્લિંગ કામગીરીમાં આશરે ૨૦,૦૦૦ કામદારો પ્રત્યક્ષ રોજગારી મેળવે છે અને સંલગ્ન કામગીરીથી આશરે ૧ થી ૧.૫ લાખ લોકોને રોજગારી મળે છે.
- અલંગ યાર્ડની વાર્ષિક ૪૫૦ જહાજો રિસાઇકલ કરવાની ક્ષમતા છે અને તેનાથી વાર્ષિક ૪.૫ મિલિયન ટન કરતાં વધુ રિ-રોલેબલ સ્ટીલનું ઉત્પાદન થઈ શકે. અલંગ-સોસીયાના દરિયા કિનારે ૧૦ કિ.મી.ના પટ્ટામાં શિપ રિસાઈક્લિંગ માટે કુલ ૧૬૭ પ્લોટસ ઉપલબ્ધ છે.
- માર્ચ ૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ૩૪ કેપ્ટિવ જેટીઓ કાર્યરત છે. જી.એમ.બી. બંદરોનો લગભગ ૪૫% કાર્ગો કેપ્ટિવ જેટી પરથી વહન કરવામાં આવે છે. કેપ્ટિવ જેટીને કારણે જી.એમ.બી. બંદરોની ક્ષમતા ૯૦ મિલિયન ટનની થઈ છે.
- હાલમાં રાજ્યમાં પીપાવાવ, દહેજ, મુન્દ્રા અને હજીરા ખાતે ગ્રીનફીલ્ડ બંદરો કાર્યરત છે. જી.એમ.બી.એ નવી બંદર સુવિધાઓ ઊભી કરીને મુંબઈ અને કંડલા જેવા પશ્ચિમના મુખ્ય બંદરો પરનું ભારણ ઘટાડ્યું છે. આ પ્રક્રિયામાં, તમામ આધુનિક સુવિધા સાથેના બંદરોએ ગુજરાતની શાન વધારી છે.
- વર્ષ ૨૦૧૮થી ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ગુજરાતના દરિયા કિનારાના બીચ ઉપર વોટર સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળી રહે તેના ભાગરૂપે પ્રવાસન નિગમના સંકલનમાં રહીને ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા વોટર સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓ માટે એન.ઓ.સી., વોટર સ્પોર્ટ્સ ક્રાફ્ટના સર્વે અને રજિસ્ટ્રેશનની કામગીરી કરવામાં આવે છે. જેથી રાજ્યમાં રોજગારીની તકો વધી છે. ●

# ટેકનોલોજીનો સમુચિત ઉપયોગ






પલ્લવ પટેલ


ગુજરાત દેશનું એક અગ્રણી પ્રગતિશીલ રાજ્ય છે. ગુજરાતનું વિકાસ મોડલ આજે પણ દેશનાં અનેક રાજ્યો માટે રોલ મોડેલ બની રહ્યું છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રીકાળ દરમિયાન જનસુવિધાઓ સામાન્ય અને છેવાડાના લોકો સુધી પહોંચે તેમજ રોજબરોજની જરૂરિયાતોમાં સરળતા આવે તેવા અભિગમનું સ્વપ્ન સેવ્યું હતું. આ સ્વપ્નને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આગળ ધપાવી આજે સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહ્યા છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ટેકનોલોજીનો ઉપયોગ કરી ગુજરાતના સામાન્ય અને છેવાડાના માનવીને પણ સરકારી કચેરીઓમાં આવવું ન પડે અને તેમનું કામ ઘરે બેઠાં ઓનલાઈન થઈ જાય તેવી અસરકારક વ્યવસ્થા ઊભી કરી છે.

૨૧મી સદીના વૈશ્વિક ડિજિટલ યુગ સાથે કદમ મિલાવી ખૂબ જ ટૂંકાગાળામાં ગુજરાતની જનસુવિધાઓ સાથે જોડાયેલી બાબતો અને રાજ્યની વિકાસયાત્રાનાં વેગ માટે જરૂરી સરકારી સેવાઓમાં પણ વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો છે.

- દેશમાં ગુજરાતનું GSWAN ભારતનું સૌથી મોટું આઈ. ટી. આધારિત નેટવર્ક છે, જે ૩૩ જિલ્લાઓ, ૨૪૯ તાલુકાઓની ૫,૮૦૦ થી પણ વધુ સરકારી કચેરીઓને સાંકળે છે. આ નેટવર્કથી છેવાડાના માનવી અને છેવાડાના વિસ્તારો સુધી જનકલ્યાણકારી યોજનાઓ અને જનસુવિધાઓને સરળતા અને સફળતાપૂર્વક પહોંચાડી શકાઈ છે.
- GSWANના બધા જ યુઝરને ઓપન ઈન્ટરનેટની સુવિધા પૂરી પાડવામાં આવી. જેમાં ઈન્ટરનેટ બેન્ડવીથ ૧ Gbpsથી વધારીને ૨૧ Gbps કરાઈ છે. અત્રે ઉલ્લખનીય છે કે અર્બન વાઇફાઇ અંતર્ગત ગુજરાત રાજ્યનાં ૫૫ શહેરોનાં જાહેર સ્થળો જેવાં કે બસ સ્ટેશન, હોસ્પિટલ, નગરપાલિકા બિલ્ડિંગ, મામલતદાર/ટી.ડી.ઓ. ઓફિસ, લાઇબ્રેરી, ગવર્નમેન્ટ હોસ્પિટલ, તાલુકા કોર્ટ વગેરેમાં નાગરિકોને વાઇફાઇ દ્વારા ફ્રી ઈન્ટરનેટ સુવિધા પૂરી પાડવામાં આવી છે.
- સામાન્ય રીતે પ્રમાણપત્રો, દાખલાઓ, નોંધોના ફેરફારો, જેવી રોજબરોજ અને વારંવાર જરૂર પડતી મહેસૂલ વિભાગ સાથે સંકળાયેલી સેવાઓમાં સમયનો વ્યય થતો હતો. આ સમગ્ર પ્રક્રિયાઓમાં ટેકનોલોજીનો ઉપયોગ કરી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે ખૂબ સરળ, ઝડપી અને અસરકાર વ્યવસ્થા ઊભી કરી. ગણતરીના સમયમાં જ જરૂરી આ બાબતો જનસેવા કેન્દ્રો પરથી સરળતાથી સમયના બચાવ સાથે મળવા લાગી છે. અગાઉ આવી સેવાઓ એ.ટી.વી.ટી. પોર્ટલ મારફત આપવામાં આવતી હતી.
- વર્ષ 2016થી ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત જનસેવા કેન્દ્રનું અપગ્રેડેશન કરવામાં આવ્યું છે. હાલના તબક્કે તમામ 251 તાલુકામાં 339 જનસેવા કેન્દ્રો મારફતે 41 વનડે સર્વિસ અને 264 નોન વન ડે સર્વિસ મળી કુલ 305 સેવાઓ આપવામાં આવે છે.
- તે પૈકી 22 સેવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. તા.1લી એપ્રિલ 2016 થી 3.6 કરોડથી વધુ મળેલી અરજીઓ પૈકી 98.6 % અરજીઓનો સમયમર્યાદામાં નિકાલ

**મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ટેકનોલોજીનો ઉપયોગ કરી ગુજરાતના સામાન્ય અને છેવાડાના માનવીને પણ સરકારી કચેરીઓમાં આવવું ન પડે અને તેમનું કામ ઘરે બેઠાં ઓનલાઇન થઈ જાય તેવી વ્યવસ્થા અસરકારક રીતે ઊભી કરી છે.**



કરવામાં આવ્યો છે.

- ગુજરાતના આ માધ્યમથી ૧૧૩ જેટલી સરકારી સેવાઓ ઓનલાઇન અને ૪૦ જેટલી સરકારી સેવાઓની મોબાઇલ એપ્લિકેશન ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
- ગુજરાતની દિશામાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ મહેસૂલ વિભાગે અનેક નક્કર કદમ ઉઠાવ્યા છે. i-ORA (ઈન્ટિગ્રેટેડ ઓનલાઇન રેવન્યૂ એપ્લિકેશન) પ્લેટફોર્મ પર ઓનલાઇન સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
- સમગ્ર રાજ્યમાં નવેમ્બર 2019થી i-ORA 2.0 સિસ્ટિમ લાગુ કરી 25 જેટલી સેવાઓ ઓનલાઇન કરવામાં આવી, તે પૈકી 19 જેટલી સેવાઓને ફેસલેસ કરવામાં આવી છે. i-ORA પર તા.15.3.2021 સુધીમાં 1 લાખ 18 હજારથી વધુ અરજીઓ મળી છે. જે પૈકી 1 લાખથી પણ વધુ અરજીઓનો નિકાલ થયેલ છે. અરજીઓના નિકાલની ટકાવારી 92 ટકા જેટલી થવા જાય છે.
- છેલ્લા બે વર્ષમાં i-ORA પોર્ટલ પર વારસાઈની 1 લાખ 97 હજારથી વધુ અરજીઓ ઓનલાઇન કરવામાં આવી, જ્યારે ઈ-ધરા કેન્દ્રમાં વારસાઈ અંગેની કુલ 1 લાખ 86 હજાર અરજીઓ મળી છે. જે થકી 3 લાખ 83 હજારથી વધુ વારસાઈ નોંધો કરવામાં આવી છે.
- અગાઉ બિનખેતીની જમીનના N. A. માટેની વ્યવસ્થામાં ધરમુળથી ફેરફાર કરીને એકદમ પારદર્શી બનાવી ઓનલાઇન કરવામાં આવી છે. ટેક્નોલોજી અને ડિજીટલાઈઝેશનથી છેલ્લા દોઢ જ વર્ષમાં ૩૦ હજારથી વધુ કિસ્સામાં પારદર્શક રીતે ઓનલાઇન NAની મંજૂરી આપવામાં આવી છે. આ ઓનલાઇન વ્યવસ્થાની પારદર્શકતાથી મહેસૂલ વિભાગની NA(બિનખેતી) સહિતની મોટાભાગની કામગીરીમાં થતાં ભ્રષ્ટાચાર પર અંકુશ આવ્યો છે.
- આઈ-ઓરા ઓનલાઇન પોર્ટલથી અઠવાડિયામાં N.A. મળી જાય છે. રાજ્યકક્ષાએથી મોનિટરિંગ થતી અરજીઓનું ઝડપી નિરાકરણ શક્ય બન્યું છે. વપરાશકર્તામાંથી ૮૬ ટકા લોકોએ આઈ-ઓરાનો પોઝિટિવ ફિડબેક આપ્યો છે.
- દેશમાં ગુજરાત માટે ગૌરવની વાત છે કે, મહેસૂલી સેવાઓ માટે આઈ-ઓરા ઓનલાઇન પોર્ટલ શરૂ કરનારું ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય છે.
- લેન્ડ રેકર્ડના મોડર્નાઈઝેશન પ્રોગ્રામને મહેસૂલ વિભાગે સાકાર કરી 18,000થી વધુ ગામો અને 12 હજારથી વધુ પ્રમોલગેટ ગામોના 1 કરોડ 20 લાખથી પણ વધારે સર્વે નંબરોની રિ-સર્વેની કામગીરી કરવામાં આવી છે. ભારત સરકારની સ્વામિત્વ (SWAMITVA-સર્વે ઓફ વિલેજીસ એન્ડ મેપિંગ ઈમ્પ્રુવાઈઝ ટેકનોલોજી ઈન વિલેજી એરિયાઝ) યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારોમાં ડ્રોન ટેકનોલોજી દ્વારા માપણી કરી દરેક મિલકતધારકને પ્રોપર્ટી કાર્ડ પણ આપવામાં આવ્યાં છે.
- રાજ્ય સરકાર દ્વારા આવનાર સમયમાં શહેરી વિકાસ ક્ષેત્રે પણ ટેકનોલોજીનો ઉપયોગ કરી ટીપી સ્કીમો છ મહિનામાં પૂર્ણ કરવાના નિર્ધાર સાથે તમામ નકશાઓ ઓનલાઇન કરાયા. રાજ્યમાં ઓનલાઇન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટિમનો શરૂઆતે નાગરિકોને પારદર્શક પ્રશાસનની પ્રતીતિ કરાવી છે.
- રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં લોકોના પ્રશ્નોના ઝડપથી સ્થળ પર જ ઉકેલ લાવવા માટે રાજ્ય સરકારે વધુ અસરકારક અને પરિણામલક્ષી કામગીરી કરી છે.

- ગ્રામજનો તેમની સમસ્યાઓ લઈને સરકાર પાસે ન આવે, પરંતુ સરકાર સ્વયં તેમના પ્રશ્નો - સમસ્યાઓના ઉકેલ માટે તેમના દ્વારે જાય તેવી વ્યવસ્થા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારે સુનિશ્ચિત કરી છે. આ વ્યવસ્થા એટલે ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમ, જેમાં એક નૂતન કેડી કંડારવામાં આવી છે. રાજ્ય સરકારના સાયન્સ ટેક્નોલોજી વિભાગે ભારત નેટ ફેઇઝ-૨ સાથે જોડાણ દ્વારા પ્રથમ તબક્કે રાજ્યની ૩ હજારથી વધુ ગ્રામપંચાયતોમાં લોકોને ૨૨ જેટલી વિવિધ સરકારી સેવાઓ-યોજનાઓ ઘરઆંગણે બેઠાં પહોંચાડવાનું ઐતિહાસિક કદમ સેવાસેતુથી શક્ય બન્યું છે.
- રાજ્યની તમામ ૧૪ હજાર ગ્રામપંચાયતોમાં સેવાસેતુનો વ્યાપ ૨૦૨૧ સુધીમાં પહોંચાડી ગ્રામીણ નાગરિકોને ઘરઆંગણે સરળ અને ઝડપી સેવાઓ પહોંચાડવાની નેમ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી છે.
- ગ્રામજનોને (૧) રાશનકાર્ડમાં નામ દાખલ કરાવવા (૨) રાશનકાર્ડમાંથી નામ કમી કરાવવાં (૩) રાશનકાર્ડમાં સુધારા કરાવવા (૪) આવકનો દાખલો મેળવવા (૫) વિધવા પ્રમાણપત્ર માટે (૬) વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર માટે (૭) કામચલાઉ નિવાસ પ્રમાણપત્ર જેવી નાગરિકલક્ષી સેવાઓ ગ્રામીણ કક્ષાએ ઉપલબ્ધ કરાવવા સેવા સેતુ કાર્યક્મ નીચે ૨૦ ગામોમાં પાઇલોટ પ્રોજેકટનો સફળતાપૂર્વક અમલ કર્યો છે.
- રાજ્યના ગ્રામીણ વિસ્તારોને પણ ટેકનોલોજી લાભ મળે અને ગ્રામીણ વિસ્તારમાં વસતા નાગરિકોને તેમનાં કામો સ્થાનિક કક્ષાએ જ ઉકેલ આવે તે માટે ઈ-ગ્રામ યોજના હેઠળ રાજ્યની ૧૪૨૯૨ ગ્રામ પંચાયતોને આવરી લેવામાં આવી છે.૧૪૦૦૬ ગ્રામ પંચાયતોને વી-સેટ આધારિત ઈ-કનેક્ટિવિટીથી જોડાણ કરવામાં આવ્યું છે.આ સેન્ટરોમાં દ્વારા અંદાજે ૬૮.૧૨ કરોડ ૮-અ, ૭-૧૨ના ઉતારા, ૪૫.૮૪ કરોડ ઈ-પીડીએસ કૂપન આપવા ની વ્યવસ્થા ટેક્નોલોજીના સુચારુ ઉપયોગથી શક્ય બન્યું છે.
- રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્કની સ્થાપના કરવામાં આવી છે, જે અંતર્ગત ૭૫૨૨ ગ્રામ પંચાયતોને આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.
- ગુજરાત સરકાર, ભારત સરકાર અને NASSCOM દ્વારા નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને આર્થિક વિકાસમાં સહાયરૂપ થવા Centre of Excellence for IoTની સ્થાપના કરવામાં આવી છે.
- ભારતનેટ પ્રોજેકટનો રાજ્યમાં અસરકારક અમલ કરવામાં આવતા ૭૫૨૨ ગામોના લક્ષ્યાંક સામે અત્યાર સુધીમાં કુલ-૫૮૯૭ ગ્રામ પંચાયતોને ઓપ્ટિકલ ફાઈબરના નેટવર્કથી જોડવામાં આવી છે. ગ્રામીણ વિસ્તારોમાં ક્રાંતિની ઐતિહાસિક પહેલ છે.
- CM ડેશબોર્ડ એક એવા ડિજિટલ ટેકનોલોજી પ્રકલ્પને એવી રીતે વિકસિત કરાયું છે જેનાથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી રાજ્યના તમામ જિલ્લાઓના વહિવટી તંત્ર સાથે ૨૪×૭ વર્ચ્યુઅલ જોડાયેલા રહે છે.
- CM ડેશબોર્ડ દ્વારા રાજ્યના દરેક વિભાગની કામગીરી પર મુખ્યમંત્રીશ્રીની સીધી નજર, વહીવટ અને વિકાસનાં કામો પર ૩૪૦૦ ઇન્ડિકેટર્સ દ્વારા પળે પળ રહે છે. સી.એમ. ડેશ બોર્ડમાં ૩,૪૦૦ ઉપરાંત જેટલા પેરામીટર્સ-ઇન્ડિકેટર્સ મારફતે મહેસૂલ, કૃષિ, આરોગ્ય, શિક્ષણ, અન્ય જનહિતલક્ષી યોજના, ઊર્જા, માર્ગ-મકાન જેવા ૧૬ સેકટર્સ આવરી લેવાયા છે. સી.એમ. ડેશબોર્ડ તૈયાર કરવા મુખ્યમંત્રીશ્રી કાર્યાલયે એન.આઇ.સી, આયોજન પ્રભાગ અને સાયન્સ ટેકનોલોજી વિભાગ સાથે સંકલન કરીને ૯૪ જેટલા જુદા જુદા એમ.આઇ.એસ. ડેટા બેઝને એક જ પ્લેટફોર્મ પર ઇન્ટિગ્રેટ કર્યા છે.
- સી. એમ. ડેશબોર્ડ કાર્યરત થવાથી કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જિલ્લા અને તાલુકા કક્ષાની દૈનિક, અઠવાડિક અને માસિક કામગીરીનું સીધું મૂલ્યાંકન અને સમીક્ષા મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી થઈ રહી છે. જેના પરિણામે રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓના અમલીકરણમાં ઝડપ આવી છે અને લોકોને સેવાઓ સમયસર મળે છે કે કેમ તેની ઉચ્ચકક્ષાએથી સતત સમીક્ષા અને દેખરેખ થઇ શકશે.
- મુખ્યમંત્રીશ્રી આ તમામ વિગતોની સમીક્ષા કરીને જિલ્લા કલેકટરો તંત્રવાહકોને યોગ્ય માર્ગદર્શન-દિશાદર્શન પણ સીધું જ આપે છે. સી. એમ. ડેશ બોર્ડ પ્રગતિશીલ, સંવેદનશીલ અને પ્રજાભિમુખ વહીવટનું એક નવતર કદમ બન્યું છે. આ વ્યવસ્થા અગાઉ જિલ્લાના અધિકારીઓને માર્ગદર્શન કે અડચણરુપ કિસ્સાઓમાં ગાંધીનગર સુધી આવવું પડતું હતું. હવે સમયના બચાવ સાથે કામગીરી ઝડપી બની છે તે આ ટેક્નોલોજીના પ્રકલ્પને આભારી છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઇન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા માટે રાજ્યની વાહનવ્યવહાર-આર.ટી.ઓ.માં પણ ટેકનોલોજી નો ઉપયોગ કરી સંબંધિત તમામ ૮૦ સેવાઓને સારથી ૪.૦ અને વાહન ૪.૦ એપ્લિકેશન દ્વારા નાગરિકોને ઓનલાઇન ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
- અરજદારની ઉપસ્થિતિ વગર પૂરી પાડવામાં આવેલા વધારાની વાહન અને સારથી સંબંધિત કુલ-૧૭ સેવાઓ શરૂ કરાઇ છે. જેને પગલે અંદાજે ૪૫ લાખ લોકોને દર વર્ષે આર.ટી.ઓ. કચેરીની મુલાકાત લેવી પડતી હતી તેમાંથી મુક્તિ મળી છે.
- રાજ્યમાં ચેકપોસ્ટ નાબુદ થતાં મેન્યુઅલ મેમો બનાવવાની પધ્ધતિ ને બદલે ઈ-ચલણ એપ્લીકેશન ઉપર ઓનલાઇન મેમો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જે મુજબ કુલ



બનેલ ઇ-મેમાની સંખ્યા ૧૦.૫૦ લાખ ડિજિટલાઇઝ સ્વરૂપે ઉપલબ્ધ છે. જેનાથી કામગીરીની કાર્યક્ષમતા, પારદર્શકતા અને ભ્રષ્ટાચાર મુકત ચલણોની પ્રક્રિયા અમલમાં આવી છે. જેમાં સમય અને શકિતનો વ્યય ઘટાડી શકાયો છે.

- હવે તમામ બસો જીપીએસ.થી સજ્જ છે તથા તેનું લાઇવ મોનીટરીંગ મુસાફર તેના મોબાઇલમાં ઘરે બેઠા કરી શકે છે.
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં શાંતિ, સલામતી અને સુરક્ષામાં ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ કર્યો છે. પોલીસ દળને આધુનિક બનાવવાની સાથે પોલીસ જવાનોને બોડી વોર્ન કેમેરા ફાળવવામાં આવનાર છે. ભારતમાં બોડી વોર્ન કેમેરાનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય બનશે. બોડી વોર્ન કેમેરાથી પોલીસ પબ્લીક વચ્ચેના સંપર્ક દરમીયાન થયેલા ઘટનાક્રમની નોંધ થવાથી પોલીસની કામગીરીમાં પારદર્શિતા આવશે.
- સી.સી. ટીવી આધારિત સર્વેલન્સ નેટવર્ક અને ટ્રાફિક મેનેજમેન્ટ માટે ડિજિટલ ટેક્નોલોજી નો ઉપયોગ રાજ્ય ના પોલીસ તંત્ર માં વ્યાપક કરવામા આવ્યો છે. VISWAS-1 પ્રોજેક્ટ હેઠળ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે રાજ્યના ૩૪ જિલ્લા મુખ્ય મથકો, ૬ મહત્ત્વના ધાર્મિક સ્થળો અને ૧ કેવડીયા ખાતે આમ કુલ ૪૧ સ્થળોને આવરી લઇ અસરકારક સર્વેલન્સ નેટવર્ક માટે ૬ હજારથી વધુ સી.સી. ટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. VISWAS-2 પ્રોજેકટ હેઠળ ૫૦ જેટલા Tier-2 શહેરો, રાષ્ટ્રીય/ રાજ્ય હાઇવે ઉપર, આતંર રાજ્ય સરહદ ઉપર આવેલા ટોલ નાકાઓ ઉપર તેમજ રાજકોટ અને વડોદરા શહેરમાં રૂ.૧૫૦ કરોડના ખર્ચે વધુ ૮ હજાર કેમેરા લગાવવામાં આવનાર છે. છે.
- VISWAS-1 નેટવર્કની મદદથી જાન્યુઆરી-૨૦૨૧ સુધીમાં ૨૬૮૩ જેટલા વિવિધ ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવ્યા છે
- પોલીસ સ્ટેશન સી.સી. ટીવી પ્રોજેક્ટ હેઠળ પોલીસ સ્ટેશનમાં થતી કાર્યવાહીનું મોનીટરીંગ કરવા માટે રાજ્યના ૬૨૨ પોલીસ સ્ટેશનમાં ૭,૩૫૪ જેટલા સી.સી. ટીવી કેમેરા ઇન્સ્ટોલ કરી કાર્યરત કરવામાં આવ્યા છે.
- પાસપોર્ટ માટે જરૂરી પોલીસ વેરીફિકેશન ઇ-ગુજકોપની મદદથી નાગરિકો ઘેર બેઠા સરળતાથી કરી શકે છે. અત્યાર સુધીમાં ૧૬ લાખ નાગરિકોનું વેરીફિકેશન કરવામાં આવ્યુ છે.
- E-Sign સોફ્ટવેરની મદદથી વિવિધ પ્રકારની NOC માટે નાગરિકોએ રૂબરૂ પોલીસ સ્ટેશન જવાની જરૂર પડતી નથી.
- ટેક્નોલોજીનો શિક્ષણ ક્ષેત્રે પણ વ્યાપક ઉપયોગ કરાયો છે. આધુનિક શિક્ષણની પરિકલ્પના કરી ગામડાઓમાં પણ આધુનિક શિક્ષણ મળી રહે તે માટે ૧૫,૦૦૦ ક્લાસરૂમનું નિર્માણ કરવામાં આવ્યું છે .
- જ્ઞાન આધારિત અર્થવ્યવસ્થાના વિકાસ માટે પણ ગુજરાત સરકારે સાયન્સ, ટેકનોલોજી એન્ડ ઈનોવેશન(STI)ની પૉલિસી જાહેર કરી રૂ.૫૦ કરોડનું STI ફંડ કાર્યરત કર્યું છે
- બાયસેગના માધ્યમ દ્વારા ‘ઘર સુધી શિક્ષણ’ની ભારત સરકારની ‘સ્વયંપ્રભા’ કાર્યક્રમ અંતર્ગત ૩૩ શૈક્ષણિક બિન વાણિજ્ય ચેનલો મળીને કુલ ૫૦ ચેનલો પરથી ૨૪ X ૭ શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરી ઘેર બેઠા શિક્ષણ સુવિધા ઉપલબ્ધ કરાવી છે.
- શિક્ષણ ક્ષેત્રે ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન આપી વિકાસ કરવા એજ્યુકેશન ડેવલપમેન્ટ ફંડ ઊભું કરાયું છે. આ અંતર્ગત ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓમા ક્લાસરૂમ ઊભા કરવા તથા ઇ-લાયબ્રેરીના નિર્માણ માટે સરકારી સંસ્થાઓ, યુનિવર્સિટીઓમાં નમો વાઇફાઇની સુવિધાનો વ્યાપ વધારવામાં આવ્યો છે.
- લોકશાહી શાસન પ્રણાલીમાં લોકો કેન્દ્રસ્થાને હોય છે. પ્રજાની તકલીફો અને સમસ્યાઓનું નિવારણ એ જ લોકશાહી શાસન વ્યવસ્થાનું હાર્દ છે. ગુજરાત on fast-track સૂત્ર સાથે આજે ગુજરાતમાં વહીવટીતંત્રનો દરેક વિભાગ ડિજિટલ ટેક્નોલોજીથી જોડાયેલો છે. એ પછી કૃષિ,શિક્ષણ હોય કે સમગ્ર મહેસુલી સેવાઓ ઘરબેઠાં ખૂબ મોટા પ્રમાણમાં ગુજરાતના પ્રજાજનો લાભ મેળવી રહ્યા છે. જે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નને અસરકારક રીતે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સાકાર કર્યું છે તે દૃઢ ઈચ્છાશક્તિને આભારી છે. ●

# શાંત, સલામત અને સુરક્ષિત ગુજરાત






નિરવ રાવલ

કાયદો અને વ્યવસ્થાની વાત આવે એટલે ‘ગુજરાત’નું નામ જીભ પર આવ્યા વિના ન રહે. શાંતિ અને સલામતીનો પર્યાય એટલે ગુજરાત. એકદમ નીચો ક્રાઈમ રેટ ધરાવતું રાજ્ય એટલે ગુજરાત. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના કાર્યકાળથી જ રાજ્યમાં ગુનાખોરીને ડામવા ગુજકોકથી માંડીને અનેક કાયદામાં કરીને સુધારો કરી કાયદાને વધુ કડક બનાવ્યા. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પણ તેમના પગલે પગલે ચાલી રહ્યા છે. ગુન્ડા એક્ટથી માંડીને પોલીસ વિભાગને આધુનિક બનાવવા ઉપરાંત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી સ્થાપી ઉચ્ચતમ ટેકનોલોજીની મદદથી ગુનાખોરીને ડામવામાં આવી રહી છે.

રાજ્યમાં ગરીબ પરિવારો, મહિલાઓને રંજાડતા તત્ત્વોને નાથવા માટે ગુજ સીટોક, લેન્ડ ગ્રેબિંગ, ગુંડા નાબૂદી ધારા જેવા નવીન કાયદાઓ અમલી બન્યા છે. એટલું જ નહી મહિલાઓની સુરક્ષાને પ્રાધાન્ય આપી IPC, પાસા, ફિશરીઝના હયાત કાયદાઓમાં સુધારાઓ કરીને કાયદાકીય જોગવાઈઓ વધુ ને વધુ કડક બનાવીને આવા તત્ત્વોને નશ્યત કરીને જેલને હવાલે કરવાનુ ખૂબ મોટું કામ રાજ્ય સરકારે ઉપાડ્યું છે. સી.સી.ટી.વી. કેમેરાથી માંડીને બોડીવોર્ન કેમેરા આધુનિક ટેક્નોલોજીથી પોલીસ વિભાગને સજ્જ બનાવી ગુનેગારોને ખો ભુલાવવા રાજ્ય સરકાર એક પછી એક જડબેસલાક પગલાં ભરી રહી છે. આવાં જ કેટલાંક પગલાંની માહિતી અહીં આપવામાં આવી છે.

## જનસુરક્ષા માટે કાયદામાં સુધારા

- રાજ્યમાં ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ અને આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ અંતર્ગત GUJCTOC-2015(ગુજસીટોક) નવા કાયદાનો અમલ.
- રાજ્યમાં ગૌવંશના પ્રાણીની ગેરકાયદેસર હેરાફેરી અને કતલ પર પ્રતિબંધ ફરમાવતો સુધારેલ કાયદો અમલમાં લાવવામાં આવ્યો.
- ગત વર્ષે ગુંડા અને અસામાજિક પ્રવૃત્તિઓ વિધેયક 2020 વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું. ગુંડા ધારાના કડક અમલ માટે અસામાજિક પ્રવૃત્તિ કરતાં ગુંડાને સાત વર્ષથી ઓછી નહીં અને દસ વર્ષ સુધીની કેદ અને પચાસ હજાર રૂપિયાથી ઓછો નહીં એટલા દંડની શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે.
- ઓક્ટોબર 2020માં ગુજરાત વિધાનસભામાં ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ વિધેયક 2020 પસાર કરવામાં આવ્યું. લેન્ડ ગ્રેબિંગની પ્રવૃત્તિ ડામી દેવા જ રાજ્ય સરકારે ભૂમાફિયા સામેના કાયદાને વધુ મજબૂત કર્યો.
- રાજ્યના નાગરિકોના નાણાને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ એક્ટ, ૨૦૦૩ (GPID) કાયદાને વધુ કાર્યક્ષમ બનાવવા રાજ્યના તમામ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને પ્રાંત અધિકારીઓની સક્ષમ સત્તાધિકારી તરીકે નિયુક્તિ કરવામાં આવી તથા આર્થિક ગુનાઓ પર અંકુશ મેળવવા માટે આ કાયદા અંતર્ગત ચાર ખાસ અદાલતોની રચના કરવામાં આવી.

*સીસી ટીવી કેમેરાથી માંડીને બોડીવોર્ન કેમેરા આધુનિક ટેક્નોલોજીથી પોલીસ વિભાગને સજ્જ બનાવી ગુનેગારોને ખો ભુલાવવા રાજ્ય સરકાર એક પછી એક જડબેસલાક પગલાં ભરી રહી છે. આવાં જ કેટલાંક પગલાંની માહિતી અહીં આપવામાં આવી છે.*



- ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯માં રાજ્યની મહિલાઓ અને સિનિયર સિટીઝનની સુરક્ષા વધુ સુદૃઢ બનાવવા ચેઈન સ્નેચિંગના ગુનાઓ નાબૂદ કરવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦માં અસરકારક ફેરફાર કરી નવો સુધારો અમલમાં મૂક્યો. આ કાયદાનો ભંગ કરનારને દસ વર્ષની સજા અને બિનજામીન લાયક ગુનાની જોગવાઈ કરવામાં આવી.
- કેન્દ્ર સરકારના સિગારેટ અને અન્ય તમાકુની બનાવટ (જાહેર ખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) ધારો, ૨૦૦૩ (COTPA -૨૦૦૩) માં સુધારો કર્યો. રાજ્ય સરકારે રાજ્યના યુવાનોને હુક્કારૂપી સામાજિક દૂષણથી દૂર રાખવાના હેતુથી કાયદામાં સુધારો કરી ગુનેગારને ૩ વર્ષ સુધીની કેદની શિક્ષા અને ૫૦ હજાર રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી. રાજ્યના સ્કૂલ કોલેજના વિદ્યાર્થીઓ અને યુવાધનને સિગારેટ અને તમાકુના વ્યસનથી મુક્ત કરવા અને દૂર રાખવા માટે તથા શૈક્ષણિક સંસ્થાની આજુબાજુ ૧૦૦ વારના વિસ્તારમાં તમાકુ ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો.
- રાજ્યના નાગરિકો સાથે થતી ઓનલાઇન નાણાકીય છેતરપીંડી અટકાવવા "સાયબર આશ્વસ્ત" પ્રૉજેક્ટ કાર્યરત કરવામાં આવ્યો.
- સાયબર સુરક્ષાના આશ્વસ્ત પ્રોજેક્ટ માટે ૧૧૨ નવી જગ્યાઓનો સમાવેશ થાય છે.
- અંદાજિત રૂ.૩૩૦ કરોડનો ગુજરાત સરકારના ગૃહ વિભાગ હસ્તક એક મહત્ત્વનો VISWAS PROJECT(Video Integration and State Wide Advance Security) માં રાજ્યના ૩૪- જિલ્લા મુખ્ય મથકો અને ૬-ધાર્મિક સ્થળો અને Statue of Unity, કેવડિયા કોલોની એમ કુલ-૪૧ શહેરોને આવરી લઈ કુલ ૬૦૬૫ CCTV કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે.

## નક્કર અમલીકરણ

- પોલીસ તંત્રની પેટ્રોલિંગની વ્યવસ્થાને સઘન બનાવવા વધુ નવાં ૮૭૬ વાહનો ખરીદવામાં આવશે. જે માટે ૫૦ કરોડનો ખર્ચ કરાશે.
- રાજયમાં 'કન્વિકશન રેટ' વધારવા માટે 'કન્વિકશન રેટ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેકટ' હેઠળ ૨૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજયના સરહદી વિસ્તાર વિકાસ માટે ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પોલીસ આધુનિકીકરણ યોજના હેઠળ ૨૬ કરોડની જોગવાઈ કરાઇ છે.
- ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ, ૨૦૧૭માં સુધારો કરી બુટલેગરો અને ગેરકાયદેસર દારૂની હેરાફેરીને નાથવા માટે રાજ્ય સરકાર દ્વારા વાહન જપ્ત કરવા અંગે જથ્થો નિયત કરીને કડક અમલીકરણ કરાવવામાં આવ્યું.
- પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨ હેઠળ રાજ્યમાં દારૂની ગેરકાયદેસર હેરફેર કરતા બુટલેગરોની રૂ. ૧૦ કરોડની મિલકતો જપ્ત કરવામાં આવી.
- ગુજરાત રાજ્યના પોલીસ ખાતાની વિશિષ્ટ કામગીરીને ધ્યાને લઈ, ગુજરાત પોલીસને આગવી ઓળખ મળે તે માટે

Presidential Colours (Flag, Emblem)ને મંજૂરી આપવામાં આવી. ગુજરાત પોલીસ રાષ્ટ્રપતિના નિશાનથી સન્માનિત થયેલ સાતમું રાજ્ય છે.

- ગુજરાત સરકારના ઇમરજન્સી સેવાઓ સાથે સંકળાયેલા વિભાગોના ઇમરજન્સી નંબરોને એક ઇમરજન્સી નંબર ડાયલ ૧૧૨ માં ઇન્ટિગ્રેટ કરી પ્રારંભિક ધોરણે નવરચિત સાત જિલ્લાઓમાં સેવાઓ કાર્યરત કરવામાં આવી છે.
- રાજ્યની ન્યાય સહાયક પ્રયોગશાળાને આઈ.ટી.એક્ટની કલમ-૭૯(એ) હેઠળ ભારત સરકાર દ્વારા એક્ઝામિનર ઓફ ઈલેક્ટ્રોનિક્સ એવિડન્સ તરીકે ભારતમાં સૌ પ્રથમ માન્યતા આપવામાં આવી.
- વડોદરાના જરોદ ખાતે હોમગાર્ડ્સની તાલીમ સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના તેમજ રિજિયોનલ ટ્રેનિંગ સેન્ટરની મહેસાણાનાં સુંઢીયા અને માધવનગર ખાતે સ્થાપના કરવામાં આવી છે.
- લૉકડાઉનમાં અમદાવાદ ખાતે ડ્રોનથી સર્વેલન્સ કરવામાં આવ્યું. સેન્ટ્રલાઈઝ્ડ ડ્રન અને કમાન્ડ સેન્ટર દ્વારા કાર્યરત ડ્રોનની મદદથી સર્વેલન્સ કરવામાં આવ્યું. આઠ ડ્રોનની મદદથી જાહેરનામાનો ભંગ કરનારને પકડવા ઉપરાંત લૉકડાઉનનો ચુસ્ત અમલ કરવામાં આવ્યો.
- જેલ તંત્રને અસરકારક બનાવવા વર્ષ ૨૦૨૧-૨૨માં રૂા. ૩૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ટેક્નોલોજીથી જનસુરક્ષા

- દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં નેશનલ ક્રાઈમ રેટની સામે ગુજરાતમાં ખૂબ જ ઓછો ક્રાઈમ રેટ છે. સાયબર ક્રાઈમ અટકાવવા ૪ શહેરો ઉપરાંત તમામ રેન્જમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે
- સાયબર ક્રાઈમ માટે રાજકોટ, વડોદરા, સુરત માટે ડી.વાય. એસ.પી. સહિત ૩૩ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે.
- ભ્રષ્ટાચારને નાથવા સારુ એ.સી.બી.ના તંત્રને વધુ સદૃઢ કરવા માટે નવું મહેકમ તથા ટેકનોલોજીથી સુસજ્જ કરવા વગેરે માટે રૂા. ૬૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- ભારતમાં બોડી વૉર્ન કેમેરાનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય બનશે.
- પોલીસ સ્ટેશન સી.સી. ટીવી પ્રોજેક્ટ હેઠળ પોલીસ સ્ટેશનમાં થતી કાર્યવાહીનું મોનિટરિંગ કરવા માટે રાજયનાં ૬૨૨ પોલીસ સ્ટેશનમાં ૭,૩૫૪ જેટલા સી.સી. ટીવી કેમેરા ઇન્સ્ટોલ કરી કાર્યરત કરવામાં આવ્યા છે.
- સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યૂરો હેઠળ શરૂ કરવામાં આવેલા ઇ-ગુજકોપ પ્રોજેક્ટ મારફતે રાજ્યનાં તમામ ૬૨૫ પોલીસ સ્ટેશન અને અન્ય ૧,૩૪૮ જેટલી પોલીસ કચેરીઓને સાંકળી લેવામાં આવી છે.
- રાજ્યના શહેરોમાં વધુ સ્થળો ૫૨ નવા સીસીટીવી કેમેરા લગાવવા માટે ૯૦ કરોડ અને ઇ-ગુજકોપ પ્રોજેક્ટ માટે ૩૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- પાસપોર્ટ માટે જરૂરી પોલીસ વેરિફિકેશન ઇ-ગુજકોપની મદદથી નાગરિકો ઘેરબેઠાં સરળતાથી કરી શકે છે. અત્યાર સુધીમાં ૧૬ લાખ નાગરિકોનું વેરિફિકેશન કરવામાં આવ્યું છે.
- ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે સાયબર ડિફેન્સ સેન્ટર, બેલેસ્ટિક રિસર્ચ સેન્ટર અને ડિજિટલ ફોરેન્સિક લેબ શરૂ કરવામાં આવી.
- રાજ્ય સરકારની પોકેટ કોપ પ્રોજેક્ટ અંતર્ગત ટેક્નોલોજીના ઉપયોગથી પાસપોર્ટ વેરિફિકેશન, ગુમ થયેલા વ્યક્તિઓની શોધ, ગુમ થયેલ વાહનની શોધ, ગુન્હેગારની ઝડપી અને બિનચૂક શોધ જેવી પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી.
- ઇ-ગુજકોટ પ્રોજેક્ટ હેઠળ પોકેટ કોપ સેવા શરૂ કરવામાં આવી. જે માટે 4900 જેટલા ટેબ્લેટ પોલીસ કર્મચારીઓને ફાળવવામાં આવશે. તે માટે નવી સેવા હેઠળ રૂ.3 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ડિજિટલાઈઝેશન થવાના કારણે ફક્ત કૉર્ટનું રેકર્ડ જ નહિ પરંતુ કૉર્ટની કાર્યવાહીમાં ઇ-કૉર્ટ મિશન મોડ પ્રોજેક્ટ અંતર્ગત ડિજિટલી સાઇન કૉર્ટ ઓર્ડ્સ, ઇ-કૉઝ લિસ્ટ, ઓનલાઇન કેસ સ્ટેટસ તથા ઓનલાઇન ઘેરબેઠાં જ ચુકાદાઓની નકલો પક્ષકારોને તથા વકીલોને સરળતાથી પ્રાપ્ત થઇ રહી છે.

## કાનુની સવલત

- રાજયનો એક પણ તાલુકો કોર્ટની સુવિધાથી વંચિત ન રહે તે હેતુસર રાજય સરકારે ૨૪૯ તાલુકાઓ પૈકી ૨૪૮ તાલુકાઓમાં ફુલટાઇમ સિવિલ કોર્ટોની સ્થાપના કરવામાં આવી છે.





- રાજ્યમાં કુલ ૧૪ જેટલા જિલ્લાઓમાં ફેમિલી કોર્ટોની સ્થાપના કરાઈ છે. રાજ્યના કુલ ૨૯ જિલ્લાઓમાં કુલ ૪૬ જેટલી ફેમિલી કોર્ટો મંજૂર કરાઈ છે અને કુલ ૩૮ જેટલી ફેમિલી કોર્ટો અત્યાર સુધીમાં કાર્યરત છે.
- વર્ષ ૨૦૧૫ સુધીમાં જુદા જુદા સંવર્ગની જુદા જુદા સ્પેશિયલ એક્ટ હેઠળની કુલ-૧૪૪ સ્પેશિયલ કૉટ્સ રાજ્યમાં કાર્યરત હતી, જેમાં રાજ્ય સરકારની ઘરઆંગણે અને ઝડપી ન્યાય મળી રહે તે સૂત્રને સાર્થક કરવાના પ્રયાસ રૂપે છેલ્લાં ૩ વર્ષમાં ૨૫૯ નવી કૉર્ટ કાર્યરત થઈ છે.
- રાજ્યમાં એટ્રોસિટી એક્ટ હેઠળના કેસો ચલાવવા માટે રાજ્યના ૩૩ જિલ્લાઓ પૈકી ૧૬ જિલ્લાની કોર્ટોને 'એક્સક્લુઝિવ સ્પેશિયલ કોટ્ર્સ' તરીકે જાહેર કરવામાં આવી છે જ્યારે બાકીના ૧૭ જિલ્લાની સેશન્સ કોર્ટોને 'સ્પેશિયલ કોટ્ર્સ' તરીકે સ્પેસિફાઇ કરવામાં આવ્યા છે.

## સુરક્ષાકર્મીઓની ભરતી અને તાલીમ

- ગૃહ વિભાગ હેઠળ વિવિધ સંવર્ગની કુલ ૩૦૨૦ નવી જગ્યાઓ ઊભી કરવામાં આવશે.
- પોલીસ વિભાગને માત્ર માનવબળથી નહીં પરંતુ આધુનિક ટેકનોલોજીથી સુસજ્જ કરવામાં આવશે. છેલ્લાં દસ વર્ષમાં પોલીસ તંત્રમાં ૮૪ હજાર જેટલો માનવબળમાં વધારો કરાયો છે.
- નિર્દોષને ન્યાય મળે અને ગુનેગારોને સજા થાય તે માટે કન્વિક્શન રેટ ઈમ્પ્રુવમેન્ટ સારુ ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની કચેરીમાં ૨૯ કાયદા અધિકારીની નિમણૂક કરાશે.
- નાગરિક સંરક્ષણ દળ દ્વારા વિવિધ તાલીમ વર્ગો યોજી કુલ ૧૪૦૫૭ નાગરિકોને નાગરિક સંરક્ષણની બેઝિક તાલીમ આપવામાં આવી છે.
- હોમગાર્ડ અને ગ્રામરક્ષક દળની કામગીરી વધુ અસરકારક બનાવવા વર્ગ-3ની સંવર્ગની 80 જગ્યાઓ ભરવાની પ્રક્રિયા પ્રગતિમાં છે.

## સુરક્ષાકર્મીઓને આવાસ સવલત

- પોલીસ કર્મચારીઓને અદ્યતન સુવિધાયુક્ત રહેણાકનાં મકાનો માટે તથા પોલીસ ખાતાના બિન રહેણાકનાં મકાનો માટે રૂ.739 કરોડની બજેટમાં જોગવાઈ કરાઈ છે.

## સંવેદનાસભર અભિગમ

- COVID-19ના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટે રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧/૦૫/૨૦૨૦ સુધી કુલ- ૧,૫૮,૯૩૫ જેટલા પોલીસ અધિકારી, કર્મચારી સતત ખડે પગે સેવારત.
- નાગરિક સંરક્ષણના સ્વયંસેવકોના દૈનિક ફરજભથ્થાં રૂ. ૩૧ થી વધારીને રૂ. ૧૫૦ તથા મેસિંગ ભથ્થું રૂ. ૧૬ થી વધારીને રૂ. ૫૦ કરવામાં આવ્યું છે.
- COVID-19ના બંદોબસ્ત દરમિયાન ૮ જેટલા પોલીસ કર્મચારીઓ / અધિકારીઓના કોરોનાને કારણે અવસાન થતાં તેઓને રૂ.૨૫ લાખની સહાય પણ ચૂકવવામાં આવી છે.
- મહિલાઓની સુરક્ષા માટે ૧૮૧ અભયમ્ યોજના અંતર્ગત લાખો કોલમાં પરિણામલક્ષી મદદ કરવામાં આવી.
- ખોવાયેલ બાળકોને શોધવા રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી ઓપરેશન મુસ્કાન અંતર્ગત પંદરસોથી વધુ બાળકોને શોધી કાઢવામાં આવ્યાં.
- સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા ૫.૩૧ લાખ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ, દારૂનો વ્યવસાય છોડાવીને ૫,૬૩૭ જેટલી બહેનોનું સમાજમાં પુનઃસ્થાપન કરી સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવામાં આવી. ●

# કોરોનાના કપરા કાળમાં ઉદ્યોગ ક્ષેત્રે અગ્રેસર રહેવું ખૂબ જ વિકટ હતું: ગુજરાતે તે કરી બતાવ્યું






રમેશ તન્ના

કોઈ પણ આફતને અવસરમાં પલટવાની ગુજરાત પાસે જૂની ફાવટ છે. ગુજરાત સદીઓથી આપત્તિઓનો સામનો કરીને તેમાંથી હેમખેમ બહાર આવવા જાણીતું છે. એવા સમયે તે પોતાની અંદરની શક્તિને ઉજાગર કરે છે. ગુજરાત રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની આગેવાનીમાં ગુજરાત સરકાર પાંચ વર્ષ પૂર્ણ કરી રહી છે ત્યારે આ વાત તરત અને પહેલી યાદ આવે છે.

ગુજરાત રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની આગેવાનીમાં ગુજરાત સરકારે પાંચ વર્ષમાં ઉદ્યોગો ક્ષેત્રે ઝોલો નથી પડવા દીધો. કોરોના જેવી આખા વિશ્વને તહસ-નહસ કરી દેવાની આપત્તિમાં આવી સ્થિતિ જાળવી રાખવી એ વિક્રમ ગણાય કે નહીં, પરાક્રમ તો ચોક્કસ જ ગણાય.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વડપણ હેઠળની નિર્ણાયક સરકારની કાર્યક્ષમ નીતિના પરિણામે ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે અડીખમ રહ્યું છે. ગુજરાતના ઔદ્યોગિક વિકાસના પાયામાં મજબૂત મનોબળ, પારદર્શક નીતિ અને નવતર અભિગમ છે. એ ઉલ્લેખ કરવો જ પડે કે ગુજરાતના સર્વાંગી વિકાસમાં ઔદ્યોગિક વિકાસનો સિંહફાળો છે.

- દેશભરમાં ઈન્ડ્સ્ટ્રીયલ એન્ટરપ્રેન્યોર મેમોરન્ડમમાં રૂ. ૩૪૩૮૩૪ કરોડનાં રોકાણ, દેશમાં ૫૧ ટકા એકલા ગુજરાતમાં. બીજા ક્રમના રાજ્ય મહારાષ્ટ્ર કરતાં ત્રણ ગણું વધારે રોકાણ. ગુજરાતની આ એક મોટી સિદ્ધિ છે. જ્યારે ઉદ્યોગ ક્ષેત્રની વાત આવે છે ત્યારે આજે પણ રોકાણકારો અને ઉદ્યોગપતિઓની પહેલી પસંદ ગુજરાત જ હોય છે.
- ગુજરાત કેમિકલ, પેટ્રો-કેમિકલ, ડેરી, ડ્રગ્સ અને ફાર્માસ્યુટિકલ્સ, સીમેન્ટ અને સિરામીક, જેમ્સ અને જ્વેલરી, ટેક્સટાઈલ તેમજ એન્જિનિયરિંગ જેવા ઉદ્યોગમાં દેશમાં અગ્રેસર છે.
- સરળ ઓનલાઈન એપ્રુવલથી દર મહિને ૧૬૦૦૦ જેટલાં એમએમએમઈ ગુજરાતમાં નોંધાયાં છે. આ એક મોટી ઉપલબ્ધિ છે.
- કેન્દ્ર સરકારના સહયોગથી કરાયેલાં ૧૫૦ સ્ટાર્ટ-અપમાં ૪૩ ટકાથી વધુ સ્ટાર્ટ-અપ એકલા ગુજરાતમાં છે. આ પણ એક મોટી સિદ્ધિ છે. યુવાનો સ્ટાર્ટ-અપ કરે અને આત્મ નિર્ભર બને તે દિશામાં ગુજરાત કાયમ ગંભીર રહ્યું છે.
- ગુજરાત બેસ્ટ એન્ડ સ્ટેબલ ઈકોનોમી સ્ટેટનો દરજ્જો ધરાવતું રાજ્ય બન્યું છે.
- વિવિધ નીતિ આધારિત અભિગમના કારણે ગુજરાતે ઔદ્યોગિક ક્ષેત્રે બે આંકડામાં વિકાસ દર હાંસલ કર્યો છે.
- ગુજરાત ટ્રાન્સપોર્ટના ક્ષેત્રમાં દેશભરમાં મોખરે છે. ગુજરાત ઔદ્યોગિક ઉત્પાદનમાં દેશભરમાં પ્રથમ છે.
- ગુજરાત ભારતના રોકાણ માટેનો સૌથી પસંદગીનો પ્રદેશ સ્થળ છે. છેલ્લા બે દાયકામાં રૂ. ૧.૪૧ લાખ કરોડનું મૂડીરોકાણ મેળવ્યું છે જે ભારતમાં સર્વાધિક છે.
- ગુજરાત સરકારે એમએસએમઈના વિકાસ માટે લીધેલાં ક્રાંતિકારી પગલાંના પરિણામે

*દેશભરમાં ઈન્ડ્સ્ટ્રીયલ એન્ટરપ્રેન્યોર મેમોરન્ડમમાં રૂ. ૩૪૩૮૩૪ કરોડનાં રોકાણ, દેશમાં ૫૧ ટકા એકલા ગુજરાતમાં. બીજા ક્રમના રાજ્ય મહારાષ્ટ્ર કરતાં ત્રણ ગણું વધારે રોકાણ. ગુજરાતની આ એક મોટી સિદ્ધિ છે. જ્યારે ઉદ્યોગ ક્ષેત્રની વાત આવે છે ત્યારે આજે પણ રોકાણકારો અને ઉદ્યોગપતિઓની પહેલી પસંદ ગુજરાત જ હોય છે.*

છેલ્લાં ચાર વર્ષમાં રાજ્યમાં ૮૫ હજાર કરોડના રોકાણ સાથે ૪,૮૩,૩૩૬ એમએસએમઈની સ્થાપના થઈ છે.

- સને ૨૦૧૭-૧૮માં કુલ ઔદ્યોગિક પેદાશોમાં ગુજરાતનો હિસ્સો સૌથી વધુ ૧૬.૮૧ હતો. આ એક સન્માનજનક આંકડો છે.
- નિકાસમાં ગુજરાત કાયમ આગળ પડતું રાજ્ય રહ્યું છે. વર્ષ ૨૦૧૮-૧૯માં ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો ૨૧ ટકા હતો.
- ગુજરાતમાં છેલ્લાં ચાર વર્ષમાં ૬૧૮૦૦ કરોડના મૂડીરોકાણ સાથે ૫૭૦ પ્રોજેક્ટ્સ કાર્યરત કુલ ૬૯૧૩૭ રોજગારીનું નિર્માણ. ૪૩૩ પ્રોજેક્ટ્સમાં કુલ રૂ. ૩૪૩૮૩૪ કરોડના સૂચિત રોકાણ સાથે સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય પ્રથમ નંબરે જ્યારે કાર્યાન્વિત થયેલા પ્રોજેક્ટ્સ માટે IEM પાર્ટ-બીમાં ૪૩૪ પ્રોજેક્ટ્સમાં કુલ રૂ. ૧૫,૧૮,૮૬૧ કરોડના રોકાણ સાથે ગુજરાત નંબર વન..
- "આત્મ નિર્ભર ગુજરાત પેકેજ" અંતર્ગત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને પુનઃ કાર્યાન્વિત કરવા માટે રૂ.૭૬૮ કરોડની સહાય આપવામાં આવી છે.
- ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અંતર્ગત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના ઉદ્યોગકારોને મશીનરીની ખરીદી પરની વ્યાજ અને કેપીટલ સહાય - વિદેશમાંથી મેળવેલી નવીન ટેકનોલોજી પર સહાય, રીસર્ચ અને ડેવલોપ્મેન્ટ પછીની પેટન્ટ સહાય વગેરે જેવી વિવિધ પ્રકારની સહાય આપવામાં આવે છે.
- ઔદ્યોગિક નીતિ- ૨૦૧૫માં બહાર પાડેલી યોજનાઓને અનૂસુચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉદ્યોગકારો માટે વિશેષ લાભ સાથે "ડૉ.બાબાસાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજના" : અનૂસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉદ્યોગકારોને રૂ. ૬૯૯૫ લાખ ઉપરાંતની સહાય આપવામાં આવી છે.
- MSME એકમોની સ્થાપના અને કામગીરીની સરળતા માટે એમ.એસ.એમ.ઈ. વટહુકમ, ૨૦૧૯ની જાહેરઃ જે અંર્તગત MSME ઉદ્યોગકારોને મંજૂરી/પરવાનગીઓ/એન.ઓ.સી. વગેરેમાંથી ત્રણ વર્ષ સુધી મુક્તિ આપવામાં આવી છે. ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન મળી રહ્યું છે અને રાજ્યમાં રોકાણ વધી રહ્યું છે.
- ગુજરાતમાં વર્ષોથી કુટિર ઉદ્યોગોને પ્રોત્સાહન અપાય છે. શ્રી બાજપાઇ બેંકેબલ યોજનાનો અસરકારક અમલ - ૧૪૮૦૦૦ લાભાર્થીઓને રૂ.૩૩૯૬ કરોડની બેંક લોન સામે રૂ. ૮૮૧ કરોડની સહાય કરવામાં આવી છે.
- રાજ્યભરમાં હસ્તકલાના કારીગરોના 456 મેળાઓ યોજાયા. આ મેળાઓમાં રૂ.98 કરોડની રકમની વિવિધ કલા-કૃતિઓનું વેચાણ, તેનો 42000 કારીગરોને સીધો લાભ પણ મળ્યો.
- ભારત સરકારની યોજના હેઠળ ગુજરાતમાં બે મેગા ટેક્ષટાઇલ પાર્ક સ્થાપવાનું આયોજન છે.
- રાજ્ય સરકારના તમામ સાધારણ અને અસાધારણ ગેઝેટ હવે Digital સ્વરૂપે egzatte.gujarat.gov.in વેબસાઈટ પર વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવાથી વહીવટી અસરકારતા વધી છે. તેના કારણે અંદાજિત વાર્ષિક ૩૫ મે.ટન કાગળની બચત થાય છે. તેના કારણે પર્યાવરણને પણ ફાયદો થાય છે.
- નોંધપાત્ર બાબત એ છે કે નાના ધંધા રોજગાર સાથે જોડાયેલા કારીગરોને ઉપયોગી થાય તે માટે ખાસ જરૂરિયાત મુજબનાં નવાં સાધનો નક્કી કરી ટુલકીટની મર્યાદામાં રૂ.૬,૦૦૦/- થી વધારી રૂ..૧૫,૦૦૦/- કે તેથી વધુ રકમની ઉપયોગલક્ષી ટુલકીટ લાભાર્થીઓને આપવાનો મહત્ત્વલક્ષી નિર્ણય કરાયો છે.
- સરસ્વતી સાધન યોજના અન્વયે રૂ. ૩૬૦/- કરોડના ખર્ચે ૧૧.૪૧ લાખ લેડિજ સાયકલની ખરીદી. ઉજ્જવલા યોજનાના રૂ, ૧૩.૪૬/-કરોડના મૂલ્યનાં ૧.૫૨ લાખ પ્રેશર કૂકરની ખરીદી કરાઈ છે.
- પ્રસિધ્ધ યાત્રાધામો જેવાં કે સોમનાથ, દ્વારકા, અંબાજી, પાવાગઢ, સાપુતારામાં સેલ્સ આઉટલેટના આયોજન તથા શોપિંગ મોલ/કોર્મશિયલ કોમ્પલેક્ષમાં દુકાનો/જગ્યા ભાડે રાખી હાથ-શાળ-હસ્તકલાના કારીગરોને વેચાણ માટે સુવિધા આપીને રોજગારી અપાઈ છે.
- પ્રવર્તમાન બજારને અનુરૂપ હાથશાળ અને હસ્તકલાની ચીજવસ્તુઓ તૈયાર કરવા માટે "ડિઝાઈન સેલ" તથા "Visual Merchandise"ને ધ્યાનમાં રાખીને અનુરૂપ અધતન શોરૂમ તરીકે તૈયાર કરવામાં આવી છે.
- અમદાવાદ-બોપલ ખાતે "ક્રાફટ બજાર" નું બાંધકામ અંતિમ તબકકામાં છે.
- "સ્ટ્રેન્થનિંગ કોટેજ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ રૂરલ આંત્રપ્રિન્યોરશીપ ઈકો સિસ્ટમ ઈન ગુજરાત" : ૩૨ હજારથી વધુ કારીગરો માટે આધુનિક ટેકનોલોજીનાં સમન્વયથી ઉચ્ચ કક્ષાનું કૌશલ્ય સર્જન કરી રોજગારીમાં વધારો કરવા તથા જીવન ધોરણમાં સુધારો કરવાનાં ઉદ્દેશ સાથે EDII,અમદાવાદના સહયોગથી અમલ કરાયો છે. ●

(લેખક વરિષ્ઠ પત્રકાર છે.)



# માર્ગ વિકાસ થકી ગુજરાતનો વિકાસ






દિલીપ ગજ્જર

કોઈપણ રાજ્યના સુગ્રથિત વિકાસ માટે માર્ગ વિકાસના કામો મહત્ત્વના પુરવાર થાય છે. ઔદ્યોગિક વિકાસથી આંતર માળખાકીય સુવિધાઓ માટે પણ રસ્તાઓ જ મહત્ત્વનું પરિબળ બની રહે છે. આ માટે સરકારે માર્ગ વિકાસના કામોને પ્રાધાન્ય આપીને કામગીરી કરી છે. તે દેશભરમાં મોખરે રહી છે અને આ ક્ષેત્રે પણ ગુજરાત રોલ મોડલ પુરવાર થઈ રહ્યું છે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી માર્ગ મકાન મંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે રાજ્યભરમાં અત્યાધુનિક સુવિધાઓ ધરાવતા માર્ગોનું નિર્માણ કર્યું છે. રાજ્યમાં ૧ લાખ ૨૪ હજાર કિલોમીટરના પ્લાન અને નોન પ્લાન રસ્તાઓનું સુઆયોજિત નેટવર્ક બિછાવ્યું છે. એટલું જ નહીં તમામ ગામડાઓને પણ પાકા ડામરના રસ્તાથી જોડવાનું કામ પણ પૂરું કરી દીધુ છે. એ જ રીતે યાત્રા ધામો, શૈક્ષણિક સંસ્થાઓ હોસ્પિટલો બસ અને રેલવે સ્ટેશનો સુધી સિંગલ લેનથી લઈ ફોર લેનના પાકા ડામરના રસ્તાઓનું નેટવર્ક પૂર્ણ કરાયુ છે. ખેડૂતોને પાક વેચવા માટે APMC સુધી જવા માટે પણ પાકા ડામરના રસ્તાઓની સુવિધાઓ પૂરું પાડવામાં આવી રહી છે.

ગ્રામીણ સ્તરે પાકા રસ્તાના કામો માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના રાજ્ય સરકારે પોતાના બજેટમાંથી અમલી કરી છે. જે હેઠળ પણ મોટાભાગના ગામડાઓને આવરી લેવામાં આવી રહ્યા છે.

- મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ. 972 કરોડના ખર્ચવાળા 2598 કિ.મિ. લંબાઈના 1159 કામો મંજૂર કર્યા છે. ગ્રામીણ માર્ગોના માળખાકીય વિકાસ માટે 5543 કિ.મી. લંબાઈના 2216 કામો પૂર્ણ અને 7276 કિ.મી. લંબાઈના 2677 કામો પ્રગતિ હેઠળ છે.
- નર્મદા નદી પર ગરુડેશ્વર ખાતે રૂપિયા 51.73 કરોડના ખર્ચે નવા બ્રિજનું નિર્માણ.
- અમદાવાદ-બગોદરા-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર-૮ એ અને ૮-બીના ૨૦૧ કિલોમીટર લંબાઈના રસ્તાઓને છ માર્ગીય બનાવવાના નિર્ણય અંતર્ગત રૂ. 2754 કરોડની ફાળવણી કરતા અમદાવાદ-રાજકોટનો પ્રવાસ ઝડપી અને સરળ બનશે.
- નવરચિત તાલુકા મથકોએથી પસાર થતા રાજ્ય માર્ગોને વિકાસ પથ તરીકે વિકસાવવાના નિર્ણય અંતર્ગત રૂ. ૪૦ કરોડની જોગવાઈથી નવા તાલુકાનો જિલ્લા મથક સાથે સંપર્ક ઝડપી અને સુગમ બન્યો છે.
- ચિલોડા- ગાંધીનગર- સરખેજ હાઈવેને રૂ. ૮૪૬ કરોડના ખર્ચે છ માર્ગીય બનાવવાના સંપૂર્ણ ટોલ ફ્રી રોડ સાથે ૭ ફલાયઓવર્સ બ્રિજનું નિર્માણ કરવાના નિર્ણયથી પરિવહન સેવા સરળ બનશે.
- રૂ. ૩,૩૫૧.૫૪ કરોડના ખર્ચે કચ્છમાં ભારત સરકારના ભુજ-ખાવડા, ઈન્ડિયા બ્રીજ થી ધર્મશાળાના માર્ગને વધુ પહોળો અને મજબૂત કરવાના નિર્ણયથી આ વિસ્તારનો થયો ઝડપી વિકાસ.

***રાજ્યમાં ૧ લાખ ૨૪ હજાર કિલોમીટરના પ્લાન અને નોન પ્લાન રસ્તાઓનું સુઆયોજિત નેટવર્ક બિછાવ્યું છે. એટલું જ નહીં તમામ ગામડાઓને પણ પાકા ડામરના રસ્તાથી જોડવાનું કામ પણ પૂરુ કરી દીધુ છે.***

- થરાદ- ધાનેરા - પાંથાવાડા રસ્તાને રૂ.૪૬૪.૦૭ કરોડના ખર્ચે ૧૪ મીટર પહોળો કરવાના મહત્ત્વપૂર્ણ નિર્ણયથી નાગરિકોને મજબૂત અને પહોળા રસ્તાની સુવિધા મળતાં ઔદ્યોગિક વિકાસને મળ્યું નવું બળ.
- અમદાવાદના બોપલ ખાતે રૂ.85 કરોડના ખર્ચે નિર્મિત બોપલ ફલાયઓવરનું લોકાર્પણ
- સિંધુભવન ચાર રસ્તા પરના 35 કરોડના ખર્ચે નિર્માણ ફલાયઓવર તથા સાણંદ જંકશન પર રૂ. 36 કરોડના ખર્ચે નિર્મીત ફલાયઓવર પ્રજાજનો માટે ખુલ્લો મુકાયો.
- ગાંધીનગરના પ્રવેશ દ્વાર સમા ઉપારસદ જંકશન પાસે રૂ. 17 કરોડના ખર્ચે નવનિર્મિત ફલાય ઓવર લોકાર્પણ 21.67 કરોડના ખર્ચે ત્રિમંદિર અડાલજથી હનુમાન મંદિરના 10 માર્ગીય રસ્તાનું લોકાર્પણ
- દેશમાં કલકતા પછી કેબલ પર રૂ. 143 કરોડના ખર્ચે નિર્માણ થયેલ ટુ વે બ્રીજ સુરતના અડાજણ અક્વાલાઇનને જોડતો બ્રીજ ખુલ્લો મુકાયો.

## રોડ સેફ્ટી

રાજ્યમાં માર્ગ સુવિધાઓના પરિણામે માર્ગ પર થતા અકસ્માતોમાં ઉત્તરોત્તર ઘટાડો જોવા મળી રહ્યો છે. આ માટે રાજ્ય સરકારે ગુજરાત રોડ સેફ્ટી ઑથોરાટીની રચના કરી છે જેના દ્વારા વિવિધ સૂચનો માર્ગદર્શન મળે છે તે મુજબ સરકાર અસરકારક કામગીરી કરે છે. જેના પરિણામે આ સફળતા મળી છે.

- રાજ્યમાં કેલેન્ડર વર્ષ ૨૦૧૮માં ૧૮,૭૬૯ માર્ગ અકસ્માત થયા, જ્યારે કેલેન્ડર વર્ષ ૨૦૨૦માં ૧૩,૨૪૩ માર્ગ અકસ્માત તથા વર્ષ ૨૦૧૮થી સરખામણીમાં ૨૦૨૦માં ૨૯% માર્ગ અકસ્માતનો ઘટાડો થયો.
- રાજ્યમાં માર્ગ અકસ્માત અને મૃત્યુના ઘટાડા માટે બ્લેક સ્પોટનું આઇડેન્ટિફીકેશન અને રેકટીફીકેશનની ઝુંબેશ શરૂ કરી છે.
- રાજ્યમાં માર્ગના નિર્માણ તથા સુધારણા દરમ્યાન નાગરિકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા તથા માર્ગ અકસ્માત અને મૃત્યુમાં ઘટાડો કરવા માટે વર્કઝોન ટ્રાફિક મેનેજમેન્ટ પ્લાન જાહેર કર્યો છે તેના મોનીટરીંગ-અમલીકરણ માટે રાજ્ય, જિલ્લા અને શહેર કક્ષાની રોડ સેફ્ટી કમિટીની નિયમિત બેઠકો યોજાય છે.
- રાજ્યમાં રોડ સેફ્ટી અંગેની જન-જાગૃતિ માટે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી તરફથી જન-જાગૃતિના વિવિધ કાર્યક્રમો, સેમીનાર, પ્રચાર પ્રસાર કરવામાં આવે છે. તેમજ ઓથોરીટી દ્વારા રોડ સેફ્ટીના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે શ્રી ચેતેશ્વર પુજારા, શ્રી ધ્વનિત ઠાકર, શ્રી વિસ્પી કાસદ, કુ. મીરા એરડા, કુ.સરિતા ગાયકવાડ, શ્રી સૌમ્ય જોષીનો વિવિધ કાર્યક્રમો હાથ ધરાયા હતાં.
- સાત વર્ષ કે તેથી વધુ સમય સુધી રી-કાર્પેટ ન થયા હોય તેવા ૪૯૪૯ કામોના ૧૬,૮૫૭ કિલોમીટર લંબાઇના રસ્તાઓના રીસરફેસીંગ માટેના કામો રૂ. 4506 કરોડના ખર્ચે હાથ ધરાયા છે.
- છેલ્લા પાંચ વર્ષમાં ૨૯ રેલવે ઓવર બ્રિજ રૂ. ૮૭૩ કરોડના ખર્ચે પૂર્ણ થયા છે. ડી.એફ.સી.સી. રૂટ સહિત રેલવે ક્રોસિંગ ઉપર ૭૫ ઓવર બ્રિજના કામો પ્રગતિ હેઠળ છે. રૂ. ૩૪૦૦







કરોડના ખર્ચે નવા ૬૮ રેલવે ઓવરબ્રિજ મંજૂર કરવામાં આવ્યા છે જે વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે.

- અમદાવાદ-બગોદરા-રાજકોટના ૨૦૧ કિલોમીટર રસ્તાને રૂ. ૨૮૯૩ કરોડના ખર્ચે છ-માર્ગીય કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓને અમદાવાદ અને ગાંધીનગર સાથે જોડતા રાજકોટથી અમદાવાદ રસ્તાનું રૂ. ૨૬૨૦ કરોડના ખર્ચે છ-માર્ગીયકરણનું કામ પ્રગતિ હેઠળ છે.
- મહાનગરો, બંદરો, ઔદ્યોગિક વિસ્તાર, પ્રવાસન તથા યાત્રાધામોને જોડતા ૭૬૨ કિલોમીટરના ૪૨ રસ્તાઓના અનુભાગોને ફોર-લેન બનાવવાની કામગીરી રૂ. ૨૪૬૬ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.
- ૧૧૬ રસ્તાના અનુભાગોની ૧૯૫૧ કિલોમીટર લંબાઈને ૧૦ મીટર કે ૭ મીટર પહોળા કરવાની કામગીરી રૂ. ૨૩૩૧ કરોડના ખર્ચે પ્રગતિમાં છે.
- વિશ્વ બેન્ક સહાયિત યોજના અંતર્ગત રાજ્ય ધોરીમાર્ગોને પહોળા, મજબૂત તથા નવીનીકરણની કામગીરી રૂ. ૧૯૩૫ કરોડના ખર્ચે પ્રગતિમાં છે.
- ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાની કામગીરી પણ શરૂ થઇ છે, જેમાં રાજ્યના ૩૦૧૫ કિલોમીટરના ગ્રામીણ માર્ગોને સાડાપાંચ મીટર સુધી પહોળા કરવા રૂ. ૧૭૪૯ કરોડની અંદાજિત કિંમતના કામોનું આયોજન છે.
- અમદાવાદ-મુંબઇ બૂલેટ ટ્રેનની કામગીરી પ્રગતિમાં છે. હાઇસ્પીડ કોરીડોરના આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારના શેરફાળા પેટે રૂ. ૧૫૦૦ કરોડની જોગવાઇ કરી છે જેની જમીન સંપાદન કામગીરી પ્રગતિ હેઠળ છે.
- વાર્ષિક રૂપિયા એક લાખ કરોડનું ટર્નઓવર ધરાવતા અને સમગ્ર વિશ્વમાં સિરામીક ઉદ્યોગમાં નામના મેળવનાર મોરબી ઔદ્યોગિક વિસ્તારમાં આવેલ મોરબી-હળવદ અને જેતપર-મોરબી-અણીયાળી-ધાટીલા - રાજ્ય ધોરી માર્ગોની કુલ ૭૦ કિલોમીટર લંબાઈને ચાર માર્ગીકરણ કરવા માટે રૂ. ૩૦૯ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવ્યો છે.
- અમદાવાદ-મહેસાણા ચાર માર્ગીય રસ્તાને છ માર્ગીય કરવાની કામગીરી માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરીને કામો શરૂ કરાયા છે.
- વિધાનસભાની સદસ્ય નિવાસ સમિતિની ભલામણ અનુસાર ગાંધીનગર ખાતે નવું સદસ્ય નિવાસ સંકુલ નિર્માણ માટે જમીન પસંદગી પ્રક્રિયા કરી દેવાઈ.
- ગાંધીનગર-કોબા-હાંસોલ રોડ (એરપોર્ટ રોડ) પર રાજસ્થાન સર્કલ પર રૂ. ૧૩૬ કરોડના ખર્ચે એક્સ્ટ્રા ડોઝ કેબલ સ્ટેડ બ્રિજ તેમજ રક્ષા શક્તિ સર્કલ પર રૂ. ૫૦ કરોડના ખર્ચે ફ્લાય ઓવરબ્રિજ બનાવવાનું કામો પ્રગતિ હેઠળ છે.●




# સરળ અને પારદર્શક મહેસૂલી સેવા



દેવાંગ મેવાડા

શાસન વ્યવસ્થાનું અગત્યનું પાસું હોય તો તે છે મહેસૂલ. રાજ્યમાં વસતી પ્રત્યેક વ્યક્તિ તેના પ્રશ્નો - સમસ્યાઓ અથવા તો તેના કોઈને કોઈ કામ માટે મહેસૂલ વિભાગની સાથે જોડાયેલી રહે જ છે. તેને ધ્યાને લઈ મહેસૂલ વિભાગમાં આમૂલ પરિવર્તન આવે અને નાગરીકોની સેવાની સાથે વહીવટમાં પારદર્શકતા આવે તેમજ લોકોના પ્રશ્નો સમસ્યાઓનું ઝડપી નિરાકરણ આવે તે માટે વર્તમાન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં રાજ્ય સરકારે અનેક જનહિતકારી મહત્ત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે.

મહેસૂલ વિભાગને સમજવા માટે આપણે થોડા ભૂતકાળમાં જઈએ તો તેની કામગીરી અને ઉપયોગિતાની સમજ મળી શકશે. જ્યારથી માનવી સમાજવ્યવસ્થામાં રહેતો થયો ત્યારથી ખેતીના વ્યવસાય સાથે સંકળાયો. આ સાથે ખેતીની જમીનને લગતા પ્રશ્નો ઉપસ્થિત થયા. પહેલાં તો આ પ્રશ્નોના નિકાલ પંચ કે લવાદથી ઉકેલવામાં આવતા હતા. ત્યારબાદ રાજાશાહી અને અંગ્રેજોના સમયમાં જે-તે શાસનકર્તા પોતપોતાની રીતે ખેતીમાં થતી ઉપજમાંથી ભાગ(ટિક્સ) લેવા અને જમીનની મહેસૂલ ઉઘરાવવાનું શરૂ કર્યું. આ વ્યવસ્થા પણ પારદર્શી ન હોવાથી વિખવાદ થતો રહેતો.

શેરશાહ સુરીનાં સમયમાં જમીન-મહેસૂલને લગતા ક્રાંતિકારી ફેરફારો આવ્યા, જે જમીનને લગતાં વિવાદો ઉકેલવામાં મહદઅંશે મદદરૂપ થયા. ત્યારબાદ 1913માં અંગ્રેજ અધિકારી એન્ડરસને નિયમો-હિસાબોનું મેન્યુઅલ બનાવ્યું, જે આજદિન સુધી અમલમાં છે. સ્વતંત્રતા બાદ દેશમાં લોકાભિમુખ સરકાર અસ્તિત્વમાં આવી. તેના કારણે સમયાંતરે સામાન્ય નાગરિકો-ખેડૂતોને મદદરૂપ થાય તેવા નિયમો અને નિર્ણયો લેવામાં આવ્યા.

**મહેસૂલ વિભાગમાં આમૂલ પરિવર્તન આવે અને નાગરીકોની સેવાની સાથે વહીવટમાં પારદર્શકતા આવે તેમજ લોકોના પ્રશ્નો સમસ્યાઓનું ઝડપી નિરાકરણ આવે તે માટે વર્તમાન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં રાજ્ય સરકારે અનેક જનહિતકારી મહત્ત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે.**

ખેતી પ્રધાન દેશના મહેનતકશ કિસાનને પ્રાધાન્ય આપીને વિકાસનાં પગલાં ભરવા જોઈએ તેવા મક્કમ નિર્ધાર સાથે શ્રી વિજયભાઈ રૂપાણીએ એક પછી એક મહેસૂલી ક્ષેત્રે સુધારા માટે પગલાં લીધાં. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારને પાંચ વર્ષ પૂરાં થવા જઈ રહ્યાં છે, આ પાંચ વર્ષમાં ગુજરાતે હરણફાળ ભરી, ત્યાર બાદ ભૌતિક - આર્થિક વિકાસ સ્વાભાવિક રીતે ઘણો થયો છે. નિર્ધારિત લક્ષ્યને પૂરેપૂરું હાંસલ કરવામાં એક નવા ઉન્મેષ અને અદમ્ય ઉત્સાહથી સમગ્ર તંત્ર અને સમસ્ત પ્રજાએ સહભાગીદારીમાં જે પ્રયાસો કર્યા તે સરાહનીય છે.

મહેસૂલ વિભાગના લોકાભિમુખ અભિગમના પાયામાં છ સિદ્ધાંતોનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. (૧) પારદર્શકતા અને મૈત્રીપૂર્ણ વહીવટ, (૨) બદલાતી જરૂરિયાતો મુજબ નીતિ ઘડતર, (૩) વહીવટમાં વિકેન્દ્રીકરણ, (૪) કાર્યપદ્ધતિઓનું સરળીકરણ, (૫) યોગ્ય ભૂમિ વ્યવસ્થાપન દ્વારા સંસાધનોનું જતન અને સંવર્ધન અને (૬) કામના નિર્માણ અને જવાબદાર તંત્રનું ગઠન. આ પાયાના મહેસૂલી સિદ્ધાંતો દ્વારા સરકારનાં જાહેર કામો માટેની પ્રતિબદ્ધતાના દર્શન થાય છે.

વર્તમાન સરકારમાં સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નાગરિકોને, છેવાડાના માનવીઓની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ થાય અને જનસામાન્ય માટે મહેસૂલી સેવાઓ વધુ સરળતાથી ઉપલબ્ધ બને તે માટે અનેક લોકાભિમુખ ત્વરિત



નિર્ણયો કર્યા છે. તો આવો છેલ્લા પાંચ વર્ષમાં મહેસૂલ ક્ષેત્રે રાજ્ય સરકારે લીધેલા નિર્ણયો અંગે માહિતી મેળવીએ....

## મહેસૂલી કાયદા-નિયમોમાં ક્રાંતિકાર ફેરફાર

- ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ)નો અધિનિયમ અમલી (૨૦૨૦)
- જમીન પચાવી પાડવાને સંબંધિત ગુના બદલ અદાલતી કાર્યવાહી કરવાના હેતુથી કાયદા વિભાગ દ્વારા વિશેષ કોર્ટની રચના કરવામાં આવી.
- ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ)ના અધિનિયમ હેઠળની અરજી પ્રક્રિયાને iORA પોર્ટલ પર ઓનલાઇન કરવામાં આવી રહી છે.
- લેન્ડ ગ્રેબિંગ હેઠળ કુલ ૫૨૨૦ અરજીઓ મળી છે, જે પૈકી ૩૧૫૧ અરજીઓ પર પ્રાથમિક તપાસ પૂર્ણ કરી, ૨૬૫ એફ.આઈ.આર નોંધી ૯૪૪ ઇસમો સામે કાર્યવાહી હાથ ધરાઈ.

## ગણોતધારાની કલમ-૬૩AAA

- આ કલમથી કચ્છ ગણોતધારા અને સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમમાં પણ જોગવાઈ કરવામાં આવી છે.
- આ સુધારાઓથી કૃષિ કે પશુપાલન યુનિવર્સિટીઓ, શિક્ષણ, તબીબી શિક્ષણ અને આરોગ્ય જેવા હેતુઓ માટે ખેતીની જમીન સીધે સીધી (કલેકટરશ્રીની પૂર્વમંજૂરી વગર) ખરીદી શકે તેવી જોગવાઈ છે.
- ૧૦ હેક્ટર કરતા વધારે જમીન ખરીદવાના કિસ્સામાં મહેસૂલ સચિવશ્રી અથવા નક્કી કરવામાં આવનાર સત્તાધિકારીની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.
- જમીનનો ઉપયોગ ત્રણ વર્ષમાં શરૂ કરવાનો રહેશે. ત્યારબાદ, બીજા બે વર્ષ સુધી કલેકટર કક્ષાએથી મુદત વધારી શકાશે. ૫ વર્ષ બાદ, દરેક ત્રણ વર્ષના સમયમર્યાદા માટે પ્રવર્તમાન જંત્રીની કિંમતના ૨૦% રકમની ચુકવણી કર્યેથી બીજા ત્રણ વર્ષ સુધી રાજ્ય સરકાર મુદત લંબાવી શકશે.
- ૩ વર્ષ પછી વેચાણ કરવું હોય તો વેચાણ જે તે હેતુ શક્ય ન હોય તો GDCR ની જોગવાઈ મુજબના હેતુસર વેચાણ થઇ શકશે.
- વિલીનીકરણ, એકત્રીકરણ, સંયુક્ત સાહસ, પેટા કંપની જેવા કેસોમાં પ્રવર્તમાન જંત્રી મૂલ્યના ૧૦% રકમ ચાર્જ કર્યા પછી તબદીલીની મંજૂરી આપવાની રહેશે.

## સૂચિત સોસાયટી અંગે કાયદાકીય સુધારા

- આ સુધારા અન્વયે ખાનગી જમીનો પર મહેસૂલી કાયદાઓની જોગવાઇઓ કે શરતોના ઉલ્લંઘન સાથે વિકાસ થયો હોય તેવી જમીનોને પરિવર્તનીય વિસ્તાર તરીકે ઘોષિત કરી તેમાં પૂરક મહેસૂલ સેટલમેન્ટ દાખલ કરી આવી જમીનોના વિકાસને મહેસૂલી રેકર્ડ પર લાવવાની જોગવાઈ કરવામાં આવી છે. પરિવર્તનીય વિસ્તારોના દાવેદારોના દાવા પ્રમાણપત્રની મુદતમાં વધારો કરી ૩૬૫ દિવસ કરવામાં આવી છે.

## ઉદ્યોગ તરફી સુધારા

- ઔદ્યોગિક વિકાસને વેગવંતો બનાવવા તથા માઇક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઇઝને પ્રોત્સાહન મળે તે હેતુથી જી.આઇ.ડી.સી.ને રાહત દરે જમીન ફાળવવા નિર્ણય.

- રાજ્ય સરકાર દ્વારા જી.આઈ.ડી.સી.ને જે જમીન ફાળવવામાં આવે તે જમીનના ૭૦% જમીન બજાર કિંમતના ૫૦% ભાવથી તથા ૩૦% જમીન બજાર કિંમતથી આપવામાં આવશે.
- મીઠું પકવતાં અગરિયાઓના હિતને ધ્યાનમાં રાખીને મીઠાના ભાડાપટ્ટાનો સમયગાળો ૧૦ વર્ષથી વધારીને ૩૦ વર્ષ સુધી વધારી આપવા નિર્ણય કરવામાં આવ્યો છે.
- રાજ્ય સરકારે ક્લાઈમેટ ચેન્જની અસર હળવી થાય અને બિનપરંપરાગત ઊર્જાનું ઉત્પાદન વધે તે માટે સરકારી બિનઉપજાઉ પડતર જમીન વિન્ડ/સોલાર/વિન્ડ-સોલાર હાઇબ્રિડ પાર્ક માટે વાર્ષિક ૧૫૦૦૦ પ્રતિ હેક્ટરના ભાડાપટ્ટે ફાળવવાની નીતિ જાહેર કરી છે.
- ઔદ્યોગિક ક્ષેત્રે રાજ્યની અગ્રેસરતા જળવાઈ રહે તે હેતુ ધ્યાને લઈ આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ./લોજિસ્ટિક સેક્ટર અને માઈનિંગ સેક્ટરને ઔદ્યોગિક હેતુ ગણી ડિમ્ડ એન.એ. પરવાનગી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- બિનખેડૂતને ખેતીની જમીન ખરીદવા તેમજ બોનાફાઈડ ઈન્ડસ્ટ્રિયલ પર્પઝ હેઠળ ખરીદેલ ખેતીની જમીન અંગેનું પ્રમાણપત્ર મેળવવાની કાર્યપદ્ધતિ ઓનલાઈન કરવામાં આવી છે.
- નવી અને અવિભાજ્ય શરતની જમીનો તથા ગણોતધારા હેઠળની જમીનોમાં હાલના કબજેદારોને બોનાફાઈડ પરચેઝર પ્રસ્થાપિત કરવાના કેસોની કાર્યપદ્ધતિ ઓનલાઈન શરૂ કરવામાં આવી છે.
- મલ્ટિપર્પઝ બિનખેતી માટે જે તે વિસ્તાર મુજબ જંત્રીના દરો ગણવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.



## સખાવતી સંસ્થાલક્ષી સુધારા

- છેલ્લાં ૨૫ વર્ષથી આરોગ્ય (પશુ આરોગ્ય સહિત) અને શિક્ષણના ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ ખેતીની જમીન તબદીલીથી મેળવી શકે તે અંગેના નિયમો બહાર પાડવામાં આવ્યા છે.
- રાજ્યમાં આવેલી ધાર્મિક સંસ્થાઓએ જે- તે સમયે સંબંધિત સત્તાધિકારીની મંજૂરી વગર ખરીદેલી ખેતીની જમીન વિનિયમિત કરવા પ્રવર્તમાન ખેતીની જંત્રીના ૨૫% રકમ લઈને વિનિયમિત કરવાની જોગવાઇઓ હતી. વર્તમાન સરકારે આ જમીન વિનિયમિત કરવા ટોકન સ્વરૂપે ૧૦% રકમ લઈને વિનિયમિત કરવા અંગેનો નિર્ણય કર્યો છે.

## લોકોપયોગી સુધારા

- ગુજરાત જમીન મહેસૂલ નિયમોમાં સુધારો કરીને હવેથી તકરારી કેસ ચલાવવાની સત્તા પ્રાંત અધિકારીને આપવામાં આવી છે.
- ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક ઉપયોગ માટે ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદામાં સુધારો કરવામા આવ્યો છે. જેનાથી ઉદ્યોગકારો દ્વારા સમયસર શરૂ ન કરી શકાયેલા એકમોના અન્ય ઉદ્યોગ જૂથોને જમીન હસ્તાંતરણમાં સરળતા પ્રાપ્ત થશે.
- ઔદ્યોગિક હેતુ માટે જ તથા સર્વગ્રાહી સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો હેઠળ ઔદ્યોગિક હેતુનો ઉપયોગ, પરવાનગીપાત્ર ન હોય તેવા કિસ્સામાં, માત્ર સર્વગ્રાહી સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમોમાં જાહેર કરેલા ઝોન મુજબ આવી જમીનનો ઉપયોગ કરવાના હેતુ માટે જ પરવાનગી આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

## ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ માટે ઇઝ ઓફ રેવન્યૂ સર્વિસીસ iORA

- મહેસૂલ વિભાગ દ્વારા અદ્યતન ટેક્નોલોજી અને નવીન કાર્યપ્રણાલી થકી મહેસૂલ વ્યવસ્થાપન સંવેદનશીલ પારદર્શક અને ઝડપી બનાવ્યા છે. જેમાં ટૂંકાગાળામાં જ iORA 2.0 મારફત ફેસલેસ સિસ્ટિમ અમલમાં મૂકવામાં આવી છે. જેમાં વિવિધ પ્રકારની ૨૮ જેટલી બાબતોની અરજીઓ, જેવી કે, એક જ અરજીથી પ્રીમિયમ અને બિનખેતી, ખેડૂત ખાતેદાર ખરાઈ ઓનલાઈન, ગામ નમૂના નં. ૭/૧૨ માં સુધારા, સૂધબુદ્ધિ-પૂર્વકના વેચાણના કિસ્સામાં ખેતીથી ખેતી અથવા બિન ખેતીના હેતુ માટે જમીન જૂની શરતમાં ફેરવવા પ્રીમિયમ વસૂલ લઈ શરતફેરની મંજૂરી, જેમાં આજદિન સુધી કુલ ૪,૨૯,૮૯૨ અરજીઓ ઉપર કાર્યવાહી કરવામાં આવી છે.
- રાજ્યના ૧૬ જિલ્લાઓમાં મહેસૂલ વિભાગ હેઠળની વિવિધ કચેરીઓ તથા સ્ટાફ ક્વાટર્સના મકાનો માટે રૂ. ૩૯ કરોડના ખર્ચે બાંધકામ કરવામાં આવશે.




- ખેતીની જમીનની માપણી આધુનિક પદ્ધતિથી સચોટપણે થાય તે માટે વધુ ૧૩૧ નવા ડી.જી.પી.એસ. મશીનો વસાવવા રૂ. ૩૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્યની સબરજિસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજોની નોંધણી માટે આવતા પક્ષકારોને મૂળભૂત અને આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ૨૬ સબ રજીસ્ટ્રાર કચેરીઓને રૂ. ૮ કરોડના ખર્ચે મોડેલ કચેરી બનાવવામાં આવશે.
- પૂર-અછતની રાહત સંદર્ભે જે તે વિસ્તારને સહાય માટેની પ્રાથમિકતા આપી શકાય તે હેતુથી રેઈન ગેજ સ્ટેશનોની સંખ્યા વધારવા માટે કુલ રૂ. ૫ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- મહેસૂલી સેવાઓ ઈ-ગર્વનન્સ તથા અદ્યતન ટેકનોલોજી થકી વધુ સરળ, ઝડપી અને પારદર્શક બને તે માટે મહત્ત્વની ભૂમિકા ભજવતા આઈ-ઓરા (i-ORA) પોર્ટલને સુદ્રઢ કરવા અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા અને રાજકોટ જિલ્લામાં મહેકમ ઊભું કરવા માટે રૂ. ૨ કરોડની જોગવાઈ.

### ઈ-ધરા વ્યવસ્થાપન

દરેક ખેડૂત / ખાતેદાર જમીનનું લાઈવ રેકર્ડ ઇન્ટરનેટના માધ્યમથી (AnyRoR) જોઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ૬,૯૦,૮૭,૨૦૯ ફેરફાર નોંધોના ડોક્યુમેન્ટ અપલોડ થયા છે.



## મહેસૂલ વિભાગ : આધુનિકતા સાથે ટેકનોલોજીનો સમન્વય

- રાજ્ય સરકારની તમામ કચેરીઓમાં સરકારી નાણાકીય વ્યવહારો ઈ-પેમેન્ટ-ડિજિટલ પ્લેટફોર્મથી કરવાનો નિર્ણય, મોબાઇલ બેન્કિંગ ડિજિટલ પ્લેટફોર્મ મારફતે નાણાકીય વ્યવહારો કરવાના ચલણને વ્યાપક બનાવવાનો સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય.
- મહેસૂલી પ્રક્રિયા વધુ સુગમ અને સુરક્ષિત બનાવવા જમીન વેચાણના કિસ્સાઓમાં ગેરરિતી અટકાવવા દસ્તાવેજોનું સ્કેનિંગ કરવાનો મહત્ત્વનો નિર્ણય.
- ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક હેઠળ તમામ ધારણ કરેલી જમીનને રેકર્ડ ઉપર લાવવા માટે, માંડવાળ ભર્યેથી અમુક મહેસૂલ કાયદાના ઉલ્લંઘનના કારણે ઊભી થતી તમામ કાર્યવાહી અંગેની જોગવાઇ કરવા તેમજ રેકર્ડને અદ્યતન બનાવવાનો નિર્ણય.
- ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ અને ગ્રામીણ પ્રોપર્ટી કાર્ડ ઉપલબ્ધ કરાવવાની પદ્ધતિ અમલમાં મૂકવાનો નિર્ણય.
- જમીન દફતરોની જાળવણી અને સેવાઓ વધુ સારી રીતે પૂરી પાડવા ઇન્ટિગ્રેટેડ લેન્ડ મેનેજમેન્ટ સિસ્ટિમનો અસરકાર અમલ કરવાનો નિર્ણય.

- ૧૨,૩૪,૪૨૬ મહેસૂલી કેસોની વિગતો ઓનલાઈન મૂકવામાં આવી છે.
- ગામ નમૂના નં.૭ માં ક્ષતિ સુધારણા અંગેની ઓનલાઈન કુલ - ૧૮૪૩૦ અરજીઓ આવી છે.
- ખેડૂત ખાતેદાર ખરાઈ અંગેના પ્રમાણપત્ર માટેની કુલ - ૩૦૮૪૮ અરજીઓ ઓનલાઈન આવી છે.
- ગામ નમૂના નં.૭/૧૨, ૮-અ તથા ૬ ની કુલ - ૫૧, ૯૮, ૯૫, ૪૨૩ નકલો ઈ-ધરા કેન્દ્ર ખાતેથી નકલોનું વિતરણ કરવામાં આવ્યું છે.

### RFMS-Revenue File Monitoring System

- RFMSથી પડતર ફાઈલોનું મોનિટરિંગ, ઝડપથી નિકાલ તથા કઈ કક્ષાએ કેટલો સમય ફાઇલ પડતર રહી તેની પણ જાણકારી મળી શકે છે તથા રાજ્યકક્ષાએ પડતર ફાઈલોનું

મોનિટરિંગ થઇ શકે છે. આ ઉપરાંત CM dashboard પર RFMSની લીંક આપવામાં આવી છે.

### IRIS-Integrated Revenue Inspection System - ઓનલાઇન ઇન્સ્પેક્શન

- રાજ્યની મહેસૂલી કચેરીઓમાં વિવિધ મહેસૂલી બાબતોની તપાસની પ્રક્રિયા ભૌતિક રીતે, જે તે કચેરીની મુલાકાત લઈને કરવામાં આવતી હતી. તમામ મહેસૂલી રેકર્ડ તથા પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવી છે. તેથી તપાસણી પણ ઓનલાઈન કરવા માટે "આઈરિસ" મોડ્યૂલ કાર્યરત કરવામાં આવ્યું છે.
- મહેસૂલી પરવાનગીઓ જેવી કે બિનખેતી, પ્રીમિયમની મંજૂરી બોનાફાઈડ પરચેઝની પરવાનગી તથા હકપત્રકની નોંધો જેવી કે વેચાણ, વારસાઈ, હકદાખલ અને હુકમી નોંધો તથા મહેસૂલી અધિકારીઓ દ્વારા નિર્ણય કરાતા મહેસૂલી કેસને આમોડ્યૂલ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- રેન્ડમ કમ્પ્યુટરાઈઝ્ડ અલોકેશન દ્વારા આવા કેસમાં જો કોઈ કાયદાભંગ નાણાકીય નુકસાન જણાય તો જે તે અધિકારી/કર્મચારી વિરૂધ્ધ નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### રિ-સરવે

- સમગ્ર દેશમાં ડિજિટલ ઇન્ડિયા લેન્ડ રેકર્ડ મોર્ડનાઇઝેશન પ્રોગ્રામ(DILRMP) હેઠળ રિ-સરવે કામગીરી કરવાની શરૂઆત ગુજરાત રાજ્યે કરી છે.
- જેના ભાગરૂપે રાજ્યના કુલ ૧૮,૦૪૬ પૈકી ૧૮,૦૩૫ ગામોમાં માપણી પૂર્ણ થઇ છે. ગામના રેકર્ડની તમામ કક્ષાએ ચકાસણી કરી જી.આઇ.એસ. બેઇઝડ ડિજિટલ રેકર્ડ પ્રોમોલગેટ કરવામાં આવી. પ્રોમોલગેટ થયેલાં ગામોમાં ક્ષતિ, ભૂલો-અસંતોષ નિવારવા સરળ અને સચોટ પગલાંઓ લેવામાં આવ્યાં છે.

### ઇ-સ્ટેમ્પીંગ

- લોકોને ઇ-સ્ટેમ્પિંગની સુવિધા સરળતાથી પ્રાપ્ત થાય તે માટે રાજ્યમાં કુલ ૩૮૬૧ ઇ-સ્ટેમ્પિંગ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે.
- સબરજિસ્ટ્રાર કચેરીઓમાં નોંધાયેલા દસ્તાવેજોની ઈન્ડેક્સ-૨ તથા બોજા પ્રમાણપત્ર લોકો પોતાની અનુકૂળતાએ ઘેરબેઠા થઈ શકે અને તેની પ્રિન્ટ પણ પોતાની જાતે કાઢી શકે તેવી સુવિધા iORA પોર્ટલ ઉપર ઓનલાઇન ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાં ઈન્ડેક્સ-૨ નો લાભ કુલ ૨,૧૨,૮૬૫ લોકોએ તથા બોજા પ્રમાણપત્રનો લાભ કુલ ૫૫,૯૭૬ લોકોએ લીધો છે.



### જમીન સંપાદન અધિનિયમોમાં સરળીકરણ


- જમીન સંપાદનમાં ખેડૂતોને યોગ્ય વળતર મળે તે માટે શહેરી વિસ્તારની વ્યાખ્યામાંથી શહેરી વિકાસ/વિસ્તાર વિકાસ મંડળના વિસ્તારોને રદ્દ કરવામાં આવ્યા છે. જેના પરિણામે ખેડૂતોને સંપાદિત થયેલી જમીનના ચાર ગણા વળતરનો લાભ મળશે.
- ખેડૂતોને સમયસર અને વાજબી વળતર મળે તેવી સુચારુ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.
- કબજો લેવાના પ્રસંગે અંદાજિત વળતરના ૮૦% એડવાન્સ પેમેન્ટ.
- સંમતિ એવૉર્ડના કિસ્સામાં વધારાની ૨૫% પ્રોત્સાહક રકમ-બજાર કિંમત ઉપર આકર્ષક વાજબી વળતર.
- ગ્રામીણ વિસ્તાર - જંત્રી અથવા બજાર કિંમત, બેમાંથી જે વધુ હોય તેના ચાર ગણા.
- શહેરી વિસ્તાર - જંત્રી અથવા બજાર કિંમત, બેમાંથી જે વધુ હોય તેના બે ગણા આપવામાં આવશે.

### જમીન સંપાદન ક્ષેત્રે મહત્ત્વની કામગીરી

- મુંબઇ-અમદાવાદ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટના કામે કુલ ૭૧૪ હેક્ટર જેટલી જમીન અંગે સંપાદનની બીજા તબક્કાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે. અને તે પૈકી ખેડૂતોની સંમતિથી ૩૯૫ હેક્ટર જેટલી જમીનનું રૂ.૨૩૫૦ કરોડનું વળતર ચુકવીને જમીનના હસ્તાંતરીત કરવામાં આવી છે.
- મેટ્રો રેલ પ્રોજેક્ટના કામે ૨.૬૪ હેક્ટર જમીન સંપાદનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.
- ડીએફસીસીના કામ માટે ૪૫૫૫.૦૩ હેક્ટર જમીન અંગે રૂ.૧૭૨૩ કરોડ જેટલી રકમ ચુકવીને જમીન મેળવવામાં આવી છે. ●

# સમાજ અને સંસ્કૃતિને જોડતી રાજ્યની પરિવહન સેવા



ઝીલ ઠક્કર

જ્યાં ગામ-શહેર કે માનવ વસ્તી હોય ત્યાં માર્ગ અને એસટી એવી પ્રતિબદ્ધતા સાથે ગુજરાત સરકારે પરિવહનનું વ્યાપક માળખું ઊભું કર્યું છે અને તેને સફળતાપૂર્વક ચલાવવામાં પણ આવી રહ્યું છે.

બે- અઢી દાયકા પૂર્વે જે ગ્રામવાસીઓએ ક્યારેય રોડ કે બસ નહોતી જોઈ ત્યાં પાકી સડક અને તેની ઉપર ધમધમાટ દોડતી બસોએ એકચક્રી શાસન જમાવ્યું છે. આજે દૂર-સુદૂરનાં દુર્ગમ સ્થાનો ઉપર પણ એસટી બસની સેવા પ્રાપ્ત થઇ છે. આ સેવાનો સીધો પ્રભાવ લોકો પર પડ્યો છે. જિલ્લા તાલુકા મથકો ઉપરાંત મેટ્રો સિટી સુધીનો સંપર્ક સેતુ સધાતા સુવિધાની સાથે સાથે લોકજાગૃતિ લાવવામાં એસટી નિમિત્ત બની છે. લાલ અને પીળી બસોએ માત્ર લોકોને એકથી બીજા સ્થળે લઇ જવાનું જ નહીં પરંતુ બે સંસ્કૃતિ, સંસ્કાર, વિચારોને એક કરવાનું, ભેળવવાનું કામ કર્યું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે "વધુ બસો, સારી બસો" આપવાના લક્ષ્ય સાથે સેંકડો નવી બસને સામેલ કરી છે. GSRTCએ સ્લીપર કોચ, એસી કોચ અને લાંબા અંતરની મુસાફરી માટે ઉચ્ચતમ લક્ઝરી કોચ સહિતની નવી પ્રકારની સેવાઓ શરૂ કરવા સાથે વિવિધ યાત્રાધામોને જોડીને યાત્રાળુઓ માટે પણ વિશેષ સેવા ઉપલબ્ધ બનાવી મુસાફરીને વધુ સરળ બનાવી છે. તેથી જ ગુજરાતનો નાગરિક મુસાફરી માટે એસટીને પ્રથમ પ્રાધાન્ય આપે છે. એસટી નિગમ દ્વારા અપાતા લાભો તેમજ તેને મળેલા પુરસ્કાર સહિતની સવિશેષ માહિતી જોઈએ તો...

### માર્ગ પરિવહન નિગમ એટલે કે ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ નિગમ(એસટી)

- એસ.ટી બસ દ્વારા મુસાફરોને મળતા સતત લાભો મળી રહ્યાં છે. ૨૬,૩૮,૮૨૩ વિદ્યાર્થીઓને પાસમાં ૮૨.૫૦% ની રાહત.
- ૨૦,૭૦,૮૮૬ ગ્રામીણ વિદ્યાર્થિનીઓને ૧૦૦% મફત ૦મુસાફરી.માસિક/ ત્રિમાસિક મુસાફર પાસમાં ૫૦%ની રાહત.
- ૧,૧૦,૮૮,૧૩૯ દિવ્યાંગ વ્યક્તિઓ, ૧,૬૬,૮૧૩ રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો તેમજ ૬૫૪ સ્વાતંત્ર્ય સેનાનીઓ અથવા તેમની વિધવાઓને મળ્યો વિના મૂલ્યે મુસાફરીનો લાભ.
- ૧,૮૦,૧૯૯ કેન્સર અને થેલેસેમિયાના દર્દીઓને ભાડામાં ૫૦ ટકા રાહત.૩,૫૦૦ મીડિયા સાથે જોડાયેલા વ્યક્તિઓને ૧૦૦ % ભાડામાં રાહત રાજ્ય સરકાર દ્વારા યોજાતા રમતોત્સવમાં ભાગ લેનાર ૩૮,૨૨૩ વિદ્યાર્થીઓને ભાડામાં ૫૦% રાહત

### એસ.ટી બસ સર્વિસની કાયાપલટ

- પ્રજાની સેવામાં છેલ્લાં ૫ વર્ષમાં ૫,૭૮૫ નવી બસોનો એસ.ટી. બેડામાં સમાવેશ.
- સમગ્ર લૉકડાઉન દરમિયાન ૬,૯૯,૩૫૭ શ્રમિકો, વિદ્યાર્થીઓ, યાત્રાળુઓ, કોરોના વોરિયર્સ જેવા કે મેડિકલ સ્ટાફ, પોલીસ કર્મીઓ વગેરેને પરિવહન સેવા પૂરી પાડી

*રક્ષાબંધન કે દિવાળી જેવા તહેવારોમાં ગીફ્ટ, પાર્સલ સુવિધાથી લાગણીને પહોંચાડવાનું મહત્ત્વનું કાર્ય પણ એસટી નિગમની બસના માધ્યમથી થઇ રહ્યું છે. આજે એસટી ગુજરાત રાજ્યની ધોરીનસ બની ગઇ છે.*



લોકોને પોતાનાં ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડ્યા.

- ગુજરાત સરકારની શ્રવણ તીર્થ યોજના અંતર્ગત ૧૦,૮૫૦ વડીલોને મળ્યો લાભ.
- ૯૬ બસ સ્ટેશનોને તેમજ સેન્ટ્રલ ઓફિસ સી.સી.ટી.વી. બેઈઝડ સર્વેલન્સ સિસ્ટિમથી સજ્જ કરવામાં આવ્યા.
- નિગમના ૪૨ બસ સ્ટેશનો ખાતે મુસાફરોને ઇન્ટરનેટની સુવિધા મળી રહે તે હેતુથી ફ્રી વાઇ-ફાઇ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી.
- ૯,૬૬૫ મધ્યમ અને ગરીબ વર્ગના કુટુંબોને કેજયુઅલ કોન્ટ્રાકટ દ્વારા લગ્ન પ્રસંગોએ લાભ મળ્યો, જે અંતર્ગત કુલ ૧૧,૯૮૦ વાહનો લોકોને ફાળવવામાં આવ્યા.
- ડિજિટલ સેવાસેતુ અંતર્ગત મુસાફર ઘેરબેઠાં ઓનલાઇન બસ ટિકિટ બુક કરી શકે તે માટે નવીન ફિચર્સ સાથે Android અને iOS મોબાઇલ એપ્લિકેશન તૈયાર કરી અમલમાં મૂકવામાં આવી, જેનો લાભ ગ્રામીણકક્ષાએ પણ મળી રહ્યો છે.
- પ્રજાની સેવામાં છેલ્લાં ૫ વર્ષમાં કુલ ૧૧૧ બસ સ્ટેશન / પાંચ ડેપો વર્કશોપ લોકાર્પણ કરવામાં આવ્યાં અને કુલ ૩૮ બસ સ્ટેશન / બે ડેપો વર્કશોપ નિર્માણાધીન છે.

## વિકાસના પાટે ગુજરાત મેટ્રો

- નાગરિકો જાહેર પરિવહનનો વધુ ઉપયોગ કરે તે માટે પરિવહનમાં ઝડપ, સરળતા અને સલામતીના હેતુથી ગુજરાત મેટ્રો રેલ શરુ કરવામાં આવી છે.
- અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટની કુલ લંબાઈ 40.03 કિલોમીટર છે જેમાંથી 6.5 કી.મીની સેવા શરુ કરી દેવામાં આવી છે બાકીના 33.5 કી.મીની કામગીરી ઓગસ્ટ 2022માં પૂર્ણ થાય તેવું આયોજન છે
- વર્ષ 2014 પહેલા માત્ર 250 કિલોમીટરનું જ મેટ્રોનું નેટવર્ક હતું આજે 708 કિલોમીટર મેટ્રો રેલનું માળખું કાર્યરત છે 27 શહેરોમાં 1000 કિ.મીના કામો પ્રગતિમાં છે
- મેટ્રો ડિઝાઈનની મહત્તમ સ્પીડ 90 કી.મી /કલાક છે પણ તે 80 કી.મી /કલાકની ઝડપે દોડશે. તેની એવરેજ સ્પિડ 33 કી.મી /કલાકની છે.
- મુખ્યત્વે એલિવેટેડ સ્ટ્રક્ચર, બાલ્સ્ટ-લેસ ટ્રેક્સ, એર કન્ડિશન્ડ કોચ, GPS આધારીત રેલ ટ્રેકિંગ સિસ્ટમ, ટ્રેન ડેસ્ટિનેશન સૂચકાંકો, ઓટોમેટેડ ભાડું, પાર્કિંગ સુવિધા સહીત સેવા પૂરી પાડવામાં આવે છે.
- કોવિડ ગાઈડલાઈન પ્રમાણે તમામ સ્ટેશન, કોચનું સેનેટાઈઝેશન તેમજ મુસાફરો વચ્ચે સોશ્યિલ ડિસ્ટન્સ રાખીને જ હાલ અમદાવાદના પૂર્વ વિસ્તારમાં મેટ્રોની સેવા શરુ કરાઈ છે.

## BRTS

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ જનમાર્ગ લિમિટેડ અંતર્ગત 2009માં બી.આર.ટી.એસની સેવા શરુ કરવામાં આવી.
- IV 210 એચપી એન્જિન્સ, બે પહોળા કેન્દ્રીય દરવાજા, મુસાફરો માટે સરળ બોર્ડિંગ, બંને બાજુ, 9 અને 12 મીટર લાંબી બસ, સ્વચાલિત ટ્રાન્સમિશન વગેરે જેવી અનુકૂળ સુવિધા પૂરી પાડવામાં આવે છે.
- તમામ બસોમાં જીપીએસ, જી.પી.આર.એસ.ઉપલ્ભધ તથા બધા સ્ટેશનો વાયરલેસ કનેક્ટિવિટી, રીઅલ ટાઇમ વ્હીકલ ટ્રેકિંગથી સજ્જ.
- મુસાફરો માટે સ્માર્ટકાર્ડ, રીયલ ટાઈમ ટ્રેકિંગની સેવાઓ ઉપલબ્ધ છે જે અંતર્ગત સ્માર્ટકાર્ડ દ્વારા કોઈપણ સ્ટેશનથી 50 રૂપિયાના મલ્ટીપલ રિચાર્જ કરાવી શકે છે
- જનમાર્ગ સેવા સમાજનાં તમામ વર્ગ માટે સુલભ છે. બસની અંદર વ્હીલચેર્સ માટેની વિશેષ જોગવાઈ ઉપલબ્ધ તેમજ દિવ્યાંગ નાગરિકોની સરળતા માટે સ્ટેશન પર રેમ્પ તથા ટાઈલ્સ અને રેખીય ટ્રેક આપવામાં આવ્યા છે. ●





# ગુજરાતે સહકારી ક્ષેત્રે વિકાસની નવતર કેડી કંડારી...






હર્ષદ રૂપાપરા

'વિના સહકાર નહીં ઉદ્ધાર' આવા ધ્યેય મંત્ર સાથે રાજ્યમાં અનેક સહકારી સંસ્થાઓ કાર્ય કરી રહી છે. દૂધ મંડળીઓ, ખેત ઉત્પાદન બજાર સંઘ, ધિરાણ મંડળીઓ વગેરે એ ગુજરાતના સહકાર ક્ષેત્રને આગવી ઓળખ આપી છે. આજે ગુજરાતની અમુલ, સૂમૂલ ડેરી, એ.પી. એમ.સી.ઓ, સહકારી બેંકો સહકાર ક્ષેત્રે સમગ્ર દેશનું નેતૃત્વ કરી રહી છે. સહકારી પ્રવૃતિના અતિ મહત્ત્વને ધ્યાને લઈને તેના વધુ વિકાસ માટે ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી છે. સહકારી સંસ્થાઓ સહકારના સાત સિદ્ધાંતો અનુસાર લોકશાહી ઢબે, નહિ નફો નહિ નુકસાનના ધોરણે, પોતાના સભાસદોના વિકાસ સાથે સમાજ પરત્વે પોતાનું ઉત્તરદાયિત્વ અદા કરે છે. સહકારી સંસ્થાઓએ રાજ્યમાં આર્થિક ઉપાર્જનમાં તો મહત્ત્વનું યોગદાન આપેલું જ છે, સાથે - સાથે રાજ્યમાં સામાજિક સમરસતાની ભાવના ફેલાવવાનું પણ અગત્યનું કાર્ય કર્યું છે. સહકારી પ્રવૃત્તિના વિકાસ માટેના સાનુકૂળ વાતાવરણના કારણે જ રાજ્યમાં 38 હજાર કરતાં વધુ ખેતી વિષયક, 42 હજાર કરતા વધુ બિન ખેતી વિષયક સહકારી મંડળીઓ તથા 19 રાજ્ય અને મધ્યસ્થ સહકારી બેન્કો કાર્યરત છે. રાજ્યમાં સહકારી પ્રવૃત્તિ વધુ મજબૂત બને અને સહકારી પ્રવૃતિ સાથે જોડાયેલા સભાસદો આર્થિક રીતે વધુ સક્ષમ બને તે માટે રાજ્ય સરકાર વિવિધ યોજનાઓ થકી સહાય આપવા કટિબદ્ધ છે.

- રાજ્યના કુલ ૪૬.૬૦ લાખ ખેડૂત ખાતેદાર પૈકી ૨૭.૬૭ લાખ ખેડૂત સભાસદોને ત્રિસ્તરીય સહકારી માળખા દ્વારા આવરી લેવામાં આવ્યા છે.
- ખેડૂતોને વ્યાજનું ભારણ ઓછું થાય અને તેનાથી ઉત્પાદન ખર્ચ ઓછું થાય એ માટે રાજ્ય સરકારે સમયસર પાક ધિરાણ ભરતા ખેડૂતો માટે ઝીરો ટકા વ્યાજની પાક ધિરાણ યોજના અમલી બનાવી છે, જેના માટે રૂ.૧૦૦૦ કરોડની જોગવાઈ મંજૂર થઈ છે.
- વર્ષ-૨૦૨૧-૨૨ માટે તાલુકા/જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘોના વિવિધ પ્રોજેક્ટ માટે ૫૦% કેપિટલ સહાયની યોજના હેઠળ રૂ.૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ રાજ્યની બજાર સમિતિઓમાં માળખાગત સુવિધાઓ ઊભી થાય તે માટે રૂ.૨૦ કરોડની જોગવાઈ.
- બજાર સમિતિઓમાં મોટા કદનાં વેરહાઉસ ગોડાઉન બનાવવા સહાય આપવાની યોજના અંતર્ગત રૂ.૧૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- ખેડૂતો ગ્રાહકોને સીધો જ માલ વેચી શકે જેથી તેઓને સારા ભાવ મળી રહે અને ગ્રાહકોને પણ વાજબી ભાવે ખેતપેદાશ મળી રહે તે માટે 'અપની મંડી' યોજના અંતર્ગત જરૂરી બજાર ઊભું કરવા રૂ. 50 લાખ અપાશે.
- રાજ્યની પ્રગતીશીલ સરકાર દ્વારા રાજ્યમાં ખેત પેદાશોના સંગ્રહ માટે ગોડાઉનો ઊભાં કરવા સહાય આપવાની વિવિધ યોજનાઓ અમલમાં છે.
- આ યોજના અંતર્ગત પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ૭૩% સુધીની સહાય આપવામાં આવે છે.

*સહકારી પ્રવૃત્તિના વિકાસ માટેના સાનુકૂળ વાતાવરણના કારણે જ રાજ્યમાં 38 હજાર કરતાં વધુ ખેતી વિષયક, 42 હજાર કરતા વધુ બિન ખેતી વિષયક સહકારી મંડળીઓ તથા 19 રાજ્ય અને મધ્યસ્થ સહકારી બેન્કો કાર્યરત છે.*





- આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૧૨૧૭ ગોડાઉન દ્વારા કુલ ૨.૭૩ લાખ મેટ્રિક ટનની સંગ્રહશક્તિ ઊભી થઈ છે.
- વ્યક્તિગત ખેડૂતો, ખેતી વિષયક સહકારી મંડળીઓને ૧૦૦ થી ૫૦૦ મેટ્રિક ટનનાં ગોડાઉન બનાવવા પ્રોજેક્ટ કોસ્ટના ૨૫% સહાય આપવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૨૩૭૮ ગોડાઉન થકી ૨,૨૭,૮૮૯ મેટ્રિક ટન સંગ્રહશક્તિ ઊભી થઈ છે.
- લાભાર્થીઓને અત્યાર સુધીમાં રૂ. ૨૯ કરોડની સહાય આ યોજના અંતર્ગત ચૂકવવામાં આવી છે.
- ખરીદવેચાણ અને સંગ્રહવ્યવસ્થા યોજના હેઠળ રૂ.૭૮ કરોડની જોગવાઈ.
- રાજ્યની ૧૨૨ બજાર સમિતિઓને ઈ-નામ સાથે જોડવામાં આવી છે.
- ગુજરાત રાજ્યમાં દૈનિક દૂધ એકત્રીકરણ ૨૧૫ લાખ લિટર પ્રતિદિન સુધી પહોચ્યું છે.
- રાજ્યમાં આ સભાસદોને દૈનિક રૂ. ૯૦ થી ૧૦૦ કરોડ પ્રતિદિન દૂધની કિંમત ચૂકવવામાં આવી રહી છે.
- રાજ્યની દૂધ સહકારી મંડળીઓ દ્વારા લૉકડાઉનના સમય દરમ્યાન પણ મંડળી સભાસદોનું ૧૭૭ લાખ લિટર તેમજ બિનસભાસદ પશુપાલકોનું દૈનિક ૧૫ લાખ લિટર દૂધ સંપાદન કરવામાં આવ્યું હતું.
- રાજ્ય સરકાર દ્વારા લૉકડાઉન દરમ્યાન નાના વેપારીઓ, મધ્યમ વર્ગની વ્યક્તિઓ, વ્યક્તિગત કારીગરો તથા શ્રમિકો માટે આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અમલમાં મૂકવામાં આવી છે.
- આ યોજના અંતર્ગત ગુજરાત રાજ્ય સહકારી બેન્ક, જિલ્લા સહકારી બેન્કો, મલ્ટિસ્ટેટ કો. ઓ. બેન્કો, નાગરિક સહકારી બેન્કો, ક્રેડિટ કો.ઓ. સોસાયટીઓ, ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીઓ મારફત ૨% ના દરે લાભાર્થીઓને ૩ વર્ષની મુદત માટે રૂ.૧ લાખ સુધીની રકમનું બિનતારણ ધિરાણ પૂરું પાડવામાં આવ્યું છે.
- લૉકડાઉન દરમ્યાન નાના વેપારીઓ, મધ્યમ વર્ગની વ્યક્તિઓ, વ્યક્તિગત કારીગરો તથા શ્રમિકો માટે આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-૨ અમલી.
- રાજ્યનો સહકારી ખાંડ ઉદ્યોગ ભારત સરકાર દ્વારા શેરડીના પ્રતિ મેટ્રિક ટનના જાહેર કરવામાં આવતા એફ.આર.પી. (ફેર એન્ડ રેમ્યુનરેટિવ પ્રાઇઝ) ભાવ કરતાં પણ સારા ભાવો આપે છે.
- રાજ્યના સહકારી ખાંડ ઉદ્યોગને રક્ષણ મળી રહે તે હેતુથી વર્ષ ૨૦૨૧-૨૨માં જુદી જુદી યોજનાઓ હેઠળ રૂ. ૨૫.૪૧ કરોડની જોગવાઈ.
- શેરડી પિલાણ સીઝન ૨૦૧૮-૧૯ ના શેરડી પેમેન્ટ માટે ખાંડ મિલોએ લીધેલી સોફ્ટલોન સામે, ભારત સરકારે એક વર્ષ માટે ૭% ની વ્યાજ રાહત માટેની યોજના અમલમાં મૂકી છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ માટે આ યોજના હેઠળ ખાંડ સહકારી મંડળીઓને વ્યાજ સહાયની ચુકવણી કરવા માટે રૂ. ૨૩ કરોડની જોગવાઈ.
- ખેતી વિષયક સહકારી મંડળીની સંખ્યામાં છેલ્લાં પાંચ વર્ષમાં 3500થી વધુનો વધારો.
- બિનખેતી વિષયક સહકારી મંડળીની સંખ્યામાં છેલ્લા પાંચ વર્ષમાં 3100થી વધુનો વધારો.
- છેલ્લા પાંચ વર્ષમાં ખેતી વિષયક મંડળીઓના લોન ધીરાણમાં રૂ.79000 લાખનો વધારો.
- છેલ્લા પાંચ વર્ષમાં બિન ખેતી વિષયક મંડળીઓના લોન ધિરાણમાં રૂ.39500 લાખનો વધારો.
- છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય અને મધ્યસ્થ સહકારી બેંકો દ્વારા લોન ધિરાણમાં રૂ.905000 લાખનો વધારો.

## પંચાયત

- પંચાયતીરાજ વ્યવસ્થાના સુદ્રઢીકરણ માટે અને ગ્રામીણ સ્તરે ખૂટતી સુવિધાઓ પૂરી પાડવા માટે લોકભાગીદારી થકી વિકાસ

કરવાની નેમ સાથે "માદરે વતન યોજના" અમલી બનાવાઈ છે.

- ૧૪માં નાણાપંચ અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષમાં રૂ.૮૧૩૨.૨૦ કરોડની ગ્રાન્ટની ફાળવણી સીધી ગ્રામ પંચાયતોને કરી વિકાસની ચિંતા કેન્દ્ર અને રાજ્ય સરકારે કરી છે.
- વર્ષ ૨૦૨૦-૨૧થી શરૂ થયેલું ૧૫મું નાણાપંચ વર્ષ ૨૦૨૫-૨૬ સુધી અમલમાં રહેશે.
- વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્યમાં મળવાપાત્ર ગ્રાન્ટનો ઉપયોગ ૫૦ ટકા ટાઇડ ગ્રાન્ટ અને ૫૦ ટકા અનટાઇડ (બેઝિક) મુજબ ઉપયોગ કરવાનો રહેશે.
- જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨થી ૨૦૨૫-૨૬ સુધી મળનાર ગ્રાન્ટનો ઉપયોગ ૬૦ ટકા ટાઇડ અને ૪૦ ટકા અનટાઇડ (બેઝિક) કરવાનો રહેશે.
- ૧૫માં નાણાપંચ હેઠળ મળનાર ગ્રાન્ટમાંથી ૭૦ ટકા ગ્રાન્ટ ગ્રામ પંચાયતોને, ૨૦ ટકા ગ્રાન્ટ તાલુકા પંચાયતોને અને ૧૦ ટકા ગ્રાન્ટ જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવશે.
- ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા દ્વારા રસ્તા, પીવાનું પાણી અને ગટર વ્યવસ્થા, આરોગ્ય અને શિક્ષણની પ્રાથમિક વ્યવસ્થા તેમજ સ્ટ્રીટ લાઇટની સુવિધા ઊભી કરવા ૧૫મા નાણાપંચ અંતર્ગત રૂ.૨૩૮૫ કરોડની જોગવાઇ.
- માદરે વતન યોજના હેઠળ જ્યારે કોઈ દાતા પોતાના ગામમાં શાળા, શાળાના રૂમ, સ્માર્ટ ક્લાસ, આંગણવાડી, હોસ્પિટલ, રસ્તા, પીવાના પાણીની સુવિધા, ગામ તળાવ, ગટર વ્યવસ્થા, સામૂહિક શૌચાલય, લાઇબ્રેરી, કોમ્યુનિટી હોલ, સ્મશાન વગેરે જેવી સુવિધાઓ વિકસાવવા માંગતા હોય તો તેમના દ્વારા આપવામાં આવતી દાનની રકમ જેટલી જ મેચિંગ રકમ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે જે માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરી છે.
- ગ્રામ પંચાયતો સફાઈ અંગે જાગૃત બને તે માટે ગ્રામ પંચાયતના સફાઈ કરની વસૂલાતના આધારે પ્રોત્સાહક ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે.
- મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ ગામડાઓમાં ડોર ટુ ડોર ઘન કચરાનું એકત્રીકરણ કરવા માટે રાજ્યનાં તમામ ગામોને આવરી લઇ વ્યક્તિ દીઠ માસિક રૂ.૨ ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ગ્રામ પંચાયતોને વ્યક્તિદીઠ માસિક રૂ.૨ ને બદલે રૂ.૪ આપવાનો નિર્ણય કરીને રૂ.૧૭૫.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી.
- નવીન પંચાયત ઘર કમ તલાટી આવાસ યોજના એ ગામડા માટે ખૂબ જ આશીર્વાદરૂપ યોજના છે. અત્યાર સુધીમાં કુલ ૩૨૩૪ નવીન ગ્રામ પંચાયત ઘર મંજૂર કરવામાં આવેલ જે પૈકી ૧૨૨ નવીન ગ્રામ પંચાયત ઘરને વર્ષ ૨૦૨૦-૨૧માં મંજૂરી આપવામાં આવી છે.



- બનેલી ગ્રામ પંચાયત કચેરીના મકાન પર તબક્કાવાર સોલાર રૂફટોપ સિસ્ટિમ લગાવવા માટે રૂ.૬ કરોડની નવી બાબત મંજૂર કરી છે.
- જિલ્લા પંચાયતોમાં રેકર્ડની વ્યવસ્થિત જાળવણી માટે કોમ્પ્યુટર સાથેનો રેકર્ડ રૂમ બનાવવા માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ. તથા નવીન બનેલ જિલ્લા/તાલુકા પંચાયત કચેરીના મકાન પર તબક્કાવાર સોલાર રૂફટોપ સિસ્ટિમ લગાવવા માટે રૂ.૪ કરોડની નવી બાબત મંજૂર કરી છે.
- ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત રાજ્યના ૧૪૧૭૯ ઇ-ગ્રામ સેન્ટર ખાતેથી ઇ-સેવાઓનું વિસ્તરણ કરવામાં આવ્યું છે.
- તમામ જિલ્લા અને તાલુકા પંચાયતો ખાતે વીડિયો કોન્ફરન્સની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
- સાયન્સ અને ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા શરૂ થયેલ ડિજિટલ સેવા સેતુ હેઠળ વિવિધ વિભાગની ૫૫ સેવાઓનો લાભ ઈ-ગ્રામ સેન્ટર દ્વારા ગામ લોકો સુધી પહોંચાડવામાં આવે છે
- વાદ નહીં, વિવાદ નહીં, પરંતુ સંવાદ દ્વારા સર્વ સંમતિથી (બિનહરીફ) ચૂંટાયેલ ગ્રામ પંચાયતને પ્રોત્સાહક રકમ આપવાની યોજના એટલે સમરસ યોજના જેના થકી, અત્યાર સુધીમાં કુલ-૧૩,૪૭૧ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઇ છે તે પૈકી ૬૫૨ ગ્રામ પંચાયતો મહિલા સમરસ જાહેર કરીને રૂ..૨૪૬ કરોડની પ્રોત્સાહક રકમ આપવામાં આવી છે.
- ગ્રામ પંચાયતોને જરૂરી કમ્પ્યૂટર વ્યવસ્થા અને હાઇ-સ્પીડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી પૂરી પાડવા રૂ.૯૦ કરોડની જોગવાઇ.
- નવીન બનેલ ગ્રામ પંચાયત/તાલુકા પંચાયત/જિલ્લા પંચાયતના મકાનો પર સોલાર રૂફ ટોપ માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ.●




# ગુજરાતના શ્રેષ્ઠ નાણાકીય વ્યવસ્થાપનમાં ઈન્ફર્મેશન ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ



**સંજયસિંહ ચાવડા**

માનવ શરીરમાં જે રીતે લોહી, માથાથી લઈને પગ સુધી ફરે છે અને સમગ્ર શરીરને કાર્યરત રાખે છે તેવી જ રીતે આધુનિક અર્થતંત્રમાં નાણું પણ સમગ્ર અર્થતંત્રને ધબકતું રાખે છે.આજે સર્વાંગી વિકાસનું સાધન નાણું છે ત્યારે દરેક સરકારનો ઉદ્દેશ્ય ગમે તેટલો સારો હોય પરંતુ આ ઉદ્દેશ્ય પૂર્તિ માટે નાણાકીય સાધનોની ઉપલબ્ધિની જરૂર હોય છે. તેની સાથે નાણાની ફાળવણી જે હેતુ માટે થઈ છે તે જ હેતુ માટે વપરાય તેવું શિસ્ત સાથેનું થયેલું નાણાકીય વ્યવસ્થાપન જ સર્વ સમાવેશક વિકાસનાં લક્ષ્યાંકો પૂર્ણ કરવામાં સફળતા અપાવે છે.

છેલ્લા દોઢ વર્ષથી કોરોના મહામારીના કારણે સમગ્ર વિશ્વનું અર્થતંત્ર મંદીના કપરા સમયમાંથી પસાર થઈ રહ્યું છે. આવા સમયે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત સરકાર ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને શ્રેષ્ઠ નાણાકીય વ્યવસ્થાપનમાં સમગ્ર દેશમાં રોલમોડલ પુરવાર થઈ છે. ગુજરાત રાજયે કોરોના સામેની લડાઈ મક્કમતાથી લડીને વિકાસકૂચને પણ અવિરત આગળ વધારી છે. છેલ્લા દોઢ દાયકાથી ગુજરાત રાજ્યનું બજેટ પુરાંતવાળું રહ્યું છે. ગુજરાતે વધારાનો એક પણ ઓવરડ્રાફ્ટ લેવો પડ્યો નથી, જે ગુજરાત રાજ્યની નાણાકીય સધ્ધરતા અને શ્રેષ્ઠ નાણાકીય વ્યવસ્થાપનનું ઉદાહરણ પૂરું પાડે છે.

અત્યાર સુધીનું સૌથી મોટુ અંદાજપત્ર વર્ષ ૨૦૨૧-૨૨માં આપીને ગુજરાત સરકારે નાણાકીય વ્યસ્થાપનનો ચિતાર આપ્યો. જેમાં આરોગ્ય સુવિધાઓ, શૈક્ષણિક વ્યવસ્થા અને પીવાના પાણી જેવી પાયાની જરૂરિયાતોને વધુ સુદ્રઢ કરવાની નેમ સાથે નવી ઔદ્યોગિક

**છેલ્લા દોઢ દાયકાથી ગુજરાત રાજ્યનું બજેટ પુરાંતવાળું રહ્યું છે. ગુજરાતે વધારાનો એક પણ ઓવરડ્રાફ્ટ લેવો પડ્યો નથી, જે ગુજરાત રાજ્યની નાણાકીય સધ્ધરતા અને શ્રેષ્ઠ નાણાકીય વ્યવસ્થાપનનું ઉદાહરણ પૂરું પાડે છે.**



નીતિ, નવી પ્રવાસન નીતિ,નવી સોલાર નીતિ દ્વારા રોજગાર સર્જન જેવાં અગત્યનાં તમામ ક્ષેત્રો પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

- રાજ્ય સરકારના સમગ્ર અંદાજપત્રનું કદ રૂ. ૨,૨૭,૦૨૯ કરોડનું છે. જેમાં વિકાસલક્ષી ખર્ચ રૂ. ૧,૩૨,૧૫૦ કરોડ જેટલો ઊંચો છે, જે બિનવિકાસલક્ષી ખર્ચ રૂ.૯૦,૭૦૬ કરોડની સાપેક્ષે રૂ.૪૧,૪૪૪ કરોડના ખર્ચનો વધારો દર્શાવે છે.
- રાજયના અંદાજપત્રમાં રૂ.૫૮૮ કરોડની પુરાંત સાથે રૂ.૧૨૦૯ કરોડની મહેસૂલી પુરાંત. જ્યારે એકત્રિત ભંડોળ હેઠળ કુલ આવક રૂ.૨,૨૩,૯૨૦ કરોડ જે ગત વર્ષ કરતાં ૧૬.૬%નો વધારો દર્શાવે છે.
- રાજયની પોતાની કર આવકની જો વાત કરીએ તો રૂ. ૧,૧૧,૭૦૬ કરોડ થવાનો અંદાજ છે. જે ગત વર્ષ કરતા ૬.૨ % વધુ છે.જયારે બિન-કર આવક ૧૬,૮૦૨ કરોડ છે.
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વમાં ગુજરાત ઔદ્યોગિક રોકાણોમાં વર્ષ ૨૦૨૦-૨૧માં દેશના કુલ ફોરેન ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટ FDI માંથી ૩૭% FDI મેળવી સતત ચોથા વર્ષે દેશભરનાં રાજ્યોમાં ટોચ પર રહ્યું છે.
- નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ગુજરાતમાં મોટાભાગનું વિદેશી રોકાણ કમ્પ્યૂટર સોફ્ટવેર અને હાર્ડવેર ક્ષેત્રમાં ૯૪% ટકા જેટલું આવ્યું છે. આ ક્ષેત્રમાં દેશમાં આવેલા કુલ રોકાણમાં એકલા ગુજરાતનો હિસ્સો જ ૭૮% છે.
- રાજ્ય સરકારે ઇન્ફોર્મેશન ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને શ્રેષ્ઠતમ ઇ-ગવર્નન્સ માળખું ઊભું કરવાના ઉદ્દેશ સાથે સંકલિત નાણાકીય વ્યવસ્થાપન પદ્ધતિ અમલમાં મૂકી છે.
- રાજ્ય સરકારનાં તમામ ભરણાં ઓનલાઇન કરવાના લક્ષ્ય સાથે રાજ્ય સરકાર દ્વારા ઉઘરાવવામાં આવતા કર, કરદાતાઓ ઘરબેઠાં ઓનલાઇન ભરી શકે તે માટેની વ્યવસ્થા અંતર્ગત સાઇબર ટ્રેઝરી પોર્ટલનું ૨૨ જેટલા વિભાગ સાથે ઇન્ટિગ્રેશન કરવામાં આવ્યુ છે.
- કરદાતા ડેબિટ /ક્રેડિટ કાર્ડથી ચુકવણા કરી શકે તે માટે SBI E-payના પેમેન્ટ ગેટ વેની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.
- IFMSનું e-kuber સાથે ઇન્ટિગ્રેશન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજયની તમામ જિલ્લા તિજોરી કચેરીઓ/પીએઓ/ પીપીઓ/ ખાતેથી e-kuber મારફતે e-payment શરુ કરવામાં આવ્યું જેના કારણે જે તે વ્યક્તિનું ચુકવણું ઝડપથી કરી શકાય છે.
- રાજયમાં ગુજરાતના સ્ટેટ ડી.બી.ટી.પોર્ટલ પર ૧૪ વિભાગોની ૨૫૪ સ્કીમો કાર્યરત છે જેના માધ્યમથી લાભાર્થીઓની રકમ સીધા તેમના ખાતામાં જમા કરાવવામાં આવે છે.
- Digital Gujarat portal સાથે ઇન્ટિગ્રેશન કરી રાજ્યના ૬૦ લાખથી વધુ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ તથા ગણવેશ સહાયના ચુકવણા સીધા તેમના ખાતામાં જમા કરવામાં આવે છે.
- પેન્શનની તમામ કામગીરી ઓનલાઇન કરવામાં આવેલ હોવાથી પેન્શન મેળવતા વરિષ્ઠ નાગરિકોની સુગમતામાં વધારો થયો છે સાથે તેમની હયાતીનું પ્રમાણપત્ર Jeevanpramaan portal મારફત કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

સમગ્ર ભારતના સંદર્ભમાં જોઈએ તો દેશના કુલ જીડીપીમાં ગુજરાતનો ફાળો ૮%, નિકાસમાં ૨૨% અને દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૭% જેટલો હિસ્સો ધરાવે છે. સુચારુ નાણાકીય વ્યવસ્થાપન દ્વારા ગુડ ગવર્નન્સ રૂપાણી સરકારની પ્રાથમિકતા રહી છે. સાથે નાગરિકોને ઓનલાઇન સુવિધાઓ પુરી પાડવા માટે ઘણી બધી પ્રક્રિયાઓનું સરળીકરણ પણ કરવામાં આવ્યું છે. જેનો લાભ રાજયના અર્થતંત્રને પણ મળ્યો છે. ●






# દેશ - વિદેશના પ્રવાસીઓની પહેલી પસંદ ગુજરાત...



યોગેશ પંડ્યા

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પોતાના સંબોધનમાં હંમેશાં એક વાત સતત કરતા આવ્યા છે. તેઓ કહે છે કે કોરોનાની મહામારીમાં વિશ્વના અનેક મોટા દેશોની અર્થવ્યવસ્થા અને કારોબાર ઠપ્પ થઈ ગયેલા, ત્યારે પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતની વિકાસ યાત્રા સતત ચાલુ રહી છે. ગુજરાતની વિકાસ યાત્રા ઉપર નજર કરીશું તો મુખ્યમંત્રીશ્રી દ્વારા કોરોના મહામારીના સંદર્ભમાં કહેવાયેલી વાત ખૂબ જ સાચી જણાય છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી પ્રોજેક્ટના વિવિધ તબક્કાઓથી લઈને હમણાં જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાષ્ટ્રને સમર્પિત કરાયેલા ગાંધીનગરના આધુનિક રેલવે સ્ટેશન કે પછી ગુજરાત સાયન્સ સિટીના એક્વેટિક ગેલેરી, રૉબૉટિક ગેલેરી અને નેચર પાર્ક જેવા પ્રોજેક્ટના શુભારંભ ઉપર નજર કરીએ તો- એક બાબત સ્પષ્ટ જણાઈ આવશે કે આ તમામ પ્રોજેક્ટ પાછળનો મુખ્ય હેતુ આંતર માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવાનો અને તેના દ્વારા રાજ્યના પ્રવાસન ક્ષેત્રને વેગ આપવાનો છે.

કોરોના મહામારીને કારણે સૌથી મોટો ફટકો પ્રવાસન ક્ષેત્રને પડ્યો છે, પરંતુ તેની સામે એ વાત એટલી જ સાચી છે કે જયારે પણ કોરોના મહામારી નામશેષ થશે કે નબળી પડશે ત્યારે સૌથી વધુ વિકાસ પ્રવાસન ક્ષેત્રમાં જ જોવા મળશે.મુખ્યમંત્રીના નિર્ણાયક નેતૃત્વ હેઠળ ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્ર માટે જે મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે- તેની ઝલક નીચેની બાબતો ઉપરથી મળી રહે છે.

> ગાંધીનગરના આધુનિક રેલવે સ્ટેશન કે પછી ગુજરાત સાયન્સ સિટીના એક્વેટિક ગેલેરી, રૉબૉટિક ગેલેરી અને નેચર પાર્ક જેવા પ્રોજેક્ટના શુભારંભ ઉપર નજર કરીએ તો- એક બાબત સ્પષ્ટ જણાઈ આવશે કે આ તમામ પ્રોજેક્ટ પાછળનો મુખ્ય હેતુ આંતર માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવાનો અને તેના દ્વારા રાજ્યના પ્રવાસન ક્ષેત્રને વેગ આપવાનો છે.

## નિર્ણાયક નેતૃત્વ હેઠળ લેવાયેલા મહત્ત્વના નિર્ણય

- યુનેસ્કોના ૨૦૧૭ના વર્લ્ડ હેરિટેજ સિટી લિસ્ટમાં અમદાવાદનો હેરીટેજ સિટી તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે - જે પ્રવાસન ક્ષેત્રને ટોચની અગ્રતા આપતા ગુજરાત માટે ખૂબ મોટી સિદ્ધિ છે.
- વર્તમાન સરકારના નિર્ણાયક નેતૃત્વ હેઠળ વિકસાવેલા જુદા-જુદા પ્રોજેક્ટોને કારણે ગુજરાતમાં છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતની મુલાકાતે આવતા પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયો છે.
- વૈશ્વિક વિકાસના રોલમોડેલ બનેલા ગુજરાતની વિશ્વખ્યાતિમાં હવે નવો કીર્તિમાન 'ગ્લોબલ ચોઈસ ફોર ટુરિઝમ' પ્રસ્થાપિત કરવાની નેમ સાથે ગુજરાતે નવી પ્રવાસન નીતિ ૨૦૨૧-૨૫ની જાહેરાત કરી છે અને આ નવી પ્રવાસન નીતિ ૨૦૨૧-૨૫માં રાજ્યમાં પ્રવાસન વૃદ્ધિ સાથે પર્યાવરણ સમૃદ્ધિનો નવતર અભિગમ અપનાવ્યો છે.
- નવી પ્રવાસન નીતિ ૨૦૨૧-૨૫ અંતર્ગત અંદાજિત રૂ.૧૬,૦૦૦ કરોડથી પણ વધારે મૂડીરોકાણ આવશે અને અંદાજીત ૨૫,૦૦૦ જેટલી રોજગારીની તકો પ્રાપ્ત થશે.

## સીમાદર્શન-નડાબેટ

નડાબેટ સ્થળના વિકાસ માટે પ્રથમ તબક્કામાં રૂપિયા ૨૫ કરોડ, બીજા તબક્કામાં રૂપિયા ૩૨ કરોડ તથા ત્રીજા તબક્કામાં રૂપિયા ૪ કરોડનાં વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહેલાં છે.

## જૂનાગઢ ઉપરકોટ

જૂનાગઢ ખાતે ઐતિહાસિક ઉપરકોટ કિલ્લો આવેલો છે, જેનું ઐતિહાસિક મહત્ત્વ છે, હેરિટેજ પ્રકારના પ્રોજેક્ટ માટે રૂ.૪૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

## ડાઇનાસોર મ્યુઝીયમ

મહીસાગર જિલ્લાના બાલાસિનોર શહેરથી ૧૧ કિલોમિટરના અંતરે રૈયોલી ગામ ખાતે ડાઇનાસોર મ્યુઝિયમ રૂપિયા ૭ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટના બીજા તબક્કાની કામગીરી રૂપિયા ૨૨ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવી રહી છે.

## આંબરડી સફારી પાર્કઃ

અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં આવેલ આંબરડી સફારી પાર્ક એ એશિયાટિક લાયનને તેમના પ્રાકૃતિક આવાસમાં નિહાળવા માટેનું રમણીય સ્થળ છે. પ્રવાસીઓને ખૂટતી પાયાની સુવિધા મળી રહે તે હેતુથી વન વિભાગના પરામર્શમાં ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા "ધારીના આંબરડી સફારી પાર્ક આસપાસ સુવિધાઓ"નામનો રૂ.૨૫.૬૭ કરોડનો પ્રોજેક્ટ હાથ ધરેલ છે.

- દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દ્વારકા અને ઓખા વચ્ચે આવેલા શિવરાજપુરને પર્યટન, પર્યાવરણ અને સલામતીને ધ્યાને રાખીને બ્લ્યૂ ફ્લેગ બીચ તરીકે માન્યતા મળી છે.

## સાસણ પ્રોજેક્ટ

સાસણ ગીર ખાતે આવતા પ્રવાસીઓને મળતી હયાત સુવિધામાં વધારો કરવા માટે નિગમ દ્વારા ડેવલપમેન્ટ ઓફ સાસણગીરની કામગીરી રૂપિયા ૩૨ કરોડના ખર્ચે હાથ ધરેલ છે

## સાપુતારા પ્રોજેક્ટ

ગુજરાતના એક માત્ર ગિરિમથક એવા સાપુતારા ખાતે આવતા પ્રવાસીઓની સંખ્યાને ધ્યાને રાખીને ગુજરાત પ્રવાસન દ્વારા હયાત લેકના વિકાસની કામગીરી અર્થે ટેન્ડરિંગ પ્રક્રિયા હાથ ધર્યા બાદ રૂ.૨૫ કરોડનો વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે.

## હોમસ્ટે પોલિસી

- ગુજરાત રાજ્યમાં પ્રવાસનને વેગ મળે તેમજ સ્થાનિક રોજગારી વધે તે ઉદ્દેશ્યથી હોમસ્ટેની યોજના લાગુ કરવામાં આવેલ હતી. જેને સરળ કરવા બનાવવા માટે હોમસ્ટેની નવી રીવાઈઝ્ડ પૉલિસી તા.૨૩/૧૨/૨૦૨૦થી બહાર પાડવામાં આવેલ છે જેથી તેનો મહત્તમ લાભ લોકો સુધી પહોંચાડી શકાય. જે પરત્વે હોમસ્ટે ધારકને વીજળી તેમજ મ્યુનિસિપલ ટેક્સ તથા વોટર ટેક્સ રેસિડેન્શિયલ એટલે કે રહેણાક દરો ચાર્જ કરાશે,પ્રવાસન નિગમ દ્વારા હોમસ્ટે ધારકોને એક વખત ટુંકા ગાળાની તાલીમ આપવામાં આવશે તેમજ તેઓનું પ્રવાસન નિગમ દ્વારા માર્કેટિંગ તેમજ માર્ગદર્શન તથા પ્રોત્સાહન આપવામાં આવશે.




## મેળા અને ઉત્સવો

- રણ ઉત્સવ ૨૦૧૫-૧૬ દરમ્યાન ઓલ ઈન્ડિયા DGP/IGP કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલું. જેમાં માન. વડાપ્રધાનશ્રી પણ ઉપસ્થિત રહેલ. રણ ઉત્સવ ૨૦૧૬-૧૭ દરમ્યાન ધોરડો ખાતે ભારત સરકારના પ્રવાસન, કલ્ચર અને સ્પોટ્ર્સ વિભાગના મિનિસ્ટર્સ/સેક્રેટરીશ્રીઓની કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ ઓલ ઈન્ડિયા પ્રવાસન સમિટમાં એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત ગુજરાત સરકાર તથા છત્તીસગઢ સરકાર સાથે એમ.ઓ.યુ.કરવામાં આવેલ.

## યાત્રાધામ

- એપ્રિલ, ૨૦૧૭થી આઠ મુખ્ય યાત્રાધામો-અંબાજી, સોમનાથ, દ્વારકા, ડાકોર, શામળાજી, પાવાગઢ,પાલિતાણા અને ગીરનાર ખાતે કુલ ૧૧ લાખ ચો.મી કરતાવધુ વિસ્તારમાં ઉચ્ચ કક્ષાની સ્વચ્છતાની કામગીરી ચાલુ છે.
- ગીરનાર પર્વત પર પ્રવાસીઓ સહેલાઇ થી અંબાજી માતાના દર્શન કરી શકે તે હેતુ થી રૂ.130 કરોડના ખર્ચે પી.પી.પી. ધોરણે રોપ વે યોજનાની કામગીરી પૂર્ણ થઇ છે. અને તેનું વડાપ્રધાન દ્વારા લોકાર્પણ કરવામાં આવેલ છે. જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં ૨.૫૪ લાખ યાત્રાળુઓએ આ રોપવે યોજનાનો લાભ લીધો છે.
- વડોદરા જિલ્લાના કરનાળી ખાતે નર્મદા નદી કાંઠે કુબેરભંડારી મંદિરથી ત્રિવેણી સંગમ સુધી ૧૫૦૦ મીટરનો ઘાટ અને અન્ય સુવિધા ઊભી કરવા રૂ.૫૩ કરોડના ખર્ચે કામગીરી શરૂ કરવામાં આવેલી છે.

## નાગરિક ઉડ્ડયન

- ઉડાન યોજના હેઠળ રાજ્યના ૯ એરપોર્ટનો સમાવેશ કરી ૩૩ રૂટ ઉડાન યોજના હેઠળ ભારત સરકારશ્રીની રિજિયોનલ કનેક્ટિવિટી સ્કીમ હેઠળ સમાવેશ કરાવવામાં આવેલો છે.

જેમાં મુસાફરોએ વ્યાજબી દરની હવાઇ મુસાફરીનો રિજિયોનલ કનેક્ટિવિટી સ્કીમ (આર.સી.એસ.) સેવાનો લાભ લીધેલ છે.

- ગુજરાત એક એવું રાજ્ય છે કે, જ્યાં વન અને વન્યજીવન જ નહીં, પણ સમગ્ર જૈવિક વિવિધતાના સંરક્ષણ અર્થે દીર્ઘદષ્ટિ પૂર્ણ આયોજન કરાયું છે. જેને પરિણામે દેશ જ નહીં, પરંતુ વિશ્વના પ્રવાસીઓ ગુજરાત તરફ આકર્ષાયા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજ્ય સરકારે લીધેલાં અનેક ક્રાંતિકારી પગલાંઓના પરિણામે ગુજરાતનો પ્રવાસન ક્ષેત્રે અદ્ભુત વિકાસ થયો છે.
- સ્વદેશ દર્શન સ્કીમ હેઠળ હેરિટેજ સર્કિટના વિકાસ અંતર્ગત અમદાવાદ, રાજકોટ, પોરબંદર, બારડોલી અને દાંડીમાં ગાંધીજીની સ્મૃતિ સાથે સંકળાયેલ સ્થળોના વિકાસ. રાજકોટ શહેર ખાતે આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ગાંધીજીના જીવન કવનને પ્રદર્શિત કરતા મ્યુઝિયમનું રૂ. ૧૯.૮૭ કરોડના ખર્ચે નિર્માણ.
- ટૂરિઝમ અને હોસ્પિટાલિટી ક્ષેત્રે યુવાનોને રોજગારીના અનેક અવસરો. છેલ્લાં ૪ વર્ષમાં ૨૫,૦૦૦ થી વધુ યુવાનોને તાલીમ આપવામાં આવી છે.
- દિવ્યાંગ અને સિનિ.સિટીઝનો યાત્રાધામો ખાતે સરળતાથી દર્શન કરી શકે તે માટે છેલ્લાં ચાર વર્ષમાં ૧૯૩ ઈ-રિક્ષા, ૩૭૬ વ્હિલચેર અને ૧૯૮૮ બાંકડાની કુલ રૂ.૨૦૭.૪૫ લાખના ખર્ચે સુવિધા ઊભી કરાઈ,
- ઈકો ટૂરિઝમને વેગ આપવા રાજ્ય સરકાર દ્વારા પોળોના જંગલો, રતનમહાલ, પદમડુંગરી, ગીરાધોધ, ઝરવાણી, જૂનારાજ, કોડાવાડીલા ડેમ, નળસરોવર વગેરે સ્થળોએ પ્રવાસી સુવિધામાં અનેકગણો વધારો કરાયો છે.
- રાજ્ય સરકારે પ્રવાસન ક્ષેત્રે લીધેલાં સર્વગ્રાહી પગલાંને પરિણામે ગુજરાતની મુલાકાતે આવતા સહેલાણીઓમાં ૧૪ ગણો વધારો થયો છે. પાંચ કરોડ જેટલા સહેલાણીઓએ ગુજરાતની મુલાકાત લેતા પ્રવાસન ક્ષેત્રને નવો વેગ મળતાં વિપુલ પ્રમાણમાં રોજગારીનું નિર્માણ થયું છે.



- દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમાનું પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોકાર્પણ. કાયમી ટેન્ટ સિટીની સુવિધા ઉપરાંત ૧૦૦ યુવાનોને ગાઇડની તાલીમ. ગુજરાત રાજ્યના પ્રવાસનને વેગ મળવા સાથે આદિવાસી વિસ્તારનો સર્વગ્રાહી વિકાસ થયો છે.
- નવસારી જિલ્લાના દાંડી ખાતે ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા અંદાજિત રૂપિયા ૭૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરિયલ વડાપ્રધાનશ્રી દ્વારા રાષ્ટ્રને સમર્પિત.
- ગુજરાતમાં બૌદ્ધ સર્કિટમાં ૧૩ સ્થળોના વિકાસથી ગુજરાત પ્રવાસન ક્ષેત્રને મળશે અનેરો વેગ. સ્વદેશ દર્શન યોજના હેઠળ જુનાગઢ- ઉપરકોટ, બાબા પ્યારે ગુફા, ખાપરા ખોડિયા, અશોક રોક એડિટ અને વે સાઈડ એમેમિટિઝ, ગીર સોમનાથ - સાના ગુફા, પ્રભાસ-પાટણ પાટણ ગુફા, ભરૂચ - કાળિયા ડુંગર, કચ્છ - સિહોત ગુફા, ભાવનગર - તળાજા ગુફા, રાજકોટ - ખંભાળિયા ગુફા, તારંગા ગુફા, મહેસાણા - વડનગર મોનેસ્ટ્રીને આવરી લેવામાં આવી છે.
- શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટીને વિશ્વની આઠમી અજાયબી તરીકે જાહેર કરવામાં આવી છે.
- વિશ્વ પ્રસિદ્ધ ટાઇમ મેગેઝિન દ્વારા ૨૦૧૯માં વિશ્વના શ્રેષ્ઠ ૧૦૦ પ્રવાસન સ્થળોમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે સમગ્ર દેશ માટે ગૌરવનો વિષય છે.
- આઉટલુક દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટીને શ્રેષ્ઠ આકર્ષક પર્યટક સ્થળના વર્ગમાં"પ્રેસ્ટિજીયસ ટ્રાવેલર એવોર્ડ ૨૦૨૦"થી સન્માનિત કરવામાં આવેલું છે.
- ઓછી મૂડી-વધુ રોજગાર એ પ્રવાસન ક્ષેત્રની વિશેષતા છે. આ બાબત ધ્યાને રાખી રાજ્યની પ્રવાસન વિવિધતાઓના સાતત્યપૂર્ણ વિકાસ દ્વારા સ્થાનિક રોજગારને તક આપવા રાજ્ય સરકાર અવાર નવાર પ્રોત્સાહક પગલાઓ જાહેર કરતી રહી છે. ગુજરાતના પ્રવાસન સ્થળોને માત્ર દેશમાં જનહીંપરંતુ, દુનિયામાં પણ ખ્યાતિ મળે તે રીતે આંતરરાષ્ટ્રીય કક્ષાના માપદંડો સાથે વિકસાવી ગુજરાત ગ્લોબલ ચોઇસ ફોર ટુરીઝમ બને તે દિશામાં કામગીરી શરૂ કરાઇ છે. પ્રવાસનના વિકાસની હરણફાળને વેગવંતી બનાવવા રાજ્યના અંદાજપત્રમાં ૪૮૮ કરોડની જોગવાઈ. જ્યારે ગુજરાતમાં આવનાર પ્રવાસીઓને ગુણવત્તાસભર આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે ૩૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ●

# વન અને પર્યાવરણનું જતન, ગુજરાત સરકારનું વચન






દર્શન ત્રિવેદી

જળવાયુ પરિવર્તનના વૈશ્વિક પડકાર વચ્ચે કુદરતે માનવને આપેલી અણમોલ વનસંપદા અને પર્યાવરણનું જતન તથા લોકાભિમુખ સંવર્ધન થાય એવી કાર્યશૈલી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની નેતૃત્વમાં ગુજરાત સરકારની રહી છે. રાજ્યના વનવિસ્તારોનું જતન અને સંવર્ધન તથા પર્યાવરણીય બાબતો અંગે ચોક્કસ પૉલિસીના કારણે છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં વિકાસને ઈકોફ્રેન્ડલી નામની નવી દિશા મળી છે અને નવાં પરિમાણો સ્થાપિત થયાં છે.

રાજ્યમાં વન વિભાગ દ્વારા પ્રતિ વર્ષ વનમહોત્સવ, મેન્ગ્રુવ વાવેતર, દરિયાઈ જીવસૃષ્ટિના સંરક્ષણ, ઝીરો કાર્બન એમિનેશનને પ્રોત્સાહન જેવી બાબતો સાથે એશિયાના સૌથી મોટા બન્ની ગ્રાસલેન્ડ ડિમાર્કેશન, સ્ટેચ્યૂ ઓફ યુનિટીના વિવિધ પ્રોજેક્ટ, સીવેઝ વોટર માટે રિટ્રીટ એન્ડ રિયુઝ પૉલિસી જેવી બાબતો ઊડીને આંખે વળગે એવી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની દૃઢ રાજકીય ઈચ્છાશક્તિના પરિણામે પેસા કાયદાના અમલથી આદિવાસીઓને જંગલની જમીનના અધિકારો મળ્યા છે. તો બીજી બાજુ ગુજરાતની ઓળખ બની ચૂકેલા એશિયાઇ સિંહોના સંરક્ષણ માટે રાજ્ય સરકારે લીધેલાં કદમ વિશેષ સિદ્ધિ છે. વન અને પર્યાવરણ વિભાગ દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં થયેલી કામગીરી જાણવી રસપ્રદ બની રહેશે.

**છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમા વિકાસને ઇકોફ્રેન્ડલી નામની નવી દિશા મળી છે. વનમહોત્સવ, મેન્ગ્રુવ વાવેતર, દરિયાઈ જીવસૃષ્ટિના સંરક્ષણ, ઝીરો કાર્બન એમિનેશનને પ્રોત્સાહન જેવી બાબતો સાથે એશિયાના સૌથી મોટા બન્ની ગ્રાસલેન્ડ ડિમાર્કેશન, સ્ટેચ્યૂ ઓફ યુનિટીના વિવિધ પ્રોજેક્ટ, સીવેઝ વોટર માટે રિટ્રીટ એન્ડ રિયુઝ પૉલિસી જેવી બાબતો ઊડીને આંખે વળગે એવી છે.**

## વન અને પર્યાવરણ વિભાગ

- રાજ્યમાં આવેલ વનોના વિકાસ અને સંવર્ધન હેતુસર રૂ.૨૮૬ કરોડની જોગવાઈ કરાઈ છે. વન વિસ્તાર સિવાયના વિસ્તારોમાં સામાજિક વનીકરણને વેગવંતું બનાવવા માટે રૂ.૨૧૯ કરોડની જોગવાઈ છે.
- યુઝર એજન્સી પાસેથી મળેલ રકમમાંથી વળતર વનીકરણ અને વન વિકાસની કામગીરીઓ માટે કેમ્પા ફંડ અંતર્ગત રૂ.૧૮૨ કરોડ અને વન્યપ્રાણીની વ્યવસ્થા અને વિકાસ માટે રૂ.૧૭૬ કરોડની જોગવાઈ.
- ઘાસ અને વાંસના વિકાસના સૂત્ર સાથે કચ્છ ઘાસચારા સ્વાવલંબન યોજના અંતર્ગત ૨,૪૪૦ હેક્ટર ઘાસિયા મેદાનોને પુનઃજીવિત કરી ઘાસ ઉત્પાદન ક્ષમતા વધારવા અને ઘાસ ગોડાઉન બાંધકામ માટે રૂ.૧૭ કરોડની જોગવાઈ સાથે કચ્છમાં બન્ની ગ્રાસ લેન્ડનું ડિમાર્કેશન કરી જંગલ અને મહેસૂલ વિભાગની જમીન અલગ કરવામાં આવી છે.
- કમલમ્ (ડ્રેગન ફ્રુટ)ના બે લાખ રોપા નર્સરીમાં ઉછેર કરી કેવડિયાની આજુબાજુ ૫૦ કિલોમિટરની ત્રિજ્યામાં કમલમ્-નું વાવેતર તથા જાળવણી માટે રૂ.૧૫ કરોડની જોગવાઈ.
- રાજ્યના દરિયાકાંઠે આવેલ ચેરનાં જંગલોનો વિકાસ, ઘાસનાં મેદાનો, જળપ્લાવિત વિસ્તારો અને જંગલોની પુનઃસ્થાપના કરવા ૨૧ જિલ્લાઓમાં કુલ ૯ વર્ષના સમયગાળા માટે રૂ.૧૦૭૨ કરોડની જાપાન ઈન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી (જાયકા) સહાયિત યોજનાના પ્રથમ વર્ષ માટે રૂ.૧૫ કરોડની જોગવાઈ.
- રોજગારીની તકો ઊભી કરવા અને વાંસની ઉપલબ્ધતા વધારવાના હેતુથી પૂર્વપટ્ટીના ૧૪ જિલ્લાઓના વનોમાં વાંસઝુંડની વૈજ્ઞાનિક ઢબે માવજત કરી ઉત્પાદકતા વધારવા તેમજ આજીવિકાપૂર્તિ માટે કૌશલ્યવર્ધન કેન્દ્રોની સ્થાપના માટે રૂ.૧૨ કરોડની જોગવાઈ.

- એશિયાઈ સિંહોના એકમાત્ર નિવાસસ્થાન ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય તથા બૃહદ્ ગીર વિસ્તારના જિલ્લાઓ જેવા કે, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લાના મહેસૂલી,વીડી વિસ્તારમાં સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે ભારત સરકાર દ્વારા અમલમાં આવનાર લાયન પ્રોજેક્ટના પ્રથમ વર્ષ માટે રૂ.૧૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે.
- ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય તથા બૃહદ ગીર વિસ્તારમાં આવતા સિંહોને ખોરાક વધારવા હેતુ પ્રે-બેઝ તૈયાર કરવા સાંભર બ્રીડિંગ સેન્ટર બનાવવાની કામગીરી માટે રૂ.૧૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- એશિયાઇ સિંહોની વર્તમાન વસતિની સ્થિતિને અને વિસ્તરણની સમજ વિકસાવવા માટે પૂનમ અવલોકનથી સિંહની વસ્તીનો અંદાજ મેળવવામાં આવ્યો. એશિયાઇ સિંહોની વસતિ વર્ષ ૨૦૧૫માં ૫૨૩ સામે ૨૦૨૦માં ૨૯ ટકાના વધારા સાથે ૬૭૪ સિંહો નોંધાયા છે. સિંહોના વિચરણ વિસ્તાર આ પાંચ વર્ષમાં ૨૨ હજાર ચો. કિ.માંથી વધીને ૩૦ હજાર ચો. કિ. થયો છે.
- રાજ્યમાં સ્થાપિત ૨૦ સાંસ્કૃતિક વનોના નવીનીકરણ અને આધુનિકીકરણ માટે રૂ.૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્યમાં ૧૯૯૧માં વૃક્ષાચ્છાદિત ૧૧૯૦૭ ચોરસ કિમિ વિસ્તારમાં ૨૫ ટકાના વધારા સાથે ૨૦૧૯માં ૧૪૮૫૭ ચોરસ કિમિ થયો છે અને આ બાબત ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાએ ઉપગ્રહની તસવીરોના આધારે સાબિત કરી છે. છેલ્લાં બે વર્ષમાં વન વિસ્તારમાં વૃક્ષાચ્છાદિત વિસ્તારમાં ૧૦ હજાર હેક્ટરનો વધારો થયો છે. ચેરના વૃક્ષોનો વ્યાપ ૨૦૦૧માં ૯૧૧ ચોરસ કિમિની સામે ૨૦૧૯માં ૨૬૬.૨૭ના વધારા સાથે ૧૧૭૭.૨૭ ચોરસ કિમિ થયો છે. કચ્છમાં ૭૯૪.૭૭ ચો. કિ. અને જામનગરમાં ૨૨૯.૫૦ ચો. કિ. ચેર વિસ્તાર આવેલો છે. માત્ર છેલ્લાં બે જ વર્ષમાં ૩૭ ચો. કિ. ચેરનો વ્યાપ વધ્યો છે.





- રાજ્યમાં ઘાસચારાની અછતની સ્થિતિમાં પહોંચી વળવા માટે હાલમાં અંદાજિત ૫૦૦ લાખ કિલો ઘાસ વન વિભાગના ગોદામમાં સંગ્રહિત કરવામાં આવ્યું છે.
- કેવડિયા ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટી પરિસરમાં ઝુઓલોજિકલ પાર્કની રચના કરાઇ. ૧૪૦ હેક્ટરમાં ભારતીય, વિદેશી એવા માંસાહારી અને તૃણભક્ષી પ્રાણીનો સમાવેશ. એક હજાર પક્ષીઓનો સમાવેશ થઈ શકે એવી પક્ષીશાળાનું નિર્માણ ઉપરાંત આરોગ્ય વન, થોર બગીચાનું નિર્માણ કરાયું.


## ગીર ફાઉન્ડેશન

- ગુજરાત ઇકોલોજિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના માધ્યમથી છેલ્લાં પાંચ વર્ષમાં રૂ. રૂ. ૨૨૧૪ લાખના ખર્ચથી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે એશિયાઇ સિંહ, વાઘ અને દીપડાઓ તથા અન્ય વન્યપ્રાણીઓને દર્શન માટે ખુલ્લા મૂકવામાં આવેલ છે. આ ઉદ્યાનમાં એન્ક્લોઝર બનાવવા, ડાયનાસોર પાર્ક, ફોસિલ પાર્ક, સર્પગૃહનું નવીનીકરણ, "ઊર્જા અને જળવાયુ પરિવર્તન અભિગમ કેન્દ્ર" ની કામગીરી કરાઇ, વન્યજીવોના રોગ નિદાન માટે અદ્યતન પોસ્ટ મોર્ટમ રૂમ અને ક્રિમેટોરિયમ બનાવાયું.
- સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે રૂ. ૧૧૦૨ લાખના ખર્ચથી કેક્ટસ ગાર્ડનમાં ૬૦૦ જેટલી પ્રજાતિઓના આશરે ૬ લાખ રોપાઓનું વાવેતર.
- રૂ. ૪૮૩ લાખના ખર્ચથી નિર્મિત અરણ્ય ઉદ્યાન ખાતે મુલાકાતીઓને વનસ્પતિ અને વન્યજીવોની માહિતી મળી રહે તે હેતુથી બટરફ્લાય ગાર્ડન, ઇન્ટરપ્રિટેશન સેન્ટર બનાવાયું.
- નેશનલ ગ્રીન કોપ્સ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં હાલ ૧૬૦૦૯ શાળાઓ અને ૧૬૨ કોલેજમાં ઇકોક્લબની રચના.
- નેશનલ એડપ્શન ફન્ડ ફોર ક્લામેટ ચેન્જ અંતર્ગત ૬૦૦ હેક્ટર ગ્રાસપ્લોટનું નિર્માણ. ૭૦૦ હેક્ટર વિસ્તારમાં મેન્ગ્રોવ પ્લાન્ટેશન.

## પર્યાવરણ

- કચરામાંથી કંચનના અભિગમથી જોખમી કચરાને બળતણમાં તેમજ ઉત્પાદનના ભાગરૂપે નવેમ્બર-૨૦૨૦ સુધીમાં સિમેન્ટ ઉદ્યોગમાં અંદાજે ૨,૮૨,૮૩,૩૫૯ મેટ્રિક ટન જોખમી અને બિનજોખમી કચરાની સહપ્રક્રિયા કરવામાં આવી છે.
- જોખમી કચરાના વહનના સુચારુ વ્યવસ્થાપન માટે ઓનલાઇન મેનિફેસ્ટ સિસ્ટિમ બનાવવામાં આવી છે. પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ના અમલ થકી પ્લાસ્ટિક ઉત્પાદન સાથે સંકળાયેલાં એકમોની નોંધણી ફરજિયાત કરાઇ છે. આ માટે પ્લાસ્ટિક મોડ્યૂલ લોન્ચ કરવામાં આવ્યું છે. ●

# ક્લાઈમેટ ચેન્જના પડકારને ઝિલવા ગુજરાતનો એક્શન પ્લાન






હરેશ્વરી રાબા

આજકાલ આપણે એક વાત દરેકની વાતચીતમાં સાંભળીએ છીએ, આ વર્ષે ગરમી ખૂબ લાગે છે. આજદિન સુધી આવી ગરમી સહન કરી નથી. તો ટીવીમાં સમાચાર જાણ્યા હશે કે યુરોપ જેવા ઠંડા પ્રદેશોમાં રેકોર્ડબ્રેક વરસાદને કારણે પૂર આવી રહ્યાં છે.

આ બંને વાતનો અર્થ એ છે કે, પૃથ્વીનું વાતાવરણ બદલાઈ રહ્યું છે. પૃથ્વીના સરેરાશ તાપમાનમાં વધારો થયો છે. આ વધારાને કારણે પૃથ્વી પર ઘણાં ભૌગોલિક પરિવર્તનો થઈ રહ્યાં છે અને તેના કારણે પ્રાકૃતિક આપદાઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ પ્રાકૃતિક આપદાએ સમગ્ર વિશ્વના રાષ્ટ્રાધ્યક્ષો અને નાગરિકોને ભવિષ્ય માટે વિચાર કરવા મજબૂર કરી દીધા છે. વર્ષ-૨૦૧૫માં સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલીમાં 'નિરંતર વિકાસના ધ્યેયો'-sustainable development goals- 2030 એજન્ડાને સ્વીકારવામાં આવ્યા અને તે અંતર્ગત ૧૭ ધ્યેય અને ૧૬૯ લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યા. તે પૈકી ૭ , ૧૩, ૧૪, ૧૫ ક્રમાંકના ધ્યેય અનુક્રમે અફોર્ડેબલ એન્ડ ક્લીન એનર્જી, ક્લાઈમેટ એક્શન, લાઈફ બીલો વોટર અને લાઈફ ઓન લેન્ડ નિર્ધારિત કરવામાં આવ્યા છે. ભારતમાં sustainable development goals- 2030 વર્ષ ૨૦૧૬થી અમલમાં મૂકવામાં આવ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ અંગે દાખવેલી પ્રતિબદ્ધતાને આપણે આગળ ધપાવી સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ કર્યું છે. તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ક્લાઈમેટ ચેન્જનો અલાયદો વિભાગ શરૂ કર્યો હતો.

ગુજરાત રાજ્યનો ૧૬૬૩ કિ.મી. જેટલો વિશાળ દરિયાકિનારો પ્રાકૃતિક સંપદા, ભૂસ્તર શાસ્ત્ર અને માનવ પ્રવૃત્તિની દ્રષ્ટિએ વૈવિધ્યપૂર્ણ અને અનોખો છે. જેથી ગુજરાત ક્લાઈમેટ ચેન્જની દ્રષ્ટિએ સંવેદનશીલ રાજ્ય ગણી શકાય. ઉત્તરમાં લખપતથી દક્ષિણમાં વલસાડ વચ્ચે આવતા આશરે ૧૫ જિલ્લાઓ તાપમાન , વર્ષાઋતુના વૈવિધ્ય , દરિયાઇ સપાટી, અરેબિયન સમુદ્રમાં ઉદ્ભવતાં તોફાનોને ધ્યાને લઈને ક્લાઈમેટ ચેન્જની દ્રષ્ટિએ સંવેદનશીલ છે. ક્લાઈમેન્ટ ચેન્જના પડકારોને હલ કરવાના લાંબા ગાળાના એક્સન પ્લાનને અમલમાં મૂકનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે.

ગુજરાત રાજ્ય માનવ વિકાસનાં તમામ ક્ષેત્રોમાં એક આદર્શ રાજ્ય બનવાનું ધ્યેય રાખે છે. ગુજરાતે કોઇપણ પરિવર્તન અને નાવીન્ય માટે હંમેશાં પહેલ કરી છે. જળવાયુ પરિવર્તનના વૈશ્વિક એજન્ડામાં ભાગ લેવા ભારત સરકારે ક્લાઈમેટ ચેન્જના નિયત કરેલા લક્ષ્યાંકો અનુસાર ગુજરાતનો નવો સ્ટેટ એક્શન પ્લાન આવનારા ૧૦ વર્ષ એટલે કે ૨૦૩૦ સુધીના સમયગાળાને અનુલક્ષીને તૈયાર કરવામાં આવ્યો છે.આ એક્શન પ્લાનમાં રિન્યૂએબલ એનર્જી, એનર્જી સેવિંગ, વૉટર કન્ઝર્વેશન, વનીકરણ, સાગરકાંઠાના વિસ્તારો, આદિજાતિ ક્ષેત્રો, પશુપાલન, ખેતી, આરોગ્ય, જેવાં વિવિધ પાસાઓને આવરી લેવાયાં છે. આમ, ક્લાઈમેટ ચેન્જના પડકારોને હલ કરવાના લાંબાગાળાના એક્શન પ્લાનને અમલમાં મૂકનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે. આ એક્શન પ્લાનનો મુખ્ય હેતુ એક એવા ભવિષ્યનું નિર્માણ કરવું કે "જેમાં એક સંતુલિત જળવાયુ પારિસ્થિતિક તંત્રનું જતન થાય."

*વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ અંગે દાખવેલી પ્રતિબદ્ધતાને આપણે આગળ ધપાવી સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ કર્યું છે. તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ક્લાઈમેટ ચેન્જનો અલાયદો વિભાગ શરૂ કર્યો હતો.*



આર્થિક અને સામાજિક રીતે પ્રગતિ કરવા ઇચ્છુક દરેક રાષ્ટ્ર પાસે પર્યાપ્ત માત્રામાં અને પરવડે તેવી કિમતે ઊર્જા હોય તે પાયાની જરૂરિયાત છે. આથી રાજ્ય સરકારે રાજ્યમાં ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા દ્વિપાંખિયો વ્યૂહ અપનાવ્યો છે. જેમાં પુન: પ્રાપ્ય ઊર્જા થકી વીજઉત્પાદનના કાર્યક્રમને વેગ આપવો અને અર્થતંત્રનાં તમામ ક્ષેત્રોની ઊર્જા કાર્યદક્ષતામાં વધારો કરવો.

## ઊર્જા સુરક્ષા માટે વ્યૂહનીતિ

ગુજરાત દેશના કુલ સ્થાપિત બિન પરંપરાગત ઊર્જા ક્ષમતામાં તેના ૧૨.૩૫% હિસ્સા સાથે કુદરતી પુન: પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે. જે પૈકી ભારતની પવન ઊર્જા ક્ષમતામાં ગુજરાતનો હિસ્સો ૨૦.૧૫% રહ્યો છે.

- બિનપરંપરાગત ઊર્જાના સ્રોત તરીકે પવન ઊર્જા સ્વચ્છ અને સલામત ઊર્જા તરીકે ઊભરી રહી છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વિન્ડ એનર્જી મુજબ ૧૦૦મી ઊંચાઇ પર ગુજરાતની સંભવિત પવન વિદ્યુત ઉત્પાદન ક્ષમતા ૮૫૦૦૦ મે.વૉ છે. રાજ્યમાં સ્વચ્છ અને હરિયાળા ઉત્પાદનને પ્રોત્સાહન પૂરું પાડવા રાજ્ય સરકારે જાહેર કરેલી પવન ઊર્જા નીતિ -૨૦૧૬ હેઠળ ચાલુ વર્ષ દરમ્યાન રાજ્યમાં વધુ ૫૮૮.૩૩ મેગાવૉટ ક્ષમતાના વિન્ડ ફાર્મ જાન્યુઆરી -૨૦૨૧ સુધીમાં કાર્યરત કરાયાં છે. આમ, રાજ્યની કુલ પવન વિદ્યુત ઉત્પાદન ક્ષમતા વધીને ૮૧૨૯.૮૫ મેગાવૉટ થઇ છે.
- રાજ્યમાં સ્વચ્છ અને હરિયાળા વીજ ઉત્પાદનને પ્રોત્સાહન પૂરું પાડવા રાજ્ય સરકારે જાહેર કરેલ સૌર વિદ્યુત નીતિ -૨૦૧૫ હેઠળ ચાલુ વર્ષ દરમ્યાન રાજ્યમાં કુલ ૧૦૯૩.૭૨ મેગાવૉટ ક્ષમતાના સોલાર પાવર પ્લાન્ટ જાન્યુઆરી-૨૦૨૧ સુધી કાર્યરત કરવામાં આવ્યા છે. આમ, રાજ્યની કુલ સોલાર પાવર ઉત્પાદન ક્ષમતા વધીને ૪૦૪૨.૦૯ મેગાવૉટ થઇ છે.
- સોલાર રૂફ ટોપ સ્થાપિત કરવામાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે. લોકપ્રિય સૂર્ય ગુજરાત યોજના અંતર્ગત 1.77 લાખ ઘરોમાં ૬૬૨ મેગાવૉટની સોલાર ઊર્જા ઉત્પાદન ક્ષમતા ઊભી કરવામાં આવી છે. સરકારી કચેરીઓની છત પર અંદાજે સાત મેગાવૉટ ક્ષમતાની સોલાર રૂફટોપ સિસ્ટિમ સ્થાપવા માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- આપણો દેશ તેની ૭૦% પેટ્રોલિયમ જરૂરિયાત આયાત કરીને પૂરી પાડતો હોવાથી આપણા દેશ સામે પેટ્રોલિયમ પેદાશોની માંગ પુરવઠાને સંતુલિત કરવાનો સતત પડકાર રહે છે. રાજ્ય સરકારે પરંપરાગત ઊર્જાના વપરાશનો ઘટાડો કરી સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન આપવા ઇલેક્ટ્રિક બેટરીથી ચાલતી ઇ-રિક્ષાઓનો વપરાશ વધે તે ઉદ્દેશથી ઇ-રિક્ષા દીઠ રૂ. ૪૮,૦૦૦ની સબસિડી માટે રૂ. ૨૬ કરોડની જોગવાઈ કરી છે. ઇલેક્ટ્રિક બેટરીથી ચાલતા ટુ વ્હિલર માટે વાહનદીઠ રૂ. ૧૨૦૦૦ની સબસિડી આપવા માટે રૂ. ૧૩ કરોડની જોગવાઈ કરી છે.
- રાજ્યમાં આવેલ ગૌશાળા, પાંજરાપોળ ખાતે બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટે ૭૫% લેખે સહાય આપવા માટે રૂ. ૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- લાકડાની બચત અને કાર્બન ઉત્સર્જન ઘટાડવાના હેતુથી રાજ્યની ૧૨૦૦ ગ્રામ પંચાયતોને સુધારેલી સ્મશાન ભઠ્ઠી સ્થાપવા માટે રૂ. ૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્યની સરકારી શાળાઓમાં ૧૭,૫૦૦ એલઇડી ટ્યૂબલાઇટ અને ૧૮,૫૦૦ સ્ટાર રેટેડ પંખા નાખવામાં આવશે તેના માટે રૂ. ૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ઉપલબ્ધિ

- ગુજરાત ઇકોલોજીકલ કમિશન દ્વારા ભારત સરકાર તથા વિશ્વ બેંકની સહાયથી શિવરાજપુર, દ્વારકા ખાતે ભારતનો સૌ પ્રથમ પર્યાવરણની દૃષ્ટિ એ સ્વચ્છ અને સુઘડ રીતે બ્લ્યૂ ફ્લેગ બીચ તરીકે વિકસાવવામાં આવ્યો છે. આ બીચને આંતરરાષ્ટ્રીય બ્લ્યૂ ફ્લેગ પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. જે સહેલાણીઓ માટે એક અનોખું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.
- ગુજરાત ઇકોલોજીકલ કમિશન દ્વારા ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક અનોખો થીમ પાર્ક કેવડિયા કોલોની ખાતે બનાવવામાં આવેલ છે જે કેવડિયા સંકલિત વિકાસનો ભાગ છે. 'સહી પોષણ દેશ રોશન'શિર્ષક હેઠળ તૈયાર થયેલા આ પાર્કમાં તંદુરસ્ત આહાર આદતો અને પોષણ મૂલ્ય વિશે બાળકોને વ્યાપક જાણકારી આપવામાં આવે છે.
- જીઇસી દ્વારા રાજ્યમાં મેન્ગ્રુવ વિસ્તાર વધે તે હેતુથી કચ્છ અને ખંભાતના અખાત વિસ્તારમાં 15000 હેક્ટર કરતા પણ વધારે વિસ્તારમાં મેન્ગૃવનું વાવેતર કરવામાં આવ્યું છે.
- ગુજરાત ઇકોલોજીકલ કમિશન દ્વારા રાજ્યના તમામ તાલુકા માટે ઇકોલોજીકલ પ્રોફાઇલ બનાવવાની કામગીરી કરવામાં આવી છે જે પારિસ્થિતીક વિજ્ઞાન અને પર્યાવરણીય સંરક્ષણમાં રસ ધરાવતા લક્ષ્યજૂથોને ઘણો જ ઉપયોગી થશે.
- વિશ્વ બેંક પુરસ્કૃત સ્માર્ટ વિલેજ પ્રોજેક્ટ અંતર્ગત દરિયાકાંઠાના કુલ 112 ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં ૨૮ ગામોમાં ૩૦ લઘુ ઉદ્યોગ સ્થાપવામાં આવ્યા છે. જેથી સ્થાનિક લોકોની આજીવિકામાં વધારો થયો છે.●

# ઊર્જા ક્ષેત્રે અગ્રેસરતા






હિમાંશુ ઉપાધ્યાય

'હું જે કાંઈ બોલું છું અને આપ જે સાંભળો છો એમાં સામાન્ય શું છે? કોના દ્વારા એ શક્ય છે ? સવાલ બે છે પરંતુ જવાબ એક જ છે, ઊર્જા.....

આપણા જીવનમાં આપણે સવારે જાગીએ અને ઘરમાં અજવાળાં કરીએ ત્યારથી લઈને સૂઈ જઈએ ત્યારે પણ કામ કરતાં પંખા અને એરકન્ડીશનર સાથે ઊર્જા જોડાયેલી છે. આમ ઊર્જા આપણા જીવનનું અભિન્ન અંગ છે. ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ ઊર્જા વિકાસક્ષેત્રે વૈવિધ્યપૂર્ણ અનેક યોજનાઓનું અમલીકરણ થઈ રહ્યું છે અને ઊર્જા વિકાસ ક્ષેત્રે નૂતન સિદ્ધિઓ હાંસલ થઈ રહી છે.

રાજ્યના સર્વાંગી વિકાસમાં ઊર્જા વિભાગની મહત્ત્વપૂર્ણ કામગીરી છે. ઊર્જા અને એના વિવિધ પ્રકારો વિના આપણું જીવન હવે અધૂરું છે. વીજળીની આ મહત્તાને ધ્યાને લઈને, ગુજરાતમાં ઊર્જા વિકાસ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી થઈ છે...

## રાજ્યની પ્રગતિના મૂળમાં છે ઊર્જા વિકાસ

ઊર્જા દ્વારા અજવાળાં મળે છે, ઊર્જા દ્વારા નાના સ્વરોજગાર અને મોટા ઉદ્યોગગૃહો કાર્યાન્વિત થાય છે, ઊર્જા દ્વારા રોજગારી પ્રાપ્ત થાય છે, ઊર્જા થકી જ સિંચાઈ પણ થાય છે, ઊર્જા દ્વારા જ માનવ જીવનમાં ગતિ આવે છે. શિક્ષણ, આરોગ્ય, કૃષિ-પશુપાલન જેવા તમામ વિભાગોના કાર્યોમાં, યોજનાઓના અમલીકરણમાં ઊર્જા ક્ષેત્રનું મહત્ત્વનું પ્રદાન છે. આથી જ પરંપરાગત ઊર્જા ઉપરાંત સૌર ઊર્જા, પવન ઊર્જા અને રૂફટોપ સોલાર સિસ્ટિમના ત્રિવિધ બિન પરંપરાગત ઊર્જા સ્રોતનો ગુજરાતમાં મોટા પાયે ઉપયોગ થઈ રહ્યો છે. આ ક્ષેત્રે વિકાસમાં ગુજરાત દેશ આખામાં ઊંચાઈઓ સર કરી રહ્યું છે. વીજળી ક્ષેત્રે ગત વર્ષે લેવાયેલા મહત્ત્વના નિર્ણય અનુસાર રાજ્યના ઘરવપરાશ, ધંધાકીય તેમજ ખેતીવાડી હેતુનાં જોડાણોની ભરપાઈ કરવાની બાકી નીકળતી રકમ ભરવામાંથી રાહત આપતી માફી યોજના અમલમાં મૂકતા સાડા છ લાખ ઉપરાંત વીજ ગ્રાહકોને લાભ મળ્યો છે. દેશમાં ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં ખેડૂતોને વીજ બિલની ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીમાંથી માફી આપવામાં આવી છે. ગ્રામોદ્ધારનું ગાંધીજીનું સ્વપ્ન સાકાર કરવાની દિશામાં ગુજરાત સરકારની અજોડ ઉપલબ્ધિ એટલે જ્યોતિગ્રામ યોજના. તારીખ 3 સપ્ટેમ્બર 2003 ના રોજ એનો અમલ શરૂ થયો અને આજે ગ્રામ વિકાસનું ચાલકબળ બની ચૂકી છે આ યોજના. આ યોજનાનો હેતુ ગ્રામીણ વિસ્તારના ખેતીવાડી સિવાયના સર્વ ગ્રાહકોને 24 કલાક થ્રી ફેઈઝ વીજ પુરવઠો પૂરો પાડવાનો છે . વીજળીની ઉપલબ્ધતા અને ગુણવત્તા, બંનેમાં વધારો થયો છે. ૧૮,૦૦૦ ગામડાંને ચોવીસ કલાક વીજળી મળી રહી છે. એક સમયે ઊર્જાની અછત અનુભવતું ગુજરાત સરકારના દૂરંદેશિતાભર્યા પગલાંને પરિણામે આજે પાવર સરપ્લસ રાજ્ય બન્યું છે.

## ઊર્જા વિકાસની ઝલક...

- છેલ્લાં પાંચ વર્ષમાં જીએસઈસીએલ દ્વારા સિક્કા-૩ અને ૪, ધુવારણ યુનિટ-૩, વણાકબોરી યુનિટ-૮, ધુવારણ સૌર ઊર્જા, સિક્કા સૌર ઊર્જા અને પાનંધ્રો એગ્રી સૌર

*દેશમાં ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં ખેડૂતોને વીજ બિલની ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીમાંથી માફી આપવામાં આવી છે.*

*ગ્રામોદ્ધારનું ગાંધીજીનું સ્વપ્ન સાકાર કરવાની દિશામાં ગુજરાત સરકારની અજોડ ઉપલબ્ધિ એટલે જ્યોતિગ્રામ યોજના. તારીખ 3 સપ્ટેમ્બર 2003 ના રોજ એનો અમલ શરૂ થયો અને આજે ગ્રામ વિકાસનું ચાલકબળ બની ચૂકી છે*



ઊર્જા પ્રોજેક્ટ હેઠળ રૂા. ૯૮૨૧.૫૫ કરોડના ખર્ચે કુલ ૧૮૨૮ મેગાવૉટ વીજઉત્પાદન ક્ષમતા ધરાવતાં વિવિધ યુનિટોની સ્થાપના કરવામાં આવી છે.

- ઉકાઈ યુનિટ-૪ અને વણાકબોરી યુનિટ-૩ની કાર્યદક્ષતા સુધારવાના પગલે વીજઉત્પાદનમાં ખર્ચમાં આશરે ૦.૪૬ પ્રતિ યુનિટનો ઘટાડો...
- વાતાવરણમાં કોલસાના વપરાશથી થતા પ્રદૂષણની માત્રામાં ઘટાડો કરવાના ભાગરૂપે રૂા. ૧૫૭ કરોડના ખર્ચે ઉકાઈ અને વણાકબોરી વીજમથકના કુલ ૬ યુનિટોના ઈલેક્ટ્રોસ્ટેટિક પ્રેસીપિટેટરના આધુનિકીકરણ અને નવીનીકરણનું કાર્ય પૂર્ણ...
- ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં નમૂનેદાર કામગીરી કરાઈ છે અને તેના પગલે સમગ્ર રાજ્યમાં ઊર્જા ક્ષેત્રે નેત્રદીપક સિદ્ધિ હાંસલ કરાઈ છે.
- વિશ્વના સૌથી મોટા પુનઃપ્રાપ્ય ઊર્જા પાર્ક ખાવડા (કચ્છ) ખાતે ૩૩૨૫ મેગાવૉટ રિન્યૂએબલ ઊર્જા પ્રોજેક્ટના અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા ૬૬૫૦ હેક્ટર જમીન ફાળવવામાં આવી...
- રાધાનેસડા ખાતે ૨ x ૧૦૦ મેગાવૉટ વીજ ક્ષમતા ધરાવતા સૌર ઊર્જા વીજમથકને રૂા. ૮૧૦ કરોડના ખર્ચે સ્થાપિત કરવાની કામગીરી પ્રગતિમાં...
- ગાંધીનગર વીજ મથક ખાતે રૂા. ૫.૧૮ કરોડના ખર્ચે વહીવટી ઓફિસમાં 150TR એરકન્ડિશનિંગ પ્લાન્ટની સ્થાપના કરી સોલાર થર્મલ પ્લાન્ટની ઊર્જાથી કાર્યાન્વિત ...જે દેશમાં આ કૅપેસિટીનો પ્રથમ પ્રોજેક્ટ...
- જીએસઈસીએલ કંપનીની છેલ્લાં પાંચ વર્ષમાં નમૂનેદાર કામગીરીની ઝલક...
- રાજયમાં સામાજિક અને આર્થિક વિકાસ માટે જરૂરી માપદંડ એવી માથાદીઠ વીજ વપરાશ વર્ષ ૨૦૧૫-૧૬ માં સરેરાશ ૯૧૦ યુનિટ હતો, જે વર્ષ ૨૦૨૦-૨૧ માં વધીને ૨૨૨૫ યુનિટ થયો...
- જીએસઈસીએલને ૫૦૦ મે.વૉ.થી નીચે વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતી શ્રેણીમાં મહત્તમ ફ્લાય એશ યુટિલાઈઝેશન માટે મિશન એનર્જી ફાઉન્ડેશન, નવી દિલ્હી દ્વારા રાષ્ટ્રીય સ્તરે રનર્સ-અપ એવોર્ડ, વર્ષ૨૦૧૬-૧૭ માટે ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનને રાષ્ટ્રીય કક્ષાએ ''ક્લીન જનરેટર'' કેટેગરી માટે પ્રથમ ઈનામ, વર્ષ ૨૦૧૮માં પ્રદૂષણ નિયંત્રક પ્રણાલિઓ માટે ઉકાઇ વીજમથકને બ્રોન્ઝ એવૉર્ડ ઉપરાંત ઉકાઇ, ગાંધીનગર, વણાકબોરી, સિક્કા અને ઉતરાણ વીજમથકોને કુલ છ મેરિટ ઍવૉર્ડ.
- ઉકાઇ વીજમથક અને સિક્કા વીજમથક ને "ભારતના પ્રથમ ૨૦ એનર્જી પ્રોજેક્ટ"માં ક્વૉલિફાય થવા બદલ "ઓર્ડર ઓફ મેરિટ" ઍવૉર્ડ, ઉકાઇ અને ગાંધીનગર વીજમથકોને મિશન એનર્જી ફાઉન્ડેશન આયોજિત Power Plant Performance Conference - Expo Awards 2018 દરમ્યાન "Power Plant Performance -2018 Coal" કેટેગરી માટે ટ્રોફી આપવામાં આવી છે...
- વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન જીએસઈસીએલના વીજમથકો દ્વારા અત્યાર સુધીનું સર્વાધિક ૧૪૫% ફ્લાય એશ યૂટીલાઈઝેશન, તા. ૩/૪/૨૧ ના રોજ ૧૧૫.૯૧ મિલિયન યુનિટ્સ વીજ ઉત્પાદન મેળવવામાં આવ્યું છે, જે અત્યાર સુધીનું દૈનિક ધોરણે સર્વાધિક છે.વર્ષ ૨૦૧૭-૧૮ ના સમયગાળા દરમ્યાન જીએસઈસીએલનાં વીજમથકો દ્વારા ૮૬.૨૫% પ્લાન્ટ અવેલિબિલીટી ફેક્ટર હાંસલ કરવામાં આવ્યો છે જે અત્યાર સુધીનું સર્વાધિક છે.

## આ જ રીતે વીજપ્રવહન ક્ષેત્રે પણ ગુજરાતે પ્રશસ્ય કામગીરી કરી છે...

- આદિજાતિ વિસ્તારને વિશેષ ધ્યાન આપી જેટકો(GETCO) દ્વારા છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન ૧૧૧ નવીન સબસ્ટેશનો રૂ.૯૮૨ કરોડના ખર્ચે સ્થાપિત કરાયાં... દરિયાકાંઠા વિસ્તારને વિશેષ ધ્યાન આપી સાગરખેડુ યોજના હેઠળ જેટકો દ્વારા

છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન ૮૫ નવીન સબસ્ટેશનો રૂ.૧૦૫૦ કરોડના ખર્ચે સ્થાપિત કરાયાં...

## છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન મહત્ત્વની નવી યોજનાની વિગત

- ખેડૂતો દ્વારા છેલ્લા કેટલાક સમયથી દિવસે વીજળી આપવાની માંગ સંતોષવા ગુજરાત સરકાર દ્વારા એક નવીન અભિગમ અપનાવી “કિસાન સૂર્યોદય યોજના” અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ ખેડૂતોને ખેતીવાડી ફીડર પર દિવસ દરમ્યાન સવારે ૫.00 થી રાત્રીના ૯.00 વાગ્યા સુધી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે...આ યોજના હેઠળ અત્યાર સુધી રૂ.૪૪૧ કરોડના ખર્ચે ૨૮૪.૫૦ સર્કીટ કિ.મિ. નવીન વીજરેસાનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- નાગરિકોને વીજબીલમાં રાહત મળે તે માટે રૂફટોપ સિસ્ટિમનો અમલ કરવામાં આવ્યો છે. આ સોલાર રૂફટોપ લગાવવામાં દેશમાં ગુજરાત પ્રથમ નંબરે છે.
- નાના તેમજ મધ્યમ વર્ગના વીજ ગ્રાહકોને વીજ બીલમાં રાહત આપવાના હેતુથી અને રહેણાક ક્ષેત્રે સોલાર રૂફ ટોપનો વ્યાપ વધારવા સૂર્ય ઊર્જા રૂફ ટોપ યોજના ('સૂર્ય-ગુજરાત') શરૂ કરવામાં આવી છે. યોજના અંતર્ગત રહેણાક હેતુના ૧,૯૮,૧૬૩ વીજ ગ્રાહકોને ત્યાં સોલાર રૂફ ટોપ સિસ્ટિમ લગાડવા આવી છે, જેની કુલ એકત્રિત ક્ષમતા ૭૫૭.૯૦ મેગાવૉટ છે.
- છેલ્લાં ૪ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૪૬૦૦ કરોડના ખર્ચે ૨૯૮૩ ફિડરોમાં ૭૦૪૫૩ કિ.મિ. વીજ વાયરો અને આનુષાંગિક ઉપકરણો બદલવામાં આવ્યાં... ૬૫૯ ખેતીવિષયક ફિડરોનાં વિભાજનની કામગીરી
- ગ્રીન એનર્જીને ઉત્તેજન આપવા સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય)/(SKY) વર્ષ ૨૦૧૮માં જાહેર કરાઈ છે. આ યોજના હેઠળ હાલની સ્થિતિએ કુલ ૯૩ ફિડરના ૪૪૪૫ ખેડૂતોને ત્યા સોલાર સિસ્ટિમ કાર્યાન્વિત કરવામાં આવી છે. જેની કુલ એકત્રિત ક્ષમતા ૧૦૧ મે.વૉ. છે.



## રિન્યૂએબલ ઊર્જા ક્ષેત્રને લગતી માહિતી :-

- રિન્યૂએબલ ઊર્જા ક્ષમતામાં વધારો કરવા તેમજ એનર્જી-બાસ્કેટમાં રિન્યૂએબલ ઊર્જાનો મહત્તમ ફાળો વધારવા માટે ગુજરાત હંમેશાં અગ્રેસર રહ્યું છે.
- ગુજરાત ૩૨ ગિગાવૉટની સ્થાપિત વીજક્ષમતા ધરાવતું ‘Power Sufficient’ રાજ્ય છે, જેમાં આશરે ૧૩ ગિગાવોટ ક્ષમતા રિન્યૂએબલ ઊર્જા છે.
- છેલ્લાં 5 વર્ષ દરમિયાન રાજ્યની કુલ સ્થાપિત વીજક્ષમતા ૨૫૧૯૨ મેગાવૉટ (૨૦૧૬માં) થી વધીને ૩૨૮૬૦ મેગાવૉટ (૨૦૨૧માં) થઈ છે.
- રાજ્યમાં છેલ્લાં ૫ વર્ષ દરમિયાન ૭૬૪૬ મે.વૉ. રિન્યૂએબલ ઊર્જા ક્ષમતાનો વધારો થયો છે...
- ગુજરાત ૨૮,000 મે.વૉ.ની ક્ષમતા ધરાવતું ‘વિશ્વનું સૌથી મોટું રિન્યૂએબલ ઊર્જા પાર્ક’ વિકસાવી રહ્યું છે, જ્યાં રિન્યૂએબલ ઊર્જા જેમ કે સૌર ઊર્જા(સોલર) / પવન ઊર્જા (વિન્ડ) / વિન્ડ-સોલર હાઈબ્રિડ પ્રોજેક્ટ્સ વિકસિત કરવામાં આવશે.
- પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ચારણકા ગામે વર્ષ-૨૦૧૧ માં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશનો સૌપ્રથમ એવો ગુજરાત સોલાર પાર્ક-ચારણકા ૨૧૫ મેગાવૉટની ક્ષમતા સાથે સ્થાપવામાં આવ્યો હતો. આ સોલાર પાર્કની ક્ષમતામાં વધારો કરી તેને ૭૩૦ મેગાવૉટ સુધી લઈ જવામાં આવ્યો છે.
- ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના વાવમાં રૂ. ૨૫૦ કરોડના ખર્ચે ૪૦૦ મેગાવૉટના સોલાર પ્રોજેક્ટ ટૂંક જ સમયમાં કાર્યાન્વિત થશે.
- અમદાવાદ જિલ્લાના ધોલેરા ખાતે દરિયાઈ ખારી જમીનમાં ૧૦૦૦ મેગાવૉટનું યુનિટ સ્થપાશે.
- ગુજરાત દ્વારા દેશનો સૌપ્રથમ એટલે કે, અંદાજે રૂ. ૧,૫૦,૦૦૦ કરોડના રોકાણની ક્ષમતા ધરાવતો વિશાળ અલ્ટ્રામેગા સોલાર પાવર પાર્કનું કચ્છ જિલ્લાના ખાવડા ગામ નજીક રણ વિસ્તારની ખરાબાની પડતર/બિનઉપજાઉ ૭૨,૪૦૦ હેક્ટર જમીનમાં આંતરરાષ્ટ્રીય સરહદ, બોર્ડર સિક્યુરિટી ફોર્સ-વિઘાકોટની પોસ્ટ નજીક આયોજન કર્યું છે.
- આ પાર્કની ૫૦% રિન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટ ક્ષમતા ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં અને ૧૦૦% રિન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટ ક્ષમતા ડિસેમ્બર-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.
- મોઢેરા સૂર્યમંદિર અને મોઢેરા નગરને સતત ૨૪ કલાક અને અઠવાડિયાના સાત દિવસ (૨૪X૭) સૂર્ય ઊર્જા મળી રહે, તે માટે રૂ. ૬૯ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટનું કામ લગભગ પૂર્ણ કરવામાં આવ્યું છે.

## રાજયની વીજ કંપનીઓની શ્રેષ્ઠ કામગીરીને પ્રાપ્ત થયેલા એવૉર્ડની વિગત

- ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ તેમજ તેને અંતર્ગત કાર્યરત વીજ ઉત્પાદન કરતી ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પો. લિ.નાં વિવિધ પાવર સ્ટેશનો, વીજ પ્રવહન સંભાળતી કંપની જેટકો, ચારેય વીજ વિતરણ કંપનીઓ - ડી.જી.વી.સી.એલ, એમ.જી.વી.સી.એલ, પી.જી.વી.સી.એલ.અને યુ.જી.વી. સી.એલ.તેમજ અન્ય સંસ્થાઓ જેમ કે એસ.એલ.ડી.સી. અને જીપીઆરડીસેલને કુલ ૧૨૭ જેટલા રાષ્ટ્રીય કક્ષાના વિવિધ ઍવૉર્ડ અને પુરસ્કાર પ્રાપ્ત થયા છે.
- આ ઉપરાંત, ભારત સરકારના ઊર્જા મંત્રાલય નવી દિલ્હી દ્વારા હાથ ધરાતા એન્યુએલ ઇન્ટિગ્રેટેડ રેટિંગ ઓફ સ્ટેટ ડિસ્ટ્રિબ્યુશન યુટિલિટીઝના દરેક વર્ષમાં રાજ્યની ચારેય વીજ વિતરણ કંપનીઓ - ડી.જી.વી.સી.એલ, એમ.જી.વી.સી.એલ, પી.જી.વી.સી.એલ.અને યુ.જી.વી.સી.એલ. ને સંચાલન અને આર્થિક કામગીરીની શ્રેષ્ઠ ક્ષમતા બદલ “એ પ્લસ” રેટિંગ પ્રાપ્ત થયું છે.

## પેટ્રોલિયમ ક્ષેત્ર (GSPC)ને લગતી માહિતી

- GSPC ગ્રૂપની સીટી ગેસ વિતરણ (CGD) કંપનીઓ (ગુજરાત ગેસ લિમિટેડ અને સાબરમતી ગેસ) દ્વારા ગુજરાતના નાગરિકોની સુવિધાને ધ્યાને લઈ છેલ્લાં ૫ વર્ષમાં, નવા 338થી વધુ સીએનજી સ્ટેશનો ઊભાં કરવામાં આવ્યાં છે. જેથી 5 લાખ કરતાં વધુ વાહનચાલકો ને CNG ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. નવા 5.81 લાખથી વધુ ઘરેલુ ગ્રાહકોને પાઈપલાઈન દ્વારા ઘરેલુ જોડાણ, નવા 1,199થી વધુ લઘુ અને મધ્યમ કદના ઔદ્યોગિક ગ્રાહકોને પાઈપલાઈન દ્વારા જોડાણ, નવા 1,570 થી વધુ કોમર્શિયલ અને નોન કોમર્શિયલ ગ્રાહકોને પાઈપલાઈન દ્વારા જોડાણ તથા 16,195 કિ.મિ. વધુ ગેસ પાઈપલાઈન નેટવર્કનું વિસ્તરણ કરવામાં આવ્યું.



- બીપીએલ તથા અતિ અંત્યોદય લાભાર્થીને ફક્ત રૂપિયા ૧૧૮ માં નવું પીએનજી ઘરેલુ કનેક્શન આપવામાં આવે છે. આ યોજનામાં લગભગ ૧,૮૦૬ લાભાર્થીઓને પીએનજી ઘરેલુ કનેક્શન આપવામાં આવ્યા છે. પીએનજી-એલપીજી સહાય યોજના અંતર્ગત ગ્રાહકને વિનામૂલ્યે ગેસનો ચૂલો આપવામાં આવે છે.
- બે દાયકા પહેલાં ઊર્જાની અછત હતી, પરંતુ રાજ્ય સરકારના અનેકવિધ દૂરંદેશીભર્યાં પગલાંને પરિણામે આજે ગુજરાત પાવર સરપ્લસ રાજય બન્યું છે. બિનપરંપરાગત ક્ષેત્રે ઊર્જા વિકાસમાં સોલાર અને વિન્ડ્સ એનર્જીની પૉલિસી પછી બાયોમાસ એનર્જીની પૉલિસી તૈયાર કરીને અમલમાં મૂકનારું ગુજરાત પ્રથમ રાજય છે. ઊર્જા ક્ષેત્રે રાજયમાં અદ્ભુત કામગીરી થઈ છે અને શ્રેષ્ઠ પરિણામો હાંસલ થયાં છે.

## ઊર્જા ક્ષેત્રે લેવામાં આવેલા જનહિતલક્ષી નિર્ણયો

- કૃષિ વિષયક વીજ ગ્રાહકોને વીજદરમાં રૂ. ૧૪૨.૫૦ પ્રતિ એ.પી.નો ઘટાડો. રાજ્યના ૨ લાખ ખેડૂતોને રૂ. ૭૭.૬૦૬ કરોડ પ્રતિવર્ષ વધારાની સબસિડીનો લાભ.
- વણાકબોરી થર્મલ પાવરસ્ટેશન ખાતે ૮૦૦ મેગાવૉટ વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતા કોલસા આધારિત ‘સુપર ક્રિટિકલ’ વીજમથક તેની પૂર્ણક્ષમતાએ કાર્યાન્વિત કરાયો.
- રાજ્ય સરકાર દ્વારા ૪૪૦ કેવીના ૧૬,૨૨૦ કેવીના ૧૦૫, ૧૩૨ કેવીના ૫૭, ૬૬ કેવીના ૧૮૪૫ અને ૩૩ કેવીના ૧ એમ કુલ ૨૦૨૪ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યાં છે.
- રાજ્ય સરકાર દ્વારા ચાર વર્ષમાં ૩૫૬ નવાં સબસ્ટેશનોનું નિર્માણ. ૧૦, ૧૪૨ સર્કીટ કિલોમિટર વીજ રેષાઓ સ્થાપિત કરવામાં આવી છે.
- સૌરઊર્જા તથા પવન ઊર્જાને ગુજરાતના પ્રવહન નેટવર્કમાં જોડાણ ઉત્તર ગુજરાતમાં ૪૦૦ કેવી વેલોડા સબસ્ટેશન, કચ્છ જિલ્લામાં ૨૨૦ કેવી ભાચુડા સ્ટેશન કાર્યાન્વિત.
- ગુજરાત રાજયમાં પ્રથમ GIS (ગેસ ઇન્સ્યુલેટેડ સબસ્ટેશન) અમદાવાદ જિલ્લાના સાણંદમાં ૪૦૦ કેવીનું સબસ્ટેશન કાર્યાન્વિત. ભારતના ઓટોહબ ગણાતા સાણંદ વિસ્તારના ઓટોમોબાઇલ ઉદ્યોગોને ઉચ્ચ ગુણવત્તા સભર વીજપુરવઠો ઉપલબ્ધ.
- રાજ્યના કાયમી ધોરણે બંધ થયેલા વીજ જોડાણોવાળા ગ્રાહકો /બિનગ્રાહકોના બાકી લ્હેણાની વસૂલાત માટે માફી યોજના. કુલ ૩૫ લાખ વીજગ્રાહકો - બિનગ્રાહકોને રાહત પેટે રૂ. ૩૪૪.૬૪

કરોડ જેટલી માતબર રકમની માફી આપવામાં આવી છે.

- રાજ્યના તમામ LT/HT વીજજોડાણ ધરાવતા વીજગ્રાહકોને વીજબીલમાં ફિક્સ્ડ/ડિમાન્ડ ચાર્જ ભરપાઈ કરવામાંથી મુક્તિ. - LT Industries રૂ. ૧૦૯.૭૯ કરોડ તથા HT Industries રૂ. ૩૪૯.૮૮ કરોડની રાહત.
- રૂ. ૭૭૩૯.૮૩ કરોડના ખર્ચે ૪,૭૯,૦૮૦ કૃષિ જોડાણો.
- **ઝૂંપડા વીજળી કરણયોજના :** ૯૬.૧૯ કરોડના ખર્ચે ૧,૮૪,૭૨૫ ઝૂંપડાઓનું વીજળીકરણ
- કુટીર જ્યોતિ યોજના અંતર્ગત રૂ. ૨૪.૩૩ કરોડના ખર્ચે ૫૬,૧૧૮ ઘરોને વપરાશનાં વીજજોડાણો.
- **કિસાન હિત ઊર્જાશક્તિ યોજના -(ખુશી) :** ખેડૂતો માટે વીજળીની ઉપલબ્ધતા બની સરળ. નાની ક્ષમતાના ૨૯૨૫૭ ટ્રાન્સફોર્મર રૂ. ૩૪૫.૧૭ કરોડના ખર્ચે કાર્યાન્વિત.
- દરિયાકાંઠાના વિસ્તારોમાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજપ્રવહન તેમજ વીજવિતરણ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક બન્યું સુદૃઢ. ૪૭,૫૫૬ કૂવાનું વીજળીકરણ, રૂ. ૧૪૪૧.૩૨ કરોડના ખર્ચે ૫૮ નવાં સબસ્ટેશનોનું નિર્માણ.
- સોલારપાવર પૉલિસી હેઠળ ૧૯૨૫.૨ મેગાવૉટ ક્ષમતાનો વધારો. જે પૈકી સોલર રૂફટોપ પ્રોજેક્ટની સ્થાપિત ક્ષમતા ૬૧૧.૪૨ મેગાવૉટ છે. જે સમગ્ર દેશમાં સૌથી વધુ છે.
- વિન્ડપાવર પૉલિસી અંતર્ગ રાજ્યમાં ૩૫૯૪.૫ મેગાવૉટ ક્ષમતાનો વધારો. કુલ સ્થાપિત ક્ષમતા ૭૫૨૩ મેગાવૉટ છે.
- **સૂર્યશક્તિ કિસાન યોજના :** ખેડૂતો પોતાના ખેતરમાં સૌર ઊર્જા ઉત્પાદિત કરી શકે, વાપરી શકે તેમજ બચત થયેલી વીજળી ગ્રીડમાં વેચી શકે છે અને વધારાની આવક મેળવી શકે છે. કુલ ૮૧ ફિડરો યોજના હેઠળ કાર્યાન્વિત થયેલાં ૩૪૩૩ ખેતી વિષયક જોડાણોમાં સોલાર સિસ્ટિમનું નિર્માણ.
- **સોલાર રૂફટોપ :** ગુજરાત સમગ્ર દેશમાં સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપવામાં પ્રથમ ક્રમે. ૧.૨૭ લાખ સોલાર રૂફટોપ સિસ્ટિમથી ૬૯૧ મેગાવૉટનું ઉત્પાદન.
- રાજ્યમાં આવેલ ખરાબાની વિશાળ જમીનમાં વિશાળ સોલર પાર્ક સ્થાપવા માટે રાજ્ય સરકાર દ્વારા સોલારવિન્ડ હાઈબ્રિડ પૉલિસી.
- હયાત કૃષિ વિષયક વીજજોડાણમાં બે મોટર વાપરવાની છૂટ.
- એક જ સર્વે નંબરના આઠ એકર જમીન ધરાવતા ખેડૂતોને બીજું ખેતી વિષયક વીજજોડાણ
- **ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ :** નવા એલ.ટી. - એચ.ટી. ઔદ્યોગિક વીજકનેકશન આપવા માટે ફક્ત બે જ દસ્તાવેજોની આવશ્યકતા.
- એચટી વીજજોડાણ માટે KVA મુજબના ફિક્સ ચાર્જિસ : એચટી વીજગ્રાહકોને નવાં વીજકનેકશન લેવામાં અથવા હયાત વીજ કનેકશનમાં લોડ વધારો કરવા માટેના ચાર્જીસ ફિક્સ. આનાથી એચટી વીજગ્રાહકોને વીજકનેકશન મેળવવામાં લાગતા સમયમાં ઘટાડો થશે.
- હોટલ અને રેસ્ટોરન્ટને લાગુ ૨૫ ટકા વીજકરમાં ઘટાડો એલ.ટી. ગ્રાહકોને ૧૦ ટકા અને એચ.ટી. ગ્રાહકોને ૧૫ ટકા વીજકરથી ગુજરાતની જનતાને રૂ. ૪૦.૦૦ કરોડની રાહત.
- વીજ કર માફીની અરજી પ્રક્રિયા ઓનલાઈન. પાત્રતા ધરાવતાં એકમોને ૨૪ કલાકમાં વીજ કર માફી આપતું દેશનું પ્રથમ રાજ્ય ગુજરાત.
- ૯૫૦૦ કિ.મી.થી વધુ ગેસ પાઈપલાઈન નેટવર્કનું વિસ્તરણ.
- રાજ્ય સરકાર દ્વારા રિન્યૂએબલ એનર્જી પાર્ક સ્થાપિત કરવા માટે સરકારી પડતર જમીન ભાડાપટ્ટેથી ફાળવવાનો નિર્ણય. જેના થકી આગામી દસ વર્ષમાં આશરે ત્રીસ હજાર મેગાવૉટ સ્થાપિત ક્ષમતાનો વધારો થશે. આ પ્રોજેક્ટથી રાજ્યને રૂ. ૧૨,૫૦૦ કરોડ જેટલું નવું મૂડીરોકાણ પ્રાપ્ત થશે.
- આગામી સમયમાં વધતી જતી ઊર્જાની માંગને પહોંચી વળવા તેમજ પર્યાવરણની જાળવણી માટે બિનપરંપરાગત ઊર્જાસ્રોત મારફતે ગ્રીન એન્ડ ક્લીન એનર્જી ઉત્પન્ન કરવાના લાંબાગાળાનું સરકારનું આયોજન. ગુજરાતની રિન્યૂએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતા ૮૮૮૫ મેગાવૉટ છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં ૩૦,૦૦૦ મેગાવૉટ સુધી લઈ જવા માટે હાઈબ્રિડ પૉલિસીનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે. જેમાંથી ૨૦ હજાર મેગાવૉટનો ગુજરાતમાં ઉપયોગ કરવામાં આવશે અને ૧૦ હજાર મેગાવૉટ વીજળી અન્ય રાજયોમાં પહોચાડવામાં આવશે.
- ગુજરાત રાજ્યે પહેલી વાર માન્ય બળતણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનો નિર્ણય. જેમાં ૧૬ પ્રકારનાં વિવિધ બળતણોને માન્યતા આપવામાં આવી છે.
- ખેડૂતોને વીજબિલમાં સબસિડી આપવા રૂ. ૮૪૧૧ કરોડની જોગવાઈ.
- તમામ ગ્રામ પંચાયતોનાં વૉટર વર્કસ માટે વિનામૂલ્યે વીજળી પૂરી પાડવા રૂ.૭૩૪ કરોડની જોગવાઈ.
- નવાં કૃષિ વિષયક વીજજોડાણો આપવા માટે રૂ.૪૦૦ કરોડની જોગવાઈ.
- જેટકોનાં સબસ્ટેશનોની નજીકમાં આવતી સરકારી પડતર જમીનમાં તબક્કાવાર ૨,૫૦૦ મેગાવૉટ સૌર ક્ષમતાના પ્રોજેક્ટ માટે રૂ.૬૦૦ કરોડની જોગવાઈ.
- આદિજાતિ, અનુસૂચિત જાતિના અને ઓછી આવક ધરાવતા પરિવારોને ઘર વપરાશનું વીજજોડાણ આપવા રૂ.૨૫ કરોડની જોગવાઈ. ●




# પ્રજાને પારદર્શક પ્રશાસનની પ્રતીતિ...



કિશોર જિકાદરા

પારદર્શિતા લોકશાહી માટે અનિવાર્ય અંગ છે. સરકાર અને જનતા વચ્ચે સીધો સંવાદ થાય તે લોકશાહી માટે આવશ્યક છે.સદનસીબે ગુજરાતને પારદર્શી અને સાતત્યપૂર્ણ નેતૃત્વ મળ્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સબળ નેતૃત્વમાં લોકપ્રશ્નોનું પેન્ડન્સી લેવલ નીચું આવ્યું છે. સી.એમ. ડેશબોર્ડના નવતર પ્રયોગ પારદર્શિતાનો પુરાવો છે. ટેક્નોલોજી વિનિયોગથી દરેક જિલ્લા-તાલુકામાં રાજ્ય સરકારની યોજનાઓની કામગીરીની પ્રગતિ-અમલીકરણની સંપૂર્ણ સમીક્ષા મુખ્યમંત્રીશ્રી સ્વયં ગાંધીનગર કાર્યાલયથી સી.એમ. ડેશબોર્ડ દ્વારા કરે છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરણા અને માર્ગદર્શનથી તા. ૪ મે ૨૦૧૮ના રોજ સી.એમ. ડેશબોર્ડની શરૂઆત થઈ હતી. સી.એમ. ડેશબોર્ડને પરિણામે ઇ-ધરા, સિટી સર્વે જેવાં ક્ષેત્રોમાં દાખલાઓ આપવાની પેન્ડન્સીમાં ઘણો માતબર ઘટાડો થયો છે. આયુષ્યમાન ભારત હેઠળના લાભાર્થી ૨૬ લાખથી વધીને ૪૩ લાખ થયા છે અને સોઇલ હેલ્થકાર્ડની સંખ્યા ૩૭ લાખે પહોંચી છે. ટેકનોલોજી આધારિત સંપૂર્ણ વ્યવસ્થા ઝીરો કોસ્ટિંગથી એટલે કે સરકારના જ વિભાગોએ વિકસાવેલી છે અને ગાંધીનગર બેઠાં જિલ્લા કક્ષાની વિગતો, વિભાગોની કામગીરીની માહિતી મેળવી શકાય છે.

સી. એમ. ડેશબોર્ડ કાર્યરત થવાથી કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જિલ્લા અને તાલુકા કક્ષાની દૈનિક, અઠવાડિક અને માસિક કામગીરીનું સીધું મૂલ્યાંકન અને સમીક્ષા મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી થઇ રહી છે. જેના પરિણામે રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓના અમલીકરણમાં ઝડપ આવી છે અને લોકોને સેવાઓ સમયસર મળે છે કે કેમ તેની ઉચ્ચકક્ષાએથી સતત સમીક્ષા અને દેખરેખ થઇ શકશે. ગુજરાતની જનતાને થઇ રહેલ પારદર્શકતાની પ્રતીતિની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે.

- જનસામાન્યની વાજબી પ્રશ્નોના ત્વરિત ઉકેલ લાવવાનો ઉપક્રમ લોકદરબાર, સ્વાગત કાર્યક્રમ, સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ, આપણો તાલુકો, વાયબ્રન્ટ તાલુકો, લોકસંવાદ સેતુ જેવા અનેકવિધ કાર્યક્રમો દ્વારા લોક ફરિયાદના નિરાકરણને પ્રાથમિકતા આપી સચિવાલયથી જિલ્લા કક્ષા અને જિલ્લા કક્ષાથી તાલુકા કક્ષા સુધી પ્રજાના પ્રશ્નોના ઉકેલની સુચારુ અને ઝડપી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. હવે આ સમગ્ર પ્રક્રિયાનો વ્યાપ વધારીને ડાયનેમિક અને વૈજ્ઞાનિક અભિગમ દ્વારા ગામડામાં જીવતા છેવાડાના ગ્રામજન સુધી સરકાર તેમના ઘરના દરવાજે પહોંચી તેમના પ્રશ્નો હલ કરવાનો નિષ્ઠાપૂર્વકનો પરિણામલક્ષી પ્રયાસ - સેવા સેતુ કાર્યક્રમ દ્વારા અમલમાં મૂક્યો છે.
- પ્રો-પિપલ, પ્રો-એક્ટિવ ગવર્નન્સ થકી લોકકલ્યાણ અર્થે લોકાભિમુખ વહીવટ આપવા સામે પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોનો નિકાલ સ્થાનિક કક્ષાએ જ કઈ રીતે કરી શકાય અને સરકાર નાગરિક પાસે પહોંચી હકારાત્મક વલણ સાથે તેમની રજૂઆતો ના ઉકેલ અને યોજનાકીય લાભ ઉપલબ્ધ બન્યા છે.
- વહીવટને હજી પણ વધુ વેગવાન બનાવવા 'સેવા સેતુ' વ્યવસ્થા ઊભી કરી પ્રજાની પાસે સરકાર પહોંચી છે. પ્રજાની વ્યક્તિગત રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવાના આ કાર્યક્રમથી

**સી.એમ. ડેશબોર્ડનો નવતર પ્રયોગ પારદર્શિતાનો પુરાવો છે. ટેક્નોલોજી વિનિયોગથી દરેક જિલ્લા-તાલુકામાં રાજ્ય સરકારની યોજનાઓની કામગીરીની પ્રગતિ-અમલીકરણની સંપૂર્ણ સમીક્ષા મુખ્યમંત્રીશ્રી સ્વયં ગાંધીનગર કાર્યાલયથી સી.એમ. ડેશબોર્ડ દ્વારા કરે છે.**

કરોડો ગ્રામજનોના પ્રશ્નો, સમસ્યાઓનો નિકાલ તથા સરકારી યોજનાઓનો લાભ સ્થળ ઉપર જ પ્રાપ્ત થાય છે.

- રાજ્યની પ્રજાને યોજનાકીય લાભ મેળવવા માટે તાલુકા કે જિલ્લા કચેરીએ ગયા વગર ગ્રામીણ કક્ષાએ મળતા થાય, તે હેતુથી વ્યક્તિલક્ષી યોજનાકીય લાભ માટે 'સેવા સેતુ' નામે પ્રજાભિમુખ વહીવટ માટે નવી વ્યવસ્થાનું પરિણામલક્ષી આયોજન કરાયું છે.
- સેવા સેતુ કાર્યક્રમના માધ્યમ થકી રાજ્યભરના ૧.૭૦ કરોડ ઉપરાંત નાગરિકોની સમસ્યાઓનો સ્થળ પર ઉકેલ લાવવામાં આવ્યો છે.
- લર્નિંગ વીથ અર્નિંગના કોન્સેપ્ટ સાથે મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના શરૂ કરીને ગુજરાતના ૭૫૦૦૦થી વધુ યુવાનોને લાભ આપવામાં આવ્યો છે.
- પારદર્શી વહીવટ અને યોજનાના લાભાર્થીઓના સરળ ઉપયોગ માટે રાષ્ટ્રીય કક્ષાનું "એપ્રેન્ટિસશિપ પોર્ટલ" કાર્યરત : ગુજરાત રાજ્ય ૧૮,૧૬૮ એકમોની પોર્ટલ પર નોધણી સાથે સમગ્ર દેશમાં સૌ પ્રથમ છે.
- મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના અન્વયે વર્ષ : ૨૦૧૮-૧૯ માં ગુજરાત રાજયમાં કુલ ૭૭૫૭૪ અને ૨૦૧૯-૨૦ માં ૫૦,૦૮૫ એપ્રેન્ટીસોની ભરતી કરવામા આવી છે.
- મહેસૂલી સેવાઓ વધુ ઝડપી, સરળ અને પારદર્શક બને તે માટે ઈ-ગવર્નન્સના માધ્યમ અને અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગથી iORA પર બિનખેતી, પ્રિમિયમ, વારસાઇ, ભૂલસુધારણા, ખેડૂતની ખરાઇ, ૭/૧૨માં સુધારા હુકમ, ઈ-પેમેન્ટ સિસ્ટિમથી સ્ટેમ્પ ડ્યૂટી તેમજ નોંધણી ફી, ઈ-સ્ટેમ્પિંગ, પ્રોપર્ટી કાર્ડ વગેરે ૧૯ જેટલી પરવાનગીઓની અરજી ઓનલાઇન કરવામાં આવી છે.
- યોગ આયોગ, બિન અનામત આયોગની રચના.
- MSME એકમોની સ્થાપના અને કામગીરીની સરળતા માટે એમ.એસ.એમ.ઈ. વટહુકમ, ૨૦૧૯ની જાહેરઃ જે અંર્તગત MSME ઉદ્યોગકરોને મંજૂરી/પરવાનગીઓ/એન.ઓ.સી. વગેરેમાંથી ત્રણ વર્ષ સુધી મુક્તિ આપવામાં આવી છે. ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન મળી રહ્યુ છે અને રાજ્યમાં રોકાણ વધી રહ્યું છે.
- MSMEને પ્રોત્સાહન મળે એ માટે GIDC દ્વારા ૩૦૦૦ ચો.મી. સુધીના પ્લોટ ફાળવણી માટે મળતી ઓનલાઈન અરજીઓનો દસ્તાવેજી પૂરાવા આધારિત ફાળવણીની મંજૂરી આપવાના નિર્ણયથી ૧૪૨૮ લાભાર્થીઓને લાભ મળશે.
- સરળ ઓનલાઈન એપ્રુવલથી દર મહિને ૧૬૦૦૦ જેટલાં એમએમએમઈ ગુજરાતમાં નોંધાયાં છે.
- શહેરોના ઝડપી વિકાસ માટે ટીપી સ્કીમો છ મહિનામાં પૂર્ણ કરવાના નિર્ધાર સાથે તમામ નકશાઓ ઓનલાઈન કરાયાં છે.
- રાજ્યમાં ઓનલાઈન ડેવલપમેન્ટ પરમીશન સિસ્ટિમનો પ્રારંભ થવાથી નાગરિકોને પારદર્શક પ્રશાસનની પ્રતીતિ થઈ છે.
- ગુજરાત પાત્રતા ધરાવતાં એકમોને ૨૪ કલાકમાં વીજકર માફી આપનારુ દેશનું પ્રથમ રાજ્ય છે.
- ડિજિટલ ગુજરાતના માધ્યમથી ૧૧૩ જેટલી સરકારી સેવાઓ ઓનલાઇન અને ૪૦ જેટલી સરકારી સેવાઓની મોબાઇલ એપ્લિકેશન ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ પોર્ટલ હેઠળ ડાયરેક્ટ બેનિફિશીયરી ટ્રાન્સફર દ્વારા ૧.૮૧ કરોડ વિદ્યાર્થીઓના ખાતામાં રૂ.૨૩૪૯ કરોડથી વધુ શિષ્યવૃત્તિ તેમના ખાતામાં જમા.
- રાજ્યના નાગરિકો કોઈપણ આર.ટી.ઓ. કચેરીમાંથી પોતાનું ડ્રાઈવિંગ લાઇસન્સ અને વાહન સંબંધી ચુકવણા ઓનલાઈન થશે
- ગુજરાત સરકાર દ્વારા બિનખેતીની અસરકારક અને પારદર્શક રીતે NAની કામગીરી ઓનલાઈન કરાઈ. પ્રાપ્ત થયેલી કુલ ૮૪૩૬ ઓનલાઇન અરજીઓ પૈકી ૩૦૮૨ જેટલી અરજીઓનો ત્વરિત નિકાલ કરાયો છે.
- અત્યાર સુધીમાં ૨.૪૦ લાખ દસ્તાવેજોમાં રૂ.૮૬.૩૭ કરોડની સ્ટેમ્પ ડ્યૂટી ફી ઓનલાઈન વસૂલવામાં આવી છે.
- નાગરિકો ઘેર બેઠાં અનુકૂળ સમયે નોંધણી ફી ચુકવી શકે એ માટે ઓનલાઈન ઈ-પેમેન્ટની સુવિધા. ૨.૪૦ લાખ દસ્તાવેજોમાં રૂ.૧૮૩.૦૬ કરોડની નોંધણી ફી વસૂલ કરવામાં આવી છે. ●

**(લેખક જાણીતા સાહિત્યકાર, ચિંતક અને કોલમિસ્ટ છે.)**






# પ્રત્યેક નિર્ણયના કેન્દ્રમાં લોકો અને પ્રત્યેક નિર્ણયમાં સંવેદનશીલ અભિગમ



મિનેષ ત્રિવેદી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે રાજ્યના વિકાસ અને જનહિત માટે પ્રશાસકીય વ્યવસ્થાને અને સમગ્ર તંત્રને રાજકીય ઈચ્છા શક્તિથી જનહિતનાં કાર્યો માટે પ્રેરિત કરવા સંવેદનશીલતા, પ્રગતિશીલતા, પારદર્શિતા અને નિર્ણાયકતાનાં મૂલ્યો આધારિત ચાર સ્તંભ ઉપર ગુજરાતની વિકાસયાત્રા વધુ સુદૃઢ બનાવી છે. બીજાની તકલીફ જોઈને પીડા થાય એ જ સંવેદનશીલતા.

ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને આગળ ધપાવવાની જે પરિભાષા અંકિત કરી તેની ઉપર મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સંવેદનશીલ સરકાર તેજ રફતારથી રાજ્યનો વિકાસ આગળ ધપાવી રહી છે. આજે ગુજરાતી બાંધવો વિકાસથી સંતોષની લાગણી અનુભવી રહ્યા છે. ગુજરાત અને ગુજરાતીઓના કલ્યાણ માટેનો મજબૂત રાજમાર્ગ કંડારી આપ્યો છે. ગુજરાતના જનહિતના રાહ ઉપર શ્રી વિજયભાઈ રૂપાણીની નિર્ણાયક સરકારે ગુજરાતના જનજનના વિકાસ માટે સંવેદનશીલ અભિગમ સાથે જનકલ્યાણલક્ષી અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી ક્રાંતિ સર્જી છે.

પાંચ વર્ષના સમયગાળામાં શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ખૂણેખૂણાનો પ્રવાસ કરી લોકોનો પ્રત્યક્ષ સંપર્ક સાધી તેમના પ્રશ્નોને હલ કરવાનો સંવેદનાસભર અભિગમ અખત્યાર કર્યો છે. જનતાના પ્રશ્નો અને મુશ્કેલીઓ દૂર કરવા રાજ્યભરનો સતત અને સઘન પ્રવાસ કરતા મુખ્યમંત્રી પ્રતિ સમગ્ર ગુજરાતના નાગરિકો પોતાના પરિવારના મોભી અને સ્વજન જેવી લાગણી ધરાવે છે.

> *પાંચ વર્ષના સમયગાળામાં શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ખૂણેખૂણાનો પ્રવાસ કરી લોકોનો પ્રત્યક્ષ સંપર્ક સાધી તેમના પ્રશ્નોને હલ કરવાનો સંવેદનાસભર અભિગમ અખત્યાર કર્યો છે. રાજ્યભરનો સતત અને સઘન પ્રવાસ કરતા મુખ્યમંત્રી પ્રતિ સમગ્ર ગુજરાતના નાગરિકો પોતાના પરિવારના મોભી અને સ્વજન જેવી લાગણી ધરાવે છે.*

ગુજરાત પર આવતી આપત્તિ કે લોકોના મુશ્કેલ સમયમાં ગુજરાત સરકારે તેમના પડખે ઊભા રહી સંવેદનશીલતાની પ્રતીતિ પ્રત્યેક નાગરિકને કરાવી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કમોસમી વરસાદ-વાવાઝોડા સમયે ખેડૂતો, અગરિયાઓ, માછીમારો પ્રત્યે સંવેદના દાખવી ખાસ પેકેજ જાહેર કર્યાં છે. તો લગ્ન પ્રસંગે બસના અભાવે જોખમી સવારી કરવી ન પડે તે માટે રાહતદરે બસની વ્યવસ્થા કરાવી છે. વિધવા બહેનોને માનવાચક નામ જ નહીં પરંતુ તેમને આર્થિક સહાયમાં પણ વધારો કર્યો. કરુણા અભિયાનથી અબોલ પશુપંખી માટેની કાળજીથી માંડીને જનજનની સુરક્ષા અને સુખાકારીની શ્રેણીબદ્ધ યોજનાઓ સંવેદનશીલતા અને દૃઢ નિર્ણાયકતાની સાક્ષી આપે છે. આ સરકારે છેલ્લા પાંચ વર્ષોમાં આવા તો અનેક સંવેદનશીલ નિર્ણયો કરીને રાજ્યના નાગરિકોની પડખે ઊભી રહી છે. આમ છેલ્લા પાંચ વર્ષમાં સરકારે લીધેલાં સંવેદનાસભર નિર્ણયોનું સરવૈયુ જોઈએ તો...

- ખેડૂતોની આવક બમણી કરવા 'સાત પગલાં ખેડૂત કલ્યાણનાં' યોજનાનો અમલ, જેમાં ભૂગર્ભ પાણીના ટાંકી માટે, પ્રાકૃતિક ખેતી માટે, કૃષિકિટ માટે, છાંયડો યોજના, મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના, સ્માર્ટ હેન્ડસ ટૂલ્સ કિટ તેમજ ગૂડઝ કેરેજ વાહન માટે સહાય આપવામાં આવે છે.
- ખેડૂતો લોકડાઉનની પરિસ્થિતિમાં રવી પાકની લણણી કરી શકે તે માટે વિશેષ છૂટછાટ



આપવામાં આવી.

- રાજ્યના ઘરવપરાશ, ધંધાકીય તેમજ ખેતીવાડી હેતુના વીજજોડાણોની ભરપાઈ કરવાની બાકી નીકળતી રકમ ભરવામાંથી રાહત આપતી માફી યોજના અમલમાં આવી.
- અત્યાર સુધીમાં રૂ.825 કરોડની વીજબીલમાં રાહત આપવામાં આવી છે.
- ખેડૂતોને કોઈ પણ પ્રકારના પ્રીમિયમ વિના કમોસમી વરસાદ-અનાવૃષ્ટિ-અતિવૃષ્ટિમાં મદદ કરવા કિસાન સહાય યોજનાનો લાભ.
- ખેડૂતોને દિવસે વીજળી આપતી કિસાન સૂર્યોદય યોજનાનો અમલ જેવી ખેડૂતોને રાતના ઉજાગરા સાથે અન્ય સમસ્યાનો આવ્યો અંત.
- રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૦૦૦ની વિધવા પેન્શન સહાયમાં રૂ. ૨૫૦નો વધારો કરવાનો સંવેદનશીલ નિર્ણય. છેલ્લા પાંચ વર્ષમાં સાડા સાત લાખ કરતા વધુ ગંગા સ્વરૂપા બહેનોને પેન્શન સહાય.
- રાજ્યની ૫૩ હજારથી વધુ આંગણવાડી કાર્યકર બહેનોને મળતા પગારમાં પ્રતિમાસ રૂ.૯૦૦નો વધારો કરી રૂ. ૭૨૦૦ આપવાનો સંવેદનશીલ નિર્ણય.
- અંત્યોદય યોજના અન્વયે રૂ. ૨ પ્રતિ કિલો ઘઉં અને પ્રતિ કિલો ચોખા રૂ. ૩ થી ગરીબોને આપવા માટેનો સંવેદનશીલ નિર્ણય કર્યો છે.
- રાજ્યના કોઈપણ વિસ્તારમાં થયેલા અકસ્માતમાં ઈજા પામેલાને પ્રથમ 48 કલાક સુધી વિનામૂલ્યે સારવાર પૂરી પાડવાનો રાજ્ય સરકારનો સંવેદનશીલ નિર્ણય.
- રાજ્ય બહારના કે અન્ય રાષ્ટ્રોના કોઈપણ નાગરિકને ગુજરાતમાં થયેલા અકસ્માત સમયે નજીકના સ્થળે સરકારી હોસ્પિટલો, ખાનગી હોસ્પિટલોમાં તાત્કાલિક સારવાર માટે અકસ્માતગ્રસ્ત પ્રત્યેક દર્દીને રૂ.૫૦ હજાર સુધીની નિ:શુલ્ક સારવાર આપવાના નિર્ણયથી લાખો નાગરિકોને આરોગ્ય સુવિધા મળી છે.
- બાંધકામ શ્રમિકોને પૌષ્ટિક ભોજન મળે તે માટે શ્રમિક અન્નપૂર્ણા યોજના.
- રોજગારવાંચ્છુઓને રોજગારી માટે રોજગાર ભરતી મેળાનો નવતર અભિગમ
- રાજ્યના અનુસૂચિત જાતિનાં લાભાર્થીઓને સાડા સાત હજાર એકર જેટલી જમીન સાથણી સ્વરૂપે છેલ્લા એક વર્ષમાં આપવાનું સંવેદનશીલ પગલું રાજ્ય સરકારે પગલું ભર્યું છે.
- તાઉ-તે વાવાઝોડામાં અસરગ્રસ્ત ખેડૂતો માટે તાત્કાલિક રૂ.500 કરોડનું કૃષિ રાહત પેકેજ.
- વાવાઝોડામાં સ્થળાંતરિત થયેલા નાગરિકોને કેશડોલ્સની ચુકવણી કરાઈ.
- મા- વાત્સલ્ય અને મા-અમૃતમ્ યોજનાના લાભાર્થીઓને વ્યક્તિગત ઓળખકાર્ડ આપવાનો નિર્ણય.
- રાજ્યની રજિસ્ટર્ડ ગૌશાળા, પાંજરાપોળના આશરે 4.50 લાખ જેટલા પશુઓ માટે જૂન-જુલાઈ બે મહિના સુધી પશુ દીઠ રોજના રૂ.25ની સહાય આપવાનો સંવેદનશીલ નિર્ણય.
- નર્સિંગ કર્મચારીઓને રૂ.3 હજાર નર્સિંગ એલાઉન્સ ચૂકવવાનો નિર્ણય.
- આદિજાતિ વિસ્તાર અરવલ્લી જિલ્લામાં વાત્રક જળાશયમાંથી ત્રણ તાલુકાનાં 48 ગામોનાં 60 તળાવો ભરવાનો નિર્ણય.
- તાઉ-તે વાવાઝોડામાં થયેલા નુકસાન માટે રૂ.3 હજારની સહાય ચૂકવવાનો નિર્ણય.
- મહિલાઓની સુરક્ષા માટે 181 અભયમ્ હેલ્પલાઈનની શરૂઆત.
- કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા વહાલી દીકરી યોજનાનો પ્રારંભ.
- અબોલ પશુઓ માટે 430થી વધુ ફરતાં દવાખાનાં શરૂ કરવા નિર્ણય.
- મૂંગા પશુ - પંખીઓની દરકાર માટે કરુણા અભિયાન શરૂ કરાયું.
- ગાય માતાનું ઋણ અદા કરવા ગૌહત્યા નાબૂદીનો કાયદો ઘડવાનું ઐતિહાસિક પગલું.
- અતિવૃષ્ટિ સમયમાં બનાસકાંઠા અને પાટણમાં મુખ્યમંત્રી



સહિત આખુ મંત્રી મંડળ અને વહિવટી તંત્ર સળંગ પાંચ દિવસ લોકોની પડખે રહી બનાસકાંઠાને બેઠું કર્યું.

- કુદરતી આપત્તિ જેવી કે વાવાઝોડા, અતિવૃષ્ટિ વગેરે માટે ગુજરાતનો ઝીરો કેઝ્યુઆલિટી એપ્રોચ.
- રાજ્યની ગરીબ, મધ્યમવર્ગની તેમજ સામાન્ય મહિલાઓને પગભર કરવા મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના.
- શ્રમિકોના હિત માટે લેબર લોમાં સુધારો કર્યો છે.
- રાજ્યના વયસ્કો માટે અનોખી શ્રવણતીર્થ યોજના અમલમાં.
- જન જન સાથે સીધા સંવાદના અભિગમ સાથે મુખ્યમંત્રી સાથે 'મોકળા મને' કાર્યક્રમ.
- રૂ. 14,000 કરોડનું આત્મનિર્ભર ગુજરાત પેકેજ ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી સહાયતા ઉપરાંત આપવામાં આવ્યું.
- મોબાઇલ મેડિકલ વાનની સુવિધાના પરિણામે નાગરિકોને કોરોના મહામારીના સમયમાં સંક્રમણ નિયંત્રિત કરવામાં ધન્વંતરિ રથે આશીર્વાદરૂપ સેવા આપી છે.
- ગુજરાતમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો ત્યારથી જ આવનારી પરિસ્થિતિને ઝડપથી પારખી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ રાજ્યના નાગરિકોની સુરક્ષા માટેનો ત્વરિત એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો.
- રેલવે ફાટકો ઉપર થતાં અકસ્માતોને નિવારવાની દિશામાં સંવેદનશીલ રાજ્ય સરકારે નક્કર કામગીરી કરીને રેલવે ફાટકો ઉપર ૩૭ ઓવર બ્રિજ અથવા અન્ડરબ્રિજ બનાવવાની કામગીરી હાથ ધરી છે.
- રાજ્યના ગરીબ પરિવારોને લગ્નના સુખદ પ્રસંગમાં જાન લઈ જવા માટે રાહત દરે એસટીની સુવિધા આપવાનો સંવેદનશીલ નિર્ણય કરવામાં આવ્યો છે.
- મ્યુકરમાઇકોસિસ ટ્રીટમેન્ટ અંગે સત્વરે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી.
- કોરોના મહામારીમાં માતા-પિતા બંને ગુમાવનાર બાળકોના પાલન-પોષણની ચિંતા રાજ્ય સરકારે કરીને "મુખ્યમંત્રી બાળ સેવા યોજના" લોન્ચ કરી છે.
- કોરોનામાં માતા-પિતા ગુમાવનાર તમામ બાળકોને આ યોજના હેઠળ માસિક રૂ. ૪,૦૦૦ની સહાય આપવામાં આવે છે.
- આ યોજના જાહેર કર્યાના માત્ર ૩૮ દિવસમાં જ રાજ્ય સરકારે સરવે કરીને તા. ૭ જુલાઈના રોજ ૭૭૬ બાળકોનાં ખાતામાં DBT દ્વારા રૂા. ૩૧ લાખથી વધુ રકમ જમા કરાવી છે.
- ઈ-સેવા સેતુ કાર્યક્રમના પ્રથમ ચરણમાં બે હજાર ગ્રામપંચાયતોમાં ૨૨ સેવાઓને ઓનલાઈન કરવામાં આવી છે.
- અત્યાર સુધીમાં ૫ તબક્કામાં ૧૨,૮૦૦ કાર્યક્રમો દ્વારા બે કરોડથી વધુ લોકોએ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ લાભ પ્રાપ્ત કર્યો છે.
- ગેરકાયદેસર રીતે હુક્કાબાર ચલાવનારા વ્યક્તિઓને રૂ. ૨૦ હજારથી ૫૦ હજાર સુધીનો દંડ અને ૧ થી ૩ વર્ષની કેદનો કડક કાયદો.
- આંતરરાષ્ટ્રીય કક્ષાએ પેરા-સ્પોર્ટ્સમાં પદક પ્રાપ્ત કરનાર ગુજરાતના દિવ્યાંગ રમતવીરોને રાજ્ય સરકાર દ્વારા સરકારી સેવામાં નિમણૂક આપવાનો નિર્ણય.
- છેવાડાના લોકોને ઘરઆંગણે સરકારી સેવાનો લાભ મળે તે હેતુથી ડિજિટલ સેવાસેતુનો પ્રારંભ.●

# પ્રગતિશીલતા બની ગુજરાતની પહેચાન






**મનીષા વાઘેલા**

નદી એના ઉદગમ સ્થાનેથી નીકળી દરિયાને મળે ત્યાં સુધી સતત ગતિ કરતી રહે છે. રસ્તામાં જો કોઇ અડચણ - અવરોધ આવે તો રસ્તો બદલીને પણ એ સતત આગળ વધતી જ રહે છે. અંતે તેનાં ગંતવ્યસ્થાન સાગર સુધી પહોચે છે. નદીની ગતિશીલતા જ પ્રગતિશીલતામાં પરિણમે છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ ગુજરાતની વિકાસની ગતિ સતત આગળને આગળ વહેતી જ રહી છે. કોરોના - તાઉતે જેવા અવરોધો અને અડચણોને અતિક્રમીને પણ ગુજરાતે તેજ ગતિથી પ્રગતિશીલતાની પાંખે બેસીને ઊડીને આંખે વળગે તેવો વિકાસ કર્યો છે.

ભારતના કુલ ઔદ્યોગિક ઉત્પાદનના ૧૭% હિસ્સા સાથે ઔદ્યોગિક ઉત્પાદનની બાબતમાં ગુજરાત દેશભરમાં પ્રથમ સ્થાને છે. DPIIT દ્વારા આપવામાં આવેલા 'સ્ટેટ સ્ટાર્ટ-અપ રેન્કિંગ ૨૦૧૮'માં ગુજરાતને બેસ્ટ પર્ફોર્મર સ્ટેટ તરીકેની માન્યતા પ્રાપ્ત થઈ છે. વર્ષ ૨૦૧૯માં ભારત સરકારના વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર થયેલા લોજિસ્ટિક્સ પર્ફોર્મન્સ ઇન્ડેક્સ અને LEADS લોજિસ્ટીક ઇઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટ્સ ઇન્ડેક્સમાં ગુજરાતે પ્રથમ સ્થાન મેળવ્યું છે, જે પ્રગતિશીલ ગુજરાતની ગવાહી આપે છે.

રાજ્યનાં શહેરો સલામત અને સુરક્ષિત બને એ દિશામાં ગુજરાતે રાજ્યનાં તમામ શહેરોને સીસી ટીવી કેમેરા નેટવર્કથી આવરી લીધાં છે. એવરેજ ગ્રોથ રેટમાં અને ઇન્ડસ્ટ્રિયલ આઉટપુટમાં આજેય ગુજરાત નંબર વન છે.ચાલો, આપણે પણ ગુજરાતે કંડારેલા પ્રગતિશીલતાના પંથ પર થોડી લટાર મારી વિકાસની સફરનો આનંદ લઈએ...

## ગગનચુંબી ઇમારતોનું નિર્માણ

- અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગર એમ પાંચ મહાનગરોમાં હવે સિંગાપોર-દુબઇની જેમ સ્કાય સ્ક્રેપર્સ-ગગનચુંબી ઇમારતોના બાંધકામને પરવાનગી આપવાનું એક આગવું કદમ ઉઠાવ્યું છે.
- વધુમાં વધુ ૨૨-૨૩ માળનાં ઊંચા મકાનોના સ્થાને હવે ૭૦થી વધુ માળની ઇમારતો, આઇકોનિક સ્ટ્રક્ચર્સના નિર્માણનો માર્ગ મોકળો...
- રાજ્યનાં આ પાંચ મહાનગરોની આગવી ઓળખ ઊભી કરવાના હેતુસર રાજ્યમાં હાલ અમલી સીજીડીસીઆર-૨૦૧૭માં ટોલ બિલ્ડિંગ્સ-ઊંચી ઇમારતો માટેના રેગ્યુલેશન્સ આમેજ કરવાનો ક્રાંતિકારી નિર્ણય
- ટોલ બિલ્ડિંગની આ જોગવાઇ ૧૦૦ મીટરથી વધુ ઊંચાઇના બિલ્ડિંગ્સને લાગુ થશે. તેમજ બિલ્ડિંગનો આસ્પેક્ટ રેશિયો (લઘુતમ પહોળાઇ : ઊંચાઇ) ૧:૯ કે વધુ હોય તેને લાગુ થશે.

## કલા મહાકુંભ

- કલા-મહાકુંભ રાજ્ય સરકારનો કલાક્ષેત્ર અને કલાકારોને પ્રોત્સાહિત કરનારો કાર્યક્રમ છે જેમાં ૩૫ વિવિધ કલાઓને નક્કી કરવામાં આવી છે.

***અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગર એમ પાંચ મહાનગરોમાં હવે સિંગાપોર-દુબઇની જેમ સ્કાય સ્ક્રેપર્સ-ગગનચુંબી ઇમારતોના બાંધકામને પરવાનગી આપવાનું એક આગવું કદમ ઉઠાવ્યું છે.***




- ગુજરાતના વિવિધ તાલુકાઓ- જિલ્લાઓ બાદ રાજ્યનો કલા-મહાકુંભ યોજાય છે. ૨૦૧૮ દરમિયાન રાજકોટ ખાતે ભવ્યાતિભવ્ય કલા-મહાકુંભની ઉજવણી કરવામાં આવી હતી.

## શોધ

- શોધ - સ્કીમ ઓફ ડેવેલોપિંગ હાઈ ક્વૉલિટી રિસર્ચ યોજનાનો રાજ્યવ્યાપી આરંભ
- રાજ્યની માન્ય યુનિવર્સિટીઓમાં ગુણવત્તાયુક્ત સંશોધન કરતા વિદ્યાર્થીને બે વર્ષ સુધી દર મહિને ૧૫,૦૦૦ રૂપિયાનું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.
- Ph.dના વિદ્યાર્થીને આનુષંગિક ખર્ચ માટે વાર્ષિક રૂ.૨૦,૦૦૦ મળવા પ્રાપ્ત.
- વર્ષે કુલ બે લાખ રૂપિયા પ્રમાણે સંશોધકને બે વર્ષના અંતે ચાર લાખ રૂપિયાની સહાય.
- સંશોધન માટે સરકાર તરફથી મળી રહેતા નાણાકીય ટેકાને કારણે સંશોધનકર્તાને આર્થિક ઉપાર્જન કરવાનો પ્રશ્ન રહેશે નહીં.
- શોધ યોજના વડે વિદ્યાર્થીઓમાં સંશોધનની સજ્જતામાં મૂલ્યવાન વધારો થશે.
- ઉદ્યોગો અને સમાજોપયોગી સંશોધનો દ્વારા વૈશ્વિક સ્તરે ગુજરાતની ઓળખ તૈયાર થશે.

## જ્ઞાનકુંજ પ્રોજેક્ટ

- ગુજરાતનાં બાળકોને વિજ્ઞાન અને ટેક્નોલોજીના સમન્વય દ્વારા આધુનિક શિક્ષણ આપતા જ્ઞાનકુંજનો અસરકારક અમલ. વર્ષ ૨૦૧૯માં ૧૬૦૯ શાળાઓના કુલ ૩૧૭૩ વર્ગખંડોમાં ૨.૮૫ લાખ બાળકોને સ્માર્ટ કલાસ અંતર્ગત ઈ-કન્ટેન્ટ અને ઈન્ટરનેટના માધ્યમથી ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડવામાં આવે છે.
- જ્ઞાનકુંજ પ્રોજેક્ટ દ્વારા શાળા કક્ષાએ ટેક્નોલોજીની મદદથી સ્માર્ટ બોર્ડ સાથે ઈન્ટરેક્ટિવ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. રાજ્યના ત્રણ લાખ ઉપરાંત વિદ્યાર્થીઓને ઈ-ક્લાસ દ્વારા શિક્ષણનો લાભ આપવામાં આવે છે.

## નમો ટેબ્લેટ

- ધોરણ-૧૨ પાસ કરીને ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ મેળવનાર રાજ્યના ૬ લાખ ઉપરાંત યુવાનોને છેલ્લા બે વર્ષમાં માત્ર રૂ. ૧૦૦૦ની ટોકન કિંમતે લેટેસ્ટ ટેબ્લેટ આપવામાં આવ્યા છે.
- "યોગ બોર્ડ" રાજ્યમાં યોગની આ પ્રાચીન પ્રથાને લોકપ્રિય બનાવવા તરફ કામ કરશે.
- ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ દ્વારા મોટી સંખ્યામાં યોગ શિક્ષકો/ સાધકોને તાલીમ અને શિક્ષણ આપી તૈયાર કરવામાં આવી રહ્યા છે જેથી યોગને ઘર-ઘર તેમજ વિદેશમાં પણ લોકપ્રિય કરી શકાય.

## સૌની યોજના

- સૌની યોજનાથી સૌરાષ્ટ્રના લાખો હેકટર જમીનને મળશે સિંચાઈનો લાભ.
- સૌની યોજના તબક્કા-૧ની કામગીરી પૂર્ણ : ૧૬ જળાશયોના ૧,૬૬,૦૦૦ એકર વિસ્તારમાં સિંચાઈ સુવિધા બની સુદૃઢ.
- સૌની યોજનાના બીજા તબક્કામાં રૂ. ૬૪૭૩ કરોડના ખર્ચે ૧૦ જિલ્લાનાં ૫૭ જળાશયોના ૩,૭૭,૫૮૧ એકર હયાત કમાન્ડ વિસ્તારમાં સિંચાઈ સુવિધા, ૮૦ લાખ લોકોને પીવાનો

તથા ઘરગથ્થુ વપરાશના પાણીનો મળશે લાભ.

- સૌની યોજના અંતર્ગત આજી-૧, ન્યારી-૧, વેરી, ભાદર તથા શેત્રુંજી જળાશય સુધીની પાઇપલાઇનની કામગીરીપૂર્ણ :રાજકોટ, ગોંડલ, વાંકાનેર, જેતપુર, બોટાદ, ભાવનગર તથા જામનગર શહેરને પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થયું પીવાનું પાણી.
- સૌની યોજનાના ત્રીજા તબક્કામાં ૩૪ જળાશયોનું જોડાણ :રૂ. ૨૪૦૩ કરોડનાં પાંચ પેકેજોના કામ પ્રગતિ હેઠળ. સૌરાષ્ટ્ર વિસ્તારના ૯ જિલ્લાનાં ૩૪ જળાશયો દ્વારા ૨,૪૩,૦૦૦ એકર વિસ્તારમાં મળશે સિંચાઈ સુવિધા.

## બિરસા મુંડા આદિવાસી યુનિવર્સિટી

- ગુજરાત રાજ્યના નર્મદા જિલ્લાના મુખ્ય મથક રાજપીપળા નજીક વીર શહીદ બિરસા મુંડા આદિવાસી યુનિવર્સિટી ૨૫૦ એકરમાં આકાર પામશે, જે પૈકી ૩૯ એકર જમીનની ફાળવણી કરવામાં આવી છે.તેના વિકાસ માટે રૂ.૩૪૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે.
- આ કેમ્પસમાં સોલાર લાઇટ, બાયોગેસ, કમ્પોસ્ટ પીટ, વોટર ટ્રીટમેંટ, રૂફ રેઇન વોટર સ્ટૉરેજ તેમજ વોટર ટેબલ રિચાર્જ કરવા જેવા ઘણા ઈકો ફ્રેંડલી પ્રકલ્પોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## વનબંધુ કલ્યાણ યોજના ફેઝ : ૨ ૨૦૨૧ (૧ લાખ કરોડ)

- 'વનબંધુ કલ્યાણ યોજના-૨' અંતર્ગત નવ લાખ આદિજાતિ પરિવારો માટે રોજગારીની તકોનું નિર્માણ કરવામાં આવશે. ફોરેસ્ટ રાઇટસ એક્ટ (FRA) લાભાર્થીઓને લોન માટે વિશેષ જોગવાઈ તેમજ સામુદાયિક જમીન વિકસિત કરવા પર ભાર મૂકવામાં આવશે.

## આદિવાસી રાષ્ટ્રીય મ્યુઝિયમ

- આદિવાસી સમાજની સંસ્કૃતિનું સંરક્ષણ થાય અને ભાવિ પેઢી આ સંસ્કૃતિથી માહિતગાર તેમજ આઝાદીની રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેનાર આદિવાસી વીર સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને સ્મરણાંજલિ આપવા માટે નર્મદા જિલ્લાના ગરુડેશ્વર ખાતે ૨૫ એકર જમીનમાં.
- રૂ. ૧૦૩.૧૮ કરોડના ખર્ચે રાષ્ટ્રીય કક્ષાનુ સંગ્રાહલય બનાવવા આવી રહ્યું છે.
- વર્તમાનમાં આ સંગ્રહાલયની ૬૫ ટકા બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

## નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૦

- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શાસનના પાંચમા વર્ષ પ્રવેશે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં રાજ્ય સરકારની નવી ઔદ્યોગિક નીતિ જાહેર કરી.
- આ નવી ઉદ્યોગનીતિ આત્મનિર્ભર ભારત અને આત્મનિર્ભર ગુજરાતના નિર્માણમાં નવું પ્રેરક બળ પૂરું પાડશે.

## નવી સોલાર નીતિ

- આ પૉલિસી હેઠળ, કોઈપણ વ્યક્તિ / વિકાસકર્તા (developer) / ગ્રાહક / ઈન્ડસ્ટ્રી જરૂરિયાત મુજબ, ક્ષમતાની મર્યાદા વિના, સોલર પ્રોજેક્ટ્સ સ્થાપિત કરી શકે છે જ્યારે હાલના મંજૂર થયેલ લોડ / કરાર માંગની 50% ની મર્યાદા દૂર કરવામાં આવી છે.
- ગ્રાહકો તેમની છત / જગ્યા પર સોલર પ્રોજેક્ટ્સ સ્થાપી શકે છે અથવા તેમની છત / જગ્યાનાં પરિસરને વીજ ઉત્પાદન અને વીજ વપરાશ માટે તૃતીય પક્ષને લીઝ પર પણ આપી શકશે.
- આ ઉપરાંત ગ્રાહકોનું કોઈ એક જૂથ સામૂહિક માલિકીના પ્રોજેક્ટ તરીકે સ્વવપરાશ માટે સૉલર પ્રોજેક્ટ્સ સ્થાપી શકે છે અને તેઓની માલિકીના હિસ્સા પ્રમાણે ઉત્પન્ન થતી સૌર ઊર્જાનો વપરાશ કરી શકે છે.
- પ્રોજેક્ટ ડેવેલોપર દ્વારા વીજ વિતરણ કંપનીને ચૂકવવાની થતી સિક્યોરિટી ડિપોઝિટની રકમને પ્રતિ મેગાવૉટ રૂ. 25 લાખથી ઘટાડીને હવે પ્રતિ મેગાવૉટ રૂ. રૂ. 5 લાખ કરવામાં આવી છે.
- રાજ્યના લઘુ-MSME, મધ્યમ ઉદ્યોગોની પ્રોડકશન કોસ્ટ સોલાર એનર્જીના વપરાશને કારણે ઘટશે. એટલું જ નહિ, આવા ઉદ્યોગો સહિત રાજ્યના મોટા ઉદ્યોગો પણ વર્લ્ડ માર્કેટમાં કોમ્પિટિશનમાં ઊભા રહી શકશે.
- આ નવી સોલર પાવર પૉલિસી આગામી પાંચ વર્ષ એટલે કે ૩૧-૧૨-૨૦૨૫ સુધી કાર્યરત રહેશે. જેમાં સ્થાપિત સોલર પ્રોજેક્ટ્સ માટેના લાભો 25 વર્ષના પ્રોજેક્ટ સમયગાળા માટે મેળવી શકાશે. ●






# નિર્ણાયકતાના પરિણામે નક્કર વિકાસ



અમિત રાડિયા

નિર્ણાયકતાએ વિકાસનું અમોઘ શસ્ત્ર છે. આજે જ્યારે ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે અને સમગ્ર વિશ્વમાં નામાંકિત થયું છે, ત્યારે છેલ્લાં પાંચ વર્ષમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નિર્ણાયક નેતૃત્વમાં ટીમ ગુજરાતે 1700થી વધુ જનહિતલક્ષી નિર્ણયો લઈને તેનું પરિણામલક્ષી અમલીકરણ કર્યું છે. પ્રોએક્ટિવ અને પ્રોપીપલ એપ્રોચ સાથેના આ દરેક નિર્ણયના કેન્દ્રમાં ગુજરાતના લોકોનું હિત રહ્યું છે. ફટાફટ અને સટાસટ નિર્ણયો લેવા અને એટલી જ ઝડપે તેનો અમલ પણ કરવો, એ પ્રકારનું 'ફાસ્ટટ્રેક ગવર્નન્સ' આ સરકારની આગવી ઓળખ બની છે.

'સબ સમાજ કો લિએ સાથ મેં, આગે હૈ બઢતે જાના'

સમાજના દરેક તબક્કાના, પ્રત્યેક વર્ગના નાગરિકોના સાર્વત્રિક ઉત્કર્ષ અને સમતોલ વિકાસ માટે આ તમામ નિર્ણયોનું પરિણામલક્ષી અમલીકરણ કરાયું છે. 'બિલિવ ઈન ધ બેસ્ટ, વર્ક ફોર ધ બેસ્ટ, વી વિલ મેક ગુજરાત ધ બેસ્ટ'ની નેમ સાથે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં 'ટીમગુજરાતે' છેલ્લાં 5 વર્ષમાં સંકલ્પથી સિદ્ધિની જનજનને પ્રતીતિ કરાવી છે. પ્રસ્તુત છે, 21મી સદીના ભવ્ય અને દિવ્ય ગુજરાતને વિશ્વના નકશા પર અંકિત કરવા માટે પ્રગતિશીલતાને વરેલી ટીમગુજરાતનું છેલ્લાં 5 વર્ષનું વિકાસ સરવૈયું...

- કિસાન સૂર્યોદય યોજના થકી ખેડૂતોને દિવસે પણ વીજળી પૂરી પાડી, પિયત માટેના રાત ઉજાગરામાંથી છૂટકારો અપાવવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય.
- ખેતીવાડી વીજ કનેક્શનની પડતર અરજીઓ સામે ચાર વર્ષમાં 4.50 લાખ જેટલા નવાં વીજ કનેક્શનો ઉપરાંત ખેડૂતોની બીજા વીજજોડાણ આપવાની વર્ષો જૂની માગણીનો ઉકેલ લાવી કુલ 16 લાખથી વધુ કૃષિ વીજજોડાણ આપવાનો કૃષક હિતકારી નિર્ણય.
- ૧૫ લાખથી વધુ ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે ખેત ધિરાણ અને આ માટે રૂ. પાંચસો કરોડથી વધુનું રિવોલ્વિંગ ફંડ.
- ખેડૂતોના પરિશ્રમના પ્રસ્વેદથી ઊભા થયેલા મહામૂલા પાકને ભૂંડ અને રોઝડાઓ નષ્ટ કરી દેતા હતાં તેને રોકવા માટે કાંટાળી તારની વાડનો નિર્ણય. એટલું જ નહીં, વાવણીથી લઈને વેચાણ સુધી ખેડૂતોને પરિવહન વ્યવસ્થા, ગોડાઉન સવલત, પ્રાકૃતિક ખેતી, જીવામૃત કિટ સહાય, ઓજાર વિતરણ જેવા મહત્ત્વનાં કાર્યોમાં તેમની પડખે ઊભા રહી 'સાત પગલાં ખેડૂત કલ્યાણનાં' સૂત્ર સાર્થક કર્યું.
- ગ્રીન ઍન્ડ ક્લીન એનર્જીની દિશામાં અગ્રેસર બનવા કચ્છ ખાતે વિશ્વના સૌથી મોટા રિન્યૂએબલ એનર્જી પાર્કનું નિર્માણ કરવાનો વિકાસલક્ષી નિર્ણય. જેના થકી 30 હજાર મેગાવૉટ ઊર્જાનું ઉત્પાદન થશે અને એક લાખ લોકોને રોજગારી પણ મળશે.
- ઊર્જાના અન્ય બિનપરંપરાગત સ્રોતોનો ઉપયોગ વધારવા ટાઇડલ ઊર્જા, વિન્ડપાવર સહિતના પ્રકલ્પોને પ્રોત્સાહન અને આયોજનબદ્ધ કામગીરી. જેના કારણે જ સોલારરૂફ ટોપ યોજના થકી દેશમાં 22 ટકા હિસ્સા સાથે ગુજરાત સૌરઊર્જાના ઉત્પાદનમાં દેશમાં અગ્રેસર બન્યું.

***કોવિડ-19ની મહામારીમાં 'વંદે ભારત મિશન' અંતર્ગત સાડા ચારસો જેટલી ફ્લાઇટ્સ અને નેવલશિપ દ્વારા વિદેશમાં વસતા 50 હજારથી વધુ ગુજરાતીઓને તેમના વતન પરત લાવવાની તથા 15 લાખ જેટલા શ્રમિકોને સન્માનજનક રીતે તેમના વતન મોકલવાની નિર્ણાયક કામગીરી.***



- ઊર્જાના પરંપરાગત સ્રોતોના સ્થાને લોકોને ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવા પ્રેરવા માટે ઈલેક્ટ્રિક વાહન પૉલિસી-2021 અંતર્ગત સબસિડીની યોજના અમલમાં મૂકવામાં આવી.
- સૌરાષ્ટ્ર માટે સૌની યોજના અને વરસાદી પાણીના સંગ્રહ માટે સુજલામ્-સુફલામ્ જળસંચય અભિયાન અંતર્ગત જનભાગીદારી દ્વારા છેલ્લાં ચાર વર્ષમાં જળસંગ્રહ માટેનાં 56,698 કામ પૂર્ણ કરાયાં. જેના થકી રાજ્યનાં કુલ 21,402 તળાવો ઊંડા કરી, જળસંગ્રહ ક્ષમતામાં કુલ 61,781 લાખ ઘનફૂટનો વધારો કરાયો. એટલું જ નહીં, દૈનિક સરેરાશ એક લાખથી પણ વધુ લોકોને રોજગારી અપાઈ.
- નડાબેટમાં સીમાદર્શન, દેશની શાન સમી વિશ્વની સૌથી ઊંચી સરદારસાહેબની પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી', રાજકોટમાં ગાંધી મ્યુઝિયમ, દાંડીમાં વર્લ્ડક્લાસ ગાંધી એક્ઝિબિશન, સિંહદર્શન.
- દ્વારકાના શિવરાજપુર બીચને બ્લૂફ્લેગ બીચની માન્યતા મળતાં રૂ. 100 કરોડના ખર્ચે સમગ્ર બીચને ઈકોફ્રેન્ડલી ટૂરિઝમના દૃષ્ટિકોણથી વિકસાવવાનો મહત્ત્વનો નિર્ણય.
- કોવિડ-19ની મહામારીમાં 'વંદે ભારત મિશન' અંતર્ગત સાડા ચારસો જેટલી ફ્લાઇટ્સ અને નેવલશિપ દ્વારા વિદેશમાં વસતા 50 હજારથી વધુ ગુજરાતીઓને તેમના પરત લાવવાની તથા 15 લાખ જેટલા શ્રમિકોને સન્માનજનક રીતે તેમના વતન મોકલવાની નિર્ણાયક કામગીરી.
- કોવિડ-19ની મહામારીમાં ગરીબ અને જરૂરિયાત મંદોને છ વખત વિનામૂલ્યે અનાજ આપીને તેમનું પેટ ઠારવાનો પ્રજાહિતલક્ષી નિર્ણય.
- આદિવાસી બાંધવોનું જીવન ધોરણ ઊંચું લાવવા આદિવાસી વિસ્તારોમાં મેડિકલ અને ઇજનેરી કૉલેજોનું નિર્માણ કરાવી, પેસા એક્ટ હેઠળ તેમને જમીનોના હક આપ્યા. એટલું જ નહીં, રાજ્યના આદિવાસી વિસ્તારોમાં માર્ગ, આવાસ, પાણી, બાળકોના શિક્ષણ માટે એકલવ્ય મોડેલ સ્કૂલ સહિતની સુવિધાઓ પૂરી પાડી.
- વંચિતોને સાથણી, સામાજિક સુરક્ષા, શૈક્ષણિક સવલતો આપી.
- દિવ્યાંગ નિગમ, યોગ આયોગ, બિનઅનામત આયોગની રચના કરવામાં આવી.
- ગરીબ અને મધ્યમવર્ગના પરિવારોના હિતને પ્રાધાન્ય આપીને સૂચિત સોસાયટી અને યુએલસીની ફાજલ જમીન માટે માલિકીના હક્કો આપવાનો મહત્ત્વનો નિર્ણય.જ્યારે શહેરી વિસ્તારોમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા ગરીબ પરિવારોને સુવિધાયુક્ત પાકાં મકાનો.
- રાજ્યનાં નગરોને વધુ સુવ્યવસ્થિત અને શાનદાર બનાવવા માટે 344 જેટલી ટીપી સ્કીમ અને 40 જેટલી નવી ડીપી સ્કીમ

અમલમાં લાવવાનો નિર્ણય. સાત મહાનગરપાલિકા અને 15 નગરપાલિકામાં કોમન જીડીસીઆર લાગુ કરવાનો તેમજ સ્કાયરાઇઝ બિલ્ડિંગ બનાવવા માટેનો વિકાસલક્ષી નિર્ણય.

- આઈ-ઓરાપોર્ટલ દ્વારા 19 કેશલેસ સહિત કુલ 25 જેટલી મહેસૂલી સેવાઓ ઓનલાઇન પૂરી પાડવાનો નિર્ણય.
- કોઈપણવચેટિયાવિના 553 જેટલી જનહિતલક્ષી યોજનાઓનાં નાણાં સીધા જ ગરીબો અને જરૂરિયાતમંદોના ખાતામાં ડીબીટીના માધ્યમથી જમા કરાવવાનો હકારાત્મક નિર્ણય કરી, ચારવર્ષમાં 36 હજાર કરોડ જેટલી માતબર રકમની સહાય પૂરી પાડી.
- કેન્દ્ર સાથે સમન્વય સાધીને વર્ષોથી અનિર્ણિત નર્મદા ડેમ પર દરવાજા મૂકવાના નિર્ણય અને ક્રુડઑઇલ રોયલ્ટીના પ્રશ્નનો નિર્ણયાત્મક ઉકેલ લાવી રાજ્યને રૂ. 1036 કરોડની માતબર રકમનો ફાયદો કરાવ્યો.
- 12,800 જેટલા સેવાસેતુના કાર્યક્રમોના માધ્યમથી બે કરોડ કરતાં વધારે લોકોને આવશ્યક સરકારી દસ્તાવેજો અપાવી, તેમના પ્રશ્નોનું નિરાકરણ લવાયું. એટલું જ નહીં, ઇ-સેવાસેતુના માધ્યમથી સમગ્ર સરકારી કામગીરીમાં 360 ડિગ્રીનો બદલાવ લાવવાનો મક્કમ નિર્ધાર.
- વિધવાબહેનોને 'ગંગાસ્વરૂપા' એવું સન્માનજનક નામ આપી, તેમનો પુત્ર સગીર વયનો થયા પછી સહાયબંધ કરવાની શરતનો સંવેદનશીલ નિર્ણય.
- મા અમૃતમ્ અને મા વાત્સલ્ય યોજનાની આવકમર્યાદા વધારી, રાજ્યના 70 લાખ પરિવારોના 3.5 કરોડ નાગરિકોને આ યોજના હેઠળ આવરી લેવાનું નિર્ણાયક પગલું ભર્યું.
- ઉત્તરાયણના તહેવારોમાં ઘાયલ થતાં પંખીઓની સારવાર માટે તેમજ અબોલ પશુઓની સારવાર માટે 26 જિલ્લામાં 450 જેટલી કરુણા એમ્બ્યુલન્સ શરૂ કરવાનો સંવેદનશીલ નિર્ણય.




- વાયુ અને તાઉતે વાવાઝોડાના સમયે ઝીરો કેઝ્યુલિટીના નિર્ધાર સાથે અગમચેતીરૂપે પૂરતાં પગલાં લઈને દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતાં લાખો લોકોનું સ્થળાંતર કરાવીને અનેક મહામૂલી જિંદગીઓ બચાવી શકાઈ.
- ઉદ્યોગોને વેગ આપવા અને ઇઝ ઑફ ડુઈંગ બિઝનેસ એટલે કે ઉદ્યોગોના સરળીકરણ માટે નવી ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ પૉલિસી અંતર્ગત ઉદ્યોગોને લેન્ડ રિલોકેશન, સોલાર ઇન્સ્ટોલેશન માટે સોલાર પૉલિસી, પહેલાં પ્રોડક્શન પછી પરમિશન, ઇન્ડસ્ટ્રિયલ પાર્ક, લોજિસ્ટિક પાર્ક ઊભા કરાશે.
- દરિયાના ખારા પાણીનો પીવા માટે ઉપયોગ કરી શકાય એ માટે રાજ્યના અનેક જિલ્લાઓમાં ડિસેલિનેશન પ્લાન્ટ ઊભા કરી, પીવાના પાણીની સમસ્યા નિવારવાનો પ્રજાલક્ષી નિર્ણય.
- શિક્ષકો અને વિદ્યાર્થીઓની હાજરીની ચકાસણી માટે ઓનલાઇન ટ્રેકિંગ સિસ્ટિમ શરૂ કરાઈ.
- કોરોનાના કપરાકાળમાં એક પણ વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ન રહે એ માટે ઓનલાઇન શિક્ષણ અને અનેક વિસ્તારોમાં શિક્ષકો દ્વારા ઘરે જઈને શિક્ષણ આપવાનો વિદ્યાર્થી હિતલક્ષી નિર્ણય.
- રાજ્યમાં અનેક નવી યુનિવર્સિટીઓને મંજૂરી આપવાની સાથે મેડિકલ માટેની 2170 જેટલી બેઠકોનો વધારો કરીને કુલ 5700 મેડિકલ બેઠકો ઉપલબ્ધ કરાવવાનો શિક્ષણ હિતલક્ષી નિર્ણય.
- છેલ્લાં ચાર વર્ષમાં કુલ 11 લાખ યુવાનોને રોજગારીની તકો આપવાની સાથે ચાલુ વર્ષમાં વધુ બે લાખ સરકારી નોકરીની તકો ઊભી કરવાનો યુવા હિતકારી નિર્ણય.
- મા અમૃતમ્ અને મા વાત્સલ્ય યોજના હેઠળ રાજ્યમાં 6 લાખ કે તેથી ઓછી આવક ધરાવતા કુટુંબને રૂ. 5 લાખ સુધીની સારવાર આપવાનો મહત્ત્વનો નિર્ણય.
- રાજ્યની શાંતિ અને સલામતી માટે પાસા એક્ટમાં સુધારો, ગુજરાત ગુંડા ઍન્ડ એન્ટિસોશિયલ એક્ટિવિટી પ્રિવેન્શન એક્ટ, ગુજરાત કંટ્રોલ ઑફ ટેરરિઝમ ઍન્ડ ઑર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ, હુક્કાબાર નાબૂદી એક્ટ, ગુજરાત લૅન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ, ગોહત્યા નાબૂદીનો કાયદો સહિતના હિંમતભર્યા નિર્ણયો કર્યા.
- ગુનેગારો પર ચાંપતી નજર રાખવા માટે રાજ્યભરનાં તમામ શહેરોમાં સીસીટીવી કેમેરા નેટવર્ક અને પોલીસજવાનોને 10 હજાર જેટલા બોડીવોર્ન કેમેરાથી સજ્જ કરાયા.
- સાયબર ક્રાઇમને લગતા ગુના અટકાવવા માટે પ્રોજેક્ટ વિશ્વાસ અને સાયબર આશ્વસ્ત લૉન્ચ કરાયા.●


# સૌનો સાથ, સૌનો વિકાસ...
## ટીમ ગુજરાતમાં
# જન જનનો વિશ્વાસ


શ્રી વિજયભાઇ રૂપાણી
મુખ્ય મંત્રીશ્રી


શ્રી નીતિનભાઇ પટેલ
નાયબ મુખ્ય મંત્રીશ્રી


શ્રી આર. સી. ફળદુ


શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા


શ્રી કૌશિકકુમાર પટેલ


શ્રી સૌરભભાઇ પટેલ



શ્રી ગણપતસિંહ વસાવા


શ્રી જયેશભાઇ રાદડીયા


શ્રી દિલીપકુમાર ઠાકોર


શ્રી ઈશ્વરભાઇ પરમાર


શ્રી કુંવરજીભાઇ બાવળીયા


શ્રી જવાહરભાઇ ચાવડા


શ્રી પ્રદીપસિંહ જાડેજા


શ્રી પરષોત્તમભાઇ સોલંકી


શ્રી બચુભાઇ ખાબડ


શ્રી જયદ્રથસિંહજી પરમાર



શ્રી ઇશ્વરસિંહ પટેલ


શ્રી વાસણભાઇ આહિર


શ્રીમતિ વિભાવરીબેન દવે


શ્રી રમણલાલ પાટકર


શ્રી કિશોર કાનાણી


શ્રી યોગેશભાઇ પટેલ


શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા

**વર્ષ થયા પાંચ, વિકાસ અપરંપાર**

# પ્રવાસન ક્ષેત્રે ગુજરાતની વધુ એક યશકલગી

# ધોળાવીરાનો વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવેશ







**Published on Date 1-8-2021**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**128 + 4 Cover = Total 132 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦